(શિયા ઇમામી ઇસ્માઇલીઓ માટે)



# રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ : ઇતિહાસ અને સેવાધારીઓ ની સચિત્ર ઝલક



સંપાદક: છોટુભાઈ ખંડેરિયા (સિકન્દ્રાબાદ)

# (શીયા ઇમામી ઇસ્માઇલીઓ માટે)

## રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ: ઇતિહાસ અને સેવાધારીઓ ની સચિત્ર ઝલક

## સંપાદક : છોટુભાઈ ખંડેરિયા (સિકન્દ્રાબાદ)

**પ્રકાશક -પ્રાપ્તિસ્થાન:**
**છોટુભાઇ ખંડેરિયા**
**બી-૩૦૩, મેટ્રો સલોના એપાર્ટમેન્ટ પી.જી.રોડ,**
**સિંધ બેંક ની સામે, સિકન્દ્રાબાદ (તેલંગણા)**
**પીનકોડ: ૫૦૦૦૦૩.**

આવૃતિ: પ્રથમ
નકલ : ૧૬૦
મુલ્ય: અમુલ્ય

રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ: ઇતિહાસ અને સેવાધારીઓ ની સચિત્ર ઝલક

સંપાદક: છોટુભાઈ ખંડેરિયા (સિકન્દ્રાબાદ)

સર્વ હક્ક સ્વાધિન
પ્રકાશક -પ્રાપ્તિસ્થાન: છોટુભાઇ ખંડેરિયા
બી-૩૦૩, મેટ્રો સલોના એપાર્ટમેન્ટ, પી.જી.રોડ
સિંધ બેંક ની સામે, સિકન્દ્રાબાદ (તેલંગણા), પીનકોડ: ૫૦૦૦૦૩.

નોંધ: જે અલવાએઝ / અલવાએઝા નાં નામ ની વિગત તેઓએ મોકલી હતી તેમને કોઈ પણ મુલ્ય વગર આપના એડ્રેસ પર આ પુસ્તક મોકલી આપવામાં આવશે. તે સિવાયની વધારાની નકલ મેળવવા રૂ. ૬૩૦ વતા આંગડીયા સર્વીસનાં રૂ.૧૫૦ અલગથી મોકલવાનાં રહેશે.

આપનાં મુલ્યવાન ફીડ બેક મોકલી શકો છો. તથા નકલ મેળવવા નીચે મુજબના એડ્રેસ પર વિગત મોકલી શકો છો.
cnkhanderia@gmail.com
અથવા
Watsapp number : +91 – 9879328510

મુદ્રક : ધણીખમાં (પ્રશાંત ગાંધી)
૪, સુરાવલી અપ્પ, ૩૩, જૈન નગર,
પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭
મ - +૯૧-૯૯૦૯૦૦૯૬૦૬

## :અર્પણ પત્રિકા:



# 🌹 ✿ મર્હુમ પ્યારઅલી ખુશાલભાઈ સુરાણી ✿ 🌹

**જન્મ: ૨૮ જાન્યુઆરી ૧૯૩૯, સૌકા તાલુકો લીંબડી ગુજરાત**
**વફાત: ૧૬ ઓક્ટોબર ૨૦૧૦, ભાવનગર**

જેઓએ સુરેન્દ્રનગર ની એમ.પી શાહ સાયન્સ કોલેજ માં માસ્ટર ઓફ સાયન્સ એમ. એસસી. ની ડીગ્રી ૧૯૫૦ માં મેળવી ઓએનજીસી કંપની માં નોકરીએ લાગ્યા. વીસનગર, મહેસાણા અને અમદાવાદ, અંક્લેશ્વર,મુંબઈ, આસામ, અમરેલી, બાબરા,રાજકોટ, ભાવનગર વિગેરે સેન્ટરો માં વસવાટ કરવાનું થયું.

ધાર્મિક ભાવના સાથેના તેમના જીવનને કારણે, રાજકોટ ગર્લ્સ એકેડેમી નાં બાળાઓ નાં અભ્યાસ માટે નિયમિત દાન કરતા રહેતા. ભાવનગર તથા રાજકોટ સેન્ટરનાં વંચિત કુટુંબો માટે શિક્ષણ માટે તેઓએ અથાગ પ્રયત્નો કરી તેજસ્વી બાળકોની સ્કુલની ફી ભરવા માટે દાન આપતા રહ્યા. તેમનાં માતૃશ્રી સમરતબેન ખુશાલભાઈ સુરાણી નાં માનમાં બાબરામાં તેમનાં વસવાટ દરમિયાન દર વર્ષે તેજસ્વી બાળકોને સન્માન કરવાના પ્રોગ્રામોમાં કાર્ય માં પ્રોત્સાહિત કર્યા. એક વર્ષ માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન બાબરામાં કરવામાં આવ્યું તેમાં તેમનું યોગદાન રહ્યું. બાબરા મેડિકલ સેન્ટર માં હેલ્થ કમીટી બાબરામાં કન્વીનર તરીકેની સેવા ૧૯૯૫ - ૧૯૯૬ દરમ્યાન સેવા કરી. ભાવનગર માં આપની વફાત થઈ. આપનાં ઉમદા કાર્યને અમો યાદ કરી વીરમીએ છીએ.

ખુદા આપના કુલ ગુનાહ માફ કરે અને રૂહને નુરાની દિદાર નશીબ કરે.

આ પુસ્તક પ્રકાશન માં આપના કુટુંબીજનો દ્વારા સંપૂર્ણ યોગદાન ને અમો બીરદાવીએ છીએ.
આપના રૂહને અસલ માં વાસલ કરે.આમીન.

## અનુક્રમણિકા


| અનુક્રમ નંબર | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પુસ્તક અર્પણ પત્રિકા | ૧ |
| ૨ | પ્રસ્તાવના | ૪- ૬ |
| ૩ | સંપાદકનાં બે બોલ | ૭ -૧૪ |
| ૪ | આમુખ અને<br>રીક્રીએશન ક્લબ ઈન્સ્ટિટયુટ નો ઇતિહાસ | ૧૫ -૩૬ |
| ૫ | રીક્રીએશન ક્લબ ઈન્સ્ટિટ્યુટ નાં સેવાધારીઓનો ટૂંકો ઇતિહાસ<br>* મુખી લાલજી દેવરાજ<br>* વઝીર વિરજી પ્રેમજી પારપિયા<br>* માસ્તર હાશિમ બોઘા<br>* મનજી ગુલામહુશેન પદમશી<br>* હુઝુર વઝીર અલી મુહમ્મદ રહેમતુલ્લાહ મેકલાઇ<br>* વારસ ઇસ્માઇલ મોહમ્મદ જાફર (વારસ છોટુભાઈ)<br>* આલીજાહ વલી મોહમ્મદ નાનજી હુદા | ૩૭-૫૪ |
| ૬ | મુખી લાલજી દેવરાજ દ્વારા તથા ત્યારબાદ પ્રકાશિત થયેલ ૪૮ પ્રકાશનો નો ટૂંકો પરિચય | ૫૫-૬૬ |
| ૭ | સને ૧૮૮૫-૧૯૫૭ સુધીમાં સેવા આપેલ સેવાધારીઓ/મીશનરીઓનો પરિચય (કુલ ૪૫)<br>• કેન્યા - ૬ મીશનરીઓ<br>• પાકિસ્તાન - ૯ મીશનરીઓ<br>• ઇન્ડિયા- ૨૭ મીશનરીઓ<br>• ટાંઝાનિયા- ૨ મીશનરીઓ<br>• યુગાન્ડા - ૧ મીશનરી | ૬૭ -૧૧૧ |

| | | |
|---|---|---|
| ૮ | સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધીમાં સેવા આપેલ સેવાધારીઓ/અલવાએઝો નો પરિચય (૧૬૫ અલવાએઝો)<br>(8.1) ઇન્ડિયા : સધર્ન સૌરાષ્ટ્ર રીજન (૨૦)<br>(8.2) ઇન્ડિયા: નોધર્ન સૌરાષ્ટ્ર રીજન (૨૬)<br>(8.3) ઇન્ડિયા: નોધર્ન એન્ડ ઇસ્ટર્ન ગુજરાત રીજન (૧૭)<br>(8.4) ઇન્ડિયા: વેસ્ટર્ન ઇન્ડિયા રીજન (૧૧)<br>(8.5) ઇન્ડિયા: સર્ધર્ન ઇન્ડિયા રીજન (૧૦)<br>(8.6) પાકિસ્તાન (૧૪)<br>(8.7) કેન્યા (૮)<br>(8.8) યુકે યુએઇ અને ટાંઝાનિયા (૧૪)<br>(8.9) કેનેડા (૨૫)<br>(8.10) યુએસએ (૨૦) | ૧૧૨-૧૯૭ |
| ૯ | (9a) ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા/તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર ઇન્ડિયા નાં ચેરપર્સન નાં ફોટોગ્રાફ<br>(9b) તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર નાં ચેરપર્સન નાં ફોટોગ્રાફ<br>(9c) તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર નોર્ધન સૌરાષ્ટ્ર નાં ચેરપર્સન નાં ફોટોગ્રાફ | ૧૯૮-૨૦૭ |
| ૧૦ | ગ્રુપ ફોટોગ્રાફ ની ઝલક | ૨૦૮-૨૧૦ |
| ૧૧ | સંપાદક નો પરિચય | ૨૧૧-૨૧૩ |
| ૧૨ | "અલવાએઝો નું લીસ્ટ જેમના નામ અલગ અલગ સ્ત્રોત માંથી મળેલ છે. પરંતુ વિગતવાર હિસ્ટ્રી મળેલ નથી તેમની યાદી" – ૧ થી ૨૮૪ | ૨૧૪-૨૨૨ |

# :: પ્રસ્તાવના ::

ઈસ્માઈલી ઈતિહાસમાં દઆવતનું કાર્ય એક અનોખુ મહત્વ ધરાવે છે. મૂળભૂત રીતે ઈમામની સનાખત અને દુન્યવી જીવનમાં નૈતિક મૂલ્યોના પાલન પર આધારિત આ દઆવતનું કાર્ય વિવિધ પ્રકારે ચાલતું આવ્યું છે. હિંદુસ્તાનના સંદર્ભમાં વાત કરીએ તો પીર શમ્સ (રહે.), પીર સદરદીન (રહે.), પીર હસન કબીરદીન (રહે.) વગેરે પીરોએ આ કાર્યમાં પાયાનું કામ કર્યું હતું.

આધુનિક ઈતિહાસની આરસીમાં જોઈએ તો હ. ઈમામ સુલ્તાન મુહમ્મદશાહ (અ.સ.)ના સમયથી દઆવતના કાર્યએ સંસ્થાકીય રૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને રિક્રિએશન ક્લબની સ્થાપના સાથે આ કાર્યને ઘણો જ વેગ મળ્યો. ઈમામની હિદાયતો અનુસાર જમાતનો ન માત્ર ધાર્મિક અભિગમ પણ શિક્ષણ, આરોગ્ય, પરિવારના વિકાસમાં મહિલાઓની સક્રિય ભાગીદારી, આર્થિક વિકાસ વગેરે જીવનની ગુણવત્તા સુધારવા માટે જરૂરી એવા પાસાઓ જમાતો સુધી પહોંચાડવા માટે આ સંસ્થાએ એક ભગીરથ કાર્ય કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો ઈમામના વિઝન, દૂરદૃષ્ટિ કે દૂરંદેશીને જમાતો સુધી પહોંચાડવાનું કાર્ય કરવામાં આ સંસ્થા નિમિત્તરૂપ બની છે. આ પુસ્તકમાં આપણી આ સંસ્થાના ગૌરવવંતા ઈતિહાસની એક ઝલક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે જૂની પેઢીના વડીલોને પોતાની સ્મૃતિમાં રહેલી આ અંગેની ઘણી બાબતોનું પુનઃસ્મરણ કરવાનો અવસર પૂરો પાડશે તો હાલની પેઢીને આ ઈતિહાસમાં ડૂબકી લગાવીને આપણી પરંપરાને મૂળને જાણવું ખૂબ જ રસપ્રદ થઈ પડશે.

હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની વિઝનરી સૂઝ અને સમય અનુસાર સમાજ સુધારણાના કાર્યને આવી સંસ્થા અંતર્ગત કાર્યને અમલમાં મૂકનારા હતા સેવાધારીઓ. આવા અનેક સેવાધારીઓ પૈકી મુખી લાલજી દેવરાજ, વઝીર વીરજી પારપિયા, માસ્ટર હાશિમ બોઘા, મિશનરી જુમા ભગત ઈસ્માઈલ, અલી મુહમ્મદ મેકલાઈ અને બીજા અનેકે દઆવતના કાર્યમાં પાયાના પથ્થર તરીકે કાર્ય કર્યું છે. સૌ સેવાધારીઓમાં કોઈને કોઈ ખૂબી, ખાસ આવડત હોય છે જેને ઈમામ સુપેરે પારખી લે છે અને એ પ્રમાણે એક મહાન કાર્યને અંજામ આપવા માટે એમને નિમિત્ત બનાવે છે. આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલા રિક્રિએશન

ક્લબના ઈતિહાસમાં ઈમામે સોંપેલા કાર્યને તન, મન, અને ધનથી પરિણામલક્ષી અંજામ આપનાર આવા વિરલ સેવાધારીઓએ કામગીરી કરી એનો ચિતાર જોવા મળશે, જે આજના સમયમાં આપણા માટે પ્રેરણાનો એક બહુમૂલ્ય સ્ત્રોત બની રહે છે. એવા સમયે જ્યારે ઝાઝી ટેક્નોલૉજી ઉપલબ્ધ નહોતી, બહુ ટાંચા સાધનો અને સગવડો સાથે એક વિરાટ કાર્યને અંજામ આપવાનો હતો ત્યારે આ હસ્તીઓએ ઈમામની હિદાયતને લબ્બૈક કહીને જે સમર્પણ, નિષ્ઠા અને કૌશલ્ય દાખવ્યાં એ ખરા અર્થમાં આપણા માટે દૃષ્ટાંતરૂપ છે.

લોકો સુધી દઅવત પહોંચાડવાનો એક આગવો માર્ગ છે પ્રકાશનકાર્ય. આપણું ધાર્મિક સાહિત્ય જમાતો સુધી પહોંચે એ માટે પુસ્તકોનું પ્રકાશન કેવી રીતે શરૂ થયું ત્યારથી લઈને એંશીના દાયકામાં જે પ્રકાશનો આવ્યા એની ટૂંકી વિગત જે તે પ્રકાશનના ઉપલબ્ધ ફોટોગ્રાફ સાથે રજૂ કરવાનો એક સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. એ પ્રકાશનોની સૂચિ વાંચતાં એક બાબતની પ્રતીતિ થાય કે આપણા સાહિત્યનો આ અજોડ વારસો જીવંત રાખવાનું કાર્ય એ સમયે થઈ શક્યું એ ખરેખર સમયોચિત ગણાય.

હવે આ પુસ્તકના પ્રણેતા છોટુભાઈ ખંડેરિયાના આ કાબિલે તારીફ પ્રયાસ વિશે. રિક્રિએશન ક્લબથી લઈને ઈસ્માઈલીયા એસોશિએશન અને હવે શિયા ઈમામી ઈસ્માઈલી તરિકા એન્ડ રિલિજિયસ એજ્યુકેશન બોર્ડના ઈતિહાસને આ રીતે અક્ષરદેહ આપવાનું એમના મનમાં કેવી રીતે બીજ રોપાયું એ તો એમણે ‘સંપાદકના બોલ’માં જણાવ્યું જ છે એટલે એનું અહીં પુનરાવર્તન ટાળીને એક વાત રેખાંકિત કરી શકાય કે સમય, મહેનત અને સંસાધનોનું બલિદાન આપીને આપણા ઈતિહાસનું દસ્તાવેજીકરણ કરવામાં એમણે ખરેખર એક પ્રશંસનીય કામગીરી કરી છે એના માટે એ ખરેખર મુબારકીને પાત્ર છે. આધારભૂત માહિતી એકત્ર કરવા એવા રિસોર્સિસ મેળવવા તેમ જ દઅવતના કાર્યમાં યોગદાન આપેલ વ્યક્તિઓ વિશે અપ-ટુ-ડેટ માહિતી મેળવવા માટે યોગ્ય સ્ત્રોત કે વ્યક્તિનો સંપર્ક કરવાનો એમનો અભિગમ આ દસ્તાવેજીકરણ પ્રત્યેની એમની નિષ્ઠા દર્શાવે છે. કોઈ પણ બાબત, એમાંય ઐતિહાસિક ઘટનાઓ, પાત્રો અને પરિવેશનું દસ્તાવેજીકરણ કરવું એ એક સતત પ્રક્રિયા છે. આથી એક વાચક તરીકે એવું લાગે કે હજુ આમાં કોઈ ઘટના કે સેવાભાવી વિશેની માહિતી

ઉમેરવાનું રહી ગયું છે (જે પ્રકાશકે એમના લખાણમાં કહ્યું જ છે) કે પછી પુસ્તકમાં સમાવિષ્ટ માહિતીમાં કોઈ ક્ષતિ હોવાનું લાગે તો એ ખૂબ જ સ્વાભાવિક છે. આવી બાબતો વિશે આધારભૂત સ્ત્રોત સાથે ધ્યાન દોરવામાં આવે તો પ્રકાશક દ્વારા યોગ્ય સમયે આ માટે ઘટતું કરી શકાય. સમગ્રપણે જોઈએ તો દસ્તાવેજીકરણનું આ કાર્ય એક આગવી છાપ છોડીને મહત્વની માહિતીનો ખજાનો આપણને હાથવગો કરી દે છે એ તો એક સ્પષ્ટ હકીકત છે. ઘણી ઘણી મુબારકી છોટુભાઈ!

- **રાજુ અંધારિયા**



## રાજુ અંધારિયા

પ્રસ્તાવના લખનાર રાજુ અંધારિયા મોટીવેશનલ સ્પીકર, કેરીયર કન્સલ્ટન્ટ, ચિત્રલેખા મેગેજીનનાં "જસ્ટ એક મીનીટ" કોલમ નાં લેખક, અલવાએઝ પણ છે. જુદી જુદી ઇમામત સંસ્થા સાથે નો ૪૨ થી વધુ વર્ષોની સેવા નો અનુભવ ધરાવે છે. જેમનાં લેખક તરીકે ૪૨ પુસ્તકો પ્રસિધ્ધ થયા છે.

# સંપાદક નાં બે બોલ:

ભારતમાં મારો જન્મ થયો પોરબંદર શહેર માં જે મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ તરીકે ઓળખાય છે. મહાત્મા ગાંધીજી પ્રત્યે મને અનન્ય લાગણી. તેમની જીવનકથની મહાદેવભાઇ ની ડાયરી ઘણી વખત વાંચી. ૧૯૪૬ માં બંગાળ નાં નોઆખલીમાં રમખાણો થયા ત્યારે લોકો વચ્ચે ગાંધીજી જ્યારે મુલાકાત કરે છે તે પ્રસંગ વાંચતો અને મન બેચેન થઇ જતું હુબહુ વર્ણન જાણે હમણાં જ બનાવો બન્યા હોય તે નજર સમક્ષ તરી આવતું. હું લગભગ ૧૫ વર્ષનો હતો ત્યારથી વાંચન નો શોખ. દેશમાં તેમની વિશેષ પૂજનીય લીડર તરીકેની છાપ મારા મગજમાં અંક્તિ થઇ ગઇ હતી. હું પોરબંદર નાં વતની નો ઉલ્લેખ કરી ગર્વ અનુભવતો.

આવા જ એક મહાન લીડર ની કથની હું વારંવાર વાંચતો તે હતાં હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) આગાખાન ત્રીજા. મારા જન્મ પહેલાં જ તેમણે જોમો સિફાર્યો પરંતુ ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ)નાં જીવનનાં પ્રસંગો વાંચી મન અહોભાવ થી ભરાઇ જતું. મારી ૨૦ વર્ષની વય સુધીમાં આ લાગણી મારા અતઃ મન માં સચવાયેલી રહી ગઇ.

પિતાનો શાકભાજી નો ધંધો.વેપાર ઓછો અને ખર્ચ વધુ. ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ રહેતું.પોરબંદર માં એક નાની રૂમમાં આઠ વ્યક્તિઓ ભાડાનાં મકાનમાં રહેતા પરંતુ કુટુંબ ની ધાર્મિક ભાવના અને ધર્મપાલન માં નિયમિતતા મને વારસામાં મળી. કોલેજનાં અભ્યાસ ની ફી ભરવાનાં પૈસા અમારી પાસે નહીં પરંતુ સમુદાય ની એકતા, ઇમામની દોરવણી અને એકબીજાને મદદ કરવાની ભાવના નું સિંચન સમાજમાં ઘણા વર્ષો થી મજબૂતપણે થઈ ચુક્યું હતું સ્કોલરશીપ અને ત્રણ વર્ષની ફી ની રકમ વિના શરતે મને આપવામાં આવી અને મારા જીવન માં પરીવર્તન આવ્યું.પછી તો મને સરકારી નોકરી મળી ગઇ.પણ આ બધા પ્રસંગો મારા જીવન માં છવાયેલા રહ્યા. ઇસ્માઇલી સમાજ માં એકબીજા ને ટેકો આપવામાં, ગરીબોને આર્થિક અને ધંધાકિય મદદ આપવાનું કાર્ય લગભગ ૧૨૫ વર્ષની ચાલી આવતી પરંપરા છે તે હું દ્રઢ પણે માનું છું.

આ પ્રસંગ વર્ણવવાનું કારણ એ છે કે સમુદાયના કોઈપણ લોકોને પુછશો તો તેઓ જણાવશે કે આવું લગભગ દરેકનાં જીવનમાં બન્યું છે જેનાથી તેમના જીવનમાં આમુલ પરીવર્તન આવ્યું છે. આ જ કારણ છે કે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ

ઇસ્માઇલી સમુદાય માં સેવાભાવનાની, એકબીજાને મદદ કરવા તત્પર રહેવાની, પાડોશીઓ સાથે સારા વ્યવહાર કરવાની, દરેક ધર્મની ભાવનાને માન સન્માન આપવાની, વડીલોને માન આપવાની, વિવિધતા ને સ્વીકારવાની, કટુ વચનો અને નિંદા થી બચવાની અને ખાસ કરીને તમારા નૈતિક મૂલ્યોને જાળવવાની જે શીખ આપી છે તે કાર્યને જો કોઇએ સમુદાય માં પહોંચાડ્યું હોય તો તે છે સમુદાયના લીડરો અને અલવાએઝોએ.

સમુદાય ની તરક્કીના માર્ગ ને ચોક્કસ રીતે કંડારવામાં ઇમામ ની હિદાયત કેન્દ્ર સ્થાને હોય છે. અને આ હિદાયત જમાતનાં હધ્ય અને મૂળ સુધી પહોંચાડવા માટે શિક્ષિત સમાજ ને તૈયાર કરવો તે એક પડકારજનક પગલું છે. હ ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ સને ૧૮૮૫ થી આ કાર્ય નાં બીજ રોપ્યા જ્યારે ઇન્ડિયામાં કોઇ સમુદાય દ્વારા સંસ્થાઓ સ્થાપવા માટે વિચારવાનું હજુ તો શરૂ પણ નહોતું થયું ત્યારે ભારત - પાક ઉપખંડ માં વસતા ઇસ્માઇલીઓ તેનો લાભ લઈ રહ્યા હતા. ભારત-પાક ઉપખંડ માં નાના નાના ગામો માં વસતા છુટા છવાયા સેન્ટરોમાં જમાતખાનામાં વાએઝ દ્વારા દોરવણી નું કાર્ય અવિરત ચાલુ રહ્યું.

હાલ દુનિયા ૨૧મી સદીમાં પ્રવેશી છે શિક્ષણ ક્ષેત્રે, ટેકનોલોજી ક્ષેત્રે, સંસ્થાઓ ની સ્થાપના ને લઈને ઘણો વિકાસ થયો છે પરંતુ ૧૭મી સદીના અંતમાં સંસ્થાને કેવી રીતે મૂર્ત સ્વરૂપ મળ્યું તે જોઇશુ ત્યારે ખ્યાલ આવશે કે ઇમામે જે કાર્યનું બીજ રોપ્યું હતું તેનું કેવી કાળજીપૂર્વક પોષણ કર્યું હતું. સંસ્થામાં યોગ્ય નેતાગીરી ની પસંદગી કરી,સેવાની ભાવના જગાવવાની કામગીરીએ તેને બળ પુરુ પાડ્યું આમ રીક્રીએશન ક્લબ અને ધાર્મિક સાહિત્ય મંડળ જેવી સંસ્થાની શરૂઆત થઇ હતી.

હ. ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીએ ૧૯૮૬ માં દુનિયાભરમાં વસતા તમામ ઇસ્માઇલી સમુદાયને બંધારણ ની નવાજેશ કરી એક છત્ર હેઠળ લાવી દીધા તે કાર્ય દીર્ઘકાલીન અસર ઉપજાવનારૂં બની રહ્યું. ૧૯૮૬ માં અગાઉ નું પ્રસિદ્ધ નામ “ઇસ્માઇલીઆ એસોસીએશન“ નાં નામને બદલી શિયા ઇમામી ઇસ્માઇલી તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ (ITREB યાને (Tariqa and Religious Education board of India નું ટુંકુ નામ) કરવામાં આવ્યું.

ઇસ્માઇલીઆ એસોસીએશન ૧૯૪૪ માં મળેલ નામ છે તેની પહેલાં ૧૯૨૧ માં ધી

રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ અને ૧૯૧૨ માં તેની પહેલા રીક્રીએશન ક્લબ તરીકે જાણીતી સંસ્થા આ કાર્ય સંભાળતી.

જેનાં ૧૦૦ થી વધુ વર્ષ ની સફર સંસ્થાએ પુરી કરી છે. તેમની શરૂઆત કઇ રીતે થઇ તેનો ઇતિહાસ પણ ભવ્ય છે. તેના ઇતિહાસ ને જાણવાનો પ્રયત્ન આજે કરીશું અને તે સંસ્થા માં કાર્ય કરનાર મીશનરીઓ, અલવાએઝો અને પ્રકાશનો થી માહિતગાર થઈશું. મીશનરીઓ અને સેવાભાવીઓ/વઝીર નાં કાર્ય થી પરિચિત કરાવનાર પુસ્તક " ૧૦૧ ઇસ્માઇલી હીરોઝ" એક વખત વાંચવું રહ્યું. પુસ્તકનાં

લેખક મુમતાઝઅલી તાજદીન સાદિકઅલી પાકિસ્તાનનાં કરાચીમાં રહે છે જેમણે ૧૦૧ જેટલા ઇસ્માઇલી હીરોઝ નાં સંપૂર્ણ જીવનનો પરિચય કરાવેલ છે. તેમાંથી મીશનરીઓનો ઇતિહાસ તથા ફોટોગ્રાફ આ પુસ્તકમાં લેવામાં આવેલ છે.

અન્ય એક વેબસાઈટ છે simerg.com જેમાં ઇસ્માઇલી સમુદાય માટે માહિતીનો ભંડાર છે. ઇમામો નાં જીવનનાં પ્રસંગો, ફોટોગ્રાફ, સેવાભાવીઓ ની વિગત છૂટી છવાઈ પડેલ છે તેને એક પ્લેટફોર્મ પર આ પુસ્તક દ્વારા લાવવાનો પ્રયાસ કરેલ છે.

AKDN તથા the.ismaili tv ની સાઇટ, Ismaili heritage ની સાઇટ માંથી ઘણી માહિતી મળી છે જેનો પુસ્તકમાં ઉપયોગ કરવામાં આવેલ છે. ૧૯૧૨ થી ૧૯૩૩ સુધીમાં ગુજરાતી અને ખોજકી ભાષામાં મુખી લાલજીભાઈ દેવરાજ દ્વારા ગીનાન સાહિત્ય (ગ્રંથ / ગીનાનો) નાં અનેક હસ્ત લેખીત સામગ્રી ને મેળવવાનું વિકટ કાર્ય કરેલ અને તેને પુસ્તક દ્વારા પ્રગટ કરવામાં આવેલ. લંડનનાં ગીનાન સાહિત્ય નાં પ્રખર જ્ઞાની અને હસ્ત લેખિત પ્રતોનાં સંગ્રાહક મર્હુમ પ્યારઅલી જીવા ૨૦૦૪ માં ગીનાન સાહિત્ય ની કોન્ફરન્સ માં ભાગ લેવા રાજકોટ આવેલ ત્યારે નોધર્ન સૌરાષ્ટ્ર ઇતરેબ ની તેમણે વીઝીટ કરી હતી તેમજ રીજનલ બોર્ડનાં મેમ્બર્સ સાથે તેમનાં ક્લેકશન થી પરીચીત કરાવેલ જે ક્લેકશનની કોપી મને આપેલ તે પૈકી અમુક પ્રકાશનો નો ઉપયોગ પણ પુસ્તકમાં કરવામાં આવેલ છે.

**પુસ્તક ની સ્ફુરણા બાબતે બે શબ્દો:**

હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) એ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નાં મીશનરીઓ સાથે ૧૯૩૬ માં એક તસવીર લીધી હતી જે સને ૨૦૨૧

માં simerg.com માંથી મળી હતી જેને મેં સાચવીને રાખી હતી. તે ફોટાની નીચે મીશનરીઓનાં નામ લખેલ હતા.અન્ય લેખનાં વાંચન દરમ્યાન આ મીશનરીઓ નાં જીવન વિશે માહિતી લેવાનું શરૂ કર્યું.પણ અસફળ રહ્યો. લેખક મુમતાજઅલી તાજદિન સાદિકઅલી નું પુસ્તક ૧૦૧ ઇસ્માઇલી હીરોઝ મેં વાંચ્યુ અને અચંબિત થઈ જવાય તેવી માહિતી તેમણે પોતાના પુસ્તકમાં આપી હતી. આ પુસ્તક માં ઇસ્માઇલી સેવાધારીઓ જેઓ ૧૮૮૦ થી ૧૯૫૦ દરમ્યાનમાં સેવા કરતા હતાં તેમાં મીશનરીઓ, વઝીર અને સેવાભાવીઓ વિશે તેમણે કરેલા કાર્યો નો ઉલ્લેખ હતો.ઘણા પ્રસંગોમાં રીક્રીએશન ક્લબ, ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી, પંજેભાઈ ક્લબની આસપાસ ઇતિહાસની કહાની ધુમતી રહેતી હતી. અંગ્રેજી ભાષાનાં એ લેખ ને ગુજરાતી ભાષામાં સરળ અનુવાદ કરી જમાત સુધી પહોંચાડવાનું વિચારતો હતો, પરંતુ બધા મીશનરીઓ ની જીવનકથની ન મળી. પરંતુ તેમાંથી મીશનરી મેઘજી મહેરઅલી, મીશનરી અલીદીના મામુ, મીશનરી જાફરઅલી અબજી ભલવાણી, પીર સબજાઅલી, મીશનરી અબુઅલી અઝીઝ વિગેરેની માહિતી મળી. રીક્રીએશન ક્લબનાં પ્રેસિડેન્ટ તરીકે ૨૪ વર્ષો સુધી સેવા બજાવેલ તેવા અલી મુહમ્મદ મેકલાઇ, બે વર્ષ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપેલ તેવા વારસ ઇસ્માઇલ મોહમ્મદ જાફર (જે સમુદાયમાં વારસ છોટુભાઈ તરીકે ઓળખાતા),ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી માં તથા સિંધી પ્રિન્ટીંગ પ્રેસમાં પુસ્તકો નાં પ્રકાશન માટે મહત્વની કામગીરી બજાવનારા મુખી લાલજીભાઇ દેવરાજ ની માહિતી તેમના પુસ્તક માંથી મળી. આ બધી માહિતી અલગ અલગ પ્રકરણમાં આલેખાયેલ છે તેને એક લેખ દ્વારા આપવાનો વિચાર આવ્યો. simerg.com માં પછી તો મીશનરી જહાંગીર મર્ચન્ટ, મલેક સુલતાન મર્ચન્ટ, નિઝાર ચુનારા, સુલતાનઅલી વાલજી, ગુલામહુશેન જુમ્મા,નાગપુર નાં મીશનરી હાસમ મામદ મિસ્ત્રી લાલાણી, કરીમ પીરાણી, અલવાએઝા બચીબાઇ તેજપાર, મીશનરી કાદરઅલી બી.પટેલ, અલ્લામા નાસિર હુંઝાઇ વિગેરેનાં ફોટા સાથે ઘણી વિગતો સામેલ હતી. પણ બધા મીશનરીઓ કેનેડા, કેન્યા અને પાકિસ્તાનનાં હતા. મારે ભારત માં થઇ ગયેલ મીશનરીઓ અલીભાઈ મોહમ્મદ બાબવાણી, જુમાભાઇ મામદ વિરાણી, અમીરઅલી રાહી, ઇસ્માઇલભાઈ ધનાણી, અકબરઅલી બાબુલ, હુશેનભાઇ નાથાણી જેઓએ ૪૦ થી વધુ વર્ષો સેવા કરી હતી તેમની માહિતી બાબતે સર્ચ કર્યું તો કોઈ સચિત્ર અહેવાલ નહીં, કોઈ ફોટોગ્રાફ પણ નહીં. હું હેરાન રહી ગયો. ડેટાબેઝ માટે આ માહિતી ભવિષ્યની પેઢી માટે જરૂરી હતી જે ફક્ત તેમનાં કુટુંબ પાસે સચવાયેલ છે તે સમય જતાં ક્ષીણ થઈ જવાની હતી.

હવે નવી કવાયત શરૂ થઈ હ. ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીએ જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૫ માં જોમો સિફાર્યો ત્યારે ઇમામ વિશેનો એક લેખ તૈયાર કરી તેને

ફેસબુકમાં સ્લાઇડ સ્વરૂપે રજુ કર્યો હતો. જેમા મેં ૧૯૫૭-૨૦૨૫ સુધીના ઇમામત નાં ગાળા દરમ્યાન ઇમામે જે કાર્ય કર્યું હતું અને ઇમામતની સંસ્થાઓને મજબૂત કરી હતી તેનો ઉલ્લેખ કર્યો હતો. આ ૬૮ વર્ષો દરમિયાન ઇમામતની સંસ્થાને ઇમામની હિદાયત ની જે વ્યાપક અને ઉંડી અસર છોડી હતી.જેમાં આગેવાનો અને અલવાએઝોની ભૂમિકા જમાતનાં વૈચારિક ઘડતરમાં અનન્ય હતી. આમ અલવાએઝનાં નામ નાં ડેટાબેઝ તૈયાર કરવાનું મન થયું. આ કાર્ય ૧૦ માર્ચ ૨૦૨૫ માં શરૂ કર્યું જેમાં ઇતરેબ સાથે સંકળાયેલ મારા મિત્રો સાથે આ યાદી શેર કરતો ગયો,તેઓ તે યાદી માં અલવાએઝોનાં નામ ઉમેરતા ગયા. દર અઠવાડીયે આ યાદી અપડેટ કરી મિત્રોને શેર કરતા ગયા અલવાએઝો જોડાતા ગયા અંતે નામ ની યાદી લાંબી થઇ ગઇ. જે અલવાએઝો ઇન્ડિયામાં હતા તે સ્થળાંતર કરી અલગ સેન્ટરમાં વસી ગયેલ હોય તેને સ્થળાંતર કરેલ સેન્ટર સાથે બતાવી યાદી અપડેટ કરતા ગયા.પાકિસ્તાનનાં અલવાએઝ કમાલુદીન અલીમુહમ્મદે “સુવર્ણ પળો” નામે પોતાની બાયોગ્રાફી બનાવેલ જે જામનગર થી અલવાએઝ મનસુર વિરાણીએ મને મોકલી. “સુવર્ણ પળો” મેં ત્રણ વખત વાંચી જે ઘણી માવજત થી તેમણે બનાવી છે જેમાં તેમણે જીવનનાં મોટાભાગનાં પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. આ વાંચીને થયું દરેક અલવાએઝ માટે બાયોગ્રાફી ન બનાવી શકાય? આ બાયોગ્રાફી માટે શું વિગત જરૂરી છે તેનો વિચાર કર્યો. નામ, ટાઇટલ, જન્મતારીખ, જન્મસ્થળ, જો વફાત પામેલ હોય તો વફાત તારીખ અને સ્થળ, વાએઝ શરૂ કર્યાનું વર્ષ, વાએઝ કયા વર્ષ સુધી કરી અને જમાતી સેવાની ટૂંકી વિગત સાથે ફોટો આટલી વિગત પુરતી હતી. આ માહિતી ની જરૂરિયાત બાબત નું લખાણ તૈયાર કરી પર્સનલ ક્લેકશન તરીકે મેળવવા માટે અને એક પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવાનો મારો વિચાર જણાવતો પત્ર તૈયાર કરી અલવાએઝ ને મોકલવાનું વિચાર્યુ. હવે સાચી કામગીરી શરૂ થવાની હતી. જે અલવાએઝો વફાત પામ્યા હતા તેમનાં કુટુંબીજનો નાં સંપર્ક કરવા તેમની માહિતી એકઠી કરવા ફોન નંબર મેળવવા શરૂ કર્યા. આ કાર્ય માં પણ ઇતરેબ સાથે સંકળાયેલ મિત્રો અને અલવાએઝોએ સાથ આપી તે નંબર પણ મેળવી આપ્યા.

**ડેટાબેઝ શા માટે?**

હવે અલવાએઝોનું લિસ્ટ તૈયાર હતું પણ અલવાએઝ નું નામ મળી જવાથી કાર્ય શરૂ ન થાય. તેમનાં કુટુંબીજનો નો સંપર્ક અગત્યનો હતો. તેમને આ માહિતી ની જરૂરિયાત બાબતે વાત કરી. માહિતી માટે તેમને સમય આપવો જરૂરી હતો સેવાની વિગત કાળજીપૂર્વક લખવી જરૂરી હતી.જે અલવાએઝો વફાત પામ્યા હોય અને તેમને જો ૨૦ થી વધુ વર્ષો પસાર થયા હોય ત્યારે તેમની માહિતી તેમનાં નજીકના કુટુંબીજનો ને યાદ હોય તે મોકલવા માટે સમય લાગે તે સ્વભાવિક છે. ખુટતી વિગત બે કે ત્રણ તબક્કે પણ

આપવામાં આવતી. બેત્રણ વખત સ્લાઇડની માહિતી રીવાઈઝ કરવી પડતી પરંતુ તેઓએ આ કાર્ય માં ખુશીથી સામેલ થઈ સહયોગ આપ્યો. આ ડેટાબેઝ થી ભવિષ્યની પેઢી તેમના અલવાએઝો નાં ફોટોગ્રાફ તથા તેની સેવાની વિગત વાંચી તેનાથી કનેક્ટ થઈ શકે.

એકાદ બે દાખલા આપી આ કાર્ય કેટલું વિક્ટ બનતું તે પણ જાણીએ. વેરાવળ નાં અલવાએઝ જુસબભાઈ થારાણીનું નામ યાદી માં આવેલ પરંતુ તેમના કુટુંબ નો સંપર્ક સાધ્યો તેમનાં જીવન વિશેનાં દુન્યવી કાર્યો વિશે તેઓ જાણતા હતાં તે વિગત ત્રુટક ત્રુટક મળી. બાકીની વિગત વેરાવળનાં અન્ય અલવાએઝ પાસેથી મળી પણ વાએઝ ક્યા વર્ષ સુધી કરતા તે વર્ષ તેમના કુટુંબીજનો ને યાદ નહીં. વિગતો ઘણી મળી પરંતુ તેમનો ફોટો ઉપલબ્ધ ન થયો.આમ ઘણા કેસમાં એક મહીનાથી વધુ સમય વ્યતિત થઈ જતો.

સણોસરાનાં અલવાએઝ બરકતભાઇ બિજાણીની માહિતી તેમનાં પુત્ર પાસેથી મળી ગઈ પરંતુ તે અલવાએઝે કોઈ પણ પ્રસંગમાં પોતાનો ફોટો નહોતો પડાવ્યો. ડેટાબેઝ માટે તેઓએ અલવાએઝ નો ફોટો પાડીને મોકલ્યો. અમદાવાદ નાં બીજા કેસની વાત કરીએ. અલવાએઝ મર્હુમ સમ્સુદ્દીન હુદા નાં કુટુંબ નો નંબર ગોતી તેમને વોટ્સ એપ મેસેજ કર્યો. તેઓ વોટ્સ એપ વાપરતા નહીં હોય ૧૫ દિવસ પસાર થયા તેમની પુત્રીએ મોબાઈલમાં આ મેસેજ જોયો અને તેમનાં દાદા જે અલવાએઝ હતા તેમની માહિતી તેમનાં પપ્પાને પુછી પુછી ને લખાવતી ગઈ. માહિતી આવી ગઇ. દાદાનો એક જ ફોટો તેમની પાસે હતો, જે કરચલી સાથેનો ઝાંખો હતો. તે ક્રોપ કરીને ઉપયોગ માં લીધો. માહિતી બની ગયા પછી તે માહિતી ની સ્લાઇડ તેમને આપવામાં આવતી જેથી ભુલને અવકાશ ન રહે. તેમની માહિતી ની સ્લાઇડ તૈયાર થઈ એટલે તેમનાં શબ્દો હતા આ માહિતી અમો બનાવીને રાખવાનું ક્યારેય વિચારત નહીં. તમે ફોટો માંગ્યો અને એ એક ફોટો કદાચ પાંચ દશ વર્ષ પછી મળી શકતે કે નહીં તે પણ સવાલ છે તમે આ સુંદર કાર્ય હાથ ધર્યું છે. આમ કાર્ય આગળ વધતુ ગયું અમને નૈતિક બળ મળતું ગયું.

શરૂઆતમાં એપ્રિલ ૨૦૨૫ માં ડેટાબેઝ નું કાર્ય સધર્ન સૌરાષ્ટ્ર અને નોંધર્ન સૌરાષ્ટ્ર નાં અલવાએઝો નું શરૂ થયું. માહિતી તથા ફોટો મળતા ગયા. કામ ઝડપથી શરૂ થયું. લીસ્ટ માં ૨૫૦ અલવાએઝ નાં નામ સામેલ થઇ ચુક્યા હતા. ૨૦ થી વધુ સ્લાઇડ તૈયાર થઈ ગઈ હતી. તે ચિત્રાવડ સાંગોદ્રા વિસ્તારના અલવાએઝો જેઓ ૧૯૭૦ સુધીમાં વાએઝ કરતાં હતા તેમની યાદી મળી તેમની વિગતો અમેરિકામાં વસેલ જુનાગઢનાં અલવાએઝ

મહંમદઅલી સમનાણી એ પુરી પાડી. પરંતુ તે સમયે ફોટો પાડવાની સગવડ સરળ રીતે ઉપલબ્ધ નહોતી એટલે તેમનાં ફોટોગ્રાફ અપ્રાપ્ય રહ્યા.

**કાર્ય ને વેગ આ રીતે મળ્યો:**

માહિતી માટે ૧૧ જુલાઇ ૨૦૨૫ સુધીમાં વ્યક્તિગત સંપર્ક કરી ૧૦૧ અલવાએઝ ની વિગત મેળવવાનો ટાર્ગેટ રાખેલ. રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં સેવા કરતા હતા તે મીશનરીઓ ની માહિતી તથા ફોટા જે "૧૦૧ ઇસ્માઇલી હીરોઝ" પુસ્તકમાંથી મેળવવાની હતી જે લગભગ ૨૦ મીશનરીઓની વિગત તૈયાર કરવાની હતી અને અન્ય દેશનાં ૩૦ અલવાએઝો નાં ડેટા મેળવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો. આમ કુલ ૧૫૧ અલવાએઝો ની વિગત મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. જે ૨૦ જૂન ૨૦૨૫ સુધીમાં કુલ ૨૧૦ અલવાએઝ નાં ડેટા આવી ગયા, જે કામ સમય મર્યાદા પહેલાં જ પુરૂ થઇ શકયુ.

આમ પુસ્તકને ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલ છે. પ્રથમ ભાગ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નો લેખ છે. તેમજ તેમાં પ્રેસિડેન્ટ તરીકે સેવા આપનાર, ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી માર્ટ કાર્ય કરનાર લીડરોનાં જીવન ચરીત્ર છે. બીજા ભાગમાં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં શરૂઆતી વર્ષો ૧૮૮૫-૧૯૫૭ સુધીમાં મીશનરીઓએ જે કાર્ય કરેલ તેવા કુલ ૪૫ મીશનરીઓ/અલવાએઝો નાં જીવનચરીત્ર ને જાણવાનો પ્રયત્ન કરીશું. ત્રીજા ભાગમાં ૧૯૫૭-૨૦૨૫ સુધીમાં જે અલવાએઝો એ જમાતની સેવા કરી છે તેવા ૧૬૫ અલવાએઝો ની સચિત્ર ફોટા સાથેની વિગત સામેલ છે તેનેજાણવાનો પ્રયત્ન કરીશું આમ કુલ ૨૧૦ અલવાએઝો નાં ફોટોગ્રાફ સામેલ છે જેમની જમાતી સેવાથી આપણે પરિચિત થઈશું.આશા છે વાચકને આ પ્રયાસ ગમશે.

**ટીમનો સાથ સહકાર:**

પોરબંદર આરઇસી માં ટીચર ની સેવા ૧૯૭૭ થી શરૂ કરી તે પછી ઇતરેબ લોકલ બોર્ડ મેમ્બર, રીજનલ મેમ્બર અને ચેરમેન તરીકેની કામગીરી ભૂતકાળ માં બજાવેલ તેના કારણે ગુજરાતનાં ત્રણેય રીજનનાં લીડરો તથા અલવાએઝો સાથેનાં સંપર્ક જળવાઇ રહ્યા હતા. જેથી આ કાર્ય માં સુવિધા રહી. માહિતીના આદાન પ્રદાન માં ટીમમાં સિકન્દ્રાબાદ નાં બરક્ત પડાણીયા, કરીમ ઉકાણી, શમ્સુદીન સુરાણી સર, ભાવનગર નાં રાજુ અંધારીયા, અનિમેષ અંધારીયા, સંજ્ય અંધારીયા, અમદાવાદ નાં અઝીઝ લાધાણી, મુંબઈનાં શહેનાઝ સુંદરાણી, અબ્દુલરહીમ દાઉદ વિરાણી, હુશેનઅલી રશીદ સાયાણી, છોટુ સમનાણી, સુરેન્દ્રનગર નાં નિઝાર ચામડીયા, જામનગરનાં મનસુર

વિરાણી, પોરબંદરનાં ફિરોઝ સોરઠીયા, રાણાવાવ નાં નૌશાદ ધનાણી, રાજકોટનાં રહીમ પંજવાણી, બાબરા નાં નવરોજ ગાંગાણી, કચ્છનાં નશીમબેન છતાણી, તથા પરીનબેન ખોજા અમેરિકાના વફીએહમદ કોટડીયા, મહંમદઅલી સમનાણી, પરીન ઉમેટીયા દાઉવા, કેલગેરી નાં ગુલનાર રાધાણી,વેરાવળનાં ઝીન્નતબેન લાલાણીનો સહયોગ મળતો રહ્યો જેનો હું આ તકે આભાર વ્યક્ત કરું છું.

આ કાર્યમાં ત્રણ માસ સુધી પુત્રી ખૂશ્બુ ખંડેરીયા એ માહિતીને અપડેટ રાખવા, સ્લાઇડ બનાવવા તથા આ માહિતી ને પુસ્તકનાં પ્રકાશન સુધી પહોંચાડવા અજોડ મહેનત કરી છે તેમનો આભારી છું.

પુસ્તક નાં તૈયાર થયેલ લેખ ને કાળજીપૂર્વક વાંચીને સલાહ સુચનો આપનાર કરીમ ઉકાણી, રાજુ અંધારિયા, નો પણ આભાર વ્યક્ત કરું છું.

છેલ્લે આ પુસ્તકને સુંદર પ્રસ્તાવના લખી આપવા માટે લેખક અને મોટીવેશનલ વકતા એવા રાજુ અંધારિયા નો ખાસ આભાર વ્યક્ત કરું છું.

અંતમાં, આ પુસ્તકના પ્રકાશન નાં તમામ ખર્ચ માટે મારા લાઇફ પાર્ટનર સરોજ ખંડેરિયાનાં પ્રયાસ થી તેમના મોટાભાઈ મર્હુમ પ્યારઅલી ખુશાલભાઈ સુરાણી નાં નામે તેમનાં રૂહનાં સવાબ અર્થે આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યું છે, તેમનો પણ ઉલ્લેખ અસ્થાને નહી ગણાય.



**—-- છોટુભાઈ ખંડેરિયા (સિકન્દ્રાબાદ)**

તા. ૧૫-૭-૨૦૨૫

## :આમુખ:

## ઇસ્માઇલી સમુદાય ની ઓળખ:

ઇસ્માઇલી મુસ્લિમો વિશ્વભરના ૩૦ થી વધુ દેશોમાં રહેતો સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર સમુદાય છે. આ સમુદાય શિયા મૂલ્યોની ૧૪૦૦ વર્ષની પરંપરાનું પાલન કરે છે જે પોતાના સમુદાય અને જે સમાજ માં તેઓ રહે છે તેના ભલા માટે, જ્ઞાનની શોધ પ્રત્યે પ્રતિબદ્ધતા દ્વારા વ્યક્ત થાય છે; શાંતિ અને સમજણના પુલ બનાવીને બહુલતાને અપનાવે છે; અને સમુદાય અને તેઓ જેમની વચ્ચે રહે છે તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પોતાના સમય, પ્રતિભા અને ભૌતિક સંસાધનોની ઉદારતાથી વહેંચણી કરે છે.

તેમના ૧૪૦૦ વર્ષના ઇતિહાસ દરમિયાન, ઇસ્માઇલીઓનું નેતૃત્વ એક જીવંત, વારસાગત ઇમામ દ્વારા કરવામાં આવ્યું છે. તેઓ પયગંબર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના પિતરાઇ ભાઇ અને જમાઈ હ.અલી (અ.સ.) પાસેથી વારસાગત ઇમામતની રસ્સી પર વિશ્વાસ ધરાવે છે. શિયાઓ દ્દઢ વિશ્વાસ ધરાવે છે  આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શનની જરૂરિયાત હમેંશા ચાલુ રહેવાની છે.

શિયા મુસ્લીમો  દ્રઢપણે માનતા હતા કે પયગંબર મુહમ્મદનો વારસો ફક્ત તેમના પોતાના પરિવારના એક સભ્યને જ સોંપી શકાય, જેમને હ.મુહમ્મદ પયગંબર (સ.અ.વ.) એ તેમના મૃત્યુ પહેલાં ઇમામ તરીકે હ. અલી (અ.સ.) ને જાહેર કર્યા હતા. ત્યારબાદ ઇમામતની સંસ્થા  વારસાગત ધોરણે ચાલુ રહેવાની હતી.

સમય જતાં, શિયાઓ બે ભાગમાં વહેંચાઈ ગયા. ઇસ્માઇલીઓએ ઇમામ જાફર અસ-સાદિકના મોટા પુત્ર ઇસ્માઇલને વફાદારી આપી, જેના પરથી શીયા ઇસ્માઇલી કહેવાયા. ઇસ્માઇલીઓ હ. ઇમામ ઇસ્માઇલથી લઈને હાલનાં પચાસ મા ઇમામ હ.ઈમામ રહીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહી સુધીના વારસાગત ઉત્તરાધિકારમાં ઇમામતનાં સીલસીલામાં વિશ્વાસ રાખે છે, જે તેમના વર્તમાન ૫૦ મા ઇમામ, જે પયગંબર મુહમ્મદ (સ.અ સ.)ના સીધા વંશમાંથી ઉતરી આવેલ છે.

ઇસ્માઇલી સમુદાય શિયા શાખાનો સૌથી બીજો મોટો સમુદાય છે. ઇસ્માઇલી અર્થઘટન ઇસ્લામના વિશ્વાસનો એક મુખ્ય, ઐતિહાસિક ભાગ છે. તેની એક ધાર્મિક પરંપરા છે, જે સાતમી સદીના શરૂઆતના ભાગમાં ફેલાયેલી છે, અને ઇસ્માઇલી ફાતિમિદ ખિલાફત દરમિયાન એક હજાર વર્ષ પહેલાં ન્યાયશાસ્ત્રની એક શાળા સૌપ્રથમ જાહેર

કરવામાં આવી હતી, તેના સંસ્થાકીય માર્ગદર્શક અને નેતૃત્વ ઇસ્માઇલી ઇમામત કરી રહી છે, અને તેની બહુવિધ એજન્સીઓ વિશ્વભરમાં વધુને વધુ નોંધપાત્ર અસર કરી રહી છે.

ઇસ્માઇલી એકમાત્ર શિયા મુસ્લિમો છે જેમની પાસે જીવંત, વારસાગત ઇમામ છે; તે જીવંત ઇમામની હાજરી છે જે સમુદાયને અનન્ય બનાવે છે. ઇમામ પ્રત્યે આધ્યાત્મિક વફાદારી અને તે સમયના ઇમામના માર્ગદર્શન મુજબ શિયા ઇમામી ઇસ્માઇલી ઇસ્લામના અર્થઘટનનું પાલન, ઇસ્માઇલી સમુદાયમાં આત્મનિર્ભરતા, એકતા અને એક સામાન્ય ઓળખના સિદ્ધાંતોને જન્મ આપે છે. ઘણા દેશોમાં જ્યાં તેઓ રહે છે, ઇસ્માઇલીઓએ એક મજબૂત  સંસ્થાકીય માળખું વિકસાવ્યું છે જેના દ્વારા તેમણે ઇમામના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ, શાળાઓ, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, હાઉસીંગ સોસાયટીઓ અને ક્રેડીટ સોસાયટીઓ જેવી સંસ્થાઓની સ્થાપના કરી છે, જે તમામ નાગરિકોના સામાન્ય ભલા માટે છે, ભલે તેમની જાતિ કે ધર્મ ગમે તે હોય.

સને ૨૦૨૫ માં પદ સંભાળ્યા પછી, હ. ઇમામ રહીમ અલ હુસૈયની (સલવાતુલ્લાહ અલૈહી)એ તેમના પિતા, હ. ઇમામ શાહ કરીમ અલહુસયની દ્વારા શરૂ કરાયેલ વિવિધ ઇસ્માઇલી સંસ્થાઓના વહીવટની પ્રણાલીને સ્વીકારી છે. તેમણે ઇમામતની જાહેર આંતરરાષ્ટ્રીય ભૂમિકાને નિભાવેલ છે. ૫૦ મા ઇમામ તરીકે  વર્તમાન ઇમામે આજે ઇમામતની રાજકીય તટસ્થતાની આ પરંપરા ચાલુ રાખેલ છે.

ઇસ્લામ વ્યક્તિના આધ્યાત્મિક સુખાકારી અને તેના જીવનની ગુણવત્તા વચ્ચે સંતુલન જાળવવા પર જે મહત્વ આપે છે તેને ધ્યાનમાં રાખીને, ઇમામનું માર્ગદર્શન તેમના અનુયાયીઓના જીવનના બંને પાસાઓ માટે એટલું જ મહત્વ ધરાવે છે.

આથી  ઇસ્માઇલી ઇતિહાસ, પરંપરા અને સમયની જરૂરિયાતો અનુસાર, ઇમામોએ એકતા, ભાઈચારો, ન્યાય, સહિષ્ણુતા અને સદભાવનાના ઇસ્લામિક ખ્યાલોને અનુરૂપ આચાર નિયમો અને બંધારણો આપ્યા છે. ૧૯મી સદીમાં ઇસ્માઇલીઓ વેપાર માટે ભારત-પાક ઉપખંડ માંથી પૂર્વ આફ્રિકાના દેશો ઝાંઝીબાર, કેન્યા, યુગાન્ડા, ટાંઝાનિયા, માડાગાસ્કર, કોંગો, જામ્બીયા, મોઝામ્બિક,અંગોલા અને યુરોપનાં દેશોમાં વેપાર માટે વસવાટ કરવા લાગ્યા. તેમના માટે આધુનિક સમયગાળામાં, પ્રથમ ઇસ્માઇલી બંધારણ ૪૮મા ઇમામ, હ.ઇમામ સુલતાન મુહમ્મદ  શાહ (અ.સ.) દ્વારા ૧૯૦૫ માં પૂર્વ આફ્રિકાના ઇસ્માઇલીઓ માટે ઘડવામાં આવ્યું હતું. આનાથી સમુદાયને લોકલ, રીજનલ અને

નેશનલ લેવલે શાસન માળખુ અને વહીવટ  મળ્યો જેમાં લગ્ન, છૂટાછેડા અને વારસો જેવા મુદ્દાઓને નિયંત્રિત કરવા માટે વ્યક્તિગત કાયદાના નિયમો ઘડવામાં આવ્યા તેમજ સમુદાયમાં પરસ્પર સહયોગ અને સમર્થન અને અન્ય સમુદાયો સાથેના તેના સંપર્ક માટે માર્ગદર્શિકા બનાવવામાં આવી. જ્યારે દક્ષિણ એશિયામાં ઇમામના નિર્દેશો હેઠળ સમાન બંધારણો જાહેર કરવામાં આવ્યા હતા. ઉભરતી જરૂરિયાતોને સંબોધવા માટે તે બધામાં સમયાંતરે સુધારો કરવામાં આવ્યો હતો.

આ પરંપરાને ચાલુ રાખીને, ૪૯મા ઇમામ, મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીએ આ બંધારણીય શાસનને વિશ્વભરના અન્ય દેશોમાં વિસ્તાર્યું છે. ૧૯૮૬માં, તેમણે એક ઇસ્માઇલી બંધારણ ઘડ્યું, જેણે પ્રથમ વખત વૈશ્વિક ઇસ્માઇલી સમુદાયના સામાજિક શાસનને એક સામાન્ય આશ્રય હેઠળ લાવ્યું જેથી તેમની શાંતિ અને એકતા, આધ્યાત્મિક અને સામાજિક કલ્યાણ, તેમજ વિવિધ લોકો વચ્ચે ફળદાયી સહયોગને પ્રોત્સાહન મળે, સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થાય અને ઇસ્માઇલી મુસ્લિમો, તેઓ જ્યાં પણ રહે છે, તેઓ જે સમાજમાં રહે છે તેના જીવનની ગુણવત્તામાં સુધારો કરવા અને તેઓ જ્યાં રહે છે તે દેશોના જવાબદાર નાગરિકો બનવા માટે માન્ય અને અર્થપૂર્ણ યોગદાન આપી શકે.

આ ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે, ઇમામે બંધારણના માળખામાં, નેશનલ, રીજનલ અને લોકલ કાઉન્સીલની સ્થાપના કરી છે જે એકંદર સામાજિક શાસન માટે જવાબદાર છે; અને શિક્ષણ, આરોગ્ય, સામાજિક કલ્યાણ, આવાસ, આર્થિક કલ્યાણ, સાંસ્કૃતિક અને મહિલા પ્રવૃત્તિઓ, યુવા અને રમતગમત વિકાસમાં સમુદાયને સેવાઓ પૂરી પાડવા માટે કાર્ય કરે છે. સમુદાયના તમામ સ્તરે ધાર્મિક શિક્ષણની જોગવાઈ માટે, જરૂરી માનવ સંસાધન વિકાસ માટે અને સંશોધન અને પ્રકાશન માટે બંધારણ માં તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ (ઇતરેબ) નો પણ સમાવેશ થાય છે. તેમજ નિષ્પક્ષ સમાધાન અને મધ્યસ્થી દ્વારા સંઘર્ષોના સૌહાર્દપૂર્ણ ઉકેલને પ્રોત્સાહન આપવા માટે નેશનલ અને રીજનલ લેવલે કન્સીલીએશન એન્ડ આરબીસ્ટ્રેશન બોર્ડ (આરકેબ) નો સમાવેશ કર્યો જ્યારે  આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ નાં ઉકેલ માટે સમાધાન અને મધ્યસ્થી બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ સેવા જેનો ઉપયોગ કેટલાક દેશોમાં, બિન-ઇસ્માઇલીઓ દ્વારા પણ વધુને વધુ થઈ રહ્યો છે.

# :સંસ્થાઓનું મજબૂત માળખું:

આજે આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક AKDN હેઠળ ૨૦૦ શાળાઓ, ૧૦૦ થી વધુ બિન ઔપચારિક શિક્ષણ કાર્યક્રમ કેન્દ્રો અને સાત હોસ્ટેલ નાં નેટવર્ક ધરાવે છે. જે દર વર્ષે ૧૮ મહિનાથી પુખ્તવય નાં એક લાખ વિધાર્થીઓને સેવા આપે છે જેમાં ૬૫૦૦થી વધુ શિક્ષકો અને સ્ટાફ નો સહયોગ છે. આગાખાન એકેડેમી બિન-સાંપ્રદાયિક, સહ-શૈક્ષણિક, રહેણાંક શાળાઓનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે. સાથે મળીને, તેઓ ગ્લોબલ સાઉથમાં વિધાર્થીઓને ઉચ્ચ-ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડવાનું લક્ષ્ય રાખે છે, જે તેમને એવા નેતાઓમાં વિકાસ કરવામાં મદદ કરે છે જે તેમના સમુદાયોના લોકો પર સકારાત્મક અસર કરી શકે છે.જેમાં ૨૩૦૦ જેટલા વિધાર્થીઓ સ્નાતક ની ડીગ્રી મેળવે છે.

આગાખાન હેલ્થ સર્વીસ હેઠળ જગતભરનાં ૧.૪૦ કરોડ લોકો ને લાભ મળી રહે છે. જેમાં ૫૭૫ જેટલા હેલ્થ કેર સેન્ટર  તથા પાકિસ્તાન અને ઈસ્ટ આફ્રિકા સહીત બે મેડિકલ યુનિવર્સીટી નું સંચાલન હાથ ધરવામાં આવે છે.

૫૦ થી વધુ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર સોસાયટી નું સંચાલન નાના વેપારીઓ નાં ધંધા રોજગાર માટે લોન આપવા માટે  કાર્યરત છે તેમજ ભારતમાં બેંકિંગ ક્ષેત્રે ડેવલપમેન્ટ કોઓપરેટીવ બેંક DCB ભારતમાં ડીપોઝીટ મેળવનાર પ્રથમ પાંચ બેંક પૈકી તેનો સમાવેશ થાય છે. આગાખાન ટ્રસ્ટ ફોર કલ્ચર ઇમામત ની સાંસ્કૃતિક પ્રવ્રુતિઓનું સંકલન કરે છે તેના કાર્યક્રમો માં એવોર્ડ ફોર આર્કિટેકચર, આગાખાન હીસ્ટ્રોરીક સીટી પ્રોગ્રામ નું સંચાલન થાય છે. ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ ની ૧૯૭૭ માં સ્થાપના થઈ જેમાં ૮૦૦ થી વધુ સ્કોલર તૈયાર થયા.  તેમના દ્વારા સેંકડો પ્રકાશનો વિવિધ ભાષામાં તૈયાર કરવામાં આવેલ. વિશ્વભરની ઇસ્માઇલી સમુદાય ને એક સમાન પ્રાયમરી લેવલ તથા સેકન્ડરી લેવલ નાં કરીક્યુલમ ની ભેટ મળી.

આમ છેલ્લા ૨૧૦ વર્ષોમાં ઇમામતની સંસ્થાઓએ મજબૂત વારસો ઉભો કર્યો. જે આપણા ૪૬ મા ઇમામ હ. ઇમામ હસનઅલી શાહ (અ.સ.)ની ઇમામત સને ૧૮૧૭ થી લઈ આપણા ૫૦ મા ઇમામ હ. ઇમામ શાહ રહીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઇમામત સને ૨૦૨૫ નાં ગાળા સુધી એટલે કે આગાખાન એરા માં થયેલા વિકાસની ઝલક છે.

# રીક્રીએશન ક્લબ નો ઈતિહાસ

ઈ.સન ૨૮ મે ૧૯૦૦ માં ખોજા પંજેભાઇ ક્લબ બોમ્બેની સ્થાપના થઈ. ખોજા પંજે ભાઇ ક્લબનાં કાર્ય માં શૈક્ષણિક અભ્યાસ માટે પ્રોત્સાહન આપવું, રોજગાર માટે આવતાં ઇસ્માઇલી કુટુંબોને સહાયરૂપ થવું અને શિક્ષણથી વંચિત રહેતાં નિરાધાર બાળકો ને શિક્ષણ ની સવલત માટે બોર્ડીગમાં દાખલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવતી.જેના સક્રીય મેમ્બર એહમદ દેવજી હાજી હતા. ૧૯૦૦ ની સાલમાં કચ્છમાં દુષ્કાળ પડ્યો કચ્છથી ૧૫૦૦ ફેમીલીઓ બોમ્બે આવ્યા તેમના માટે રહેઠાણ અને અન્ય વ્યવસ્થા અહેમદ દેવજીએ સંભાળી હતી.

ઈ.સન ૧૯૦૩ માં ઇસ્માઇલી લીટરેચર સોસાયટી ની સ્થાપના ધાર્મિક શિક્ષણ નાં ફેલાવા માટે ની કલ્પના સાથે કરવામાં આવી હતી. તેનાં પ્રેસિડેન્ટ તરીકે મુખી લાલજી દેવરાજ, ઑન. સેક્રેટરી તરીકે વઝીર વિરજી પારપિયા અને સુપરવાઇઝર તરીકે માસ્તર હાશીમ બોધા ની નિમણુંક કરવામાં આવી હતી. આ નાની સંસ્થાની સ્થાપના ને કારણે ધાર્મિક સાહિત્ય નાં પ્રકાશનો પ્રગટ કરવા માટેની મહત્વની કામગીરી થઈ હતી પુસ્તકો નાં લેખન કાર્ય માં હાશીમ બોધા માસ્તરે પોતાનાં જ્ઞાનનો લાભ આપ્યો હતો. હાશીમ બોધા માસ્તર અરબી અને ફારસી બન્ને ભાષામાં માહેર હતા. જુદા જુદા વિષયો માં તેઓ ઉંડુ જ્ઞાન ધરાવતા હતા. તેમણે ૧૯૦૬ માં “ઇસ્માઇલી દર્પણ” માસિક મુખપત્ર નું પણ સંપાદન સંભાર્યુ હતું. તેમની પાસે ઇમામોનાં ફરમાનનું બહોળું ક્લેક્શન હતું જે તેમણે ૧૯૦૬ માં “બાહરે રેહમત”નામના પુસ્તક માં પ્રગટ કર્યું હતું જેમાં તેમણે ૧૯૦૩ થી ૧૯૦૫ સુધીનાં ફરમાનો પ્રસિદ્ધ કર્યા હતા.જેની બીજી આવૃતિ ૧૯૧૧ માં પ્રગટ કરી કરી હતી. તેમણે પ્રગટ કરેલ લેખો અને પુસ્તકને કારણે ઇસ્માઇલી જગત માં ધાર્મિક શિક્ષણ સાહિત્યનાં અગ્રણી ગુજરાતી લેખક તરીકે તેમની ગણના થતી હતી.

૧૯૦૮ માં હાજી બીબી કેસ માટે જસ્ટીશ રસેલ ની કોર્ટમાં ધાર્મિક સાહિત્યનાં અનુવાદ કરી પેપર્સ રજુ કરવાના થતા હતા તેમાં મીશનરી જુમા ભગત ઇસ્માઇલ (૧૮૬૮-૧૯૩૫) અને હાશિમ બોધા માસ્તરે ઘણી કામગીરી કરી હતી અનેક ઐતિહાસિક દસ્તાવેજો અરબી, ફારસી અને અન્ય ભાષા માં હતા જેના અનુવાદ કરી જસ્ટીશ રસેલ સમક્ષ તેમણે તા. ૫-૮-૧૯૦૮માં રજૂ કર્યા હતા. કેસનો ચુકાદો જસ્ટીસ રસેલે હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની તરફેણ માં આપ્યો હતો.આમ ઇમામનાં અનુયાયીઓ ઇસ્માઇલી ખોજા સમુદાયની ધાર્મિક સમાજશૈલી તથા વિચારસરણી અને ધાર્મિક

ઓળખ શિયા ઇમામી ઇસ્માઇલીઓ તરીકે સ્પષ્ટ કરી જે સુન્ની અને ઇશનાઅશરી થી અલગ છે.

ઈ.સન ૧૯૧૨ માં મુંબઈમાં "ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી" યુવાન ઇસ્માઇલીઓના જૂથે સાહિત્ય, મીશનરી, અને અન્ય ધાર્મિક પ્રવૃતિઓ કરવા માટે બોમ્બે ખાતે ધી યંગ ઇસ્માઇલી વિધા વિનોદ ક્લબની રચના કરી હતી (જે વી.વી. ક્લબ તરીકે ઓળખાતી હતી) જેમાં ધાર્મિક પુસ્તકો ની લાયબ્રેરી ની રચના પણ કરી હતી. તેનાં મેમ્બર તરીકે અલીમુહમ્મદ મેકલાઇ જોડાયા. તેમની ઑન સેક્રેટરી તરીકે નિમણુંક થઈ. ત્યારે પ્રેસિડેન્ટ તરીકે ઇસ્માઇલ વિરજી માધાણી હતા, ઑન.સેક્રેટરી તરીકે મીશનરી હુશૈનીપીર અને રહીમ માલુ જોઈન્ટ સેક્રેટરી પદે હતા. ત્યારબાદ  તેના પ્રમુખ તરીકે અલી મુહમ્મદ મેકલાઇ બન્યા. તેમણે જમાત માટે ઘણા કાર્યક્રમો ઘડ્યા હતા.

૧૯૧૬ માં ઇસ્માઇલી સાહિત્ય ઉત્તેજક મંડલ દ્વારા ઇસ્માઇલી ઇતિહાસ માટેનાં પુસ્તકનું સંપાદન કરવામાં આવ્યું જેમાં અલીમુહમ્મદ જાનમુહમ્મદ ચુનારાએ તેને  "ફ્રાતિમી ખીલાફત અને ઇમામો ની બાદશાહી મા ઇસ્માઇલી ની જાહોજલાલી" નામે પુસ્તક પ્રગટ કર્યું હતું. ઉપરાંત " ખોજા મિત્ર"  અને પછી "ખોજા હિતવર્ધક" નામનાં પેપર પણ ચુનારા દ્વારા પ્રગટ કરવામાં આવતા હતા. તેઓ ૧૯૧૦ થી " ઇસ્માઇલી સિતારો" માં પણ ગુજરાતી કવિતા લખતા હતા.

અલી મુહમ્મદ મેકલાઇએ રીક્રીએશન ક્લબનાં નામ હેઠળ ૧૯૧૯ માં આ પ્રવૃતિનો વિસ્તાર કરી તેમાં વિરતા અને બહાદૂરી નાં પાસાનો ઉમેરો કરવા લેફ્ટન્ટ કર્નલ ઇત્માદિ પીરમહમદ વી.મધાની ની અધ્યક્ષતા હેઠળ ઇસ્માઇલી વોલીન્ટીયર્સ ગ્રુપ નામના સંગઠન નું ઉદઘાટન કરવામાં આવ્યું. જે "ધ યંગ ઇસ્માઇલી વિધા વિનોદ કોપર્સ " તરીકે ઓળખાતું હતું. તેમણે સેન્ટ્રલ બોર્ડ ઓફ મીશન્સ ઑફ બોમ્બે હેઠળ તેમની પ્રવૃતિ ધુપેલીયા બિલ્ડીંગ ભીંડી બજાર પાસે ની ઓફીસ થી શરુ કરી હતી.  ધી ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી, દ્વારા પ્રકાશિત થતું માસિક "ઇસ્માઇલી સિતારા" જે ૧૯૦૮ થી પ્રગટ થતું હતું તેનાં ઑન. સેક્રેટરી તરીકે અલી મુહમ્મદ મેકલાઇ ની ૧૯૧૪ માં નિમણુંક થઈ.

હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ૧૭-૮-૧૮૮૫ માં બોમ્બેનાં દરખાના જમાતખાનામાં ૮ વર્ષ ની ઉમરે ઇમામત ની મસનદ પર બિરાજમાન થયા તેનો ગ્રુપ ફ્રોટો પાડવામાં આવેલ, જેમાં આ પ્રસંગે ખાસ ઉપસ્થિત લીડરો હાજર હતા તે ફ્રોટો ૩૦ વર્ષ સુધી અપ્રસિદ્ધ રહ્યો હતો ઇમામે તે ફ્રોટો ૧૯૧૫ માં હુઝુર વઝીર મેકલાઇને આપ્યો હતો

જે તેમણે પ્રથમ વખત ઇસ્માઇલી સીતારા નાં તા.૭-૪-૧૯૧૫ નાં અંકમાં છાપ્યો હતો. (જુઓ પુસ્તક ૧૦૧ ઇસ્માઇલી હીરોઝ લેખક મુમતાજ તાજદીન સાદિકઅલી પાકિસ્તાન પેઇજ નં ૨૫, અલી મુહમ્મદ મેકલાઇ નો આર્ટીકલ).



ઇ.સન ૧૯૨૦ માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ તેનું નામ બદલી "એચ.એચ.ધ આગાખાન યંગ વોલીન્ટીયર્સ કોપર્સ " રાખ્યું.

વી.વી. ક્લબની સાહિત્યક પ્રવૃતિઓ ઇ.સન ૧૯૨૦ માં હુઝુર વઝીર અલી મુહમ્મદ રહેમતુલ્લાહ મેકલાઇ (૧૮૯૪-૧૯૭૧) નાં નેતૃત્વ હેઠળ ધી રીક્રીએશન ક્લબને સોંપવામાં આવી.

ઇસન ૧૯૧૦ માં કરાંચીના ભગત જુમાભાઇ ઇસ્માઇલ નાં નેતૃત્વ હેઠળ સ્થાપેલ ખોજા ઇસ્માઇલી મીશનરી મંડળને પણ તેમાં ભેળવી દેવામાં આવ્યું.

ક્લબની કામગીરીમાં તેમને ધર્મ, ઇતિહાસ, શિક્ષણ, સમુદાયમાં સામાજીક અને સાસ્કૃતિક બાબતો જેવા વિષયો પર ચર્ચા કરવા કહેવામાં આવ્યું અને ૧૦ ફેબ્રુઆરી ૧૯૨૧ માં હુઝુર વઝીર અલી મુહમ્મદ મેકલાઇ ને પ્રેસિડેન્ટ પદે, આલીજાહ હસન લાલજી દેવરાજને ચીફ સેક્રેટરી પદે નિયુક્ત કરવામાં આવ્યા. તેમની કામગીરીમાં ઘણા મીશનરીઓને જોડવામાં આવ્યા. જેવા કે મુખ્ય મીશનરી હુશેની પીર મુહમ્મદ, પીર સબજાઅલી રમજાનઅલી, ઇબ્રાહીમ જુસબ વરતેજી, અલી દીના મામુ, મુહમ્મદ

મુરાદઅલી જુમ્મા, અલીભાઈ નાનજી, જમાલ વિરજી, મનજીભાઇ લાલજી નચાણી, મુહમ્મદ અબ્દુલ્લાહ, અબ્દુલ હુશેન બચલ, ખુદાબક્ષ તાલીબ, હકમઅલી ઇશાક અલી, જાફરઅલી ગોકળ, હાજી મુહમ્મદ ફઝલ, મુહમ્મદ જમાલ બાબવાણી, ગુલામહુશેન ગુલુ વિગેરે હતા.અને હવે તેનું નામ રીક્રીએશન કલબ ઈન્સ્ટીટ્યુટ રાખવામાં આવ્યું અને તેમને આદેશ આપવામાં આવ્યો કે મીશનરીઓ અને શિક્ષકોને યોગ્ય તાલીમ પુરી પાડવી.

ઇમામ દ્વારા રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ ની પહેલી મુલાકાત તા. ૫ ઓગષ્ટ ૧૯૨૩માં લેવામાં આવી.

રીક્રીએશન ક્લબ ઈન્સ્ટિટ્યુટ દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૩ માં એક મીશનરી એસેમ્બલી યોજવામાં આવી જેમાં એક વિષય સમિતિની શરૂઆત કરી અને ઠરાવ પસાર કર્યો કે મીશનરીઓ ને વિશ્વનાં ધર્મો નાં સિદ્ધાંતો શીખવવામાં આવે.

૧૯૨૨ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં એક અઠવાડિક મુખપત્ર બહાર પાડવા માટેનો વિચાર રજુ  કરવામાં આવ્યો. જેમાં અલીમુહમ્મદ જાનમહંમદ ચુનારા, એ.જે. લખપતિ ઑન. સેક્રેટરી તથા ઑન.જોઈન્ટ સેક્રેટરી આર.વી.ચારણીયા એ પ્રસ્તાવ મુક્યો જે મંજૂરી માટે ઇમામ સમક્ષ મુકવામાં આવ્યો. ઇમામે તેને તુરત મંજૂરી આપી. આમ સાપ્તાહિક મેગેજીન ઇસ્માઇલી નું પ્રકાશન શરૂ કર્યું જેનો પહેલો અંક તા. ૭ ઓક્ટોબર ૧૯૨૩માં ૧૨ પાના નો પ્રકાશિત થયો તેના ઓર્ગેનાઇઝર તરીકે વલીભાઈ નાનજી હુદા તથા શૈક્ષણિક વિભાગના સંપાદક માં વઝીર અલીમહંમદ જાનમહંમદ ચુનારા ને નિયુક્ત કરવામાં આવ્યા. સંસ્થાએ તા. ૧ જાન્યુઆરી ૧૯૨૪ માં પોતાનું પ્રિન્ટીંગ પ્રેસ પણ શરૂ કર્યું. જમાતો ની જરૂરિયાત મુજબ ભારતમાં જુદા જુદા ભાગોમાં મીશનરીઓ પૂરા પાડ્યા, તેમજ જમાત ને સંગઠીત બનાવવા કાર્ય હાથ ધર્યું.

જૂના રેકર્ડ દર્શાવે છે કે ૧૯૨૩માં પગારદાર મીશનરીઓ હુશૈન પીર મુહમ્મદ અને અલી દીના મામુ (બોમ્બે જિલ્લા માટે), જમાલ વિરજી (ભાલ અને ઝાલાવાડ જિલ્લા માટે ) ખુદા બક્ષ તાલીબ (બર્મા માટે) હમીર લાખા (સિંધ વિભાગ માટે) હાકીમ અલી ઇસ્માઇલ અને ગુલામ હુશૈન હાશીમ પંજાબ અને ઉત્તર પશ્ચિમ સરહદ માટે) ઇબ્રાહિમ યુસુફ વરતેજી (કાઠીયાવાડ માટે) દીન મુહમ્મદ દયાલ (ગુજરાત જિલ્લા માટે) જેમને કામગીરી સોંપવામાં આવી હતી. જ્યારે પીર સબજાઅલી (કરાંચી), મોલુ કાનજી (જામનગર) અને બંદે અલી જુમાભગત (બોમ્બે) ઓનનરી મીશનરી તરીકે સેવા આપતા હતા.

ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ સંસ્થાની બીજી મુલાકાત તા. ૨૪-૧૧-૧૯૨૩ માં લીધી તેમણે  તેમના કાર્યનું નિરીક્ષણ કર્યું અને સંતોષ વ્યક્ત કર્યો  ઇમામે રૂપિયા એક લાખનું ભંડોળ સંસ્થાની પ્રવૃતિનાં વિસ્તાર કરવા માટે આપ્યું.

૧ એપ્રિલ, ૧૯૨૪ ના રોજ નવી નિમણૂકો દરમિયાન, સંસ્થાએ મિશન, નાણાં, વિદેશ, પ્રાંતીય, ગૃહ, પ્રચાર અને સાહિત્ય, ઉધોગ અને વાણિજ્ય, જનરલ, પ્રેસ, ઓડિટ, શૈક્ષણિક, ગિનાન મંડળ, ઉપનગર, મદદ, હોલ અને ઓફિસ, કાપડ વેચાણ, પુસ્તકાલય, રોજગાર અને તાજગી વિભાગો જેવા નવા વિભાગોની રચના કરી. દરેક વિભાગ નું સંચાલન  ઇન્ચાર્જ, સેક્રેટરી અને સભ્યો દ્વારા કરવામાં આવતું હતું. આ ઉપરાંત, ગુલામ અલી જી. મર્ચન્ટને કાનૂની સલાહકાર, અબ્દુલ્લા બી. પીર મુહમ્મદને માનદ એન્જિનિયર અને અલી મુહમ્મદ જુમા જાનમુહમ્મદને માનદ ડૉક્ટર બનાવવામાં આવ્યા હતા.

આમ સંસ્થાએ  તે સમયના ઉપલબ્ધ તમામ સંસાધનોના મુખ્ય ક્ષેત્રોને આવરી લીધા હતા.

તા. ૧૨ માર્ચ ૧૯૨૪ માં ઇમામે મુલાકાત લીધી તેમાં ૯૦૦ લોકોની હાજરીમાં હિદાયત આપી કહ્યું  "વર્ક નો વર્ડ"  (કોઇ શબ્દ વગર કામ કરો.) આ સંસ્થાને તમારા વિચારો, સલાહ અને મદદ આપો.

નુરૂમ મુબીન માં પૃષ્ઠ ૪૭૭ માં આનો ઉલ્લેખ નીચે મુજબ કરવામાં આવેલ છે:

હ. ઇમામ શાહ સુલતાન મુહમ્મદ શાહ અ.સ એ એ જ વર્ષ માં તા. ૧૨મી માર્ચ નાં  દિવસે ધી રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ (હિંદની ઇસ્માઇલીઆ એસોસીએશન) ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેઓ નામદારે ફરમાવ્યું કે:  ગયા વર્ષે અમોએ તમોને ફારસીમાં એક મુદ્રાલેખ આપ્યો હતો. આજે અમો તમોને બીજો એક નાનક્ડો મુદ્રાલેખ આપીએ છીએ કે, “Work No Words” અર્થાત “વાતો નહીં પણ કાર્ય કરો” બીજાઓ નાં ભલાર્થે પ્રયત્ન કરવો એ જ આત્મોન્નતિ નો માર્ગ છે, કારણ કે તેના પરિણામો ચોક્કસ અને ખાત્રીપૂર્ણ છે. જો તમે તમારા પોતાના સ્વાર્થ માટે કાર્ય કરશો તો તમોને કદી પણ સુખ મળશે નહિ આ કંઇ નવીન  વિચારો નથી પરંતુ હજારો વર્ષોના ઐતિહાસિક અનુભવ થી બહાર આવેલા છે.

હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ અલી મુહમ્મદ મેકલાઇ ને "ઓનનરી મેજર એચ.એચ. ધી આગાખાન યંગ વોલીન્ટીયર કોર્પ્સ બોમ્બે" તરીકે ૧૪-૩-૧૯૨૪ માં નિયુક્ત કર્યા.

## માચ ફ્લેગ ની ઉજવણી

૧૯-૬-૧૯૨૭ માં ઇદે ગદીરનાં તહેવારનાં દિવસે ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં હુકમ થી થાણા જમાતખાના પર માચ ફ્લેગ અલી મુહમ્મદ મેકલાઇ નાં હસ્તે સાંજે સાડાચાર વાગ્યે ફરકાવવામાં આવ્યો જેમાં ઉપસ્થિત જમાત અને  લીડર્સની હાજરી માં સમારંભ યોજાયો. ઉદ્ધાટન સમારંભ નું પ્રવચન વઝીર કાસીમઅલી ફતેહઅલી (૧૮૯૬-૧૯૭૮) જેઓ થાણા જમાતખાના નાં કામડિયાસાહેબ તરીકે સેવા આપેલ તેમણે કર્યુ ત્યારબાદ હુઝુર વઝીર અલી મુહમ્મદ મેકલાઇએ પ્રવચન કર્યું અને બેન્ડ નાં સંગીત સાથે માચ ફ્લેગ ફરકાવ્યો હતો. પ્રવચન ની શરૂઆત માં તેમણે હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) દ્વારા આવેલ ટેલીગ્રાફિક મેસેજને જમાત સમક્ષ વાંચી સંભળાવ્યો.



૧૯૨૭ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં બોમ્બે, અમદાવાદ, દારેસલામ અને વાપી માં જમાતખાનાની ઇમારત ઉપર માચ ફ્લેગ સેરેમની ની ઉજવણી કરવામાં આવી હતી

જેનો ઉલ્લેખ ઇસ્માઇલી મુખપત્ર નાં ૨૫ સવ્વાલ હિજરી ૧૩૪૬નાં અંક માં (એપ્રિલ ૧૯૨૮) છે. જે અંક સાલગ્રેહ પ્રસંગની ખુશીયાલી એ બહાર પાડવામાં આવેલ તેમાં સચિત્ર અહેવાલ તથા ફોટા છાપેલ છે. આ અંક માં વાપી જમાતખાના માં માય ફ્લેગ સેરેમની નો ઉલ્લેખ પાનાનં ૩૮, દરખાના નો અહેવાલ પાનાનં ૬૨, બાંદરા નો અહેવાલ પાનાનં ૬૪, અંધેરીનો અહેવાલ પાનાનં ૬૮, થાણાનો અહેવાલ પાનાનં ૬૯, અમદાવાદ નો અહેવાલ પાનાનં ૭૪, તથા દારેસલામ નો અહેવાલ પાનાનં ૮૨ પર આપેલ છે. આ અંકમાં માય ફ્લેગ વિશેની સમજણ ધરાવતો લેખ લેખક રોશન એહમદ અનુવાદક: કરમાલી દ્વારા લખવામાં આવેલ છે.



અમદાવાદમાં મૌલાના હાઝર ઇમામનો ઝુંડો.
શ્રી અમદાવાદનાં જમાતખાના ઉપર મૌલાના હાઝર ઇમામનો વાવટો વારસ રહેમતુલ્લાભાઇ અલીભાઇ જમાતોની ગેદની વચ્ચે ઉંચો કરવાની ક્રીયા કરતા દેખાય છે.

**અમદાવાદ માં કાલુપુર જમાતખાના ની ઇમારત ઉપર માય ફ્લેગ સેરેમની ઉજવવામાં આવેલ.જે વારસ રહેમ તુલ્લાહ અલીભાઈ એ માય ફ્લેગ ફરકાવ્યો હતો.**



શ્રી મુંબઈ ખાતે વાવટાની ક્રીયા
શ્રી મુંબઈનાં દરખાના ઉપર કામડીઆ કાસમઅલી ભાઈ હસનઅલી વાવટો ઉડતો કરે છે. તે વેળાએ લીધેલો ફોટુ.
Lakshmi Art, Bombay, 8.

**મુંબઈ દરખાના જમાતખાના ની ઈમારત ઉપર દરખાના જમાતખાના નાં કામડિયા સાહેબ કાસમઅલી હસનઅલી એ માય ફ્લેગ ફરકાવ્યો હતો.**

૧૯૨૮ માં ઇસ્માઇલી ઇમામો નાં ઇતિહાસ તૈયાર કરવા અલી મુહમ્મદ જાનમહંમદ ચુનારા દ્વારા અભ્યાસ શરૂ કર્યો.તેમને મદદ કરવા માટે ઇસ્માઇલી મુખપત્ર માં કામ કરતાં સ્ટાફ હુશેન શરીફ ભારમલ અરેબીક ભાષાનાં અભ્યાસુ હતા જેઓએ ઇમામો નાં ઇતિહાસ માટેનાં ઘણા ઐતિહાસિક દસ્તાવેજો ભેગા કર્યા અને આલીજાહ હસનઅલી રહીમ નાથાણી દ્વારા આઠ વર્ષ સુધી જુદી જુદી લાયબ્રેરીઓ માં જઈ સાહિત્ય એકઠુ કરવા મહેનત કરી અંતે જાન્યુઆરી ૧૯૩૬ માં ગુજરાતી ભાષામાં નૂરૂમ મુબીન પ્રગટ કરવામાં આવ્યું.

જો કે, રાઇ એ.એમ.સદરૂદીન (૧૯૦૬-૧૯૮૦)એ ૧૯૨૨ માં ઉર્દુમાં “સજરા” પુસ્તક લખ્યું હતું જેમાં ઇમામોનો ઇતિહાસ હતો પીર સબ્જાઅલીએ તેને ઇમામ સમક્ષ રજુ કર્યુ ઇમામે તેને પ્રગટ કરવા માટે હિદાયત આપી. રાઇ સદરૂદીન ૧૯૨૩ માં બોમ્બે આવ્યા અને મેકલાઇને મળ્યા અને મેકલાઇએ ચુનારાને આ પુસ્તક પ્રગટ કરવા સુચના આપી. પરંતુ સજરા પુસ્તક ઉર્દુ માં પ્રગટ ન થયું.ત્યાર પછી રાઇ હસનઅલી રહીમ નાથાણી દ્વારા તે પુસ્તકની માહિતી ઐતિહાસિક દસ્તાવેજો નાં આધારે ચકાસી અને પછીથી તેને ગુજરાતી ભાષામાં પ્રગટ કરવા માટે નક્કી થયું. આમ ૧૯૩૬ માં નૂરૂમ મુબીન ગુજરાતી ભાષા માં પ્રગટ થયું તેની પ્રસ્તાવના માં માહિતીનાં સ્ત્રોત નો ઉલ્લેખ ન કરવામાં આવ્યો. પરંતુ રાઇ એ.એમ.સદરૂદીને ગૌરવપૂર્વક દાવો કર્યો કે નૂરૂમ મુબીન એ અપ્રગટ સજરા નો જ ગુજરાતી અનુવાદ છે. નૂરૂમ મુબીન માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ) નાં જીવનકાળ નાં ૧૯૩૪-૧૯૩૫ સુધીના વર્ષોનો ઇતિહાસ સામેલ કરેલ. ૧૯૪૦ માં તેને ઉર્દુ ભાષામાં પણ પ્રગટ કરવામાં આવ્યું.

ઈ.સન. ૧૯૩૩ માં અલી મુહમ્મદ મેકલાઇ એ રીક્રીએશન ક્લબ ઇન્સ્ટિટ્યુટ નાં ઢાંચામાં સુધારા કરી રીક્રીએશન ક્લબ ઇન્સ્ટિટ્યુટ ની મુખ્ય ઓફીસ બોમ્બે રાખી પુના, અહમદનગર, ગુજરાત, અમદાવાદ કરાંચી, કાઠીયાવાડ, પંજાબ, બીરાર,અને બર્મા માં તેની બ્રાંચ ખોલી. આમ સમગ્ર ભારતમાં તેની પહોંચ ફેલાવવામાં મદદ મળી. આમ સંસ્થાએ પોતાની છબી સાંસ્કૃતિક અને સામાજીક કાર્યો માટે સમર્પિત સંસ્થા તરીકેની બનાવી. સંસ્થા હવે અનાથ બાળકો નાં જીવનઘડતર માટે કાર્ય કરવા માટે આગળ આવી. ધંધા રોજગાર માટે સંસ્થાકિય માહિતી પુરી પાડવા, મોટી લાયબ્રેરી નાં વિકાસ માટે મદદ, બાળકોને સ્કોલરશીપ માટે સહાય, અને રોજગારી માટે સહાયરૂપ થવા કાર્ય કરતી હતી.રીક્રીએશન ક્લબ ઇન્સ્ટીટ્યુટ માં ૧૯૩૩ માં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે હાજી મુહમ્મદ જાનમુહમ્મદ ની નિમણુંક કરવામાં આવી

૨૧-૧૨-૧૯૩૩ માં બોમ્બેમાં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં માન માં એક રીસેપ્શન નું આયોજન કરવામાં આવ્યું જેમાં ઇમામે કહ્યું" રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નું શાનદાર ભવિષ્ય ઉજળું છે. મારી દુઆઓ છે કે તે રૂહાની ધ્વજ આખા જગતમાં ફરકે તે અહીંથી ફરકશે"




**A Memorable Meeting at the Recreation Club**

An influential and large gathering was held by the Recreation club institute representing the central Bombay with its branches at Poona, Ahmednagar, Karachi, Rangoon(Burma), Ahmedabad, Berar etc. on the 21st December 1933 to present an address of welcome with Mehmani to Mawlana Hazar Imam HH. the Rt. Honorable The Agakhan. A picture is a group photo of Mawlana Hazar Imam and H.H the Begum Aga Khan with the president Mr. Ali Mohammad Macklai, J.P and the Office Bearers of the Institution.

રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નાં પ્રેસિડેન્ટ તરીકે અલી મુહમ્મદ મેકલાઇ ૧૯૧૨ થી ૧૯૩૬ સુધી ૨૪ વર્ષો સુધી રહ્યા હતા.

હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ઇમામત ની ગોલ્ડન જ્યુબિલી ની ઉજવણી ની તૈયારી શરૂ થઈ હતી, તેની ઉજવણી માટે વિવિધ કમીટીની નિમણુંક કરવામાં આવી જેમાં વારસ ઇસ્માઇલ મોહમ્મદ જાફર જેઓ સમુદાય માં વારસ છોટુભાઈ તરીકે જાણીતા હતા તેમને ફંડ એકઠુ કરવા માટેની કામગીરી સોંપવામાં આવી તેમજ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નાં પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.



તા.૨૧ જાન્યુઆરી ૧૯૩૬ નો દિવસ ઇસ્માઇલી સમુદાય માટે અનેરો હતો. હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ની સુવર્ણ તુલા વિધિ હસનાબાદ માં ૪૦૦૦૦ ની માનવ મેદની વચ્ચે કરવામાં આવી.ઓલ ઇન્ડિયા ગોલ્ડન જ્યુબિલી કમીટીના વાઈસ પ્રેસિડેન્ટ વઝીર ગુલામઅલી જી. મરચન્ટ સઘળી જમાતો વતી ઇમામને ઉદ્દ્શીને કહ્યું હતુ “આપ નામદારની ઇમામત દરમિયાન જે અનહદ ન્યામતો તથા લાભો આપ નામદારના મુરીદો એ ઉઠાવ્યા છે. તે માટે ની અમારા મહોબ્બત ભક્તિભાવ અને આભારનાં એક અદના ચિન્હ તરીકે એ સોનુ સ્વીકારવાની કૃપા ફરમાવશો”

ઇમામે પ્રત્યુતર માં ફરમાવ્યું : મારા રૂહાની બચ્ચાઓ એ મને અર્પણ કરેલું સોનુ હું ખુશી સાથે સ્વીકારૂ છું. અને પિતા તરીકેના વહાલભર્યા દુઆ આશિષો ફરમાવું છું. મારા રૂહાની બચ્ચાઓની ઉન્નતિ માટે આ સોના નો વપરાશ કરવાનો મેં નિર્ણય કર્યો છે. ખાસ કરીને સઘળી જાતની સ્કોલરશીપો,ગીચ વસવાટવાળા ઇલાકાઓમાંથી દેશાટન કરાવી, રાહત આપવા માટે, બાળહિત અને જન હિતકારી કાર્ય માટે આ સોનું જ માત્ર

નહીં પણ વધારાને પણ કેવી રીતે ઉપયોગ માં લેવું તે માટેનાં ઉત્તમ સાધનો શોધી કાઢવા માટેની હું આ પ્રમાણેની કમીટીની નિમણુંક કરું છું ગુલામ અલી મર્ચન્ટ, મી. રહેમતુલ્લાહ એન.ચીનાઈ, કાસમઅલી મનજી નથુભાઈ,અલી માહમદ મેકલાઇ અને ઇસ્માઇલ જાફર"

(નૂરૂમ મુબીન પૃષ્ઠ ૫૦૪)




મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ રાઇટ ઓનરેબલ ના.આગાખાન ની ઇમામત ની ગોલ્ડન જ્યુબિલી ની યાદગારી કાયમ રાખવા આ ચાંદ ખાસ બનાવવામાં આવ્યા છે. જે ખુદ મૌલાના હાઝર ઇમામ તા.૨૦ મી જાન્યુઆરી ૧૯૩૬ નાં દિને મુંબઇ દરખાના માં સ્કુલે જતાં ઇસ્માઇલી બાળકો ને વહેંચી આપશે

(ચાંદ ની પછવાડે કોતરેલ લખાણનાં તરજુમાં પાછલા પાના ઉપર આપવામાં આવ્યા છે.)

બીજો અગત્યનાં બનાવનો ઉલ્લેખ જરૂરીછે. હ.ઈમામ સુલતાન મહમ્મદ શાહ (અ સ)ને સમસ્ત હિંદમાં ઇસ્માઇલી મુરીદો વતી તા.૬-૩-૧૯૩૬ નાં દિવસે મુંબઈના રેસકોર્ષ લોન ઉપર માનપત્ર આપવાનો એક સાર્વજનિક મેળાવડો યોજવામાં આવ્યો. આ માનપત્ર જે કાસ્કેટ માં મૂકીને અર્પણ કરવામાં આવ્યું હતુ તે શ્રી ખડક ઉપરનાં દરખાના જમાતખાના

ની આકૃતિની બનાવેલી હતી.આ સોના અને ચાંદી ની બનાવેલી કાસ્કેટ ૨૭ ઇંચ પહોળી અને ૩૨ ઇંચ લાંબી છે. જેની જમણી બાજુ પર કરાંચીની "મુહમ્મદ ટેકરી"ડાબી બાજુએ જમાતખાનાની ઇમારત અને પાછળની બાજુએ "ચરોડા પેલેસ"નાં ચિત્ર કોતરેલા હતા. જમાતખાના ની આખી છત અને ચાંદીની સાચી ઘડીયાળ સાથેનો ભવ્ય ટાવર સોનાની અને તેના પર લાઇટ વિગેરે ગોઠવી હતી. કાસ્કેટનું આખુ સ્ટેન્ડ સુખડનું હતુ તેનાં દર્શન નાં ભાગ માં "ઇમામત" શબ્દ સામે તેની વ્યાપકતા દર્શાવનારા ચિન્હ તરીકે પૃથ્વીનો ગોળો મુકવામાં આવ્યો હતો. સ્ટેન્ડની એક બાજુ "દઆવત" નું ચિન્હ, બીજી બાજુએ "શુજાઅત" દર્શક "ઝુલ્ફીકાર" અને "સખાવત" શબ્દ સાથે તેની ભાવના દર્શાવનારો અશરફી વાળો હાથ ચિતરેલો હતો.

કાસ્કેટ નાં ઢાંકણ તરીકે કાચનો ભવ્ય ડોમ હતો. જેના ચારે ખુણા પર હાઝર ઇમામ નાં ઇરાની ઢબનાં ચાર સુર્વણનાં તાજ મુકવામાં આવ્યા હતા. આ દમામદાર અને દેખાવદાર કાસ્કેટ નું વજન ૪૦૦૦ તોલા હતું. ઇમામે માનપત્રનાં પ્રત્યુતર માં ફરમાવ્યું હતું : મારા મુરીદો તરફથી મારી ગોલ્ડન જ્યુબિલી ઘણાજ પ્રેમથી ઉજવવામાં આવી છે' તે સઘળાને હું ધન્યવાદ પાઠવું છું. મને જણાવતા ઘણો જ આનંદ થાય છે કે મારા મુરીદો મારા રૂહાની બાળકોછે. મારી પચાસ વર્ષ ની ઇમામત દરમ્યાન ખોજા કોમે ભારે પ્રગતિ કરી છે, તમારે ઝમાનાની જોડાજોડ રહીને પ્રગતિ કરવી જોઇએ."

(નૂરૂમ મુબીન પૃષ્ઠ ૫૦૮)



This historical photo was taken in India in March 1936 on the occasion of the presentation of a casket by a group of Ismaili missionaries to His Highness the Aga Khan III to mark the occasion of his Golden Jubilee. Unless otherwise noted we may assume that all the persons in the photograph are missionaries. Back Row (l to r): Noorali Bandali, Gulamhusein Juma, Sayyed Mohamed Shah, Jaffer Jivan, Alidina Mamu, Ebrahim J. Varteji, Tajjar Mukhi Mohamed, Damji Velji, Abdulla Esmail and Badrudin Nurmohamed; Seated Centre row (l to r): Meghji Maherali, Husseini Pirmohamed, Alijah Moloo Allarakhia (casket donor), Chief Secretary Gulamhusein Virjee, President Alimohamed R Maklai, HIS HIGHNESS THE AGA KHAN III, President Alijah Esmail Mohamed Jaffer, Finance Secretary Tarmohamed Ravji, PIR SABZALI RAMZANALI (who at the time had the title Alijah), Jamal Virji and Hamir Lakha; Seated on carpet (l to r): Kassamali L Wadiwalla, Amirali Khudabaksh, Hajimohamed Fazalbhai, Mahmed Muradali, Madatali Rahemtullah Rajan and Juma Jiwa. Photographed by: Golden Art Studio; Photo: Ameer Janmohamed Collection, London, UK.

March 1936: This photo was taken in India on the occasion of the presentation of a casket by a group of Ismaili missionaries to His Highness the Aga Khan III to mark the occasion of his Golden Jubilee. Photo and caption: Late Ameer Janmohamed, London, UK.

હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ સ.) એ ૧૯૩૬ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં મીશનરીઓ સાથે એક તસવીર લીધી હતી.તસવીર માં નીચે સામેલ મીશનરીઓ નાં નામ દર્શાવેલા છે. જેઓએ ઇમામને કાસ્કેટ અર્પણ કર્યું હતું.

૧૯૩૬ અને ૧૯૩૭ બે વર્ષ માટે વારસ છોટુભાઈએ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટમાં પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી  હતી.

૧૯૩૭-૧૯૪૪ માટે ફરીથી અલી મુહમ્મદ મેકલાઇની પ્રેસિડેન્ટ તરીકે નિયુક્તિ થઈ.

ઇમામ દ્વારા ૧૯૪૪ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નું નામ બદલી ઇસ્માઇલીઆ એસોસીએશન કરવામાં આવ્યું. તેમની સાથે વાઈસ પ્રેસિડેન્ટ તરીકે રજબઅલી મુહમ્મદ દંડાવાલા ની નિયુક્તિ થઈ.

રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં ઑન. સેક્રેટરી તરીકે ૧૯૩૫-૧૯૩૬ સુધી ઇત્માદિ રહેમતુલ્લાહ વિરજી એ સેવા કરી. ૧૯૩૭-૧૯૪૧ સુધી ઑન. સેક્રેટરી તરીકે ગુલામ હુશેન વિરજી ની નિયુક્તી થઇ.૧૯૪૧-૧૯૪૨ સુધી ઑન. સેક્રેટરી તરીકે રજબઅલી

મુહમ્મદ દંડાવાલાની, ૧૯૪૩-૧૯૪૪ સુધી ઑન. સેક્રેટરી તરીકે ઇત્માદિ રહેમતુલ્લાહ વિરજીની, ૧૯૪૫માં કાસમ અલી થાનાવાલાની નિયુક્તિ થઇ હતી.

પ્રથમ 'ઇસ્માઇલી મિશન કોન્ફરન્સ' દાર-એ-સલામ સ્થિત આગાખાન હાઇસ્કૂલના ઓડિટોરિયમમાં તા.૨૧-૭-૧૯૪૫ માં યોજાઇ હતી (જુઓ નુરૂમ મુબીન પૃષ્ઠ ૫૨૪, ચોથી આવૃતિ) જેમાં ધાર્મિક શિક્ષણ બાબતે અને મિશનરીઓ અને શિક્ષકોની તાલીમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ  કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું અને પ્રતિનિધિઓને કહ્યું હતું કે આફ્રિકનોએ હવે વિદેશથી આવતા મિશનરીઓ પર આધાર રાખવો જોઇએ નહીં, પરંતુ તેમના મિશન સેન્ટરમાં પોતાની માનવશક્તિ ઉત્પન્ન કરવી જોઇએ.

તમારે બોમ્બે જેવું ઇસ્માઇલિઆ એસોસિએશન સ્થાપિત કરવું જોઇએ. બોમ્બેમાં ઇસ્માઇલિયા એસોસિએશનના પ્રમુખ શ્રી મેકલાઇએ સમુદાયની ખૂબ સેવા કરી છે અને ઇસ્માઇલી વિશ્વાસનો પ્રકાશ ફેલાવ્યો છે. તેમની સેવાઓને કારણે તેમનું નામ ઇતિહાસમાં હંમેશા યાદ રાખવામાં આવશે." પછીના વર્ષે, નૈરોબીમાં ઇસ્માઇલિયા એસોસિએશન અસ્તિત્વમાં આવ્યું. ઇસ્માઇલીઆ એસોસીએશન માં પ્રેસિડેન્ટ તરીકે અલી મુહમ્મદ મેકલાઇ ૧૯૪૬ સુધી રહ્યા. ૧૯૪૬થી ૧૯૪૮ સુધી મુખ્ય સચિવ તરીકે રાઇ અબ્બાસ અલી મુહમ્મદની તથા ઑન. સેક્રેટરી તરીકે એચ.એન.યુસુફઅલી ઈ ડોસા ની નિયુક્તિ થઇ હતી જે તેમણે ૧૯૪૮ સુધી તે પદે કાર્ય કર્યું હતું.

ભારત-પાક નું વિભાજન ૧૯૪૭ માં થયું અને ભારત અને પાકિસ્તાન માટે અલગ અલગ સંસ્થાનાં હોદેદારો માટે નિમણુંક નું કાર્ય કરવાનું થયું.

ઇન્ડિયા માં ૧૯૪૭ તથા ૧૯૪૮ માં પ્રેસિડેન્ટ તરીકે ઇત્માદિ અબ્દુલ્લાહ સુમાર શીવજી રહ્યા. તેમજ ૧૯૪૭-૧૯૪૮ માં મુખ્ય સચિવ ની નિયુક્તિ થઇ રાઇ અબ્બાસ અલી મુહમ્મદ બન્યા તથા ઑન. સેક્રેટરી એચ.એન. યુસુફઅલી ઈ.ડોસા બન્યા.

૨૧ માર્ચ ૧૯૪૮ માં પાકિસ્તાન માં ઇસ્માઇલીઆ એસોસીએશન ની સ્થાપના થઇ.

૧૯૪૮ માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) આફ્રિકાના દેશોનાં પ્રવાસે ગયા ત્યાં ઇસ્માઇલીઆ એસોસીએશન નાં નવા બંધારણ ની જાહેરાત કરી. તે મુજબ હુઝુર વઝીર અલી મુહમદ રહેમતુલ્લાહ મેકલાઇ ને વર્લ્ડ હેડ ઓફ ઇસ્માઇલીઆ એસોસીએશન

ફોર પાકિસ્તાન, ભારત, કેન્યા, ટાંગાનિકા, અને યુગાન્ડા તરીકે નિયુક્ત કર્યા.અને અલી મુહમદ મેકલાઇ ને હુઝુર વઝીર અને કમાન્ડર ઇન ચીફનો ખિતાબ આપ્યો.

૧૯૪૯ થી ૧૯૫૨ સુધી ગુલામહુશેન એસ. થાવર ઇસ્માઇલીઆ એસોસીએશનનાં પ્રેસિડન્ટ તરીકે રહ્યા. ૧૯૫૨-૧૯૬૦ સુધી મહંમદઅલી જી. ફાજલ પ્રેસિડેન્ટ તરીકે આવ્યા. ૧૯૬૧-૧૯૬૮ માં જુસબઅલી ઇસ્માઇલ ઉકા પ્રેસિડેન્ટ બન્યા.

૧૯૬૯-૧૯૭૧ દરમ્યાન ગુલામઅલી શકુર મોરાની, ૧૯૭૨-૧૯૭૯ સુધી જુસબઅલી એ.પ્રધાન અને ૧૯૭૯-૧૯૮૭ સુધી અબ્દુલ જુમા મસ્કતવાલા એ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી.

હુઝુર વઝીર મેકલાઈનું ૭૭ વર્ષની વયે બુધવાર, ૨૧ જુલાઈ, ૧૯૭૧ ના રોજ મુંબઈમાં અવસાન થયું. તેમની લાંબી અને શાનદાર સેવાઓની પ્રશંસામાં, હ.ઈમામ શાહ કરીમ શાહ સલવાતુલ્લાહ અલૈહી એ  ઇસ્માઇલીયા ફેડરલ કાઉન્સિલ ફોર ઇન્ડિયાને એક ટેલિગ્રામ મોકલ્યો હતો, જેમાં, તેમના રૂહ ને અખંડ શાંતિ માટે  દુઆ આશિષ ફરમાવ્યા હતા. તેમજ તેમના પરિવારને  પડેલ ખોટ બદલ સહાનુભૂતિ માટે દુઆઓ ફરમાવી હતી પછી, કહ્યું હતું: "વઝીર મેકલાઈની જમાત પ્રત્યેની સમર્પિત સેવા હંમેશા મારી જમાત અને હું બંને દ્વારા યાદ કરવામાં આવશે અને તેમની ખૂબ જ ખોટ સાલશે."

અંતે, ૧૧ જુલાઈ, ૧૯૮૬ થી અમલમાં આવેલા નવા બંધારણ અનુસાર, ઇસ્માઇલીયા એસોસિએશનનું નામ બદલીને ધી શિયા ઇમામી ઇસ્માઇલી તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ કરવામાં આવ્યું, જેનો મુખ્ય શિલ્પી રિક્રિએશન ક્લબ ઇન્સ્ટિટ્યૂટ હતો.

નવા બંધારણ માં ભારત માં કાઉન્સીલનાં કાર્યક્ષેત્ર માં ફેરફાર કરવામાં આવ્યો જે અનુસાર તેને ૬ રીજન માં વહેંચવામાં આવેલ.સધર્ન સૌરાષ્ટ્ર રીજન, નોંધર્ન સૌરાષ્ટ્ર રીજન, નોંધર્ન એન્ડ ઇસ્ટર્ન ગુજરાત, વેસ્ટર્ન ઇન્ડિયા, સધર્ન ઇન્ડિયા અને સેન્ટ્રલ એન્ડ ઇસ્ટર્ન ઇન્ડિયા રીજન નો સમાવેશ થાય છે.

૧૯૮૭ - ૧૯૯૩ દરમ્યાન તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર ઇન્ડિયાનાં ચેરમેન તરીકે મુમતાઝ સાચાણી, ૧૯૯૩-૧૯૯૬ દરમ્યાન ફીરદોશ કરાંચીવાલા, ૧૯૯૬-૨૦૦૨ દરમ્યાન અમીન વિરાણી, ૨૦૦૨-૨૦૦૫ દરમ્યાન રૂકસાના પ્રધાન, ૨૦૦૫-૨૦૦૯ દરમ્યાન બકતાવર ધારાણી, ૨૦૦૯-૨૦૧૫ દરમ્યાન ગુલનાર મકાણી, ૨૦૧૫-

૨૦૧૯ દરમ્યાન સમીર મરેડીયા, ૨૦૧૯-૨૦૨૩ દરમ્યાન સોફિયા પ્રેમજી એ ચેરપર્સન તરીકે સેવા આપી હતી.જ્યારે ૨૦૨૩-૨૦૨૭ દરમ્યાન આસિફ મર્ચન્ટ ચેરમેન તરીકે સેવા આપી રહેલ છે.

તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર  માં ૧૯૮૭-૧૯૯૦ દરમ્યાન અમીનકુમાર અંધારિયા (ભાવનગર), ૧૯૯૦-૧૯૯૬ દરમ્યાન ફિરોઝ સોરઠીયા (પોરબંદર),૧૯૯૬-૨૦૦૨ દરમ્યાન જલાલુદીન લાખાણી (હાલ, ચિરાગઅલી હેદ્રાબાદ), ૨૦૦૨-૨૦૦૫ દરમ્યાન મહેબુબ દેવાણી (હાલ કરીમાબાદ અમદાવાદ), ૨૦૦૫-૨૦૦૯ દરમ્યાન જલાલુદીન ભારવાણી (ઉપલેટા), ૨૦૦૯-૨૦૧૨ દરમ્યાન નવરોજ ગાંગાણી (બાબરા), ૨૦૧૨-૨૦૧૫ દરમ્યાન અમીરઅલી મીઠાણી (જુનાગઢ), ૨૦૧૫-૨૦૧૯ દરમ્યાન મર્હુમ કરીમ કચ્છી (જુનાગઢ), ૨૦૧૯-૨૦૨૩ દરમ્યાન અંજુમ વિરાણી (પોરબંદર),એ ચેરપર્સન તરીકે સેવા આપી હતી અને ૨૦૨૩-૨૦૨૭ દરમ્યાન અમીર ગાંગાણી (બાબરા) એ ચેરમેન તરીકે સેવા આપી રહેલ છે

તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ  ફોર નોધર્ન સૌરાષ્ટ્ર માં ૧૯૮૭ - ૧૯૯૦ દરમ્યાન રફીક દાદવાણી (હાલ,સિકન્દ્રાબાદ,હેદ્રાબાદ),૧૯૯૦ - ૧૯૯૬ દરમ્યાન રાજુ અંધારિયા (ભાવનગર), ૧૯૯૬-૧૯૯૯ દરમ્યાન રાકેશ કોઠીયા (હાલ,કરીમાબાદ,અમદાવાદ), ૧૯૯૯-૨૦૦૨ દરમ્યાન ગીરીશ અંધારીયા ( હાલ, અમદાવાદ), ૨૦૦૨-૨૦૦૫ દરમ્યાન સલીમ મેરાલીભાઇ સોરઠીયા (હાલ પોરબંદર), ૨૦૦૫-૨૦૦૯ દરમ્યાન છોટુભાઈ ખંડેરીયા (હાલ,સિકન્દ્રાબાદ હેદ્રાબાદ), ૨૦૦૯-૨૦૧૨ દરમ્યાન શામ્સુદ્દીન બુધવાણી (જેતપુર)ની નિમણુંક થઈ જેમણે ચાર્જ ન સંભાળતાં છોટુ ખંડેરિયા (હાલ, સિકન્દ્રાબાદ હેદ્રાબાદ) એ મીડ ટર્મ ચાર્જ સંભાળેલ. ૨૦૧૨-૨૦૧૫ દરમ્યાન રાજુ અંધારિયા (ભાવનગર), ૨૦૧૫-૨૦૧૯ દરમ્યાન જસ્મીન ગીલાણી (રૈયારોડ, રાજકોટ), ૨૦૧૯-૨૦૨૩ દરમ્યાન સોનીયા ફિરોઝ મસાણી (ભાવનગર) એ ચેરપર્સન તરીકે સેવા આપેલ. જ્યારે ૨૦૨૩-૨૦૨૭ દરમ્યાન અલવાએઝ સાહિલ હિમાણી (બોટાદ) ચેરમેન તરીકે સેવા આપી રહેલ છે. દસ્તાવેજીકરણ નાં આ પ્રયાસ માટે ઉપલબ્ધ ફોટોગ્રાફ મિત્રો દ્વારા મળેલ છે જે પુસ્તકમાં  લેવામાં આવેલ છે. જેઓની તસવીર મળી શકેલ નથી તેની તસવીર ની જગ્યા ખાલી રાખી છે. અન્ય રીજન નાં ચેરપર્સન નાં ફોટોગ્રાફ મેળવવા સમય માંગી લે તેવું  કાર્ય  હોય, ફક્ત  લીસ્ટ અપડેટ કરી રજુ કરેલ છે.

તરીકા એન્ડ રીલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર નોંધર્ન એન્ડ ઇસ્ટર્ન ગુજરાત માં ૧૯૮૭-૧૯૯૦ દરમ્યાન રીઝવાના એચ. ફરીશ્તા (સુરત),૧૯૯૦-૧૯૯૩ દરમ્યાન અકબર સુણેસરા (મેલોજ, સિધ્ધપુર), ૧૯૯૩-૧૯૯૬ દરમ્યાન નજમુદ્દીન મેઘાણી (સુરત), ૧૯૯૬-૧૯૯૯ દરમ્યાન શ્રીમતિ અંતુમ અમીન પંજવાણી સુરત (હાલ કેનેડા) ૧૯૯૯-૨૦૦૨ દરમ્યાન અકબરભાઈ પોપટ (હાલ, અમદાવાદ), ૨૦૦૨-૨૦૦૫ દરમ્યાન શરીફ હુદદા (કરીમાબાદ, અમદાવાદ), ૨૦૦૫-૨૦૦૯ દરમ્યાન નુરઅલી બી. અવાડીયા (કરીમાબાદ,અમદાવાદ), ૨૦૦૯-૨૦૧૫ દરમ્યાન રાજુ ભીમાણી (અમદાવાદ), ૨૦૧૫-૨૦૧૯ દરમ્યાન સુલેમાન એસ.ભીમાણી (અમદાવાદ), એ ચેરમેન તરીકે સેવા આપી હતી જ્યારે ૨૦૧૯-૨૦૨૭ દરમ્યાન રેશમા અમલાણી (સુરત) ચેરપર્સન તરીકે સેવા આપી રહેલ છે.

(Source: Article Ismaili History 826- Foundation of Recreation Club Institution. Ismaili.Net - Heritage F. I. E. L. D.)

## રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નાં સેવાધારીઓ નો ટૂંકો ઇતિહાસ :

રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ ની સ્થાપના થયા બાદ તેમનાં વિકાસમાં મહત્વની કામગીરી મુખી લાલજી દેવરાજ (૧૮૪૨- ૧૯૩૦), વઝીર વિરજી પ્રેમજી પારપિયા (૧૮૮૧-૧૯૪૬),મનજી ગુલામ હુશેન પદમશી (૧૮૮૩- ૧૯૨૫), હુઝુર વઝીર અલીમુહમ્મદ રહેમતુલ્લાહ મેકલાઇ (૧૮૯૪- ૧૯૭૧), વઝીર ઇસ્માઇલ મોહમ્મદ જાફર (૧૯૦૪-૧૯૭૮), માસ્તર હાશિમ બોધા (૧૮૬૩ - ૧૯૧૨) એ કરી હતી તેઓનાં જીવન નો પરિચય મેળવશું.

## (૧) મુખી લાલજી દેવરાજ (૧૮૪૨-૧૯૩૦)



લાલજી દેવરાજ નો જન્મ ૧૮૪૨ માં કચ્છના કપાયા ગામમાં થયો હતો. પોતે થોડા મહિનાનાં હતા ત્યારે પિતા દેવરાજ બોમ્બે આવ્યા હતા. ૧૮૪૪ માં તેમની માતાનું મૃત્યુ થયું

મુખી લાલજીભાઈ દેવરાજ ચોથા ધોરણ સુધી ગુજરાતી શીખ્યા હતા, અને અંગ્રેજીનું થોડું જ્ઞાન મેળવ્યું હતું. સને ૧૮૬૦ મા તેમના પિતા દેવરાજનું અવસાન થયું.

તેમણે ૧૮૬૪ માં બોમ્બેના કાલબાદેવી ખાતે છત્રીની પોતાની નાની દુકાન ખોલી હતી. પાછળથી, તેમણે કાચના વાસણો અને કેરોસીનના વ્યવસાયમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેથી બ્રિટિશ ભારતમાંથી તેની એજન્સીઓ મેળવી. તેમનો વ્યવસાય વિકસ્યો અને કાચના વાસણોના અગ્રણી વેપારીઓ અને કમિશન એજન્ટોમાંના એક બન્યા. તેમને આજ્ઞાકારી પુત્રો મળ્યા, જેઓ પણ તેમના પિતાના વ્યવસાયમાં જોડાયા.

હ. ઇમામ આગા અલીશાહ (અ.સ.) સને ૧૮૮૧ માં ઇમામત ની મસનદ પર બિરાજમાન થયા. તેમની હિદાયત થી રહિમતુલ્લાહ મુહમ્મદ સયાની (૧૮૪૭-૧૯૦૨) એ બોમ્બે શહેરમાં પ્રથમ ખોજા ઇસ્માઇલી સ્કૂલની સ્થાપના કરી. બે શિક્ષકોએ ૫૦ થી ૬૦ વિધાર્થીઓને ભણાવ્યા. (Ali, 2003, P.281) આ સ્કૂલ ભારતીય સમુદાયમાં

પુનર્જાગરણની એક નાની પણ સાચી શરૂઆત હતી. પાછળથી, કામડિયા ઇસ્માઇલ કાસીમણી (૧૮૫૩-૧૯૦૯) એ હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ ) ની પરવાનગીથી ખડક જમાતખાનાના હોલમાં હિઝ હાઇનેસ ધ આગાખાન એંગ્લો વર્નાક્યુલર સ્કૂલની સ્થાપના કરી. તે ૨૬ ઓગસ્ટ, ૧૯૦૧ ના રોજ ખોલવામાં આવી હતી, જેમાં કિન્ડરગાર્ટન સ્તરથી શિક્ષણ પૂરું પાડવામાં આવતું હતું. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ ધાર્મિક અને બિનસાંપ્રદાયિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે બે વ્યક્તિઓ, મુખી લાલજીભાઈ દેવરાજ (૧૮૪૨-૧૯૩૦) અને નૈનસીભાઈ પીર મુહમ્મદ રૂવાલા (૧૮૫૨-૧૯૨૪) ની એક શિક્ષણ કમીટીની રચના કરી. ઇમામે તેમને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે દરેકનાં દરવાજા ખટખટાવવા માટે ભારપૂર્વક પ્રોત્સાહિત કર્યા. થોડા સમય પછી, માસ્ટર હાશિમ બોઘા (૧૮૬૩-૧૯૧૨) પણ કમીટીમાં જોડાયા.

લાલજીભાઈ દેવરાજે ૧૯૦૧ માં પોતાનો વ્યવસાય તેમના પુત્રોને સોંપ્યો અને પોતાનું ધ્યાન આ ઉમદા કાર્ય પર કેન્દ્રિત કર્યું. તેમણે બે વર્ષના સમયગાળામાં શાળામાં ૫૦૦ થી વધુ વિધાર્થીઓ એકત્રિત કર્યા. તેમણે બોમ્બેના ખડક ખાતે હિઝ હાઇનેસ ધ આગાખાન ગર્લ્સ સ્કૂલ પણ બનાવી, જ્યાં ૧૧ શિક્ષકો ૩૦૦ છોકરીઓને ભણાવતા હતા.

૧૯૦૩ માં, ધાર્મિક શિક્ષણની કલ્પનાને વધારવા માટે "ઇસ્માઇલી લિટરેચર સોસાયટી" અસ્તિત્વમાં આવી. મુખી લાલજીભાઇ દેવરાજ સોસાયટીના પ્રમુખ બન્યા અને વઝીર વિરજી પ્રેમજી પારપિયા (૧૮૮૧-૧૯૪૬) તેના ઑન. સેક્રેટરી બન્યા. માસ્ટર હાશિમ બોઘાને તેના સુપરવાઇઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ નાની સંસ્થાએ ધાર્મિક સાહિત્ય પ્રકાશિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

૯ એપ્રિલ, ૧૯૦૬ ના રોજ લાલજી દેવરાજને નવી રચાયેલી ઇસ્માઇલી કાઉન્સિલ ફોર બોમ્બેના સભ્ય તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૨૦ ઓગસ્ટ, ૧૯૦૫ ના રોજ દરખાના જમાતખાનાના કંપાઉન્ડમાં ઇબ્રાહિમ જાફર સોમજી અને કાસિમ અલી લાધાએ પ્રથમ ઇસ્માઇલી ધાર્મિક પુસ્તકાલયની સ્થાપના કરી. રમઝાન અલી રજબઅલી ઑન. સેક્રેટરી અને મનજી ગુલામહુસૈન ઓનનરી એડીટર તરીકે, કરીમ રહીમ ઝૈનઅલ-આબિદીનને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. મુખી લાલજીભાઇ ને ખજાનચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. થોડા સમય

પછી લાલજી દેવરાજને તેના પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ પુસ્તકાલયનું સંકલન 'ઉતેજક મંડળ' નામની એક કમીટી દ્વારા પણ કરવામાં આવ્યું હતું, જેનો કાર્યભાર સાહિત્યના મહત્વના પ્રચાર પર કેન્દ્રિત હતો. પુસ્તકાલયે ૫૦૦થી વધુ પુસ્તકોના સંગ્રહ માટે રહેણાંક વિસ્તારમાં એક મોટો ઓરડો ભાડે લીધો હતો. તેણે બે સામયિકો પણ પ્રકાશિત કર્યા, જેમ કે 'ઇસ્માઇલી સિતારો', પ્રથમ માસિક સામયિક, જેનો પહેલો અંક રવિવાર, ૨૧ ઓગસ્ટ, ૧૯૦૮ ના રોજ પ્રકાશિત થયો હતો, ત્યારબાદ 'ધ ખોજા મિત્ર' પ્રકાશિત થયો. આ પત્રોને ભંડોળ પૂરું પાડવા માટે, તેમણે ઇસ્માઇલી હિદાયત ફંડ્સની પણ રચના કરી, જેમાં તેમણે ઉમદા યોગદાન આપ્યું.

લાલજીભાઈ દેવરાજે વિધાર્થીઓને ધાર્મિક પાઠ્યપુસ્તકો પૂરા પાડવા માટે એક પાઠ્યપુસ્તક કમીટીની રચના કરી. માસ્ટર હાશિમ બોઘા અને મનજી ગુલામહુસૈને તેમને આ પહેલમાં મદદ કરી. વિધાર્થીઓ ગીનાનનાં રાગ શીખી શકે તે માટે માસ્ટર હાશિમ બોઘાએ ૧૯૦૬માં 'રાગમાલા' પ્રકાશિત કરી.

૧૯૦૮માં, મિશનરી જમાલ મેઘજીએ બોમ્બેના મુખ્ય જમાતખાનામાં એક પ્રભાવશાળી વાએઝ કરી, જેમાં જમાતને કચ્છમાં વાર્ષિક મજલીસો શરૂ કરવા માટે આગળ આવવા આગ્રહ કર્યો. લાલજીભાઈ દેવરાજ અને નૈનસીભાઈ પીર મુહમ્મદે તેમની સેવાઓ આપી અને ઉમદા ભંડોળનું વચન આપ્યું. ૧૦ માર્ચ, ૧૯૦૭ના રોજ કચ્છના નાગલપુરથી લગભગ ૩ માઈલ દૂર નિગારમાં પ્રથમ વાર્ષિક મજલીસ શરૂ થઈ, જ્યાં તેમણે વાએઝ આપ્યું. તેમણે મજલીસ ભંડોળ માટે ૩૦,૦૦૦ રૂપિયાનું દાન પણ એકત્ર કર્યું. વધુમાં, તેઓ મજલીસના મુખી બન્યા અને ત્યારથી, તેઓ મુખી લાલજીભાઈ દેવરાજ તરીકે જાણીતા થયા.

પ્રથમ ઇસ્માઇલી ધાર્મિક પુસ્તકાલયમાં તેમનું યોગદાન અજોડ હતું. પુસ્તકાલયના પ્રમુખ ડૉ. અલી મોહમ્મદ નાસેર કરમશી એ તા. ૭ જાન્યુઆરી, ૧૯૧૧ના રોજ પુનામાં એક મહેમાનીમાં નમ્રતાપૂર્વક એક અહેવાલ રજૂ કર્યો, જેમાં મુખી લાલજીભાઇ દેવરાજની અદ્ભુત સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો. જવાબમાં, ઇમામે દુઆ આશિષ સાથે તેમના ઉત્તમ કાર્ય ને બીરદાવ્યું હતુ.

હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ જાન્યુઆરી ૧૯૦૮માં, માર્ચ ૧૯૧૧માં, જાન્યુઆરી ૧૯૧૪ માં અને માર્ચ ૧૯૧૫ ના રોજ ઇસ્માઇલી ધાર્મિક પુસ્તકાલયની મુલાકાત લીધી. માર્ચ, ૧૯૧૧ માં તેમની મુલાકાત દરમિયાન ઇમામે કહ્યું હતું કે, 'મને આ

પુસ્તકાલય જોઈને ખૂબ આનંદ થયો છે અને આ સંસ્થાને મદદ કરનારા વ્યક્તિઓને અભિનંદન આપું છું. મુખી લાલજી દેવરાજ, જાફરભાઈ અને અલીજાહ હાજી અહમદ દ્વારા કરવામાં આવેલી મદદ જાણીને પણ મને આનંદ થયો છે. કારણ કે આ સંસ્થા આપણા જમાતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે, તેથી હું તમને તેના માટે દુઆ આશિષો ફરમાવું છું.'

ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી દ્વારા ૧૯૦૮ માં “ઇસ્માઇલી સિતારો” નું પ્રકાશન પણ શરૂ કરવામાં આવ્યું. ૧૯૧૨ માં રીક્રીએશન  ક્લબની સ્થાપના થઈ.૧૯૧૪માં અલી મુહમ્મદ મેકલાઈ ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી નાં ઑન. સેક્રેટરી બન્યા.

આ સમય દરમિયાન મુખી લાલજી દેવરાજે  ધાર્મિક પુસ્તકોનો સંગ્રહ બનાવ્યો, અને ૧૯૧૪ માં ઇસ્માઇલીઓને ઉપલબ્ધ સાહિત્યનાં પુસ્તકો વાંચવા મળી શકે તે માટે તેમના પ્રિન્ટિંગ પ્રેસમાં એક નાનું પુસ્તકાલય બનાવ્યું.

૧૯૧૫ માં, ઇમામે પાંચ વ્યક્તિઓની એક નવી કમીટીની રચના કરી, જેમ કે  ડૉ. રજબ અલી રામજી લખદીર, ઇસ્માઇલ ઇબ્રાહિમ ઉક્કા, મોહમ્મદ જાફર મુખી અલારખિયા, નૈનસીભાઇ પીર મુહમ્મદ રૂવાલા અને મુખી લાલજીભાઇ દેવરાજ. ૧૯૧૬માં, ઇમામે કમીટીમાં બે અન્ય વ્યક્તિઓનો સમાવેશ કર્યો, જેનાથી કુલ દસ સભ્યો થયા. ૧૯૧૭માં શાળા નું સંચાલન સેન્ટ્રલ બોર્ડ ઓફ એજ્યુકેશન હસ્તક આવ્યું. તા. ૨૩ માર્ચ, ૧૯૨૪ના રોજ બોમ્બેના સેન્ડશસ્ટર રોડ ખાતે મુખી લાલજીભાઇ દેવરાજના હસ્તે નવી શાળાનો શિલાન્યાસ કરવામાં આવ્યો. જ્યારે તેમને ભાષણ આપવા માટે વિનંતી કરવામાં આવી, ત્યારે તેમણે વૃદ્ધાવસ્થાને કારણે પોતાની અસમર્થતા દર્શાવી, તેથી તેમના પુત્ર આલીજાહ હસનઅલી દેવરાજે શ્રોતાઓને સંબોધન કર્યું.

મુખી લાલજીભાઈએ દરખાના જમાતખાનાના પરિસરમાં બાનુ શાળાની શરૂઆત કરી જ્યાં ઇસ્માઇલી છોકરીઓને સીવણ, ભરતકામ અને રસોઈની મૂળભૂત તાલીમ આપવામાં આવતી હતી. ઇમામે તેમને અનુદાન આપ્યું અને ૩૦૦ છોકરીઓને તાલીમ આપવા માટે લગભગ ૧૨ જેટલા ટ્યુટરોને નિયુક્ત કરવામાં આવ્યા હતા.

તેમણે કાંડી મહોલ્લામાં અન્ય શાળાઓને પણ નાણાં પૂરા પાડ્યા, અને ભારતના અન્ય ભાગોમાં તેમની  સેવાઓનો ફેલાવો કર્યો. ઈનામ કે ખ્યાતિને ધ્યાનમાં લીધા વિના ઇસ્માઇલી શાળાઓને મદદ કરવી એ તેમની કારકિર્દીનો એક મહત્વપૂર્ણ ભાગ બની

ગયો. પાછળથી, આ શાળાઓ ૧૯૨૨ માં ખોજા ઇસ્માઇલી શિક્ષણ બોર્ડ નામની નવી રચાયેલી સંસ્થા હેઠળ દેખરેખ હેઠળ આવી.

હ.ઇમામ આગાઅલી શાહ (અ સ.) (૧૮૩૦-૧૮૮૫) ઇમામત ની મસનદ પર ૧૮૮૧ માં બીરાજમાન થયા ત્યારે મુખી લાલજી દેવરાજ ની ઉંમર ૩૯ વર્ષની હતી. કહેવામાં આવે છે કે તેમને ગિનાનોની દુર્લભ અને જૂની હસ્તપ્રતો શોધવા માટે હિદાયત આપી હતી. તેમણે સિંધ, કાઠિયાવાડ, ગુજરાત અને કચ્છમાં એક અભિયાન શરૂ કર્યું અને તેમણે મોટી સંખ્યામાં જુની હસ્તપ્રતો એકત્રિત કરી. મોટાભાગના ઇસ્માઇલીઓએ તેમને સ્વેચ્છાએ તેમના સંગ્રહ પહોંચાડ્યા, લગભગ છ મહિના સુધી, તેમણે ખોજકી લિપિમાં ગિનાન અને ફરમાનની નકલો બનાવવા માટે થોડા લેખકોને રાખ્યા અને પછી પુસ્તકો છાપીને ઇસ્માઇલીઓમાં વહેંચ્યા. જ્યારે માંગ વધી, ત્યારે તેમણે વધુ નકલો પુરી પાડવા માટે લિથો પ્રિન્ટ શરૂ કર્યું. જ્યારે માંગ વધુ વધી, ત્યારે તેમણે છાપકામ માટે ખોજકી લીપી તૈયાર કરવા માટે વિચાર કર્યો. આના માટે તેમણે સમગ્ર ભારતમાં પ્રવાસ કર્યો, પરંતુ કોઈ ખોજકી ફોન્ટ ની ડિઝાઇન કરી શક્યું નહીં. દરમિયાન, તેમણે અખબારોમાં વાંચ્યું કે જર્મનીના હેમ્બર્ગમાં એક સુવિધા છે જે કોઈપણ લિપિના છાપકામ પ્રકારો તૈયાર કરવા સક્ષમ છે.

ખોજા સિંધી પ્રિન્ટિંગ પ્રેસએ ઇસ્માઇલી સાહિત્ય માટે એક વરદાન અને પાયાની ઈટ તરીકે કાર્ય કર્યું.

ભારતીય ઇસ્માઇલીઓ ગિનાનો ક્ષીણ થાય તે પહેલાં તેને પ્રકાશિત કરવા બદલ તેમના ઋણી છે. તેમના પ્રગટ કરેલ પ્રકાશનો જોઈશું તો ખ્યાલ આવશે કે ટુંકાગાળા માં ઘણા કાર્યો હાથ ધર્યા હતા.

સને ૧૯૧૧ થી ૧૯૨૫ સુધીમાં ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી હસ્તક અસંખ્ય પુસ્તકો તેમણે પ્રગટ કરેલ જે હાલ અપ્રાપ્ય છે. લંડનનાં મર્હુમ પ્યારઅલી જીવા ગીનાન સાહિત્ય નાં પ્રખર અભ્યાસુ અને જ્ઞાની હતા તેમણે આ દુર્લભ પુસ્તકોનો સંગ્રહ કરેલ તેની ડીઝીટીલાઇજેશન ની કામગીરી કરેલ. તેમનાં સંગ્રહને તેમણે ભારતની તેમની સને ૨૦૦૪ ની મુલાકાત દરમ્યાન રાજકોટ ખાતે ઇતરેબ રીજનલ બોર્ડ સમક્ષ રજુ કરેલ જે પ્રકાશન નાં ૪૮ પુસ્તકો નાં પ્રથમ પેઇજ સ્લાઇડ સ્વરૂપે આ પુસ્તક માં રજુ કરેલ છે. આશા છે વાચકોને તે ગમશે.

(પ્રકાશનો નાં પ્રથમ પાના આ પુસ્તક માં છાપવામાં આવેલ છે. તેની સાથે પુસ્તકની વિગત પણ દર્શાવેલ છે જુઓ પેઈજ નંબર — ૫૫ થી ૬૬)

૧૯૧૫ માં, તેમણે 'ઇસ્માઇલી સતપંથ પ્રકાશ' પણ શરૂ કર્યું, જેના સંપાદક વી.એન. હુદા અને હરજીભાઇ પૂંજા હતા, પરંતુ ૧૯૨૭ માં તે બંધ થઈ ગયું.

તેઓ બોમ્બેના ઇસ્માઇલીયા સાહિત્ય ઉત્તેજક મંડળના પ્રમુખ હતા અને તેમની અમૂલ્ય સેવાઓનો વિસ્તાર કર્યો. જોકે, તેમણે ૧૯ ફેબ્રુઆરી,૧૯૧૮ ના રોજ વૃદ્ધાવસ્થાને કારણે પદ પરથી રાજીનામું આપ્યું.

જાન્યુઆરી, ૧૯૧૯ માં, 'ઇસ્માઇલી આફતાબ' (ધોરાજી) ના સંપાદક એન.એમ. બુધવાણીએ મુખી લાલજીભાઇ દેવરાજ સાથે મુલાકાત કરી અને લખ્યું કે “'મને મુખી લાલજીભાઇ દેવરાજને જોવાની તક મળી. તેઓ હવે લગભગ ૭૫ વર્ષના છે, મુખ્ય જમાતખાના પાસે રહે છે અને જમાતને માનદ સેવાઓ આપે છે. તેઓ વૃદ્ધ માણસ છે, પરંતુ તેમના વિચારો આધુનિક છે. તેઓ શિક્ષણને ખૂબ પ્રાથમિકતા આપે છે. તેમણે સમુદાયમાં શિક્ષણ ફેલાવવા માટે ઘણું કામ કર્યું છે. તેઓ પોતે નફાના હેતુ વિના પ્રિન્ટિંગ પ્રેસનું નિરીક્ષણ કરે છે અને તેનું નુકસાન સહન કરે છે. તેઓ સવાર-સાંજ જમાતખાનામાં નિયમિત હાજરી આપે છે. તેઓ એક નિષ્ઠાવાન વ્યક્તિ હતા, અને જમાતમાં એક પણ સંસ્થા એવી નથી જ્યાં તેમનો ઉદાર હાથ પ્રવેશ્યો ન હોય”.

અમદાવાદમાં માસિક “ઇસ્માઇલી સતપંથ પ્રકાશ” સાત વર્ષ સુધી પ્રકાશિત થતું રહ્યું. ૧૯ ફેબ્રુઆરી, ૧૯૧૮ ના રોજ જ્યારે તેઓ નિવૃત્ત થયા, ત્યારે ઇસ્માઇલી સતપંથ પ્રકાશનું પ્રકાશન ઇસ્માઇલીયા સાહિત્ય પ્રકાશ સોસાયટી હેઠળ આવ્યું. ઇમામે ૧૯૨૦ માં સેન્ટ્રલ એજ્યુકેશન બોર્ડની સ્થાપના કરી જેમનાં પ્રેસિડેન્ટ તરીકે અલીમુહમ્મદ મેકલાઇ ની નિયુક્તિ  કરી.

મુખી લાલજીભાઇ દેવરાજે ૧૯૨૨ માં પ્રથમ ઇસ્માઇલી સામયિક 'ઇસ્માઇલી સિતારો' સાથે ખોજા સિંધી પ્રિન્ટિંગ પ્રેસ રિક્રિએશન ક્લબ ઇન્સ્ટિટ્યૂટને સોંપ્યું, જે ૧૪ વર્ષના સમયગાળા પછી બંધ થઈ ગયું. તેના બદલે, રિક્રિએશન ક્લબ ઇન્સ્ટિટ્યૂટે સાપ્તાહિક 'ઇસ્માઇલી'નું પ્રકાશન શરૂ કર્યું, જેના સંપાદક વઝીર અલી મુહમ્મદ જાનમુહમ્મદ ચુનારા (૧૮૮૧-૧૯૬૦) હતા. તેનો પહેલો અંક ૭ ઓક્ટોબર, ૧૯૨૩ ના રોજ પ્રકાશિત થયો.

નુરૂમ મુબીન માં મુખી લાલજી દેવરાજ નો ઉલ્લેખ આ મુજબ છે. (પૃષ્ઠ ૪૭૬ ચોથી આવૃતિ)

" સાહિત્યપ્રેમી મુખી લાલજીભાઇ દેવરાજ સિંધી પ્રેસની સ્થાપના

સમાજ અને ધર્મનાં નિસ્વાર્થ સેવક મુખી લાલજીભાઇ દેવરાજ પણ એક સાહિત્યપ્રેમી અને કેળવણીકાર હતા, તેમણે સિંધી પ્રેસ સ્થાપી, ખાસ સિંધી ખોજકી ટાઇપ બનાવી, સિંધી ખોજકી અને ગુજરાતી લીપીમાં ઇસ્માઇલી પીરોનાં પવિત્ર જ્ઞાનો-બોધ શાસ્ત્રો,મઝહબી હકીકતો અને ઇસ્માઇલી સાહિત્ય નાં પુસ્તકો પ્રગટ કર્યા હતા. ઇમામનાં મુબારક ફરમાનો સિંધી ખોજકી લિપીમાં અને ગુજરાતી ભાષામાં પ્રગટ કરવાની પણ તેમણે શરૂઆત કરી હતી અગાઉ સાધનોના અભાવે જમાતોને ફરમાનો અને જ્ઞાન શાસ્ત્રો વાંચવાનો પુરેપુરો લાભ મળી શકતો નહોતો કારણ કે હસ્તલિખિત ધાર્મિક સાહિત્ય બહુ મોંઘી કિંમતે અને ઘણી જ મુશ્કેલીએ અને જુજ અંશે મેળવી શકાતુ હતુ આ ખોટ સિંધી પ્રેસની સ્થાપના પછી પુરાઇ ગઇ હતી એટલું જ નહીં પણ મુખી લાલજીભાઇ દેવરાજ નાં અણથક પ્રયાસોના પરિણામે આ મહત્વનો લાભ દેશ પરદેશની ઇસ્માઇલી કોમને મળી શક્યો હતો."

૩ માર્ચ, ૧૯૨૪ ના રોજ, ઇમામે ખડક ગર્લ્સ સ્કૂલની મુલાકાત લીધી, અને મુખી લાલજીભાઇને જોતા કહ્યું કે, 'તમને જોઈને મને ખૂબ આનંદ થયો. જ્યારે આ શૈક્ષણિક સંસ્થા શરૂ થઈ ત્યારે તેના માટે કામ કરવા માટે એક પણ વ્યક્તિ નહોતો. તે સમયે તમે એકલાએ સખત મહેનત કરી હતી અને ઉત્તમ કાર્ય કર્યું હતું. તમે એકલા હતા, છતાં ઉત્તમ કાર્ય કર્યું.

તેમના નજીકના સાથીદાર, નૈનસીભાઈ પીર મુહમ્મદ રૂવાલાનું ૩ ઓક્ટોબર, ૧૯૨૪ ના રોજ ૭૨ વર્ષની વયે અવસાન થયું. જેમનો જન્મ ૧૮૫૨ માં કચ્છના રતાડીયા માં થયો હતો. ઔપચારિક શિક્ષણ પછી તરત જ, તેમણે ૧૮૬૮ માં કપાસના કચરાનો નાનો વ્યવસાય શરૂ કર્યો. પાછળથી, તેઓ બોમ્બે ગયા અને પોતાનો કપાસનો વ્યવસાય શરૂ કર્યો. તેમણે મુખી લાલજીભાઈ દેવરાજ સાથે ૩૫ વર્ષ સુધી અવિશ્વસનીય સેવાઓ આપી.

૧૯ જૂન, ૧૯૨૭ ના રોજ થાણા જમાતખાના ખાતે ભારતમાં પ્રથમ વખત ઇસ્માઇલી ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તરત જ, ભારતના અન્ય ભાગોમાં પણ તેનું

અનુકરણ કરવામાં આવ્યું. મુખી લાલજીભાઈ દેવરાજને ૪ જુલાઈ, ૧૯૨૭ ના રોજ બોમ્બેના બાંદ્રા જમાતખાના ખાતે ઇસ્માઇલી ધ્વજ (માય ફ્લેગ) ફરકાવવાનું સન્માન મળ્યું.

તા. ૧૫ જાન્યુઆરી, ૧૯૨૮ ના રોજ મુંબઈ ખાતે સેન્ટ્રલ હેલ્થ બોર્ડમાં સંબોધન કરતી વખતે, ઇમામે કહ્યું, 'મને એ જાણીને ખૂબ આનંદ થયો કે છેલ્લા ઘણા વર્ષોમાં બોમ્બે સ્કૂલે જબરદસ્ત પ્રગતિ કરી છે. જ્યારે તે પહેલી વાર શરૂ થઈ ત્યારે તેની પહેલ નજીવી હતી. તે સમયે, મુખી લાલજીભાઈ દેવરાજ અને અન્ય લોકોએ સખત મહેનત કરી હતી, જેના પરિણામે મુંબઈના વિવિધ સ્થળોએ તેની શાખાઓ ખોલવામાં આવી હતી. આ સ્કૂલ સમુદાય માટે ઉત્તમ સેવા આપે છે. હું તેની ઉચ્ચ સફળતા અને સમૃદ્ધિની ઇચ્છા રાખું છું.'

મુખી લાલજીભાઈ દેવરાજ, જેમને ગ્રાન્ડ ઓલ્ડ મેન અને શિક્ષણના પિતા અને ઇસ્માઇલી પત્રકારત્વના પિતા તરીકે પણ ઓળખવામાં આવતા હતા, તેઓ ૬ ઓક્ટોબર, ૧૯૩૦ ના રોજ ૮૮ વર્ષની વયે બોમ્બેમાં અવસાન પામ્યા. તેમના પાંચ પુત્રો હતા, જેમ કે રહેમતુલ્લાહ, હસન અલી, ઇસા, અબ્દુલ્લાહ, હુસૈન અને એક પુત્રી, કુલસુમ.

બોમ્બેના આગા હોલમાં, ૨૨ ડિસેમ્બર, ૧૯૩૩ના રોજ રૂહાની મહેમાની ઇમામ સમક્ષ રજુ કરવામાં આવી ત્યારે ઇમામે તેમના પુત્રોને ફરમાવ્યુંકે, 'તમારા પિતાએ મારા ઘરની ખૂબ સેવા કરી હતી, અને તેમના બાળકો જ્યાં પણ છે - ગોવા, મદ્રાસ, બોમ્બે, વગેરેમાં, રિક્રિએશન ક્લબ, કાઉન્સિલ અથવા પંજેભાઈ ક્લબમાં, તેઓ મારી સેવા કરી રહ્યા છે. હું તમને ઘણા દુઆ આશિષો આપું છું.'

*****

## (૨) વઝીર વિરજી પ્રેમજી પારપિયા (૧૮૮૧ - ૧૯૪૬)



તેમનો જન્મ ૧૨ મે ૧૮૮૧ માં બરોડા માં થયો.તેઓ ૬ માસ નાં હતાં ત્યારે તેમનાં માતા મરીયમબેનની વફાત થઈ. પિતાનો ચારકોલ પાવડર નો ધંધો હતો. તેમનાં લગ્ન ૧૮૯૫ માં થયા.

તેમને વૈદિક અને સુફી સાહિત્યનો શોખ. મિશનરી ઇબ્રાહીમ જુસબ વરતેજી પણ લેખક હતા, તેમનાં પુસ્તકોનાં વાંચન સાથે સાથે તેમની સાથે ચર્ચા વિચારણા પણ તેઓ કરતા રહેતા તેમણે ૧૯૨૧ માં બરોડામાં બોર્ડીંગની સ્થાપના કરી જે રેસકોર્ષ ગ્રાઉન્ડ બરોડા માં બાંધવામાં આવી હતી, જેનું નામ વિશ્રામ. જેમાં દરેક સમુદાય નાં લોકો નાં ઉતારા માટેની વ્યવસ્થા હતી. જે આસપાસનાં ગ્રામ્ય લોકો માટે બહુજ મદદરૂપ બની. તેમણે ૧૯૧૧માં ઇસ્માઇલી લિટરેચર સોસાયટી નાં સ્થાપનામાં મહત્વનો રોલ નિભાવ્યો. (Ali, 2003, P. 431)તેમને અરેબિક, પર્શીયન, અંગ્રેજી તથા ગુજરાતી ભાષા નું જ્ઞાન હતું. તેઓ સારા લેખક પણ હતા. તેમણે ઇસ્માઇલી સમુદાયના લેખકોને તેમનાં જ્ઞાન દ્વારા લેખન કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા તેમણે ઇસ્માઇલી લેખકોએ લખેલી કેટલાક ધાર્મિક પુસ્તકોને પ્રકાશિત કર્યા જેવા કે મક્સદે હકીક્ત, ઝૌહરે હકીકત, નિબંદ પ્રકાશ (ભાગ -૧ તથા ૨) સિલસિલાએ ઇમામત, જશ્ન કેસ વિગેરે.

સને ૧૯૧૩માં ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી તેમજ ઇસ્માઇલી સિતારો માસિક પ્રગટ થતું હતું તેનાં સંચાલન માટે ઔન. સેક્રેટરી તરીકે તેમની નિમણુંક થઈ. તેમણે ખોજા સોશ્યલ રીફોર્મર માસિક મુખપત્ર ૧૯૨૫ માં શરૂ કર્યું પરંતુ સાત અંક બહાર પડ્યા બાદ તેનું પ્રકાશન બંધ પડી ગયું. ૧૯૩૩ માં બરોડા જમાતનાં મુખી તરીકે પણ નિમણુંક થઈ. હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) જ્યારે ડિસેમ્બર ૧૯૩૩ માં ઇન્ડિયા પધાર્યા ત્યારે ઇમામ ફ્રન્ટીયર મેલ માં ૨૮ જાન્યુઆરી ૧૯૩૪ માં બરોડા આવ્યા જ્યાં બરોડા સ્ટેશન પર ઇમામને વઝીર પ્રેમજી પારપિયા, મુરાદઅલી હસનઅલી ડેપ્યુટી સ્ટેશન

માસ્તર, ઇંદોરનાં રતનશી કાળા, મુખી ઇબ્રાહિમ વલી, ડભોઈ જમાત તથા અન્ય જમાતે સ્વાગત કર્યું હતું.

ઇમામે બરોડામાં તેમનાં બંગલામાં ૧૯૧૩ તથા ૧૯૩૫ માં વિઝીટ કરી હતી.

વઝીર પારપિયા સામાજીક કાર્યકર, લેખક અને પત્રકાર હતા જેમણે 'કાબા તિમિર ભાસ્કર' (૧૯૧૭), 'તંબાકુ સંવાદ' (૧૯૨૨), 'પિતાની પુત્ર પ્રત્યે ફરજ' (૧૯૨૪), 'અભ્યાસ અને હ્રદયમંથન' (૧૯૩૬), 'દુઆ માં સમાયેલી નમાજ'(૧૯૪૦), 'આમ વર્ગને અપિલ' (૧૯૪૦), 'ધન ઘરમ નો હકદાર કોણ?' (૧૯૪૦).

જેઓની વફાત ૩૧ જુલાઈ ૧૯૪૬ માં થઈ. તેમણે ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી માટે અજોડ યોગદાન આપ્યું હતું.

*****

# (૩) માસ્તર હાશિમ બોધા (૧૮૬૩-૧૯૧૨)



માસ્તર હાશિમ બોધા નો જન્મ પોરબંદર માં સને ૧૮૬૩ માં થયો હતો.તેમની આર્થિક સ્થિતી નબળી હતી તેથી ક્યારેક તેઓ વાંચન માટે મોડી રાત્રી સુધી સ્ટ્રીટ લાઇટ નીચે ઉભા રહી વાંચતા.૧૮૮૧ માં ૧૮ વર્ષની વયે તેઓ બોમ્બે આવ્યા અને ખાન મુહમ્મદ સ્કુલ માં અંગ્રેજી શીખવવા માટે આસીસ્ટન્ટ ટીચર તરીકે જોડાયા. તેઓ અરેબિક,પર્શીયન,અંગ્રેજી, ગુજરાતી,સંસ્કૃત,મરાઠી અને સિંધી ભાષા જાણતા હતા જેઓ પવિત્ર કુરઆન તથા હદીશ નાં આંતરીક ગુઢાર્થ ભાવાર્થ ને સારી રીતે રજુ કરતા હતા (Ali, 2003, P.290).

હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ ૧૯૦૧ માં ઇસ્માઇલી સમુદાયમાં શિક્ષણ નાં વ્યાપ ને વધારવા ત્રણ વ્યક્તિઓ ની કમીટી માં નિમણુંક કરી હતી. જેમાં લાલજી દેવરાજ, નૈનસી ભાઈ પીરભાઇ મુહમ્મદ રૂવાલા તથા હાશિમ બોધા માસ્તર. તેઓએ દરખાના જમાતખાના નાં કંપાઉન્ડ માં સ્કુલ શરૂ કરી જ્યાં વિધાર્થીઓને દુન્યવી અને ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું.માસ્તર હાશિમ બોધા સવારે એક કલાક અને સાંજે એક કલાક અભ્યાસ કરાવતા.૧૯૦૯ માં કાંડી મોહલ્લા માં બીજી સ્કુલ શરૂ કરી જ્યાં માસ્તર હાશિમ બોધા ધાર્મિક શિક્ષણ આપતા.

૧૯૦૩ માં ઇસ્માઇલી લિટરેચર સોસાયટી ની સ્થાપના બાદ મુખી લાલજીભાઇ દેવરાજ પ્રેસિડેન્ટ તરીકે, વઝીર વિરજી પ્રેમજી પારપીયા ઑન. સેક્રેટરી તથા માસ્તર હાશિમ બોધા સુપરવાઇઝર બન્યા.

તે સમયે અમુક સમુહ દ્વારા ધાર્મિક લેખો લખી ઇસ્માઇલી સમુદાય વિરુદ્ધ પુસ્તકોમાં અને સમાચાર પત્રોમાં દુષ્પ્રચાર ચાલુ રહેતો. માસ્તર હાશિમ બોધા યોગ્ય તર્ક અને દલીલો થી લેખ દ્વારા તેનો જવાબ આપતા.૧૯૦૬ માં તેમનાં લેખ નું સંકલન નું પુસ્તક ઇસ્માઇલી દર્પણ બહાર પાડ્યું. ઇસ્માઇલી સમુદાયમાં આ પ્રકારનું પ્રથમ ધાર્મિક પુસ્તક બન્યું. સમાજ માં તેમનું નામ ઇસ્માઇલી સાહિત્ય માં પાયાનાં લેખક તરીકે ઉભરી આવ્યુ.

તેમણે એરેબીક અને પર્શીયન માં અભ્યાસ ચાલુ રાખ્યો. તેમણે હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં સને ૧૯૦૩ થી ૧૯૦૫ સુધીનાં ફરમાનો નું સંકલન કરી 'બાહરે રહેમત' પુસ્તક બહાર પાડ્યુ. પછીની આવૃતિમાં ૧૯૧૧ સુધીના ફરમાનો જમાત સુધી પહોંચાડ્યા.

હાજી બીબી કેસ માં ૧૯૦૮ માં, જૂની પ્રેયર્સ નાં અનુવાદ અને ઇસ્માઇલી હસ્તપ્રતોનાં અનુવાદની કામગીરી મીશનરી જુમા ભગત ઇસ્માઇલની સાથે રહી કરી તેમણે જસ્ટીસ રસેલની કોર્ટ માં રજુ કર્યા હતા.જેનો ચુકાદો ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની તરફેણ માં આવ્યો હતો.

ભારત ભરમાં  ચાલતી ધાર્મિક નાઇટ સ્કુલોમાં એક સમાન સીલેબસ ની જરૂરિયાત ને ધ્યાને લઇ મુખી લાલજી દેવરાજે ટેક્ષબુક કમીટી બનાવી હતી જેમાં માસ્તર હાશિમ બોધા, મનજી ગુલામ હુશેન સામેલ હતા માસ્તર હાશિમ બોધાએ ચાર વોલ્યુમ માં સિલેબસ તૈયાર કરી સિંધી ચોપડી નામે પ્રગટ કરી કરી હતી.

કાંડી મહોલ્લામાં ૬ જાન્યુઆરી ૧૯૦૯ માં પ્રથમ ગર્લ્સ સ્કુલ ની સ્થાપના થઇ હતી ત્યારે હાજર આમંત્રિત ૨૦૦ જમાતી સભ્યો સમક્ષ શિક્ષણના મહત્વ બાબત તેમણે સ્પીચ આપી હતી.

તેમણે ધાર્મિક નાઇટ સ્કુલો ને અપૂર્વ સેવાઓ આપી હતી. મુખી લાલજી દેવરાજ ને તેઓ પિતા સમાન ગણી  તેમનાં કાર્યમાં સાથ સહકાર આપતા રહ્યા.

૧૯૧૨ માં તેમની વફાત થઈ. હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) પોતે લાયબ્રેરી પધાર્યા અને તેમનાં ફોટા નું અનાવરણ કર્યું.ઇમામે ફરમાવ્યું "તે એક ઉમદા ઇન્સાન હતા.તેમણે ધાર્મિક  શિક્ષણ ક્ષેત્રે અજોડ કામગીરી કરી છે" ઇમામ ત્યારબાદ ગંભીર થયા. અને ફરમાવ્યું : "જો હાશિમ બોધા જેવા પાંચ વ્યકિત હોતે તો દુનિયા માં ઇસ્માઇલીઝમ નો પ્રકાશ ચોમેર ફેલાયો હોત, કાશ તે એક હતા.! "

તેમણે ઘણા પુસ્તકો પ્રગટ  કર્યા જેવા કે: 'ઇસ્માઇલી દર્પણ' (૧૯૦૬), 'ઇસ્માઇલી પ્રકાશ' ભાગ ૧ તથા ૨ (૧૯૦૭), 'તફસીરે દુઆ' (૧૯૦૮), 'નિંદાએ હક' (૧૯૦૮), 'કાતેલુલ હસદ' (૧૯૦૮), 'તાલીમે દુઆ' (૧૯૦૯), 'તરબીયતે દુઆ' (૧૯૦૯), 'નુરે વહેદાનિયત' ભાગ-૧, ભાગ-૨, ભાગ-૩ (૧૯૦૯), 'બહારે રેહમત' (૧૯૧૧), 'મક્સદે  હકીક્ત', 'હકીકી આયનો', 'બોસ્તને અલી', 'હું કોણ છું ?' વિગેરે.

તેમણે ઇસ્માઇલી બુક એજન્સી હેઠળ પણ પ્રકાશનો પ્રગટ કર્યા હતા જેવા કે ‘જહૂરે હકીકત’ (૧૯૧૦), ‘અસલીયતે ખોજા’ (૧૯૧૨), ‘જહુરે અલી’, ‘દિદાર એ અલી’ , ‘બોસ્તાને મારીફત’ , ‘ધનભાગ્ય ઇસ્માઇલી તારા’ , ‘મઝહરે અલી’, ‘હુક્કા’ વિગેરે.

*****

## (૪) મનજી ગુલામ હુશેન પદમશી (૧૮૮૩-૧૯૨૫)



તેમનો જન્મ કાઠીયાવાડ માં વાઘનગર માં ૧૮૮૩ માં થયો. જેઓ ૧૩ વર્ષની વયે બોમ્બે આવ્યા જ્યાં તેમનાં કાકાની ગ્લાસવેર ની દુકાન માં કામ કર્યું. કાકાની વફાત પછી તેમણે પોતાની સુઝથી ધંધામાં ઘણો વિકાસ કર્યો. તેઓની સેવાની શરૂઆત કાંડી મહોલ્લા બોમ્બે માં પંજેભાઇ ક્લબ માં મેમ્બર થી થઇ. અને તુરત તેઓ કામડીયા તરીકે નિમાયા. ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી ખડક બોમ્બે માં ૧૯૦૫ માં તેઓ ઑન ઓડીટર તરીકે નિમાયા. તેઓની રીક્રીએશન ક્લબ ઇન્સ્ટીટ્યુટમાં પ્રથમ ઑનનરી ચીફ સેક્રેટરી તરીકે નિમણુંક થઇ (Ali, 2003, P.288).તેમણે કાંડી મહોલ્લા ગર્લ્સ સ્કુલ ની સ્થાપના ૧૯૦૯ માં કરી જેમાં પ્રેસિડેન્ટ તરીકે રહેમતુલ્લાહ દેવજી તથા ઑનનરી સેક્રેટરી તરીકે તેમની નિમણુંક થઇ હતી. તેમણે ગર્લ્સ એજ્યુકેશન માટે જમાત માં ઘણી જાગૃતિનાં કાર્યક્રમો હાથ ધર્યા હતા.તેઓએ જે બાળાઓ સ્કુલનો અભ્યાસ પુરો કરતી તેમનાં લગ્ન નાં ખર્ચ માટે અમુક રકમ નું ડોનેશન તેમનાં કુટુંબનાં સભ્યોને આપતા. તેઓએ ઇસ્માઇલી કાઉન્સીલ માં ૧૯૨૨ માં મેમ્બર તરીકે પણ સેવા આપી હતી. તેમજ કાઠીયાવાડ ની સુપ્રિમ કાઉન્સીલ નાં મેમ્બર તરીકે પણ સેવા આપી હતી. જોધપુર માં ૪ માર્ચ ૧૯૨૫ માં ઇસ્માઇલીઓ ની બીજી ગ્રાન્ડ કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં ભારતભરમાંથી કાઉન્સીલ નાં મેમ્બર્સ હાજર રહ્યા હતા. તેમાં તેઓ પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત થયા હતા. તેમણે સરથાણ માં નવા જમાતખાના ની ઇમારત નું બાંધકામ કર્યું હતું તથા તેમનાં પિતાની યાદમાં ઇસ્માઇલીયા ફ્રી સ્કુલ શરૂ કરી કરી હતી.

જેઓ ની વફાત ૨૪ નવેમ્બર ૧૯૨૫ માં બોમ્બે માં થઇ હતી. ઇમામે તેમનાં કુટુંબીજનોને તાલિકા મુબારક ની નવાજેશ કરી ફરમાવ્યું: "મને મનજી ગુલામ હુશેનની વફાત થી ઘણુ દુ:ખ થયું છે. તેમણે મારી ઘણી જ સેવા કરી છે. તેમની સેવાઓનો મહિમા દરેક જગ્યાએ થાય છે. તેઓ કાઠીયાવાડ સુપ્રિમ કાઉન્સીલ માં સરદાર (ચીફ) હતા."

*****

# (૫) અલવાએઝ મર્હુમ હુઝુર વઝીર અલીમુહમ્મદ રહેમતુલ્લાહ મેકલાઇ (મુંબઈ)



(જન્મ: ૧૮૯૪, કેરા કચ્છ) (વફાત: ૨૧-૭-૧૯૭૧, મુંબઈ)

જેઓનો જન્મ કેરા, કચ્છમાં ૧૮૯૪ માં થયો હતો. ૧૯૧૩માં માં મુંબઈ તેમનાં પિતાનાં ધંધામાં જોડાઇ ગયા.પિતાને બોમ્બે સ્ટોક એક્સચેન્જ માં મોટો કારોબાર હતો.તેઓ ૧૯૧૨માં ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરીના મેમ્બર બન્યા. ડો.અલી મુહમ્મદ નાસર કરમશી પ્રેસિડેન્ટ તરીકે અને મેકલાઇ ની ઑન. સેક્રેટરી તરીકે નિયુક્તિ થઈ. ૧૯૧૯માં રીક્રીએશન ક્લબની પ્રવૃતિ ભીંડીબજાર મુંબઈ પાસે આવેલ ધુપેલીયા બિલ્ડીંગથી વિસ્તારવામાં આવી. ૧૯૦૮ થી પ્રકાશિત થતું મેગેજીન "ઇસ્માઇલી સિતારો" નાં તેઓ ૧૯૧૪માં ઑન. સેક્રેટરી બન્યા. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ૧૮૮૫ માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા તેનો અપ્રસિદ્ધ ફોટો, ઇમામે મેકલાઇને આપ્યો જે ૧૯૧૫માં ઇસ્માઇલી સિતારો નાં અંકમાં ૩૦ વર્ષ બાદ પ્રસિધ્ધ થયો. રીક્રીએશન ક્લબનું નામ ૧૦-૨-૧૯૨૧ માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ બદલી રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ રાખ્યું જેનાં પ્રથમ પ્રેસિડેન્ટ તરીકે મેકલાઇને, હસનઅલી લાલજી દેવરાજ ને ચીફ ઑન. સેક્રેટરી તરીકે નીમ્યા. ૧૯૩૩ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ ની બ્રાંચ પુના, અહમદનગર, ગુજરાત, અમદાવાદ, કરાંચી, કાઠીયાવાડ, પંજાબ, બીરાર અને બર્મા માં સ્થાપી. ૧૯૩૬માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી ની ઉજવણી પ્રસંગે ઇસ્માઇલી સિતારા એ ઉમદા કામગીરી બજાવી હતી (Ali, 2003. P.25) જેથી મેકલાઇને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવ્યા હતા. ઇસ્માઇલી ઇમામ હ. ઇમામ નિઝાર(અ.સ.) બીજા (૧૫૮૫-૧૬૨૮)નું એક પેઇન્ટ કરેલ પોટ્રેઇટ (ઐતિહાસિક પીકચર) મળી આવેલ જે પ્રથમ વખત ઇસ્માઇલી નાં અંકમાં ૧૯૩૭માં છાપવામાં આવ્યું હતું. તેઓએ ૧૯૧૨-૧૯૩૬ અને ૧૯૩૭-૧૯૪૮ સુધી ૩૫ વર્ષો સુધી રીક્રીએશન ક્લબ

ઈન્સ્ટીટ્યુટ માં પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી હતી. ૨૦-૭-૧૯૪૫ માં દારેસલામ માં ઇસ્માઇલી મીશન કોન્ફરન્સ માં ઇમામે તેમને ખાસ આમંત્રિત કર્યા હતા. ૧૯૪૪ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નું નામ બદલી ઇસ્માઇલીઆ એસોસીએશન કરવામાં આવ્યું હતું જેનાં તેઓ પ્રથમ પ્રેસિડેન્ટ બન્યા હતા. જ્યારે વાઇસ પ્રેસિડેન્ટ તરીકે રજબઅલી મોહમ્મદ દંડાવાલા તથા રહેમતુલ્લાહ વિરજી ઑન. સેક્રેટરી નિયુક્ત થયા હતા. ૧૯૪૬ માં ઇમામે તેમને કેન્યા, ટાંગાનિકા, યુગાન્ડા, ઇન્ડિયા અને પાકિસ્તાન ઢાકા બ્રાંચ સહિત તેમને ઇન્ટરનેશનલ ઇસ્માઇલીયા એસોસીએશન નાં પ્રમુખ તરીકે નિમ્યા હતા. ૧૯૫૦ માં હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં સાલગ્રેહ દરબાર માં તેમને હજુર વઝીર નાં ટાઇટલની નવાજેશ કરી હતી. તેમણે પ્રખ્યાત ઐતિહાસિક દસ્તાવેજો નાં સંગ્રાહક અને રશીયન સ્કોલર ડબ્લ્યુ.આઇનોવ સાથે રહી ઇસ્માઇલી સમુદાયની ઐતિહાસિક મેનુસ્ક્રીપ્ટ મેળવવા માટે કાર્ય કર્યુ હતું. જેઓએ ૧૯૪૬-૧૯૫૪ સુધી વર્લ્ડ હેડ તરીકે સેવા બજાવી હતી. ત્યારબાદ તેઓ નિવૃત થયા હતા. મુંબઈમાં તા.૨૧-૭-૧૯૭૧ માં તેમની વફાત થઈ હતી. ૧૯૧૨ માં શરૂ કરેલ કારકીર્દી માં તેમને વી.એન હુદા અને મુખી લાલજી દેવરાજ નો સાથ મળ્યો હતો તે દરમિયાન ઇસ્માઇલી સમુદાયની ઐતિહાસિક દસ્તાવેજો, પીરોનાં ગીનાનો અને ગ્રંથોનાં હસ્તલીખીત લખાણો નાં મેનુસ્ક્રીપ્ટ માંથી ઘણા પ્રકાશનો પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં આવ્યા હતા.)

*****

## (૬) વારસ ઇસ્માઇલ મોહમ્મદ જાફર ( વારસ છોટુભાઇ) (મુંબઈ)



(જન્મ: ૫-૬-૧૯૦૪, મુંબઈ) (વફાત: ૩૦-૧૦-૧૯૭૮, કરાંચી)

મોહમ્મદ જાફર નાં પુત્ર ઇસ્માઈલ મોહમ્મદ જાફર ઇસ્માઇલી સમાજમાં વારસ છોટુભાઈ તરીકે જાણીતા હતા.તેમને રીઅલ એસ્ટેટનો બીઝનેસ હતો. ૧૯૨૭ માં મુંબઈમાં તેઓ લોકપ્રિય બિઝનેસમેન બની ચુક્યા હતા. હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ તેમની નિમણુંક ૧૯૨૮-૧૯૩૩ માટે મીશન નાં સેક્રેટરી તરીકે કરી. ૧૯૩૩-૧૯૩૬ માં ઑન. ચીફ સેક્રેટરી બન્યા ત્યારબાદ ૧૯૩૬-૧૯૩૭માં રીક્રીએશન કલબ ઈન્સ્ટીટ્યુટ માં પ્રેસિડેન્ટ બન્યા, તેમની સાથે ઑન. સેક્રેટરી તરીકે ઇત્માદિ રહેમતુલ્લાહ વિરજી ચીફ સેક્રેટરી બન્યા. જેઓ સામાજીક કાર્યકર પણ હતા. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન માં મેમ્બર તરીકે ચુંટાયા હતા બ્રિટીશ સરકારે જસ્ટીશ ઑફ પીસ (જે.પી.)નાં ખિતાબ થી તેમને નવાજ્યા હતા. ફિદાઇ બોર્ડીંગ અને ઓફર્નેજ હાઉસ નું ઉદઘાટન તા. ૧૩-૧૨- ૧૯૨૮ માં થયું ત્યારે વારસ છોટુભાઈએ પોતે તેનાં ફર્સ્ટ લાઇફ પેટ્રન તરીકે નામ નોંધાવી નોંધપાત્ર ડોનેશન આપ્યુ હતું. જેઓએ પ્રિન્સ અલીખાન નાં પર્સનલ સેક્રેટરી તરીકે કાર્ય કર્યું હતું. તેમની સાથે ભારત, બર્મા, મીડલ ઇસ્ટનાં દેશોનાં પ્રવાસ માં સાથે હતા. તેમણે ૧૯૩૦માં મુંબઈમાં ઇસ્માઇલીયા કોઓપરેટીવ બેંક લીમીટેડ ની સ્થાપના કરી હતી જેમની વિઝીટ પ્રિન્સ અલીખાન દ્વારા ૧૫-૧૨-૧૯૩૩ માં કરવામાં આવેલ. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ(અ.સ.)ની ૧૯૩૬ માં ગોલ્ડન જ્યુબિલી ની ઉજવણી વખતે ફંડ રેઇઝીંગ કમીટીમાં તથા પ્રોગ્રામમાં ઘણી જહેમત ઉઠાવી હતી. ઇમામે તેમને ગોલ્ડ મેડલ થી નવાજ્યા હતા તેમજ રીક્રીએશન ક્લબનાં પ્રેસિડેન્ટ તરીકે તેમની નિમણુંક કરી હતી. ૧૯૪૨માં વારસ છોટુભાઈ મોમ્બાસા સ્થાયી થયા ત્યાર બાદ નૈરોબી સ્થાયી થયા બાદ ત્યાંથી ૧૯૭૪માં કરાંચી સ્થાયી થયા હતા. વારસ છોટુભાઈએ પંચગીનીમાં ૧૯૩૧માં તેમના પિતાની યાદ માટે સેનેટોરીયમનું બાંધકામ કરેલ જેનું નામ ‘બાગે રાહત’ રાખેલ. જે તેમણે ૧૯૭૬માં ફિદાઇ એકેડેમી એન્ડ ઓર્ફનેજ ને દાન કર્યું હતું. (Ali, 2003, P. 88)ત્યારે રાઇ અકબરઅલી ઇત્માદિ અલીભાઈ ટાયરવાલા પ્રેસિડેન્ટ અને રાઇ કાસમઅલી ઝગમગીયા ઑન. સેક્રેટરી હતા.તેમની વફાત તા. ૩૦-૧૦-૧૯૭૮માં કરાંચી ખાતે થઈ હતી.

*****

# (૭) મર્હુમ આલીજાહ વલી મોહમ્મદ નાનજી હુદા (મુંબઈ)



(જન્મ: ૧૮૮૯, મુંબઈ) વફાત: ૧૮-૧૧-૧૯૫૯, મુંબઈ)

જેઓ ૧૯૧૫માં કાંડી મહૌલ્લા મુંબઈ માં આરઇસી ટીચર તરીકે જોડાયા તેમણે નોંધ્યું કે મોટા બાળકો પોતાનો સમય ધાર્મિક અભ્યાસ માં લગાડી શકે તે માટે લાયબ્રેરીની જરૂર છે. બે યુવાન વિદ્યાર્થી હુશેન મુખી પુંજા જસરાજ અને ગુલામહુશેન સીદુ જેઓએ ૨૦ ધાર્મિક પુસ્તકોથી લાયબ્રેરી શરૂ કરી, જેમાં પુસ્તકોમાં વધારો થતો ગયો. તા. ૧૦-૫-૧૯૧૮માં પ્રેસિડેન્ટ મુરાદઅલી ગુલામહુશેન નગીનવાલાએ તે લાયબ્રેરીને કાંડી મહૌલ્લા ઇસ્માઇલીઆ સ્ટુડન્ટસ લાયબ્રેરી તરીકે નામ આપી વ્યવસ્થિત કરી જેમાં તેઓએ ૧૯૨૮ સુધી સુપરવાઇઝર તરીકે કાર્ય કર્યુ. (Ali, 2003, P. 188) તેઓ લેખક પણ હતા.જેમણે ઇસ્માઇલી આફતાબ, ઇસ્માઇલી, ઇસ્માઇલી સતપંથ પ્રકાશ અને આયના મેગેજીન માં એડીટર તરીકે કાર્ય કર્યું હતું. જેઓએ ફિદાઇ ગર્લ્સ એકેડેમીમાં ઔન. સેક્રેટરી તરીકે ૧૯૨૮ સુધી કાર્ય કર્યું હતુ. ઇસ્માઇલી સાહિત્યના મહાન લેખક ડબ્લ્યુ.આઇનોવ (૧૮૮૬-૧૯૭૦) માટે તેમણે થોડા ગીનાનો નું અંગ્રેજી ભાષાંતર કર્યુ જે તેમણે પોતાની બુક Collectanea (Holland, 1948) માં પ્રસ્તુત કર્યા. મુખી લાલજી દેવરાજ નાં સમયમાં રીક્રીએશન ક્લબમાં ૧૯૨૧ - ૧૯૩૦ સુધીમાં માતબર પ્રકાશનો પ્રકાશિત થયા તેમાં તેઓએ એડીટર તરીકે કામગીરી સંભાળી હતી. જેઓ ૧૯૪૪-૧૯૪૯ દરમ્યાન ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયાનાં પ્રેસ અને પબ્લીસીટી ડિપાર્ટમેન્ટમાં ઔન. સેક્રેટરી તરીકે સેવા આપી હતી. જેમણે લેખક તરીકે ગુલશને ઇલ્મ (૧૯૧૭), બાળ બોધમાળા, ખોજા જ્ઞાતિનું ગૌરવ (૧૯૨૭) સહિત ૭ પુસ્તકો પ્રકાશિત કર્યા હતા.)

*****

**Reference:** Ali, M.A.T.S. (2003) *101 ismaili heroes: (late 19th century to present age)*. Karachi: Islamic Book Publisher.

## :મુખી લાલજી દેવરાજ દ્વારા તથા ત્યારબાદ પ્રકાશિત થયેલ ૪૮ પ્રકાશનો નો ટૂંકો પરિચય:




(૧) પુસ્તક: તો મુનીવરભાઈ નાની યાને મુમન ચીતવરણી (રચનાર સૈયદ ઇમામશાહ)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઈ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને જણાવેલ નથી
પાના: ૧ થી ૪૩
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૨) પુસ્તક: સતવેણી મોટી (પાઠ ૨૨૨) (રચનાર સૈયદ નરમહમદશાહ બીન ઇમામશાહ)
પ્રગટ કરનાર: જણાવેલ નથી
સંવત: જણાવેલ નથી
સને જણાવેલ નથી
પાના: ૧ થી ૭૬
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૩) પુસ્તક: ગીરભાવલી નાની રચનાર શ્રી સતગુર ભીરમા હો વાચા
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને જણાવેલ નથી
પાના: ૧ થી ૫
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૪) પુસ્તક: અથરવેદી ગાવંત્રી રચનાર સૈયદ ઇમામશાહ પુસ્તક પાંચમું
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને જણાવેલ નથી
પાના: ૧ થી ૫
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૫) પુસ્તક: હસનાપુરી (રચનાર પીર હસન કબીરદીન)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને જણાવેલ નથી
પાના: ૧ થી ૨૦
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી



(૬) પુસ્તક: મારિફત યાને બ્રહ્મજ્ઞાન ની સમજ આપતું શાસ્ત્ર
મહાન સૂફી સંત પીર શમ્સુદીન મહમદ કૃત બ્રહ્મપ્રકાશ (સમજૂતી સાથે)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને : જણાવેલ નથી, પાના: ૧ થી ૨૦
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૭) પુસ્તક: સી (૩૦) હરફી (રચનાર: સૈયદ અહમદશાહ)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને : જણાવેલ નથી
પાના: ૧ થી ૫
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી



(૮) પુસ્તક: અનંત અખાડો ખોજકી ભાષામાં
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૬૮
સને : ૧૯૧૧
પાના: ૧ થી ૬૭
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી



(૯) પુસ્તક: ગરબી પીર શમ્સની ખોજકી ભાષામાં  પુસ્તક ૨૮મુ
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
સને ૧૯૧૩
પાના: ૧ થી ૩૮
ઑાન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી



(૧૦) પુસ્તક: નાનો દસ અવતાર ખોજકી ભાષામાં
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૫
સને ૧૯૧૯
પાના: ૧ થી ૨૨
બુક મેનેજર નું નામ:- વલીભાઈ નાનજી




(૧૧) પુસ્તક: ગુગરીનાં ૧૦ ગીનાન (રચનાર: સૈયદ ઇમામશાહ) આવૃતિ ૧લી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
તા. ૨૭-૬-૧૯૨૧
પાના: ૧ થી ૮
ઑાન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૧૨) પુસ્તક: સલોકો નાનો પીર સદરદીનનો
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૧૧
બુક મેનેજર નું નામ:- જણાવેલ નથી



(૧૩) પુસ્તક: સલોકો મોટો પીર શમ્સનો
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૧૯
બુક મેનેજર નું નામ:- જણાવેલ નથી



(૧૪) પુસ્તક: સો કીરીયા પીર સદરદીનની તથા સહી સમરણી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૧૦
બુક મેનેજર નું નામ:- જણાવેલ નથી



(૧૫) પુસ્તક: ગુર હસન કબીરધીન ને કાનીફા જોગીનો સમવાદ
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૧૫
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી



(૧૬) પુસ્તક: ગીનાન પીર સમસનો રાજા ગોવરચંદ ની બેનનો આખીયાન
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૮
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૧૭) પુસ્તક: સૈયદ ઈમામશાહ તથા બાઈ બુઢાઇ નો સંવાદ આવૃતિ ૧લી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
તા. ૨૭-૬-૧૯૨૧
પાના: ૧ થી ૬૧
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૧૮) પુસ્તક: ચંદ્રભાણ પીર શામ્સનો રચેલો તથા વેલ ચંદ્રભાણ ની
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: જણાવેલ નથી
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૨૦
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૧૯) પુસ્તક: સુરભાણ પીર (શામ્સનો રચેલો) તથા વેલ સુરભાણની
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૨૧
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૨૦) પુસ્તક: ગીનાન પીર સમસનો રાજા ગોવરચંદ આખીયાન
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૩-૧૯૨૧
પાના: ૧ થી ૨૩
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૨૧) પુસ્તક: દસ અવતાર નાનો
(રચનાર : પીર સદરદીન)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭
તા.૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૧૫
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૨૨) પુસ્તક: સલોકો મોટો પીર શમ્સનો
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૭
તા. ૮-૯-૧૯૨૧
પાના: ૧ થી ૧૯
બુક મેનેજર નું નામ:- જણાવેલ નથી




(૨૩) પુસ્તક: રાજા ગોવરચંદ તથા તેની બેન ની કથા પીર શમ્સની ભાંખેલી
આવૃતિ પહેલી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: -૧૯૭૭, સને ૧૯૨૧
પાના: ૧ થી ૩૦
ઔન. સેક્રેટરી નું નામ: હુશેનભાઇ શરીફ




(૨૪) પુસ્તક: ગીનાન ૬૦
જુગેસર અબધુના
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૭૮ આવૃતિ બીજી
સને ૮-૩-૧૯૨૨
પાના: ૧ થી ૫૨
બુક મેનેજર  નું નામ:- જાનમામદ દેવશી




(૨૫) પુસ્તક: વાયક મોટો તથા વેલ
(રચનાર પીર શમ્સ) પુસ્તક નંબર ૧૬
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૭૮
સને ૧૯૨૨
પાના: ૧ થી ૧૦
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૨૬) પુસ્તક: મોટો દશ અવતાર
(રચનાર: સૈયદ ઇમામશાહ)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૮૦
સને ૧૯૨૩
પાના: ૧ થી ૮૪
બુક મેનેજર નું નામ:- ગુલામહુશેન
રાજનભાઈ




(૨૭) પુસ્તક: ખટ નિરંજન
ખટ નિરંજન ની વેલ  (રચનાર પીર
સદરદીન)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૭૯, સને ૧૯૨૩
પાના: ૧ થી ૧૧
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી



(૨૮) પુસ્તક: અણતનાં નવ છુગા
(રચનાર પીર હસન કબીરદીનના)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૭૯
સને ૧૯૨૩
પાના: ૧ થી ૧૧
ઔન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૨૯) પુસ્તક: ખટ દરશન
(ખટ દરશન ની વેલ )(રચનાર પીર
સદરદીન)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૭૯, સને ૧૯૨૩
પાના: ૧ થી ૨૦
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૩૦) પુસ્તક: પુતલા
(સતગુર નુરે નચાવ્યા તે )
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૭૯, સને ૧૯૨૩
પાના: ૧ થી ૯
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૩૧) પુસ્તક: મુમન ચેતામણી (સૈયદ ઇમામશાહ
ની રચેલી)
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઈ દેવરાજ
સંવત: ૧૯૮૦ આવૃતિ બીજી
સને ૧૯૨૪
પાના: ૧ થી ૮૬
ઑન. સેક્રેટરી નું નામ:- હુસેનનાઈ
શરીફ



(૩૨) પુસ્તક: ગીનાન ની બુક ખોજકી
ભાષા માં
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઈ
દેવરાજ
સંવત: ૧૯૮૨ આવૃતિ બીજી
સને ૧૯૨૫
પાના: ૧ થી ૩૭
ઑન. સેક્રેટરી નું નામ:- હુસેનભાઇ
શરીફ

<table>
<tr>
<td><br>(૩૩) પુસ્તક: ૧૦૦ ગીનાન ની ચોપડી ભાગ-૩ ખોજકી ભાષા માં<br>પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ<br>સંવત: ૧૯૮૨<br>સને ૧૯૨૬<br>પાના: ૧ થી ૧૯૧<br>ઑન. સેક્રેટરી નું નામ: હુશેનભાઈ શરીફ</td>
<td><br>સૈય્યદ ઈમામશાહ— તથા બાઈ બુઢાઈનો સંવાદ. અને ગીનાન ૧૦ ગુગરીનાં.<br>(૩૪) પુસ્તક: સૈયદ ઇમામશાહ તથા બાઇ બુઢાઇ નો સંવાદ<br>અને ગીનાન ૧૦ ગુગરીનાં આવૃતિ બીજી<br>પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ<br>સંવત: સને ૧૯૨૬<br>પાના: ૧ થી ૫૯<br>ઑન. સેક્રેટરી નું નામ: હુશેનભાઈ શરીફ</td>
</tr>
<tr>
<td><br>(૩૫) પુસ્તક: સો ક્રિયા ખોજકી ભાષા માં<br>પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ<br>સંવત: -૧૯૮૩. સને ૧૯૨૬<br>પાના: ૧ થી ૮<br>ઑન. સેક્રેટરી નું નામ: હુશેનભાઈ શરીફ</td>
<td><br>(૩૬) પુસ્તક: અનંત અખાડો અને નવ છુગા ખોજકી ભાષામાં<br>પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ<br>સંવત: ૧૯૪૬<br>સને : જણાવેલ નથી.<br>પાના: ૧ થી ૮૩<br>ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી</td>
</tr>
</table>



(૩૭) પુસ્તક: ગીનાન ની ચોપડી
ખોજકી ભાષા માં ભાગ-૬ આવૃતિ ચોથી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૮૯
સને ૧૯૩૩
પાના: ૧ થી ૧૭૭
ઑન. સેક્રેટરી નું નામ: રેમતુલા વીરજી



(૩૮) પુસ્તક: ૬૦ ગીનાનો જુગેસર અને
અબધુ નાં ચોથી આવૃતિ
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૮૯
સને ૧૯૩૩
પાના: ૧ થી ૯૪
ઑન. સેક્રેટરી નું નામ: રેમતુલા વીરજી



(૩૯) પુસ્તક: વીસ ગીનાન  ખોજકી
ભાષા માં આવૃતિ દસમી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૮૯
સને ૧૯૩૩
પાના: ૧ થી ૪૫
ઑન. સેક્રેટરી નું નામ: રેમતુલા વીરજી



(૪૦) પુસ્તક: રસાલો હકીકત
ઇમામ જાફર સાદક જો
ખોજકી ભાષામાં આવૃતિ બીજી
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ
દેવરાજ
સંવત: ૧૯૯૦
સને ૧૯૩૪
પાના: ૧ થી ૭૦
ઑન. સેક્રેટરી નું નામ:-  રેમતુલા
વીરજી




(૪૧) પુસ્તક: સલોકો મોટો અને નાનો ખોજકી ભાષામાં
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૯૦
સને ૧૯૩૪
પાના: ૧ થી ૬૫
ઑન. સેક્રેટરી નું નામ: રેમતુલા વીરજી




(૪૨) પુસ્તક: શિક્ષણમાળા બાળ વિભાગ ગ્રંથ ૧લો
પ્રગટ કરનાર: જી.ડી. વારસ માજી ઇસ્માઇલી એજ્યુકેશન ઇન્સ્પેક્ટર તથા માજી અધિપતિ ઇસ્માઇલી આફતાબ
સંવત: ૧૯૯૦, સને ૧૯૩૪
પાના: ૧ થી ૮૯
ઑન. સેક્રેટરી નું નામ: જણાવેલ નથી




(૪૩) પુસ્તક: એલમ સાર સંગ્રહ યાને રાગમાળા
પ્રગટ કરનાર: મુખી લાલજીભાઇ દેવરાજ
સંવત: ૧૯૯૧
સને ૧૯૩૫
પાના: ૧ થી ૧૨૯
ઑન. સેક્રેટરી નું નામ:- રેમતુલા વીરજી




(૪૪) પુસ્તક: બાવન ઘાટી (પીર સદરૂદીન સાહેબ)
પ્રગટ કરનાર : જણાવેલ નથી
સંવત: જણાવેલ નથી
સને : ૧૯૫૦
પાના: ૧ થી ૩૦
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૪૫) પુસ્તક: મહાન ઇસ્માઇલી સંત
પીર શમ્સદીન મહમદ રચિત બ્રહ્મપ્રકાશ
ગીનાનો નો સંગ્રહ
પુસ્તક:૮
પ્રગટ કરનાર : ઇસ્માઇલીઆ
એસોસીએશન ફોર ઇન્ડિયા હસ્તક
સંવત: જણાવેલ નથી
સને : ૧૯૫૨, પાના: ૧ થી ૬૨
ઇસ્માઇલી રીલીજીયસ બુક ડીપો ઑન.
સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી




(૪૬) પુસ્તક: કલામે મૌલા
(ગુજરાતી માં) આવૃતિ છઠી
પ્રગટ કરનાર : ઇસ્માઇલીઆ
એસોસીએશન ફોર ભારત હસ્તક
સંવત: ૨૦૦૯
સને : મે ૧૯૫૩, પાના: ૧ થી ૮૦
ઇસ્માઇલી રીલીજીયસ બુક ડીપો છાપનાર
નું નામ:- વી.એન. હુદા




(૪૭) પુસ્તક: સતપંથ જ્ઞાન સાગર પચાસ
ગીનાન ભાગ-૨
ગીનાન ૧ થી ૫૦ સુધી
પ્રગટ કરનાર : ઇસ્માઇલીઆ એસોસીએશન
ફોર ભારત હસ્તક
સંવત: જણાવેલ નથી
સને : ૧૯૫૫, પાના: ૧ થી ૬૩
ઓફીસર ઇન્ચાર્જ (ઇસ્માઇલી રીલીજીયસ બુક
ડીપો) નું નામ:- નુરમહમદ હાસમ ફરનીચરવાળા




(૪૮) પુસ્તક: ધાર્મિક શાળાઓમાં ધોરણ બાળ
વર્ગથી સાત સુધીમાં ચાલતા ૨૮ ગીનાનો નો
સંગ્રહ
(ધાર્મિક શાળાનાં બાળકો માટે ખાસ)આવૃતિ
૧લી
પ્રગટ કરનાર: પ્રેસિડેન્ટ ગુલામઅલી એસ.
મોરાણી ઇસ્માઇલીયા એસોસીએશન ફોર
ઇન્ડિયા
સંવત: જણાવેલ નથી, સને : ૧૯૬૯
પાના: ૧ થી ૪૪
ઑન. સેક્રેટરી નું નામ:- જણાવેલ નથી

## સને **૧૮૮૫-૧૯૫૭** સુધીમાં સેવા આપેલ સેવાધારીઓ/ મીશનરીઓ નો પરિચય (કુલ **૪૫** સેવાધારીઓ)

***દેશ: કેન્યા***

# અલવાએઝા



**(1) અલવાએઝા મર્હુમા બચીબાઈ ગુલામહુશેન તેજપાર (મોમ્બાસા, કેન્યા)**

(જન્મ: ભારત, ૧૯૦૦ આસપાસ)

વફાત: દારેસલામ, ટાંઝાનિયા)

જેઓએ મોમ્બાસા જમાતને ૩૦ થી વધુ વર્ષો સુધી વાએઝ નો લાભ આપ્યો હતો. અને અનેક ગીનાનો કંઠસ્થ રીતે ગાતા હતા)

(Sources: http://forum.ismaili.net)

# મીશનરી



**(2) મીશનરી રાઇસાહેબ ડો. અબુ અલી અબ્દુલ અઝીઝ (નૈરોબી)**

(જન્મ: ૨૧-૮-૧૯૧૯, અમૃતસર, પંજાબ) (વફાત: ૫-૫-૧૯૭૮ વેનકુંવર,કેનેડા)

(તેમણે તેમનાં વિદ્વાન દાદા કામડીયા અઝીઝ અલી પાસેથી ધાર્મિક શિક્ષણ લેવાની શરૂઆત કરી હતી. પીર સબ્જાઅલી(૧૮૮૪-૧૯૩૮), ચીફ મિશનરી હુશૈની પીર મુહમ્મદ અસાની (૧૮૭૮- ૧૯૫૧) સાથે સંવાદ દ્વારા જ્ઞાનની આપલે કરતા હતા. હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ, તેમને રીક્રીએશન ક્લબમાં જોડાવા માટે હિદાયત આપતાં ૧૯૩૮માં તેઓ જોડાયા હતા. હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ડાયમંડ જ્યુબિલીની ઉજવણી સમારંભ ૧૦-૩-૧૯૪૬માં યોજાયો ત્યારે તેમને ગીનાન નો પાઠ રજુ કરવાનો મોકો મળેલ. આફ્રિકાનાં દેશો પોતાના વાએઝીન તૈયાર કરે તે માટે ૨૦-૭-૧૯૪૫ની મીટિંગમાં નક્કી કરવામાં આવ્યું અને ઇમામે તેમને આફ્રિકાના દેશોનાં વાએઝીન ટ્રેઈનીંગ મીશનનાં પ્રેસિડેન્ટ તરીકેની જવાબદારી સોંપી હતી. જેઓએ ઘણા વાએઝીનો ને ટ્રેઈનીંગ આપી હતી. જેઓએ ૧૧ જેટલા પુસ્તકો લખ્યા છે. ઇસ્ટ આફ્રિકાના દેશોમાં ૪૦ વર્ષો સુધી વાએઝનો લાભ આપ્યા બાદ વેનકુંવર,કેનેડા સ્થાયી થયા હતા જ્યાં તેમની ૧૯૭૮માં વફાત થઈ હતી.

(Sources:https://www.facebook.com/share/p1Lg3Pkq5Sq/)

# મીશનરી



## (3) મીશનરી આલીજાહ જાફરઅલી મોહમ્મદ સુફી

(જન્મ: ૧૯૦૮, કરાંચી)(વફાત: ૧૮-૩-૧૯૬૩, નૈરોબી)

જેઓએ કરાંચીમાં પ્રાથમિક શિક્ષણ લીધું હતુ જેમણે આરઇસી ટીચર કરાંચીમાં સેવા આપી હતી તથા વઝીર રહીમ બોર્ડીંગ સ્કુલમાં સુપરવાઇઝર તરીકે કાર્ય કર્યુ હતુ પછીથી ઇસ્ટ આફ્રિકા સ્થાયી થયા હતા. ૧૯૩૨માં બોયઝ હાઇસ્કુલ મોમ્બાસા માં રીલીજીયસ ટીચર તરીકે જોડાયા. ૧૯૩૬-૧૯૩૮ માં નૈરોબી માં રહેમતુલ્લાહ વાલજી હિરજી બોર્ડીંગ માં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે સેવા આપી. ૧૯૩૮માં મુંબઈ પરત ફર્યા.તેઓ હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ની હિદાયત થી રીક્રીએશન કલબ માં જોડાયા ૧૯૪૭માં તેમણે મૌલાના રૂમી ની મશનવીનો ગુજરાતી અનુવાદ કરી પ્રથમ ભાગ પ્રસિધ્ધ કર્યો. ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા એ તેમને વઝીર અલી મુહમ્મદ જાનમહંમદ ચુનારા દ્વારા લિખિત 'નૂરૂમ મુબીન' માં સુધારા કરવાની કામગીરી આપી, જેની બીજી આવૃતિ બહાર પડી બીજી આવૃતિ નું કાર્ય તેમણે બે વર્ષ સુધીમાં પૂર્ણ કર્યું અને ૧૯૩૫-૧૯૪૯ સુધીના વર્ષોનો ઇતિહાસ ઉમેરી ૧૯૫૧માં ત્રીજી આવૃતિ પણ બહાર પાડી. ૧૯૫૪ માં તેમને મોમ્બાસા મોકલવામાં આવ્યા જ્યાંથી તેઓ નૈરોબી ગયા. જ્યાં યુવાન વાએઝીનો ને ટ્રેઈનીંગ આપવાની કામગીરી કરી અને ૨૧-૧૦-૧૯૫૪ માં મોમ્બાસા પરત ફર્યા. ૧૯૫૫ માં ભારતનાં જમાતખાનાઓમાં વીઝીટ કરી વાએઝ નો લાભ આપ્યો. ૧૯થી ૨૧ એપ્રિલ ૧૯૫૬ માં ઓલ બર્મા એન્યુઅલ મજલીસ યોજાયેલ તેમાં રંગુન વાએઝ કરવા તેમને મોકલ્યા હતા. નૈરોબી માં ૧૮-૩-૧૯૬૩ માં તેમની ૫૫ વર્ષની વય માં વફાત થઈ હતી.

(Sources:https://www.facebook.com/share/p/1AkHw7UNBy/)

# અલવાએઝ






## (4) અલવાએઝ મર્હુમ કાદરઅલી બી.પટેલ (નૈરોબી, કેન્યા)

(જન્મ: સરથાણ, ગુજરાત, ભારત) (વફાત: ૧૯૫૮- ૧૯૫૯ નૈરોબી,કેન્યા)

હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ શાહજાદા પ્રિન્સ કરીમ અને પ્રિન્સ અમીન મુહમ્મદ ને ધાર્મિક શિક્ષણ આપવા માટે અલવાએઝ ને પસંદ કર્યા હતા. જેઓએ કેન્યામાં રહી ધાર્મિક શિક્ષણ આપ્યું હતુ.જેઓએ ૨૦થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. કેન્યામાં હ.ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીએ આઠ વર્ષની વયે ૧૯૪૪ માં નૈરોબી કેન્યામાં ઇદનમાઝ પડાવી હતી ત્યારની તસવીર છે જેમાં જમાતખાના નજીક આ તસવીર લેવામાં આવેલ છે. તસવીરમાં કાળા શૂટમાં અલવાએઝ દ્રશ્યમાન થાય છે. અન્ય તસવીર ઇમામે ઈદુલ ફિત્ર નાં દિને ઇદનમાઝ પડાવી હતી તેની છે જે તસવીર ઇસ્લામિક પબ્લીકેશન્સ, લંડન યુકે વોલ્યુમ -૧ માં ઉપલબ્ધ છે જે Barkah દ્વારા ૨૯-૩-૨૦૧૭ માં લેખ પ્રકાશિત કરેલ છે તેનાથી મેળવેલ છે

(Sources: barakah.com)

# મીશનરી



**(5) મીશનરી કાઉન્ટ કાસીમ અલી રજબઅલી  પારો (મોમ્બાસા, કેન્યા)**

(જન્મ:  ૩૧-૧૦-૧૯૦૬, બાગામોયો,ટાંગાનિકા ) (વફાત: ૧૦-૬-૧૯૯૮,મોમ્બાસા)

જેઓ ફેડરલ કાઉન્સિલ કેન્યા ૧૯૫૪ માં મેમ્બર, ડાયમન્ડ જ્યુબિલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ માં મેનેજિંત્ર ડાયરેકટર, અને જ્યુબિલી ઇન્સ્યુરન્સ કું માં કાર્ય કર્યું હતું..જેઓએ ધાર્મિક પ્રવૃતિઓ માટે ૧૯૧૭ - ૧૯૯૨ સુધીમાં ભારત પાકિસ્તાન માં ૧૧ વખત, યુરોપમાં ૧૪ વખત મુસાફરી કરી હતી.

(Sources: https://www.facebook.com/share/1AQXcgR4tX/)

# મીશનરી



મીશનરી મર્હુમ મેઘજી મહેરઅલી
(મોમ્બાસા)
તેમનાં કુટુંબ નો ફોટો તેમનાં પૌત્રી
ઈજ્જત વેલજી એ શેર કરેલ છે



મીશનરી મેઘજી મહેરઅલી
મોમ્બાસા કેન્યા
(જન્મ: ૧૮૮૧) (વફાત: ૧૯૪૧)



મીશનરી મેઘજી મહેરઅલી
નો પ્રોટ્રોઈટ ફોટો
(૧૮૮૧-૧૯૪૧)

## (6) મીશનરી મર્હુમ મેઘજી મહેરઅલી (મોમ્બાસા)

(જન્મ ૧૮૮૧)(વફાત:૧૯૪૧)

જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં ૧૯૨૧ માં જોડાયા હતા અને ઇન્ડિયા, પાકિસ્તાન અને ઈસ્ટ આફ્રિકાના દેશોમાં વાએઝીન ની કામગીરી કરી હતી. તેઓ મોમ્બાસા (કેન્યા) માં વાએઝીન ટ્રેઈનીંગની કામગીરી કરી હતી. મોમ્બાસા નાં આર્ટીસ્ટ દ્વારા તેમનાં યુવાન વયે પ્રોટ્રેઈટ બનાવેલ જે Simerg.com દ્વારા તા. ૧૦-૫-૨૦૧૨ દ્વારા મીશનરી મેઘજી મહેરઅલી નાં કુટુંબ સાથેનો ફ્રોટો શેર કરેલ છે. આર્ટીકલ નાં લેખિકા ઇજ્જત વેલજી મીશનરી મેઘજી મહેરઅલી નાં પૌત્રી છે. મીશનરી મેઘજી મહેરઅલી મોમ્બાસા માં ૧૯૪૧ માં વફાત પામ્યા હતા,

(Sources:Simerg.com)

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# અલવાએઝ



October, 1961

My Dear Spritual child,

I received your telegram, and I give you my best loving blessings for your devoted services. I am very happy to know that you have completed the Ginan Book in Hunzai language.

Yours, affectionately,

Aga Khan

Al-vaez Nasiruddin Nasir Hunzai
c/o H.H. Aga Khan's Ismailia Council
RAWALPINDI
W. PAKISTAN






**(7) અલવાએઝ અલ્લામા નાસિર હુંઝાઇ (પાકિસ્તાન)**

(જન્મ: ૧૭-૫-૧૯૧૭, નોર્થ પાકિસ્તાન) (વફાત: ૧૪-૧-૨૦૧૭, ટેક્સાસ, અમેરીકા)

જેઓ બુરુશાસ્કી ભાષા નાં ઇસ્માઇલી સ્કોલર, ફિલોસોફર, લેખક અને કવિ હતા. તેમણે નાનપણ માં ઘરનું ગુજરાન ચલાવવા માટે ઘેટા બકરા ચરાવવાનું કાર્ય કરેલ.કહેવામાં આવે છે કે તેઓ એક હાથમાં લાકડી અને બીજા હાથમાં પવિત્ર કુરઆને શરીફ રાખતા. તેમણે દાર્શનિક, ફિલોસોફી અને તત્વજ્ઞાની નાં સુફી અને તાવિલ અર્થો સાથેના તેમના લખાણ અને કાવ્યો પ્રખ્યાત છે.તેમનાં ૧૨૫ થી વધુ પુસ્તકો ઉર્દુ, બુરૂશાસ્કી, પર્શીયન ભાષા માં લખાયેલ છે. હુંઝા ગીલગીર વિસ્તાર માં તેમનાં કાવ્યો નાં કારણે તેઓ લોકોનાં જીવનમાં છવાયેલા રહ્યા છે. ઇ.સન ૧૯૬૧ માં તેમણે ગીનાનો ને હુંઝાઇ ભાષામાં પ્રગટ કર્યા હતા હ.ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીએ તેમને ઓક્ટોબર ૧૯૬૧ માં મુબારક તાલિકાની નવાજેશ કરી તેમનાં કાર્યને બીરદાવ્યું હતુ. તેમનાં ઉર્દુનાં તત્વજ્ઞાન નાં લખાણો પાકિસ્તાન નાં સ્થાનિક ભાષાનાં લેખોમાં પ્રસિદ્ધ છે. જેનો અનુવાદ અલવાએઝા ઝરીના કમાલુદીને કરેલ

(Sources: Wikipedia)

# મીશનરી



**(8) મીશનરી ગુલામઅલી શાહ (દારેસલામ તથા કરાંચી)**

(જન્મ: ૧૯૧૦, કાયમપુર,ભાવલપુર પ્રાંત) (વફાત: ૩-૧૦-૧૯૬૮ કરાંચી)

રીક્રીએશન ક્લબમાં ૧૯૩૨ માં વાએઝીન ટ્રેઈનીંગ માટે રેગ્યુલર ક્લાસ ચલાવતા. જેઓ અરેબીક, પર્શીયન, અંગ્રેજી, સીંધી, ઉર્દુ અને ગુજરાતી ભાષા નું બહોળું જ્ઞાન ધરાવતા હતા.જેઓ કવિ પણ હતા. અઝહર ઉપનામ થી કવિતાઓ લખતા. પીર સબ્જાઅલી ની વફાત બાદ ફ્રિદાઇ મેગેજીન માં તેમના માનમાં કવિતા લખી હતી જે ઘણી પ્રખ્યાત પામી હતી. ૧૯૬૪ માં ઇમામે તેમને દારેસ્લામ માં કાર્ય માટે મોકલ્યા હતા)

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 37 Page no.144)

# મીશનરી



## (9) મીશનરી મર્હુમ રાઇ સાહેબ હમીર લાખા (સિંધ, પાકિસ્તાન)

(જન્મ: ૨૩-૧-૧૮૮૮ સિંધ પાકિસ્તાન) (વફાત: ૧૬-૩-૧૯૬૩ સિંધ,હેદ્રાબાદ )

મીશનરી હમીર લાખા નાં પિતા હેદ્રાબાદ સિંધ માં સ્થાયી થયા હતા જેઓનો લેધરનો બીજનેસ હતો. ઇ.સન ૧૯૧૯ માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) એ વારસ ફદુ પીરુ ખાલીકદીના (૧૮૮૫-૧૯૩૬) ને જણાવ્યું કે યુવાન મુરીદો ને મીશન સેન્ટર માં જોડવામાં આવે. હમીર લાખા જાન્યુઆરી ૧૯૨૦ માં ઇમામ નાં દિદાર માટે બોમ્બે આવ્યા તેમણે ઇમામ ને મહેમાની પેશ કરી. ઇમામે પૂછ્યું "તમે મીશનરી બનવા માંગો છો? તમારા બન્ને ખભા હવે સમાન છે " હમીરે કહ્યું "હું મીશનરી બની જમાત ની તથા ઇમામની ખિદમત છેલ્લા દમ સુધી કરવા માંગુ છું".તેઓ ૧૯૨૦ માં રીક્રીએશન ક્લબ માં જોડાયા. તા.૮-૨-૧૯૨૧ માં ઇમામે રીક્રીએશન ક્લબને જણાવ્યું કે હમીર લાખા ને બે મહિના બોમ્બે માં સેવા કરવાનો મોકો આપો. તેમણે બોમ્બે તથા  ઇન્ડિયા નાં ગામોમાં વાએઝ નો લાભ આપ્યો. તેમણે મદ્રાસમાં ૧૯૨૪ માં ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી ની સ્થાપના કરી. તેમને વઝીર રહીમ બસરીયા તથા પીર સબ્જાઅલી સાથે ઈસ્ટ આફ્રિકા વાએઝ માટે મોકલવામાં આવ્યા. ૧૯૨૫ માં બોમ્બે પરત આવ્યા. ઈશનાઅશરી ફિરકાના હાજી નાજી અને અલી રાજન દ્વારા ઇસ્માઇલીઓ વિરુધ્ધ પુસ્તકો દ્વારા દુષ્પ્રચાર ચાલુ હતો ત્યારે તેમણે પુસ્તકો અને લેખ દ્વારા તર્કબધ્ધ દલીલો સાથે તેનું ખંડન કર્યુ. ૧૯૨૭ માં બસરા ગયા ત્યાં ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરી નાં સભ્યોએ તેમનું સન્માન કર્યું. જેઓ ફિદાઇ મેગેજીન માં  નિયમિત લેખ લખતા.૧૯૪૪ માં બીજા વિશ્વયુધ્ધ વખતે હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ રીક્રીએશન ક્લબને ટેલીગ્રામ કરી જણાવ્યું કે ઇસ્ટ આફ્રિકા માં મીશનરી ને મોકલવામાં આવે.રીક્રીએશન ક્લબ નાં પ્રેસિડેન્ટ મેકલાઇ એ હમીર લાખાને તુરત ઈસ્ટ આફ્રિકા નાં દેશોમાં રવાના કર્યા જ્યાં તેમણે ૧૧૪ ગામોની મુલાકાત લીધી. ૧૯૪૬ માં આગાખાન લીજન કમીટીમાં  ડાયમંડ જ્યુબિલી ની ઉજવણી માટે ની ફંડ રાઇઝિંગ કમીટી માં તેમની નિમણુંક કરવામાં આવી. ઇમામે તેમને ૧૯૪૬ માં આલીજાહ નાં  ટાઇટલ ની નવાજેશ કરી. જેઓએ ૧૯૪૭ સુધી વાએઝ કરી પછી રિટાયર થયા.૧૯૫૦ માં તેમણે ઇસ્માઇલીયા એસોસીએશન  ફોર પાકિસ્તાન માં કાર્ય કર્યું. ૧૯૫૧ માં ઈમામે મહેમાની વખતે ફરમાવ્યું હમીર લાખા એ "બોલતી પુસ્તક" જેવા છે. ૧૯૫૪ માં ઇમામે તેમને રાઇ નાં ટાઇટલ ની નવાજેશ કરી. તેમણે "ઇસ્માઇલી સતપંથ પ્રકાશ" માં ખુદાઇ જલવો નામનાં લેખ ની સીરીઝ ૧૯૨૦ - ૧૯૨૬ સુધી લખી. નિઝારી મુખપત્ર માં અહેવાલ એ કરબલા નાં લેખની સીરીઝ ૧૯૨૬- ૧૯૩૦ સુધી લખી. જેઓએ સાત પુસ્તકો લખ્યા હતા..જેઓ ૧૬-૩-૧૯૬૩ માં હેદ્રાબાદ સિંધ માં સવારે ૪ વાગ્યે જમાતખાને ગયા જ્યાં  તેમની વફાત થઈ હતી.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 41 Page no.161)

# મીશનરી



**(10) મીશનરી જુમા ભગત ઇસ્માઇલ (સીંધ પાકિસ્તાન)**

(જન્મ: ૧૮૮૧,કરાંચી પાકિસ્તાન) (વફાત: ૩૧-૧-૧૯૩૫, કરાંચી)

(જેમણે દારેસલામ માં મીશનરીઓ ને તાલીમ આપવાનું શરૂ કર્યું જેઓએ ઇસ્ટ આફ્રિકા નાં દેશોનાં ચીફ દાઇ તરીકે કાર્ય કર્યુ હતું .તેમણે ગુલામહુશેન જાફર, ફાઝલ મુહમ્મદ, હાશીમ વિશરામ, અબ્દુલ્લાહ ઢલ્લા, મોલેદીના અલારખીયા, મેઘજી મેહર અલી જેવા પ્રખ્યાત મીશનરીઓ ને તૈયાર કર્યા હતા.

(Sources: https://www.facebook.com/share/TivwHwi3G/)

# મીશનરી



## (11) મીશનરી મર્હુમ કરમ હુશૈન (મુલતાન, પાકિસ્તાન)

(જન્મ: ૧૮૮૨, હાફિઝાબાદ, પાકિસ્તાન)( વફાત:૩-૯-૧૯૩૪, મુલતાન પાકિસ્તાન)

તેમનાં પરદાદા રાજપુત ઘરાના નાં હતા અને શમ્સી પંથ પાળતા હતા અને ઇસ્માઇલી મઝહબ માં વિશ્વાસ ધરાવતા હતા.તેમણે પછીથી મુસ્લિમ આસ્થા સાથેનાં નામ નો સ્વીકાર કરી ઇસ્માઇલી મઝહબ માં દાખલ થયા હતા. સમાજ માં તેઓ ગુપ્તી તરીકે ઓળખાતા હતા. મુલતાનની આસપાસ નાં ૭૩ ગામોમાં શમ્સીઓની વસતી હતી. કરમ હુશૈની નો પ્રાથમિક અભ્યાસ મુલતાન માં થયો. રેલ્વેમાં નોકરી કરી, તે તેમણે છોડીને ઝવેરાતની દુકાન ખોલી, તેમણે ઇસ્માઇલીઝમ નો ઉંડો અભ્યાસ કર્યો હતો તેમણે પીર સબ્જાઅલી પાસેથી જ્ઞાન હાંસલ કર્યુ હતું. તા.૨-૩ -૧૯૨૩ માં રીક્રીએશન ક્લબની કોન્ફરન્સ નું આયોજન થયું તેમાં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ પંજાબ પ્રાંતમાં પીર સબ્જા અલીને પ્રેસિડેન્ટ અને કરમ હુશૈન ને ઑન. સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા.તેમણે ૧૯૨૩નાં અંતમાં મુલતાન માં ધી પંજાબ ઇસ્માઇલીઆ મીશન ક્લબની સ્થાપના કરી તથા અગત્યનાં પુસ્તકોનું ઉર્દુ માં પ્રકાશન કર્યું. પીર સબ્જાઅલીએ રૂ.૪૦૦૦ નું ડોનેશન ઉભુ કર્યું અને સિયાલકોટ માં નવા જમાતખાના નું બાંધકામ શરૂ કર્યું જેનું ઉદઘાટન ૧૯૨૬ માં પીર સબ્જાઅલીનાં હસ્તે કરવામાં આવ્યું. ૨૧-૩-૧૯૨૮માં ઇસ્માઇલી ડીસ્ટ્રીક્ટ કાઉન્સીલ ફોર મુલતાનનાં પ્રથમ પ્રેસિડેન્ટ તરીકે કરમ હુશૈનની નિયુક્તિ થઈ. તેમને શરીરમાં ગાંઠ થઈ હતી તેનું ઓપરેશન કરવામાં આવ્યા બાદ ઘણી અશક્તિ રહેતી હતી. તા. ૩-૯-૧૯૩૪માં તેઓ પાર્ક ગોઈટ મુલતાન જમાતખાના ની લાયબ્રેરી માં અવસાન પામ્યા. મુલતાન ઇસ્માઇલી મીશન ક્લબ હેઠળ તેમણે 'મઝહર એ ધાતે હક' (પાર્ટ-૧-૨-૩) પુસ્તક ૧૯૨૩માં પ્રકાશિત કર્યું હતું ૧૯૨૪માં નકલંક દર્પણ, તથા સી હરફીનો ઉર્દુમાં અનુવાદનું પુસ્તક પ્રગટ કર્યું હતું.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Page no.235)

# મીશનરી



### (12) મીશનરી મર્હુમ ખુદાબક્ષ તાલીબ (પાકિસ્તાન)

(જન્મ: ૧૮૯૦, ગ્વાદર, પાકિસ્તાન)(વફાત: ૧૨-૧૨-૧૯૨૫, ઇરિંગા, ટાંગાનિકા)

(જેઓનાં પિતા કરામીન સિંઘનાં તલ્હાર થી ગ્વાદર માં સ્થાયી થયા હતા. તેમનાં માતા ખૈરીબાઈ પણ દઆવત નું કાર્ય કરતા હતા.તેમનો જન્મ ગ્વાદરમાં થયો તેઓ ગુજરાતી, અરબી અને ફારસી ભાષા શીખ્યા હતા.તેઓ ૧૯૧૯ માં બોમ્બે આવ્યા અને હસનાબાદ માં રહેતા હતા.અને રીક્રીએશન ક્લબમાં જોડાયા હતા. મીશનરી ઇબ્રાહીમ જુસબ વરતેજીએ ૧૯૨૧માં ઇસ્લામ વૈદિક નાં સંકલન દરમ્યાન કુરઆનના સંદર્ભોને ચકાસવા માટે તેમની મદદ લીધી હતી. ૨૪ ઓક્ટોબર ૧૯૨૩ માં ખડાધાર જમાતખાના નાં હોલમાં એક ફંકશન રાખવામાં આવ્યું હતું જેમાં તેઓએ રીક્રીએશન ક્લબ અને ઇસ્માઇલીઓ ની ફરજો બાબતે સુંદર પ્રવચન આપ્યું હતું. તેઓએ ૧૫ દિવસનાં પ્રવાસ માટે રંગુન માં પ્રવાસ કરી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો. ઇમામની હિદાયત અનુસાર તેમને તથા મીશનરી અલીભાઇ નાનજીને ઝાંઝીબાર મોકલ્યા હતા. ઇરિંગા એક પહાડી વિસ્તારમાં આવેલ ગામ છે ત્યાં વાએઝ માટે મુસાફરી કરીને જવું તે મુશ્કેલ અને જોખમી હતું. ખુદાબક્ષ તાલીબ અને વારસ મુખી કરમખલી ને કારમાં લઈ ઇરિંગાનાં સ્થાનિક જમાતી સભ્ય બાજુનાં ગામ કિલોસા તેમને તેડવા ગયા. કિલોસા થી ઇરિંગા નો રસ્તો જોખમી હતો. ભારે વરસાદને કારણે રસ્તો ખરાબ હતો.તેઓ ૧૨-૧૨-૧૯૨૫ નાં રોજ ઇરિંગા જવા નિકળ્યા  રસ્તામાં તેમની કાર એક વળાંક પાસે ખાઇ માં પડી ગઇ. ત્રણેય વ્યક્તિઓની વફાત થઈ તેમનાં મૃતદેહોને સ્થાનિક લોકોની મદદ થી બહાર કાઢ્યા. ટાંગાનિકા માં વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા. ખુદાબક્ષ તાલિબ ૩૫ વર્ષની ઉંમરે વફાત પામ્યા. દારેસલામ માં ૧૯૩૨માં કબ્રસ્તાન માં ત્રણ શહીદો માટે યાદગીરી બનાવવામાં આવી હતી.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Page no.265)

# મીશનરી



## (13) મીશનરી મર્હુમ સૈયદ મુનિર

(જન્મ: ૧૮૮૨, સંગનાન, બદખશાન) (વફાત: ૮-૧૦-૧૯૫૭, કરાંચી, પાકિસ્તાન)

(જેઓ રીક્રીએશન ક્લબમાં જોડાઇ યમન, ઇરાક અને ઇજિપ્ત માંથી ઇસ્માઇલીઝમ નાં મેનુસ્ક્રીપ્ટ મેળવવા કાર્ય કર્યું હતું. મીશનરીઓ ને પર્શીયન ભાષા શીખવવા માટે કાર્ય કર્યું હતું.)

**(Sources: https://www.facebook.com/share/p/1BGHrYMRSz/)**

# મીશનરી



## (14) મીશનરી વારસ કાસીમ મુહમ્મદ જાફર (કરાંચી, પાકિસ્તાન)

(જન્મ: ૨૬-૧-૧૯૨૫, ખડાધાર, કરાંચી)

(જેઓએ પ્રાથમિક અભ્યાસ વઝીર રહીમ બસરીયા બોર્ડીંગ ગાર્ડન કરાંચી માં ૧૯૩૬-૧૯૪૦ માં કર્યો. ખડાધાર આરઇસીમાં ટીચર તરીકે ૧૯૪૨-૧૯૪૮ સુધી રહ્યા. ૧૯૪૪માં વાએઝીન ટ્રેઈનીંગમાં જોડાયા અને ૧૯૪૮ માં ઑનનરી મીશનરી બન્યા. ૧૯૫૩-૧૯૬૬ દરમ્યાન ઇસ્માઇલીઆ એસોસીએશન પાકિસ્તાન નાં જોઇન્ટ સેક્રેટરી, પછીથી સેક્રેટરી બન્યા. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ની કરાંચીમાં પ્લેટીનમ જયુબિલી સમારંભ ૩-૨-૧૯૫૪ નાં રોજ યોજાયેલ તેમાં તેમને પવિત્ર કુરઆનની આયાતની તિલાવત કરવાનો મોકો મળ્યો. હ. ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની તખ્તનશીની ની ઉજવણી ૨૩-૧-૧૯૫૮ માં કરાંચી થઇ હતી તથા મુંબઇમાં ૧૧-૩-૧૯૫૮ માં થઇ હતી આ બન્ને જગ્યાએ પવિત્ર કુરઆનની આયાતની તિલાવત કરવાનો મોકો મળ્યો હતો.૧૯૬૩-૧૯૭૨ દરમ્યાન પાકિસ્તાન ઇસ્માઇલીઆ એસોસીએશન નાં વાઈસ પ્રેસિડેન્ટ, ૧૯૭૨-૧૯૮૦ માં પ્રેસિડેન્ટ બન્યા. ૧૯૬૭ની મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ભારતની ૨૩ દિવસ ની મુલાકાત ૫-૧૧-૧૯૬૭ થી શરૂ થઇ હતી તેમાં ઇમામનાં ફરમાનો નું ટ્રાન્સલેશન કરવા માટે તેઓ ઉપસ્થિત રહ્યા હતા.)

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 28 Page no.88)

# મીશનરી



**(15) મીશનરી મર્હુમ અમીરઅલી ખુદાબક્ષ (પાકિસ્તાન)**

(જન્મ: આશરે ૧૯૧૫ ગ્વાદર, પાકિસ્તાન) (વફાત:૧૯૫૯,પાકિસ્તાન )

જેઓ નાં પિતા ખુદાબક્ષ તાલિબ મીશનરી હતા જેઓએ ૧૮૯૦-૧૯૨૫ માં ટાંઝાનિયા મોકલવામાં આવ્યા હતા જ્યાં કિલોસા થી ઇરિંગા જતાં રસ્તામાં કાર અકસ્માત માં ૩૫ વર્ષની વયે તેમની વફાત થઇ હતી. તેમનાં પુત્ર અમીરઅલી પિતાનાં પગલે રીક્રીએશન ક્લબમાં જોડાયા હતા. જેઓએ પાકિસ્તાન માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.તેઓએ ઈસ્ટ આફ્રિકા તથા ઇન્ડિયામાં વાએઝ નો લાભ આપ્યો હતો. ૧૯૩૬ માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ને રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ દ્વારા કાસ્કેટ અર્પણ કરવામાં આવેલ ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર લીધી હતી તેમાં અમીરઅલી ખુદાબક્ષ તસવીર માં દ્રશ્યમાન થાય છે.

*(Source: https://khojawiki.org/Khudabaksh_Talib)*

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



**(16) મર્હુમ મીશનરી મુહમ્મદ મુરાદઅલી જુમ્મા (બાપુ) ( મુંબઈ)**

જન્મ: ૧૮૭૮ મુંબઈ)( વફાત:૪-૨-૧૯૬૬)

જેઓ રીક્રીએશન ક્લબ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં વાએઝીન ટ્રેનીંગ માટે કાર્ય કર્યું હતું. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે તેમની સાથે તસવીર લીધી હતી. જેઓએ ૧૯૪૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



### (17) મીશનરી મર્હુમ આલીજાહ અલીભાઈ નાનજી (મુંબઈ)

(જન્મ: ૧૦-૬-૧૮૯૩,મેખડી, જિલ્લો: પોરબંદર)(વફાત: ૭-૨-૧૯૭૮, હેદ્રાબાદ પાકિસ્તાન)

પિતાને મેખડીમાં ખેતીની જમીન હતી, જમીન માટે લોન લઈ ડુંગળી ખરીદી કરાંચી વહાણ દ્વારા મોકલતાં, દરિયાનાં તોફાનમાં વહાણ ડુબી જતાં તેમને ઘણી ખોટ ગઈ પોતાની માલીકીની જમીન વેચીને માધવપુર નાની દુકાન ચલાવી ગુજરાન ચલાવતા હતા. પુત્ર અલીભાઇએ પોરબંદર માં અભ્યાસ કર્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની કચ્છ પધરામણી ૨૦-૨-૧૯૧૦ માં થઈ ત્યારે વારસ મોલેદીના મેઘજી એ વારસ હબીબ ને કચ્છ માટે સારા શિક્ષકની જરૂર છે તેમ જણાવ્યું. વારસ હબીબે અલીભાઈ નાનજીને કચ્છ માં ધાર્મિક શિક્ષણ આપવા તેમની સીનુગ્રા ગામે નિમણુંક કરી.અલીભાઈ નાનજીએ કરછનાં રજબઅલી જગસી નાં સહયોગ થી સીનુગ્રા માં સ્કુલ માટે સુંદર મકાન બનાવ્યું. ૧૯૧૨ ની નીંગાળ ની વાર્ષિક મજલીસ માં તેમના બાળકોએ સુંદર જ્ઞાન આપ્યું. કચ્છમાં તેમની વાએઝ થી જમાત પ્રભાવિત થતી. ઇમામની હિદાયત થી ૧૯૨૦ માં મુંબઈ આવી રીક્રીએશન ક્લબ માં જોડાયા.તેમને પાકિસ્તાન નાં સિંધમાં ૧૯૨૩માં મોકલવામાં આવ્યા. સપ્ટેમ્બર ૧૯૨૫માં મીશનરી સૈયદ મુનિર સાથે ઝાંઝીબાર, યુગાન્ડા અને કેન્યામાં વાએઝ માટે પ્રવાસ કર્યો. હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) પીર સબ્જાઅલીને પંજાબ વિસ્તારમાં જમાતનાં પ્રશ્નો માટે અવારનવાર મોકલતા, પીર સબ્જાઅલી પૂર્વ આફ્રિકાની ટુરમાં હોય ત્યારે ઇમામ આ કામગીરી માટે અલીભાઈ નાનજીને પંજાબ મોકલતા. ભારત- પાક નાં વિભાજન સમયે તેઓ પાકિસ્તાન હતા, જેથી તેમણે પાકિસ્તાન સ્થાયી થવા વિચાર્યું. ૧૯૪૮માં પાકિસ્તાન માં નવી બનેલી ઇસ્માઇલીઆ એસોસીએશન માં તેમની નિમણુંક કરવામાં આવી. પાકિસ્તાન માં વાએઝીન ટ્રેઇનીગના ક્લાસ કરાંચી, હેદ્રાબાદ, શુકુર, શિકારપુર, લારખાના, સુલતાનાબાદ, અને દાદુ માં ચાલુ કર્યા.

તેમણે ચિરાગે સિરાતે મુસ્તકીમ(૧૯૪૭) પ્રકાશિત કર્યું હતું. તેઓ પાકિસ્તાનનાં હેદ્રાબાદ માં સ્થાયી થયા હતા. હ.ઈમામ શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહીની પધરામણી ૨૧-૧૨-૧૯૬૪ માં થઈ ત્યારે મહેમાની માં અલવાએઝ ને તેમની તેમનાં દાદા અને ઇમામત ની સેવાને યાદ કરી હતી અને તેમની સેવાને બિરદાવી હતી.તેમણે ૧૦ વર્ષ આરઇસી ટીચર અને ૪૫ વર્ષો સુધી વાએઝ દ્વારા જમાતની સેવા કરી હતી.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 12 Page no.32)

# મીશનરી



## (18) મીશનરી ઇબ્રાહીમ જુસબ વરતેજી (વરતેજ, ભાવનગર)

(જન્મ: ૧૮૭૮, વરતેજ, જિલ્લો ભાવનગર) (વફાત: ૩-૮-૧૯૫૩,અમદાવાદ)

મુખી મોહમ્મદ ભોજાણી વરતેજ નાં મુખી તરીકે ઘણા વર્ષો સેવા કરી હતી.હ.ઈમામ હસનઅલી શાહ ભાવનગર પધાર્યા ત્યારે મુખીએ મહેમાની રજુ કરી હતી. ઇમામ મુખી ની સેવા થી પ્રભાવિત થયા હતા અને દુઆ આશિષો આપ્યા હતા. વરતેજનું જમાતખાનું બાંધવામાં તેમનો અગત્યનો ફાળો હતો. તેમનાં પુત્ર જુસબ. જુસબ નો પુત્ર ઈબ્રાહીમ. ઇબ્રાહીમ ને અભ્યાસ માં રસ પડ્યો નહીં. ગામનાં ઇશનાઅશરી સમુદાય નાં સંપર્કમાં આવતાં તેમનાં સમુદાયમાં પ્રચારનાં આર્ટીકલ લખતા.ત્યારબાદ સ્થાનિક સ્કુલમાં શિક્ષક બન્યા. ૧૯૦૦ માં મુંબઈ આવ્યા જ્યાં અલારખીયા શીવજી માણેક,વલી મુહમ્મદ વિ.નાં સંપર્કમાં આવતાં સ્થાનિક બેંકમાં નોકરીમાં લાગ્યા. ૧૯૨૦માં રીક્રીએશન ક્લબના હુઝુર વઝીર મેકલાઇ સાથે મુલાકાત થઈ તેમણે હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)સાથે મુલાકાત કરાવી અને તેમનું જીવન બદલાઇ ગયું. ઇમામે કરાંચી મોકલ્યા ત્યાં વાએઝીન ટ્રેનીંગ લીધી અને વાએઝનો લાભ આપ્યો. ૧૯૨૬માં બર્મા, ૧૯૩૩માં ઈસ્ટ આફ્રિકા તથા ઝાંઝીબાર માં વાએઝ માટે મુલાકાત કરી. ૧૯૩૬ ની ગોલ્ડન જ્યુબિલી અને ૧૯૪૬ ની ડાયમંડ જયુબિલી દરમ્યાન તેમણે ઘણા પુસ્તકો લખ્યા. ઇસ્માઇલી સિતારો, ખોજા સુધારક અને હિંદી પંચ હિમાયતી નાં સંપાદક પણ હતા. તેમણે પ્રખ્યાત પુસ્તક ઇસ્માઇલી ચાબુક, આફતાબે હકીક્ત, ઇસ્લામી એકતા, ઓમ થી અલી પ્રકાશિત કર્યા હતા. ૧૯૫૩માં તેમની તબિયત લથડી. દવાખાને ૩૦ દિવસ દાખલ રહ્યા પરંતુ લેખન કાર્ય ચાલુ રાખતા.૩-૮-૧૯૫૩ માં અમદાવાદ જમાતખાના માં યુવાન ઇસ્માઇલીઓ સાથે સંવાદ નો પ્રોગ્રામમાં હાજરી આપી ત્યાં જમાતખાને સજદામાં પડી ગયા અને ઉઠ્યા જ નહીં. તેઓ અમદાવાદ માં વફાત પામ્યા અને ત્યાં જ દફનાવવામાં આવ્યા.)

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 47 Page no.194)

# મીશનરી



**(19) મીશનરી મર્હુમ હુશૈની પીર મુહમ્મદ (મુંબઈ)**

(જન્મ: ૧૮૭૮)(વફાત: ૧૯૫૧)

રીક્રીએશન ક્લબની સ્થાપના થઇ ત્યારે ફાઉન્ડર મેમ્બર તરીકે હુશૈની પીર મુહમ્મદ તેમાં જોડાયા હતા. ઈ.સન ૧૯૧૨ માં બોમ્બે મીશન માટે સેન્ટ્રલ બોર્ડ અસ્તિત્વ માં આવ્યુ જેમાં પ્રેસિડેન્ટ ઇસ્માઇલ વિરજી માધાણી બન્યા જ્યારે ઓન. સેક્રેટરી હુશૈની પીર મુહમ્મદ બન્યા. જ્યારે રહીમ મોલું જોઇન્ટ સેક્રેટરી બન્યા.

૧૯૨૦માં રીક્રીએશન ક્લબ માં મીશનરી અલીભાઈ નાનજી જોડાયા તેમને ચીફ મિશનરી હુશૈની પીર મુહમ્મદ દ્વારા છ માસની ટ્રેનીંગ આપવામાં આવી હતી. Forum.ismaili.net માં જણાવ્યા અનુસાર ૧૯૨૩માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ મીશનરી હુશૈની પીર મુહમ્મદ ને જણાવ્યું હતું કે "મીશનરી તમે એવી બુક બનાવો કે જેનાં વાંચવાથી વ્યકિત મીશનરી બની શકે." મીશનરી હુશૈની પીર મુહમ્મદે હસ્તલીખીત બુક તૈયાર કરી ઇમામને આપી હતી. આ હસ્તપ્રત હાલ આઇઆઇએસ લંડન ની લાયબ્રેરી માં મૌજુદ છે.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter Alibhai Nanji Missionary and Ali Muhamad Maclai))

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



## (20) મીશનરી મર્હુમ કાસમઅલી આઇ.વાડીવાલા (મુંબઈ)

(જન્મ: આશરે ૧૮૯૫- વફાત: આશરે ૧૯૭૦ )

જેઓ રીક્રીએશન ક્લબ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં વાએઝીન ટ્રેનીંગ માટે કાર્ય કર્યુ હતું. મુંબઇ દરખાના જમાતખાના  પાસે ડોંગરી બજાર પાસે તેઓનું રહેઠાણ હતું. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે તેમની સાથે તસવીર લીધી હતી. જેઓએ ૧૯૭૦ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# અલવાએઝ



## (21) અલવાએઝ મર્હુમ હુઝુર વઝીર અલીમુહમ્મદ રહેમતુલ્લાહ મેકલાઇ (મુંબઈ)

(જન્મ: ૧૮૯૪, કેરા કચ્છ) (વફાત: ૨૧-૭-૧૯૭૧, મુંબઈ)

જેઓનો જન્મ કેરા, કચ્છમાં ૧૮૯૪ માં થયો હતો. ૧૯૧૩માં માં મુંબઈ તેમનાં પિતાનાં ધંધામાં જોડાઇ ગયા.પિતાને બોમ્બે સ્ટોક એક્સચેન્જ માં મોટો કારોબાર હતો.તેઓ ૧૯૧૨માં ઇસ્માઇલી ધાર્મિક લાયબ્રેરીના મેમ્બર બન્યા. ડો.અલી મુહમ્મદ નાસર કરમશી પ્રેસિડેન્ટ તરીકે અને મેકલાઇ ની ઑન. સેક્રેટરી તરીકે નિયુક્તિ થઈ. ૧૯૧૯માં રીક્રીએશન ક્લબની પ્રવૃતિ ભીંડીબજાર મુંબઈ પાસે આવેલ ધુપેલીયા બિલ્ડીંગથી વિસ્તારવામાં આવી. ૧૯૦૮ થી પ્રકાશિત થતું મેગેજીન "ઇસ્માઇલી સિતારો" નાં તેઓ ૧૯૧૪માં ઑન. સેક્રેટરી બન્યા. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ૧૮૮૫ માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા તેનો અપ્રસિદ્ધ ફોટો, ઇમામે મેકલાઇને આપ્યો જે ૧૯૧૫માં ઇસ્માઇલી સિતારો નાં અંકમાં ૩૦ વર્ષ બાદ પ્રસિધ્ધ થયો. રીક્રીએશન ક્લબનું નામ ૧૦-૨-૧૯૨૧ માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ બદલી રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ રાખ્યું જેનાં પ્રથમ પ્રેસિડેન્ટ તરીકે મેકલાઇને, હસનઅલી લાલજી દેવરાજ ને ચીફ ઑન. સેક્રેટરી તરીકે નીમ્યા. ૧૯૩૩ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ ની બ્રાંચ પુના, અહમદનગર, ગુજરાત, અમદાવાદ, કરાંચી, કાઠીયાવાડ, પંજાબ, બીરાર અને બર્મા માં સ્થાપી. ૧૯૩૬માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી ની ઉજવણી પ્રસંગે ઇસ્માઇલી સિતારા એ ઉમદા કામગીરી બજાવી હતી જેથી મેકલાઇને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવ્યા હતા. ઇસ્માઇલી ઇમામ હ. ઇમામ નિઝાર(અ.સ.) બીજા (૧૫૮૫-૧૬૨૮)નું એક પેઇન્ટ કરેલ પોટ્રેઇટ (ઐતિહાસિક પીકચર) મળી આવેલ જે પ્રથમ વખત ઇસ્માઇલી નાં અંકમાં ૧૯૩૭માં છાપવામાં આવ્યું હતું. તેઓએ ૧૯૧૨-૧૯૩૬ અને ૧૯૩૭-૧૯૪૮ સુધી ૩૫ વર્ષો સુધી રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ માં પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી હતી. ૨૦-૭-૧૯૪૫ માં દારેસલામ માં ઇસ્માઇલી મીશન કોન્ફરન્સ માં ઇમામે તેમને ખાસ આમંત્રિત કર્યા હતા. ૧૯૪૪ માં રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ નું નામ બદલી ઇસ્માઇલીઆ એસોસીએશન કરવામાં આવ્યું તેના તેઓ પ્રથમ પ્રેસિડેન્ટ બન્યા હતા. જ્યારે વાઇસ પ્રેસિડેન્ટ તરીકે રજબઅલી મોહમ્મદ દંડાવાલા તથા રહેમતુલ્લાહ વિરજી ઑન. સેક્રેટરી નિયુક્ત થયા હતા. ૧૯૪૬ માં ઇમામે તેમને કેન્યા, ટાંગાનિકા, યુગાન્ડા, ઇન્ડિયા અને પાકિસ્તાન ઢાકા બ્રાંચ સહિત તેમને ઇન્ટરનેશનલ ઇસ્માઇલીયા એસોસીએશન નાં પ્રમુખ તરીકે નિમ્યા હતા. ૧૯૫૦ માં હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં સાલગ્રેહ દરબાર માં તેમને હજુર વઝીર નાં ટાઇટલની નવાજેશ કરી હતી. તેમણે પ્રખ્યાત ઐતિહાસિક દસ્તાવેજો નાં સંગ્રાહક અને રશીયન સ્કોલર ડબ્લ્યુ.આઇનોવ સાથે ઇસ્માઇલી સમુદાયની ઐતિહાસિક મેનુસ્ક્રીપ્ટ મેળવવા માટે કાર્ય કર્યુ હતું. જેઓએ ૧૯૪૬-૧૯૫૪ સુધી વર્લ્ડ હેડ તરીકે સેવા બજાવી હતી. ત્યારબાદ તેઓ નિવૃત જિવન પસાર કરી મુંબઈમાં ૨૧-૭-૧૯૭૧ માં તેમની વફાત થઇ હતી. ૧૯૧૨ માં શરૂ કરેલ કારર્કીદી માં તેમને વી.એન હુદા અને મુખી લાલજી દેવરાજ નો સાથ મળ્યો હતો તે દરમિયાન ઇસ્માઇલી સમુદાયની ઐતિહાસિક દસ્તાવેજો, પીરોનાં ગીનાનો અને ગ્રંથોનાં હસ્તલીખીત લખાણો મેનુસ્ક્રીપ્ટ માંથી ઘણા પ્રકાશનો પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં આવ્યા હતા.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 11 Page no.25)

# મીશનરી



**(22) મીશનરી મર્હુમ ગુલામહુશેન વિરજી (મુંબઈ)**

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે. જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટિટ્યુટ માં ચીફ ઑન. સેક્રેટરી તરીકે ૧૯૩૭-૧૯૪૧ સુધી સેવા આપી હતી.

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



મીશનરી મર્હુમ સૈયદ મહમદશાહ
(ભારત-પાક ઉપખંડ)

## (23) મીશનરી મર્હુમ સૈયદ મહમદશાહ (ભારત-પાક ઉપખંડ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)



મીશનરી મર્હુમ દામજી વેલજી
(ભારત-પાક ઉપખંડ)

**(24) મીશનરી મર્હુમ દામજી વેલજી (ભારત-પાક ઉપખંડ)**

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



મીશનરી જાફર જીવાન
ભારત-પાક ઉપખંડ

**(25) મીશનરી મર્હુમ જાફર જીવાન (ભારત-પાક ઉપખંડ)**

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



મીશનરી મર્હુમ અબ્દુલ્લા ઇસ્માઇલ (ભારત-પાક ઉપખંડ)

## (26) મીશનરી મર્હુમ અબ્દુલ્લા ઇસ્માઇલ (ભારત-પાક ઉપખંડ)

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે.

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)



મીશનરી મર્હુમ બદરૂદીન નુરમોહંમદ (ભારત-પાક ઉપખંડ)

### (27) મીશનરી મર્હુમ બદરૂદીન નુરમોહંમદ (ભારત-પાક ઉપખંડ)

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



**મીશનરી મર્હુમ તજજાર**
**મુખી મોહમ્મદ**
**(ભારત-પાક ઉપખંડ)**

**(28) મીશનરી મર્હુમ તજજાર મુખી મોહમ્મદ (ભારત-પાક ઉપખંડ)**

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



મીશનરી મર્હુમ આલીજાહ મોલું અલારખીયા
(કાસ્કેટ ડોનર )
(ભારત-પાક ઉપખંડ)

## (29) મીશનરી મર્હુમ આલીજાહ મોલુ અલારખીયા

(કાસ્કેટ ડોનર) (ભારત-પાક ઉપખંડ)

(જન્મ: આશરે ૧૯૦૦, મુંબઈ)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે

(Sources:Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



**મીશનરી મર્હુમ ઇસ્માઇલ મોહંમદ જાફર (મુંબઈ)**

## (30) મીશનરી મર્હુમ ઇસ્માઇલ મોહમ્મદ જાફર (મુંબઈ)

(જન્મ: ૫-૬-૧૯૦૪, મુંબઈ)( વફાત: ૩૦-૧૦-૧૯૭૮ કરાંચી)

(જેઓ રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટયુટ માં જોડાયા બાદ ભારત-પાક ઉપખંડ માં જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓ ૧૯૩૬- ૧૯૩૭ દરમ્યાન પ્રેસિડેન્ટ તરીકે કાર્ય સંભાળેલ હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ગોલ્ડન જ્યુબિલી ની ઉજવણી વખતે ૧૯૩૬ માં ફંડ રેઇઝીંગ કમીટીમાં મહત્વની કામગીરી સંભાળી હતી. જેઓએ પ્રિન્સ અલીખાન નાં પર્સનલ સેક્રેટરી તરીકે પણ કાર્ય કર્યુ હતું. ૧૯૩૧ માં તેમણે તેમના પિતાની યાદ માં લોનાવાલા માં સેનેટોરીયમ નું બાંધકામ કરાવેલ જે તેમણે ૧૯૭૬માં ફિદાઇ બોર્ડીંગ અંધેરીને અર્પણ કરી દીધું હતું.હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) ને રીક્રીએશન ક્લબના સભ્યો મીશનરીઓ દ્વારા ૧૯૩૬ માં કાસ્કેટ અર્પણ કરવામાં આવ્યુ હતું ત્યારે ઇમામે મીશનરીઓ સાથે તસવીર પડાવી હતી.જેમાં તેઓ દૃષ્ટમાન થાય છે.

(Sources: Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK)

# મીશનરી



## (31) મીશનરી આલીજાહ પીર સબ્જાઅલી રમજાન (મુંબઈ)

જન્મ: ૧૮૮૪, મુંબઈ) (વફાત: ૧૨-૧૨-૧૯૩૮, મુંબઈ)

(જેઓના જન્મ નાં બે મહિના બાદ પિતા રમજાનઅલીની વફાત થઈ હતી.માતા માઘબાઈએ પુત્રને ઇમામની સેવામાં અર્પણ કરી દીધો હતો. માતાએ  તેમને વારસ મુહમ્મદ રેમુને ત્યાં ગ્વાદર પાકિસ્તાન ૧૮૯૮માં મોકલ્યો. તેમના જીવન સાથે સંકળાયેલ એક બનાવે તેમનાં જીવનને બદલી નાખ્યું. એક અંધબાઈ સોનબાઈ જમાતખાના માં સવારે વાસણ સાફ કરી રહી હતી. સબ્જાઅલી પાણી પીવા જમાતખાને ગયા, તેમના પગલાનાં અવાજ સાંભળી તેમને કીધું તમે તમારા ધુમ્રપાન વાળા મોઢા સાથે ગ્લાસથી પાણી પીધું છે.એટલે તેને ખરાબ કર્યો છે તેને મારે ફરીથી સાફ કરવો પડશે. આ વેણ તેમનાં હદય માં લાગી ગયા.તેમણે ધુમ્રપાન છોડી દીધું અને તેની જીંદગી બદલાઈ ગઈ. વારસ મુહમ્મદ રેમુ પાસે તેમણે ધાર્મિક જ્ઞાન હાંસલ કરવાનું શરૂ કર્યું અને ખંતથી માછલીના ધંધા ને શીખવા માટે મહેનત કરવા લાગ્યા. ૧૯૦૪ માં પસાની ગામનાં કામડિયા તરીકે નિમણુંક થઈ અને જમાતને વાએઝનો લાભ આપ્યો. ૧૯૦૭ માં તેઓ મુખી સાહેબ તરીકે નિમાયા. ગ્વાદર કાઉન્સીલે તેમને ઓરમાડા શિક્ષણનાં પ્રસાર માટે મોકલ્યા. ત્યાં ૧૯૦૯ માં સ્કુલની સ્થાપના કરી. ૧૯૧૨ સુધીમાં તો સફળ બિઝનેશમેન, સામાજીક કાર્યકર અને મીશનરી તરીકેની ખ્યાતી પામી ચુક્યા હતા.તેમણે ૧૯૨૦ માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં ફરમાન પુસ્તક સ્વરૂપે પ્રગટ કર્યા. ૨૦-૪-૧૯૨૦માં ખડાધાર પાકિસ્તાન માં ઇમામની પધરામણી થઇ તેમાં મીશનરીના કાર્યને બીરદાવી.ઇમામે તેમને દુઆઆશિષો આપ્યા હતા. ૭-૩-૧૯૨૩માં બદકશાનનાં ઇસ્માઇલીઓને પુનામાં દિદાર નવાજેશ કર્યા તેમાં મીશનરી ને બોલાવી સેન્ટ્રલ એશિયાના દેશોની મુસાફરી કરવા હિદાયત આપી. જેમણે ડિસેમ્બર ૧૯૨૩માં આ વિક્ટ કાર્ય પૂર્ણ કરી મુંબઈ આવ્યા તેમનાં માનમાં મુખી લાલજી દેવરાજે ૬-૧-૧૯૨૪ માં ડીનર પાર્ટી રાખી હતી. જેઓએ ૧૯૩૦-૧૯૩૪ સુધી ઇસ્ટ આફ્રિકા દેશોની મુલાકાત લીધી. હ.ઇમામ સુલતાન મહમ્મદ શાહ (અ.સ.)ની ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે સેલીબ્રેશન કમીટીમાં ફંડ રાઇઝિંગ કમીટીમાં અગત્યનો રોલ ભજવ્યો હતો. ૧-૩-૧૯૩૭ ની ગોલ્ડન જ્યુબિલી ઉજવણીના નૈરોબી દરબાર માં પોતાના વરદ હસ્તે સોનાની લગડી મુકવા માટેનું માન પ્રાપ્ત થયું હતુ. ડિસેમ્બર ૧૯૩૮માં તેમણે કાંડી મહૌલ્લા જમાતખાનામાં સ્પીચ આપી.અને રીક્રીએશન ક્લબની મુલાકાત લીધી ત્યાં હદય રોગનો હુમલો આવ્યો. હ.ઇમામ સુલતાન મુહમ્મદ શાહ(અ.સ.)એ ૧૦-૧૨-૧૯૩૮માં તેમની મુલાકાત લઈ તબિયત ની ખબર પુછી. ૧૨-૧૨-૧૯૩૮ માં મુંબઈમાં તેમની વફાત થઈ. ઇમામે તેમને ચીફ દાઈ નો તથા વફાત બાદ પીરનો ઈલ્કાબ આપી નવાજ્યા હતા.

**(Source:https://www.ismaili.net/Source/pirsabzali/biog1.html)**

# અલવાએઝ




**32) અલવાએઝ મર્હુમ પીરભાઇ માધવજી ભગત (વઢવાણ)**
(જન્મ: ૧૮૭૬ આશરે, ઝાંપોદર, જિલ્લો સુરેન્દ્રનગર)
(વફાત: ૧૯૭૩,બદીન, પાકિસ્તાન)

જેઓનો જન્મ ઝાંપોદર માં થયો. પિતા માધાભાઈ ઠક્કર. તેઓને ધાર્મિક સાહિત્યમાં રૂચિ નાનપણ માં બાવાની જમાત સાથે ઘરેથી નિકળી ગયા.અને વિરમગામ અને ઉતરગુજરાત નાં ગામોમાં ફરતા રહ્યા.તેમનાં ભાઈને ખબર પડી એટલે તેઓ તેમને ઘરે લાવ્યા. પરંતુ તેમને ઘરમાં ગોઠતુ નહોતું એટલે ભ્રમણ કરવાની આદત. તેમને ઇસ્માઇલીઝમ નો રંગ લાગ્યો ધાર્મિક પ્રવચનો કરતાં તે સાંભળી આણંદ વિસ્તારનાં ઉટીયાદરા, ઝાલાવાડ નાં ભાલ પંથક નાં ખારવા, ભીલ, પઢાર, ભરવાડ, કોળી જ્ઞાતિમાં તેઓ ભગત બાપાના નામે ઓળખાતા. અલવાએઝ કાદરભાઈ બી.પટેલ ને તેમણે બોધ્યા હતા જેઓ સરથાણ ગામ છોડી પછીથી કેન્યા ગયા જ્યાં ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ સ.) એ તેમને પ્રિન્સ કરીમ અને પ્રિન્સ અમીન મુહમ્મદ ને ધાર્મિક શિક્ષણ આપવા પસંદ કર્યા હતા. કાણોતર માં રહેતા છગનભાઈને તેમણે બોધ આપ્યો હતો જેઓ ભાલ પંથકમાં છગન ભગત તરીકે ઓળખાતા તેઓ ઇમામની શાનાખત ની વાએઝ કરતા જેને સાંભળવા ભાલ પંથકની જમાત ઉમટતી. તેમણે ૧૨ વર્ષની વયે ધાર્મિક પ્રવૃતિ શરૂ કરી હતી ભારત-પાક નાં મશહુર લેખક  જેઓ ૧૯૩૫ સુધી ગુજરાત હતા અને પછી પાકિસ્તાન માં લારકા ગામે સ્થાયી થયા હતા તેઓએ સચરાબ તુરાબી તરીકે અનેક પુસ્તકો લખ્યા છે તે પૈકી 'ધર્મ નાં ધ્વજધારી" પુસ્તકમાં પાનાં નં ૮૪ થી ૧૨૫ માં પીરભાઇ માધવજી ભગતનો જીવનવૃતાંત આલેખ્યો છે. તેમની દઆવત ને કારણે અનેક લોકોએ ઇસ્માઇલી મઝઝબની શનાખત મેળવી હતી. ૧૯૩૬માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ગોલ્ડન જ્યુબિલી ની ઉજવણી માં તેમને ખાસ મુંબઈ તેડાવ્યા હતા. લેખક લખે છે કે ૧૯૫૨માં પીરભાઇ ભગત ને વાએઝ અને દઆવત માટે કરાંચી, હિસબ, ચદિયો ગામ, હેદ્રાબાદનાં ટંડો મોહમ્મદ ખાન અને બદીન, થરપાકરમાં દઆવત કરતા હતા. ૧૯૬૩ માં ગંભીર માંદગી માં પટકાયા જેઓ બદિન માં મીશનરી કાસમ અલી નાં ઘરે રહેતા હતા. ૧૯૭૩માં ફરી બિમાર પડ્યા ત્યારે બદિન માં તેમના સગા સંબંધિ અને પુત્રી ને બદીન તેડાવવામાં આવ્યા જેમની હાજરીમાં તેમની વફાત થઇ હતી. તેમનાં બે પુત્રો પૈકી શરીફભાઈ અને રહીમભાઇ વઢવાણીયા કાંકરીયા અમદાવાદ માં રહે છે રહીમભાઇ નાં પુત્ર બરકત ભાઇ પાસેથી મૌખિક માહિતી પણ પ્રાપ્ત કરવામાં આવી છે. કુટુંબના અન્ય સભ્યો પાકિસ્તાન થઇ પછી કેનેડા સ્થાયી થયા છે.તેમનો ફોટો પ્રાપ્ત થયો નથી)

(Sources; Information collected from Book of Dharm na Dhavajdhari Gujarati language Author Sairab Turabi From Page no.84-125)

# મીશનરી









## (33) મીશનરી મર્હુમ અલીભાઈ મોહમ્મદ બાબવાણી (માળીયા હાટીના)

(જન્મ: ૧૯૧૧, કેશોદ, જિલ્લો જુનાગઢ) (વફાત: ૧૨ ડિસેમ્બર ૧૯૬૫, મોરબી)

(જેઓએ હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) ની ૧૯૫૧ની રાજકોટ પધરામણી વખતે, અમીરઅલી રાહી મીશનરી સાથે રહ્યા હતા.જેઓએ દેશનાં જુદા જુદા ભાગોમાં ૨૪થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓ હ.ઇમામ શાહ કરીમ સલવાતુલ્લાહ અલૈહીની ભારતમાં હસનાબાદ, મુંબઈ ખાતે ૧૯૫૭માં યોજાયેલ તખ્તનશીની ની ઉજવણી વખતે આશરે ૩૦૦૦૦ જમાતની હાજરીમાં વાએઝ રજુ કરવાનો મોકો મળ્યો હતો.જેઓ સારા લેખક પણ હતા.તેમણે અલ્લાહના રસુલો પુસ્તક લખ્યું હતું જે ૧૯૫૭ માં ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા હસ્તકની ઇસ્માઇલી રીલીજીયસ બુક ડીપો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ. ૨૧ માર્ચ ૧૯૬૩ માં ઇમામ દ્વારા નવી દુઆની નવાજેશ કરવામાં આવેલ ત્યારે નવી દુઆની ફઝીલત ઉપર વાએઝ દ્વારા સમજણ આપી હતી. જેમણે તેના પર શ્રેણીબધ્ધ આર્ટીકલ લખ્યા હતા જે ફેબ્રુઆરી ૧૯૬૮ નાં વાએઝીન ડાઇજેસ્ટ માં તેમનો લેખ છાપવામાં આવ્યો હતો. જેમની વફાત ૧૨ ડિસેમ્બર ૧૯૬૫ માં થતાં, હ.ઈમામ શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહી દ્વારા મુબારક તાલીકાની નવાજેશ ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયાને તા. ૨૦-૧૨-૧૯૬૫ માં કરવામાં આવેલ જેમાં મરહુમ મીશનરી નાં રૂહ ની અખંડ શાંતિ અને રાહત માટે દુઆ આશિષોની નવાજેશ ફરમાવી હતી તેમજ કુટુંબના સભ્યોને આ ખોટ બદલ સંવેદના વ્યક્ત કરી દુઆ આશિષો ફરમાવ્યા હતા.)

(Sources: Mubarak Talika copy and Photo collected from Amit Babvani Atlanta USA and Iqbalbhai Babwani Junagadh)

# અલવાએઝ

**મર્હુમ અલ્વાએઝ નો ફોટો અપ્રાપ્ય છે.**



મર્હુમ અલવાએઝ નાં દોહીત્રા વેરાવળનાં ફિરોઝભાઇ સદરૂદીનભાઈ ટોલીયા નો ફોટો છે જેમના પાસેથી અલવાએઝ ની વિગતો મળેલ છે.

## (34) અલવાએઝ મર્હુમ રાઇ સાહેબ જુસબભાઈ જુમાભાઈ થારાણી (વેરાવળ)

(જન્મ: ૧૯૦૦, વેરાવળ, ગુજરાત) (વફાત: ૧૯૮૪, વેરાવળ, ગુજરાત)

(જેઓએ ૧૯૩૦-૧૯૭૮ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓએ પ્રેસિડેન્ટ, કાઉન્સીલ ફોર જુનાગઢમાં ૧૯૪૫-૧૯૫૦ સુધી સેવા કરી હતી. જેઓ મીકેનીકલ અને સાથે સાથે ઇલેક્ટ્રીક એન્જીનીયર હતા જેઓએ આઝાદી પહેલાં જુનાગઢનાં નવાબનાં વેરાવળ ખાતેનાં બંગલામાં કાર્ય સંભાળતા હતા.ત્યારબાદ ભારત સરકાર નાં પોર્ટ ખાતામાં વેરાવળ માં જોબ કરતા હતા.તેઓ વેરાવળની આસપાસ ની કેશોદ, માંગરોળ, ચોરવાડ, કોડીનાર, ઉના, દીવ, ઘોઘલા, વણાકબારા વિસ્તારમાં આવેલી આપણી ધાર્મિક નાઇટ સ્કુલ ને રેગ્યુલર કરવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. જેઓ પોતાના સ્વખર્ચે ધાર્મિક પુસ્તકો ખરીદી આ જમાત સુધી પહોંચાડતા હતા. વણાકબારા અને ચોરવાડ જેવા સેન્ટર માં જે ચાંદરાત સિવાયની મજલીસો નહોતી થતી તેને માટે પ્રયત્નો કરી ચાલુ કરાવી હતી. જેમાં તેઓ વાએઝ કરવા જતા. તેમની સેવાની કદર રૂપે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)નાં સમયમાં તેમને રાઇ સાહેબના ટાઇટલ ની નવાજેશ થઇ હતી. અલવાએઝ નો ફોટો અપ્રાપ્ય છે. તેમનાં દોહીત્રા ફિરોઝભાઇ સદરૂદીન ટોલીયા નો ફોટો સામેલ છે તેમની પાસેથી સેવાની ઘણી વિગતો પ્રાપ્ત થયેલ છે)

(Information collected from Family member Mr. Firozbhai Sadruddin Toliya ( Kompally Hyderabad) and Mr.Altaf Toliya ( Diu)

# અલવાએઝ








**(35) અલવાએઝ વઝીર પરમાણંદદાસ ખોડીદાસ અંધારિયા (ભાવનગર)**

(જન્મ: ૨૮-૧૨-૧૯૦૮, ભાવનગર) (વફાત: ૩૦-૧૨-૧૯૯૧)

(જેઓએ ૧૯૪૫-૧૯૯૧ સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો.)(૧૫ જૂન ૧૯૪૫ માં સ્થાપવામાં આવેલ આંબાચોક ભાવનગર માં ગુપ્તી ઇસ્માઇલી જમાતખાના નાં પ્રથમ મુખી થવાનો તેમને બહુમાન મળ્યું હતું તેમની સાથે અલવાએઝ કામડિયા સાહેબ ઇત્માદિ કાળીદાસ વનારસી હતા જેઓ ૨૦ વર્ષો સુધી મુખી કામડીઆ નાં પદે સેવા કરી હતી.ગુપ્તી જમાત માટે હાઉસિંગ સોસાયટી એરપોર્ટ રોડ પર બનાવવામાં આવેલ તેને વઝીર પરમાણંદદાસ ખોડીદાસ નાં નામ સાથે જોડી ધી વી.પી.સોસાયટી ભાવનગરનું નામકરણ કરવામાં આવ્યું હતું. જેઓ ભારતભર નાં જમાતખાનાઓમાં વાએઝ કરતા હતા. સને ૧૯૮૯ ની ભાવનગર ખાતેની મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની પધરામણી દરમ્યાન એરપોર્ટ પર તેઓને સત્કારવાનો મોકો મળ્યો હતો. વઝીર સાહેબ ની વફાત બાદ મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીએ તેમનાં રૂહ નાં અખંડ શાંતિ અને રાહત માટે તથા કુટુંબનાં સભ્યોને આ ખોટ બદલ સંવેદના વ્યક્ત કરતા મુબારક તાલીકા ની નવાજેશ તા ૩-૧-૧૯૯૨ માં કરી હતી તથા દુઆ આશિષો ફરમાવ્યા હતા.

(Sources: Information collected from Family Members MR.Amin Andhariya (Bhavnagar) and Mr. Animesh Andhariya (Bhavnagar)

# અલવાએઝ



**(36) અલવાએઝ મર્હુમ ઇત્માદિ કાળીદાસ વનારસીદાસ અંધારીયા (ભાવનગર)**

(જન્મ: ૩૧-૧૨-૧૯૧૭, ભાવનગર) (વફાત: ૯-૯-૨૦૦૨, ભાવનગર)

(જેઓ આંબાચોક ભાવનગર માં ૧૯૪૫ માં પ્રથમ જમાતખાના ની સ્થાપના થઈ ત્યારે વઝીરસાહેબ પરમાણંદદાસ ખોડીદાસ અંધારીયા મુખીસાહેબ બન્યા તેમની સાથે કામડીયાસાહેબ તરીકે ૧૯૪૫-૧૯૬૫ સુધી સેવા આપી હતી..જેઓએ ૧૯૩૬-૨૦૦૨ સુધી ૪૬ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓને ઘણા ગીનાનો મોઢે હતા ગીનાનોનાં રાગ મધુર કંઠે ગાતા હતા એટલુંજ નહિ, જમાતનાં સભ્યોને ગીનાન નાં રાગ શીખવવા માટે ૨૦ થી વધુ વર્ષોની સેવા આપી હતી)

(Sources: Information collected from Family Members)

# અલવાએઝ







**(37) અલવાએઝ મર્હુમ  વઝીર જાફરઅલી અબજી  ભલવાણી (સણોસરા)**

(જન્મ: ૨૭ -૧૨-૧૯૦૩ સણોસરા) (વફાત: ૨-૧૦-૧૯૯૦ હેદ્રાબાદ)

(જેઓએ ૫૦ વર્ષો સુધી  જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓ ગુજરાતી ભાષાના ધાર્મિક પુસ્તકોના મોટા લેખક  હતાં જેમણે ભલવાણી ભંડોળ, પ્યારા ઇમામની પ્યારી વાતો, ઇલ્મ નો ખજાનો, તાજ વગરનાં શહેનશાહ ધી સન્ડે ટાઇમ વીકલી રીવ્યું ખબરપત્રી નિકોલસ ટોમલીને હ ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની  અખબારી મુલાકાત તા ૧૨-૧૨-૧૯૬૫માં લીધી હતી તેને પુસ્તક સ્વરૂપ માં પ્રગટ કર્યા હતા તેમજ  ૧૯૫૦-૧૯૮૦ દરમ્યાન ઘણા પ્રકાશનો પ્રગટ કર્યા હતા)

(Sources: https://www.ismaili.net)

# અલવાએઝ



## (38) અલવાએઝ મર્હુમ આલીજાહ ઇસાભાઈ વિરાણી માસ્તર કલાણાવાળા (જામનગર)

(જન્મ: ૧૯૦૦)(વફાત: ૧૮-૫-૧૯૮૪)

(જેઓએ ૧૯૪૫-૧૯૮૦ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ. વઝીર ગુલામહુશેન વારસ કાસમભાઈ નાં સમયમાં જામનગર સ્ટેટ ઓફીસ માં કાર્ય કરેલ.આરઇસી નાં ટીચર્સ તરીકે તથા કાઉન્સીલ જામનગર માં કાર્ય સંભાળેલ)

(Sources: Information collected from Mr. Mansur Virani (Jamnagar)

# મીશનરી



### (39) મીશનરી ભગત કાળા રૂડા (રાજકોટ)

(જન્મ: ૧૮૮૧, શીશાંગ રાજકોટ) (વફાત: ૩-૩-૧૯૩૧, રાજકોટ)

(ઔનનરી મીશનરી તરીકે કાર્ય કર્યુ હતું. પોલીસ ખાતામાં ઉચ્ચ હોદા પર હતા. માળીયા મીયાણા પંથકમાં ઘણા વર્ષો નોકરી કરી સ્વૈચ્છિક રાજીનામુ ધરી દઈ વાએઝીન ની કામગીરી કરી હતી)

(Sources: https://www.ismaili.net)

# મીશનરી


ઉદ્યોગથી વેપારની પ્રવૃતી.
ઈસ્માઈલી બંધુઓની સામાજીક સ્થીતી.
લખનાર—મીશનરી અલીદીના મામુ.


મીશનરી મર્હુમ અલીદીના મામુ
(દારેસલામ)
(જન્મ: આશરે ૧૮૯૦, મુંબઈ)
વફાત: દારેસલામ)




## (40) મીશનરી મર્હુમ અલીદિના મામુ (મુંબઇ તથા દારેસલામ)

(જન્મ: આશરે ૧૮૯૦, મુંબઈ)(વફાત: દારેસલામ)

જેઓ રીક્રીએશન ક્લબ માં જોડાયા બાદ સક્રીય ફાઉન્ડર સભ્યો સાથે મીશનરી તરીકે કાર્ય કર્યું હતું. જેઓ સારા લેખક પણ હતા.હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની સાલગ્રેહ પ્રસંગે ઇસ્માઇલી નો અંક ૨૫ સવ્વાલ ૧૩૪૬ હિજરીમાં બહાર પડ્યો હતો.જે. ૨૭ માર્ચ ૧૯૨૮ નાં અંકમાં તેમણે "ઉધોગ થી વેપાર ની પ્રવૃતિ" લેખ પૃષ્ઠ ૬૯ ઉપર પ્રસિદ્ધ કરેલ છે. આ જ અંકમાં પૃષ્ઠ ૮૨ માં મીશનરી અલીદિના મામુ સાથે દારેસલામ જમાતખાના પર માચ ફ્લેગની સેરેમની ની ઉજવણી નો ફોટો છાપેલો છે.મુંબઈ માં ૧૯૩૬ માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ને કાસ્કેટ અર્પણ કરવામાં આવેલ ત્યારે મીશનરીઓ સાથે ઇમામે તસવીર લીધી હતી જેમાં મીશનરી અલીદિના મામુ નજરે પડે છે.

(Source::Simerg.com posted an article in January 2010 with Photographed by Golden Art Studio, Photo credited Ameer Janmohamed Collection, London, UK and data received from published in Ismaili papers on dated 27-3-1928)

# મીશનરી



## (41) મીશનરી રાઇ સાહેબ સુલતાનઅલી નજરઅલી વાલજી (ટાંઝાનિયા)

(જન્મ: ૧૩-૬-૧૯૨૯,મોશી ટાંઝાનિયા)

પીર સબ્જાઅલી (૧૮૮૪-૧૯૩૮) ની મોશીની મુલાકાત વખતે તેમની નાની વય હતી પરંતુ તેના જીવન માં તેની ઉડીં અસર થઇ હતી. ૧૯૪૫માં આગાખાન બોર્ડીંગ હાઉસ દારેસલામ માં સેકન્ડરીનો અભ્યાસ કર્યો. ૨૦-૭-૧૯૪૫ માં દારેસલામ માં વાએઝીન કોન્ફરન્સ આગાખાન હાઇસ્કુલનાં ઓડીટોરીયમ માં યોજાયેલ તેમાં ઇમામે સંબોધન કર્યુ તેમાં તે વોલેન્ટીયર તરીકે સેવા આપવા ગયા હતા.તેમાં તેમનો સંપર્ક બચીબાઈ  તેજપાર સાથે થયો હતો.તેમનાથી તેઓ પ્રભાવિત થયા હતા. ૧૯૪૭ માં પોતાનો અભ્યાસ પૂર્ણ થયો કે તેઓ રીલીજીયસ સેન્ટરમાં જોડાયા જેના ઇન્ચાર્જ મીશનરી અબુ અલી અઝીઝ હતા.તેમને ૧૯૪૮ માં નૈરોબી નાં જમાતખાના માં ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની હાજરીમાં ગીનાન બોલવાનો મોકો મળ્યો હતો. ઇમામ ની હિદાયત બાદ તેઓ ૧૯૪૯માં પાકિસ્તાન ઇસ્માઇલીયા એસોસીએશન માં જોડાયા જ્યાં મીશનરી અલીભાઈ નાનજી અને જાફરઅલી કે.લાલાણીએ તેમને અભ્યાસ માં મદદ કરી. હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)એ ૧૯૫૦ માં પાકિસ્તાન પધરામણી ફરમાવી ત્યારે ઇસ્માઇલીઆ એસોસીએશન ને વાએઝીનો ને ટ્રેઈનીંગ આપવા તથા ઢાકામાં ઇસ્માઇલીઆ એસોસીએશન ની ઓફીસ ખોલવા હિદાયત આપી. ઇસ્માઇલીયા એસોસીએશને  તેમને ઢાકા મોકલ્યા. જ્યાં તેમણે રીલીજીયસ સેન્ટર અને લાયબ્રેરી ની સ્થાપના કરી હતી. તેમને રંગુન, મલેશીયા અને સિંગાપુર ની વાએઝ માટે વીઝીટ કરી.કાઉન્ટ પારો એ તેમને જ્યુબિલી ઇન્સ્યોરન્સ કું ની એજન્સી આપી તેમણે મોમ્બાસા માં વિક્રમ પોલીસીઓ વેચી.હ.ઇમામ શાહ કરીમ (અ.સ.)ની બૈઅત સેરેમની ૧૯૫૮માં નૈરોબીમાં યોજાયેલ જેમાં તેમણે અગત્યની સેવા આપી હતી.તેમણે ૧૯૯૦ માં ભારત, ૧૯૯૨માં  સીરીયા, ૧૯૯૮માં ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયાની જમાત ને વાએઝનો લાભ આપ્યો હતો.તેમણે ભુજ કચ્છ માં બોર્ડીંગની સ્થાપના કરી હતી. આગાખાન યુનિવર્સીટી કરાંચીમાં તેમણે માતબર રકમ ડોનેશન પેટે આપ્યા હતા.

(Sources:Articles from 101 Ismaili Heroes by Author Mumtaj Tajdin Sadikali Pakistan Chapter 100  Page no.408)

# અલવાએઝ








**(42) અલવાએઝ મર્હુમ કરીમ એમ.પીરાણી (દારેસલામ, ટાંઝાનિયા)**

(જન્મ: ૧૯૧૦)(વફાત:૧૯૮૫)

જેઓ દારેસલામ માં આરઇસી ટીચર તરીકેની સેવા આપતા હતા. જેઓ અલવાએઝ હતા તથા ગીનાન નાં રાગો શીખવવા માટે કાર્ય કર્યુ હતું. તેઓ વોલેન્ટીયર ગ્રુપ માં સેવા આપતા હતા ત્યારે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની દારેસલામ ની પધરામણી ૧૯૪૫ માં થઇ ત્યારે ઇમામે તેમની સાથે ચર્ચા કરી હતી તેની તસવીર ઉપલબ્ધ છે. જેઓએ દારેસલામની આગાખાન સ્કુલમાં નોકરી કરી હતી. તેમની વફાત બાદ તેમનાં પુત્ર સદરૂ કેનેડાનાં ઓટાવા માં વસવાટ કરે છે તેમણે તેમનાં પિતાની વાતો simerg.com ને શેર કરેલ છે. મુંબઈમાંથી પ્રકાશિત થતું ફિદાઇ નો ખાસ અંક હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની ગોલ્ડન જ્યુબિલી (૧૮૮૫-૧૯૩૫) ની ઉજવણી નિમિતે પ્રગટ થયો હતો જે તેના અધિપતિ ગુલામહુશેન એસ. થાવર પીરમામદ દ્વારા ૧૯૩૬ માં બહાર પડ્યો હતો જે અંક દુર્લભ છે જેનો સંગ્રહ અલવાએઝ કરીમ પીરાણીએ કરેલ હતો. તથા તેઓ ગોલ્ડન જ્યુબિલી વર્ષમાં દારેસલામ ટાંઝાનિયા માં રાહે રસ્ત નો અંક બહાર પાડતા હતા તેની યાદગીરી તેમના પુત્ર એ સાચવેલ છે.

(Sources :Simerg.com)

# મીશનરી



## (43) મીશનરી રાઇ હાશમ મામદ મીસ્ત્રી (લાલાણી) (નાગપુર)

હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) એ પ્રિન્સ અલીખાન ને ૧૯૫૫ - ૧૯૫૭ વચ્ચે ભારતમાં ઇમામત સંસ્થાનાં કાર્ય માટે મોકલ્યા હતા ત્યારે નાગપુર એરપોર્ટ પર લેવામાં આવેલી તસવીર છે જેમાં પ્રિન્સ અલીખાન ને સત્કારવા માટે લિડર્સ અને મીશનરીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સ અલીખાન ની ડાબી બાજુ મીશનરી વઝીર જાફરઅલી અબજી ભલવાણી ઉભા છે. જ્યારે જમણી બાજુ સફેદ કોટ અને ટાઇમાં ઉભેલા મીશનરી રાઇ હાસમ મામદ મીસ્ત્રી (લાલાણી ) ઉભેલા જણાય છે જેઓએ ૪૦ થી વધુ વર્ષો સુધી સેવાઓ બજાવી હતી.

(Source: Simerg.com article dated 13-6-2011. Photo credited Shamsu Jalali collection Atlanta, Georgia )

# મીશનરી




## (44) મીશનરી ગુલામહુશેન જુમ્મા (જીંજા, યુગાન્ડા)

યુગાન્ડા નાં કંપાલા તથા જીંજા માં ઇસ્માઇલીઓનો વસવાટ સને ૧૯૦૦ ની આસપાસ થયેલ. ૧૯૩૭ માં વારસીયાણી વીરબાઈ મર્હુમ અલીભાઈ બંદાઅલીએ ૨૫૦૦૦ શીલીંગ માં જમાતખાનું, સ્કુલ, લાયબ્રેરી, અને મુસાફરખાનાનું બાંધકામ કરી હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ને અર્પણ કર્યુ હતું. જ્યારે અન્ય એક મકાન કાઉન્સીલ હોલ તથા અન્ય રૂમ સાથેની જગ્યાનું બાંધકામ મુખી ગુલામહુશેન કરીમે કરાવ્યું. ત્યાં ધાર્મિક શિક્ષણ આપવાનું કામ ગુલામઅલી કારા સોમાણી, ગુલામહુશેન અલીભાઈ પ્રધાન તથા યુસુફઅલી કે. આડતિયા કરતા. મીશનરી ગુલામહુશેન જુમ્મા જીંજા ની વીઝીટ કરતા અને વાએઝ તથા ધાર્મિક શિક્ષણ આપતા. ૧૯૩૭ માં એક તસવીર સાથેના સલીમ તથા સુલતાન સોમાણીએ simerg.com માં ૩૧-૭- ૨૦૨૦ નાં તેમના લેખ બ્રીફ હીસ્ટ્રી ઑફ ધ ઇસ્માઈલી જમાત એટ જીંજા માં જણાવેલ છે. તસવીરમાં ધાર્મિક સ્કુલનાં ટીચર્સ તથા સ્ટુડન્ટ્સ સાથે મીશનરી ગુલામહુશેન જીંજા પ્રથમ હરોળમાં ડાબેથી ત્રીજા બેઠેલા દેખાય છે.

(Source: Simerg.com article dated 31-7-2020. Photo credit by Ghulam ali Kara Somani family.)

# મીશનરી



## (૪૫) અલવાએઝ મર્હુમ ઇત્માદિ સાહેબ જુમાભાઈ મોહમ્મદ વિરાણી (જુનાગઢ)

**(જન્મ: ૧૧-૧૧-૧૯૧૧, જુનાગઢ) (વફાત: ૭-૬-૧૯૯૧, જુનાગઢ)**

જેઓનો જન્મ જુનાગઢ માં થયો જ્યાં ઢાલરોડ જમાતખાના માં વારસ કાસમ ઇસ્માઇલ તથા વારસ હબીબભાઈ કાસમ નાં દેખરેખ હેઠળ ધાર્મિક શિક્ષણ  તથા ગીનાન શીખવવાનાં ક્લાસ ચાલુ રહેતા. અલવાએઝ જુમાભાઈ ને ધાર્મિક જ્ઞાન મેળવવામાં વિશેષ રૂચિ અને દુઆ બંદગી બાદ અડધો કલાક જુમાભાઈ પાસે ગીનાન બોલાવતા અને જમાત સાંભળતી, આ ૧૯૩૧ ની સાલની વાત થઈ. જુમાભાઈ નાં પિતાને કાનપુર માં લેધર નો હોલસેલ નો બીજનેસ પરંતુ તેમની રૂચિ જોઈ વારસ સાહેબે તેમને અલવાએઝ બનવા માટે પ્રોત્સાહિત કર્યા. ૧૯૩૧ થી ઇસ્માઇલીઆ એસોસીએશન માં જોડાય ગયા હતા અને ધાર્મિક શિક્ષણ આપવા, નાઈટ સ્કુલમાં પરીક્ષા લેવા જવાનું કાર્ય પણ ૧૯૭૦ સુધી સંભાળ્યું. જેઓએ જુનાગઢ રાજકોટ તથા સમગ્ર કાઠીયાવાડ માં ઘણા અલવાએઝોને ટ્રેઈનીંગ આપી હતી. જેઓએ રંગુન, આફ્રિકા, પાકિસ્તાન વિગેરે દેશોમાં વાએઝ નો લાભ આપ્યો હતો તથા ભારતભર માં દરેક જમાતખાના માં જઈ વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓ હોસ્ટેલમાં ચાલતા વિવિધ કેમ્પમાં પણ ફેકલ્ટી તરીકે ક્લાસ લેવા જતા. જેઓએ હાયર મજલીસ નાં મુખી સાહેબ તરીકે પણ સેવા આપી હતી. ૧૯૭૨ માં તેઓ ઇસ્માઇલીઆ એસોસીએશન માંથી નિવૃત્ત થયા.ત્યારબાદ પણ ઓનનરી અલવાએઝ તરીકે ૧૯૯૧ સુધી પોતાની સેવા ચાલુ રાખી હતી. વફાતના ચાર દિવસ ૧૯૯૧ માં લગભગ ૮૦ વર્ષની ઉંમરે પણ નબળાઈ હોવા છતાં ઢાલ રોડ જુનાગઢ જમાતખાના માં મુખી મદતભાઈ લાખાણી નાં સમયમાં એક કલાક અને પાંચ મીનીટ ની વાએઝ કરી હતી. જેઓએ ઇમામત સંસ્થાને આશરે ૬૦ વર્ષની સેવા આપી હતી.

(Sources: Information shared by a family member)

**સધર્ન સૌરાષ્ટ્ર:સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ અલવાએઝો નો પરિચય**

## અલવાએઝ






**(૧) અલવાએઝ મર્હુમ રાઇ સાહેબ અમીરઅલી  વાલજીભાઈ સમનાણી (અગતરાય)**

જેઓએ ૪૦ વર્ષો સુધી વાએઝ નો લાભ જમાતને આપ્યો હતો તથા ૪૦ વર્ષો ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા તથા તરીકા બોર્ડમાં રીસોર્સ પર્સન્સ  તરીકે સેવા કરી હતી.એચ.આર.સી.નાં  કેમ્પ માં ૪૦ વર્ષો સુધી ફેકલ્ટી તરીકે સેવા આપી હતી. જેઓ ૨૦૦૪-૨૦૦૭ માં અગતરાય જમાતનાં મુખી તરીકે સેવા આપી  હતી. ગીનાન સાહિત્ય નાં પ્રખર વિદ્વાન હતા તથા તેમણે ઇસ્માઇલી સમુદાય અંગેનું એક પુસ્તક "તવારીખે ઇસ્માઇલી નિઝારી અસ્મિતા" પ્રગટ કર્યું હતું.

(Sources:Information shared by family member)

---

## અલવાએઝ



**(૨) અલવાએઝ મર્હુમ આલીજાહ જીવણભાઇ અભરામભાઈ કોટડીયા (ભાણવડ)**

**(જન્મ: ૨૪-૭-૧૯૨૮, ભાણવડ) (વફાત: ૨૫-૧૨-૨૦૦૦)**

જેઓએ ૧૯૬૦-૧૯૮૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources:Information shared by family member)

## અલવાએઝ



### (૩) અલવાએઝ મર્હુમ બાબુભાઈ જીવાભાઈ સાંધાણી (ઉના)
### (જન્મ: ૧૧-૧-૧૯૩૫, બગસરા જિલ્લો અમરેલી) (વફાત: ૮-૮-૨૦૦૮, ધારી, જિલ્લો અમરેલી)

જેઓનો જન્મ બગસરા માં અમરેલી જિલ્લામાં થયેલ. તેમનાં પિતાની વફાત બાદ તેઓએ બોટાદ હોસ્ટેલ માં અભ્યાસ કર્યો હતો. તેઓની પ્રથમ નોકરી ભાંડુપ મુંબઇ ૧૯૬૦માં હિન્દી ભાષાનાં શિક્ષક તરીકે થઇ હતી, જે ૧૯૬૦-૧૯૭૦ મુંબઈ રહ્યા હતા. પછીથી મહારાષ્ટ્ર માંથી ગુજરાત નું વિભાજન થતાં વડાલ, બગડુ (જિલ્લો જુનાગઢ) ગામે ૧૯૭૦- ૧૯૭૨ સુધી સરકારી સ્કુલમાં નોકરી કરી. ૧૯૭૨-૧૯૯૩ સુધી ઉના ગામે નોકરી કરી હતી.તેઓએ ૧૯૭૨-૨૦૦૬ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓએ ૧૯૮૬- ૧૯૯૦ સુધી એચઆરસી ફેકલ્ટી તરીકે ઉના આરઇસી માં સેવા આપી હતી. ૧૯૮૭-૧૯૯૦ સુધી ઉના આરઇસી માં કન્વીનર તરીકે કાર્ય કર્યું હતું જેઓ ભાષા પ્રચારક સમિતિ ઉના વિસ્તારના અધ્યક્ષ હતા તે દરમિયાન સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (હવે નામ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા) માં હિન્દી રાષ્ટ્રભાષા નાં મહત્વતા વિશેનાં અનેક પ્રોગ્રામો તેમણે કર્યા હતા. ૧૯૯૩ માં રીટાયર થયા બાદ તેઓ ૨૦૦૨ સુધી ઉના માં સ્થાયી થયા હતા ત્યારબાદ તેઓ ધારી સ્થાયી થયા હતા.ઇસ્માઇલીઆ એસોસીએશન માં અલવાએઝ હુશેનભાઈ નાથાણી સાથે તેઓ સક્રિયપણે સંપર્કમાં રહ્યા હતા. જ્યારે અલવાએઝ સાંધાણી ની ૨૦૦૮ માં ધારી મુકામે વફાત થઇ ત્યારે  અલવાએઝ મર્હુમ નાથાણીએ તેમના માટે તેમનાં મિત્ર તરીકે ન્યુઝ પેપર માં શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી

(Sources:Information shared by family member)

---

## અલવાએઝા



### (૪) અલવાએઝા મર્હુમા હુઝુર મુખીયાણી ઈજતબેન હસનભાઈ જીવાણી (ઉના)

(જન્મ: ૧૬-૮-૧૯૪૭) (વફાત: ૧૧-૬-૨૦૧૬, ઉના)

જેઓએ ૧૯૮૨-૨૦૧૬ સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો.તેમજ ૧૯૮૨-૨૦૦૭ સુધી ઉના જમાતમાં આરઈસી ટીચર તરીકે સેવા આપી હતી)

(Sources:Information shared by family member)

## અલવાએઝ



### (૫) અલવાએઝ મર્હુમ હાસમભાઈ નથુ વડસરીયા (ચિત્રાવડ)

**(જન્મ:૧૫-૭-૧૯૩૬, ચિત્રાવડ) (વફાત:૨૦-૫- ૧૯૯૩)**

જેઓએ ૧૯૬૮-૧૯૯૨ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓ સામાજીક કાર્યકર તરીકે ગ્રામપંચાયત ચિત્રાવડ માં સભ્ય તરીકે ૧૯૭૦-૧૯૮૦ સુધી કાર્ય કર્યુ હતું.તાલુકા પંચાયત તાલાલા નાં સભ્ય તરીકે ૧૯૭૫-૧૯૮૦ સુધી કાર્ય કર્યુ હતું.૧૯૭૬-૧૯૯૨ દરમ્યાન સહકારી બેંક ચિત્રાવડ માં ૧૦ વર્ષ અને માર્કેટિંગ યાર્ડ તાલાલામાં ૧૫ વર્ષ સેવા આપી હતી. ઉપરાંત ચિત્રાવડ ક્રેડીટ કોઓપરેટીવ સોસાયટી તથા માળીયા કેડીટ કોઓપરેટીવ સોસાયટી માં પાંચ-પાંચ વર્ષની સેવા આપી હતી.

(Sources:Information shared by family member)

---

## અલવાએઝ



### (૬) અલવાએઝ આલીજાહ જલાલુદીન અબ્દુલ્લાહ કેસરીયા (ઉના)

**(જન્મ: ૭-૨-૧૯૪૬, ઉના)**

જેઓએ ૧૯૬૪-૧૯૯૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ તેમજ ૧૯૮૧-૧૯૮૪ સુધી ઉના જમાતનાં કામડીયા સાહેબ તરીકે સેવા આપી હતી.

(Sources:Information shared by family member)

## અલવાએઝ





### (૭) અલવાએઝ મર્હુમ જમાલભાઈ સાવદી ભીમાણી (માળીયા હાટીના)

**(જન્મ: ૧૩-૧૨- ૧૯૩૭, માળીયા હાટીના)(વફાત: ૬-૪-૨૦૦૯,સંજાણ)**

(જેઓએ ૩૫ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ. માળીયા હાટીના જમાત નાં મુખી સાહેબ તરીકે ૧૫ વર્ષ, સેવા આપી હતી. જેઓને ૧૯૬૭, ૧૯૭૩, તથા ૧૯૭૮ની માળીયા હાટીના માં થયેલ પધરામણી માં માળીયા જમાત નાં મુખી તરીકે સ્ટેજ પર મૌલાના શાહ કરીમ સલવાતુલ્લાહ અલૈહી સાથે બેસવાનો મોકો મળ્યો હતો. તેમણે ૧૯૬૭, ૧૯૭૩, ૧૯૭૮,૧૯૮૩,૧૯૮૯, ૧૯૯૨ માં પેન્ડોલ બનાવવાની સંપૂર્ણ કામગીરી સંભાળી હતી. ૧૯૭૮ ની પધરામણી વખતે મૌલાના શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહી સાથે મુખી સાહેબ માળીયા હાટીના જમાત, અલવાએઝ મર્હુમ જમાલભાઈ ભીમાણી તથા મુખીયાણી સાહેબા મર્હુમા મોતીબેન જમાલભાઈ ભીમાણી તથા કામડીયા સાહેબ મર્હુમ જીવણભાઈ વાલજીભાઈ ભાણવડીયા તથા કામડિયાણી સાહેબા મલેકબેન જીવણભાઇ ભાણવડીયા સાથે સ્ટેજ પર બેસવાનો મોકો મળ્યો હતો.

(Sources:Information shared by family member)

---

## અલવાએઝા



### (૮) અલવાએઝા રાઇ સાહેબા સોનલ સલીમભાઈ લાખાણી (અમરેલી) (જન્મ: ૨૮-૧-૧૯૮૨, રાજકોટ)

જેઓ ૧૯૯૮ થી હાલ ૨૦૨૫ સુધી જમાત ને વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓ ઇતરેબ ફોર અમરેલી નાં ચેરપર્સન તરીકે ૨૦૧૨-૨૦૧૯ સુધી તથા કાઉન્સીલ ફોર અમરેલી નાં પ્રેસિડેન્ટ તરીકે ૨૦૧૯ થી ૨૦૨૭ સુધી હાલ સેવા આપી રહેલ છે.

(Sources:Information shared by Alwaeza)

## અલવાએઝ



**(૯) અલવાએઝ રાઇ સાહેબ પ્યારઅલી એન.વડસરીયા (જુનાગઢ) (જન્મ: ૬-૮-૧૯૬૨, અમરાપુર ગીર)**

(જેઓએ ૧૯૮૫ - ૨૦૧૯ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.) (જેઓ ૧૯૮૫-૧૯૮૬ ઇસ્માઇલીયા એસોસીએશન ચિત્રાવડ બોર્ડ ચેરમેન તથા ૧૯૮૬-૧૯૮૯ ઇતરેબ માળીયા બોર્ડ ચેરમેન, રાજકોટ બોર્ડ ઑન સેક્રેટરી તરીકે, મજલીસો ઢાલ રોડ જુનાગઢ માં મુખી કામડીમા સાહેબ તરીકે ૬ વર્ષ, કરીમાબાદ સોસાયટી માં ૬ વર્ષ સેવા આપી હતી.) (જેઓ ઇસ્માઇલીઆ એસોસીએશન,ગુજરાત તથા ઇતરેબ સધર્ન સૌરાષ્ટ્ર માં રીસોર્સ પર્સન્સ તરીકે ૩૪ વર્ષો, આરઇસી માં ટીચર્સ તરીકે ૩૮ વર્ષો ની સેવા આપી હતી તથા ઇતરેબ નાં જુદા જુદા કેમ્પમાં ફેકલ્ટી તરીકે ૩૫ વર્ષો થી હાલ સુધી સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



**(૧૦) અલવાએઝ મર્હુમ હુઝુર મુખી નુરઅલી પીરભાઇ વેગદાણી લાઠોદ્રા વાળા (થાણા)**

**(જન્મ: ૧૯૩૨, લાઠોદ્રા, ગુજરાત) (વફાત: ૧૦-૫-૨૦૨૧, થાણા)**

જેઓએ ૨૫ થી વધુ વર્ષો સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો..

(Sources:Information shared by family member)

## અલવાએઝ



**(૧૧) અલવાએઝ મર્હુમ હુઝુર મુખી નજમુદ્દીન નુરાની (જુનાગઢ)**
**(જન્મ: ૨૦-૪-૧૯૩૩, જુનાગઢ) (વફાત: ૧૦-૨- ૨૦૦૮, જુનાગઢ)**

જેઓએ ૩૮ વર્ષો સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો. બૈતુલ ખ્યાલ ની બંદગી માં નિયમિતતા અંગે જમાત હજુ તેમને યાદ કરે છે.

(Sources:Information shared by family member)

---

## અલવાએઝા



**(૧૨) અલવાએઝા મર્હુમા હુઝુર મુખીયાણી રોશનબેન નુરાની (જુનાગઢ)**
**(જન્મ: ૫-૨-૧૯૩૧,પોરબંદર) (વફાત: ૨૪-૧૨-૨૦૦૭, જુનાગઢ)**

જેઓએ જુનાગઢ ઢાલ રોડ આરઇસીમાં ટીચર્સ તરીકે ૨૫ વર્ષો સુધી તથા અલવાએઝ તરીકે ૩૦ વર્ષો સુધી સેવા આપી હતી

(Sources:Information shared by family member)

## અલવાએઝ



**(૧૩) અલવાએઝ આલીજાહ નાઝીમ નજરઅલી કચ્છી (જુનાગઢ) (જન્મ: ૧૩-૭-૧૯૭૦,માંગરોળ, જિલ્લો જુનાગઢ)**

જેઓએ ૧૯૯૪-૨૦૨૧ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો. તેમજ ૧૯૮૮-૧૯૯૮ સુધી માંગરોળ જમાતમાં આરઇસી ટીચર તરીકે, ૧૯૯૮-૨૦૦૩ સુધી આરઇસી જુનાગઢ માં એસએલ ટીચર તરીકે, ૧૯૯૫-૧૯૯૮ સુધી ક્રિયા પ્રથા વિષય નાં ફેકલ્ટી તરીકે ઇતરેબ આયોજીત જુદા જુદા કેમ્પ માં સેવા આપી હતી તેમજ ઇતરેબ અને એજ્યુકેશન બોર્ડ નાં સફર તેમજ પરવરિશ પ્રોગ્રામ માં ફેકલ્ટી તરીકે અને યુથ એન્ડ સ્પોર્ટસ બોર્ડ નાં નેશનલ બોર્ડ આયોજીત વિવિધ રેસીડેન્શિયલ કેમ્પમાં ટીમ લીડર તરીકે સેવા આપી હતી. જેઓએ ૧૯૯૦-૧૯૯૧ સુધી મેમ્બર આગાખાન સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર માળીયા તરીકે, ૧૯૯૩-૧૯૯૫ સુધી મેમ્બર આગાખાન સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર તરીકે, ૧૯૯૫-૧૯૯૮ મેમ્બર ઇતરેબ ફોર સધર્ન સૌરાષ્ટ્ર તરીકે, ૧૯૯૯-૨૦૦૨ સુધી ચેરમેન આગાખાન એજ્યુકેશન બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર તરીકે, ૨૦૦૩-૨૦૦૮ સુધી મેમ્બર કાઉન્સીલ ફોર સધર્ન સૌરાષ્ટ્ર તરીકે સેવા આપી હતી. કરીમાબાદ સોસાયટી જુનાગઢ જમાતખાના માં જુદી જુદી મજલીસોનાં કામડિયા સાહેબ તરીકે ૩ વર્ષ સેવા આપી હતી. જેઓ ૨૦૦૭-૨૦૨૫ હાલ સુધી આગાખાન યુથ એન્ડ સ્પોર્ટસ બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર માં પ્રોફેશનલ સ્ટાફ તરીકે સેવા આપી રહેલ છે.

(Sources:Information shared by Alwaez)

---

## અલવાએઝા



**(૧૪) અલવાએઝા મર્હુમા નાઝીમાબેન અબ્દુલભાઈ બરડાઇ (રાણાવાવ)**

**(જન્મતા: ૧-૪-૧૯૭૨, રાણાવાવ) (વફાત: ૧૯-૧-૨૦૨૫, રાણાવાવ)**

જેઓએ ૧૯૯૮-૨૦૨૪ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓ જુદા જુદા બોર્ડમાં મેમ્બર તરીકે ૧૦થી વધુ વર્ષો સુધી સેવા કરી હતી. જેઓ એચએસએલ નાં ફેકલ્ટી તરીકે પાંચ વર્ષો સુધી સેવા આપી હતી)

(Sources:Information shared by family member)

## અલવાએઝ



### (૧૫) અલવાએઝ આલીજાહ નૌશાદ જાફરભાઈ ધનાણી (રાણાવાવ) (જન્મ:૦૧-૦૬-૧૯૫૮, બાલાગામ ઘેડ)

જેઓએ ૧૯૮૭-૨૦૦૭ સુધી જમાતને વાએઝનો લાભ આપેલ. જેઓ ૧૯૮૩-૨૦૨૫ હાલ સુધી ક્રેડીટ સોસાયટી રાણાવાવ માં ડીરેક્ટર તરીકે સેવા આપી રહેલ છે તથા કરીમાબાદ હાઉસીંગ સોસાયટી માં મેમ્બર, સેક્રેટરી તથા પ્રેસિડેન્ટ થઈને કુલ ૨૫ વર્ષો ની સેવા આપેલ છે. જેઓએ ૧૯૯૨-૧૯૯૫ મેમ્બર પોરબંદર કાઉન્સીલ તરીકે, ૧૯૯૫-૨૦૦૧ ચેરમેન, ઇતરેબ પોરબંદર તરીકે, ૨૦૦૧-૨૦૦૭ પ્રેસિડેન્ટ, કાઉન્સીલ પોરબંદર તરીકે, ૨૦૦૭-૨૦૦૮ મેમ્બર કાઉન્સીલ સધર્ન સૌરાષ્ટ્ર તરીકે, ૨૦૧૭-૨૦૨૪ ચેરમેન, કન્સીલીએશન એન્ડ આર્બીટ્રેશન બોર્ડ સધર્ન સૌરાષ્ટ્ર તરીકે, ૨૦૨૩-૨૦૨૫ આઇએસપી કન્વીનર તરીકે સેવા આપી હતી.

(Sources:Information shared by Alwaez)

---

## અલવાએઝા





### (૧૬) અલવાએઝા મર્હુમા આલીજાહ સાહેબા પરીન મોહમ્મદઅલી સોમાણી (પોરબંદર) (જન્મ: ૫-૧-૧૯૪૮,પોરબંદર, ભારત) (વફાત: ૭ -૧૧-૨૦૧૫, Knoxville, USA)

જેઓએ ૧૯૮૭-૨૦૧૩ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓએ ૧૯૮૩-૨૦૦૮ સુધી પોરબંદર જમાતમાં આરઇસી ટીચર તરીકે, ૧૯૮૭-૨૦૦૨ સુધી જુદા જુદા કેમ્પમાં તથા પોરબંદર આરઈસી માં એચઆરસી ફેકલ્ટી તરીકે,તથા પોરબંદર જુદા જુદા લોકલ બોર્ડ માં મેમ્બર તરીકે ૧૯૯૦-૨૦૦૦ સુધી સેવા આપી હતી. ૨૦૦૫-૨૦૦૭ સુધી મેમ્બર, કન્સીલીએશન એન્ડ આર્બીસ્ટ્રેશન બોર્ડ સધર્ન સૌરાષ્ટ્રમાં સેવા આપી હતી. જેમને મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ભારતમાં માળીયાહાટીનાની ૧૯૯૨ની મુબારક પધરામણી વખતે આવકારવાનો મોકો મળ્યો હતો.

(Sources:Information shared by family member)

## અલવાએઝ



**(૧૭) અલવાએઝ મર્હુમ આલીજાહ પ્યારઅલીભાઇ નુરમામદભાઈ કેશવાણી (બાબરા)**
**(જન્મ: ૧૦-૧૧-૧૯૪૨, અમરેલી) (વફાત:૨૪-૧૧-૨૦૦૨, બાબરા)**

જેઓએ ૧૯૬૫-૨૦૦૦ સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources:Information shared by family member)

---

## અલવાએઝ



**(૧૮) આલીજાહ રમજાનઅલી પ્યારઅલી કેશવાણી (બાબરા)**
**(જન્મ: ૯-૧૨-૧૯૬૭, બાબરા)**

જેઓએ ૧૯૮૭-૨૦૦૫ સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources:Information shared by Alwaez)

## અલવાએઝ



**(૧૯) અલવાએઝ રાઇ સાહેબ જાહેરઅલી એન.ચંદવાણી (અમરેલી)(દહીંસર, મુંબઈ)**
**(જન્મ તાઃ ૧૧-૬-૧૯૫૨, લીલીયા મોટા,જિલ્લો અમરેલી)**

જેઓએ ૧૯૮૨-૨૦૧૭ સુધી જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓએ ૧૯૯૦ - ૧૯૯૨ સુધી ચેરમેન ઇતરેબ અમરેલી માં તેમજ અમરેલી હેડ કવાર્ટર જમાતનાં મુખી સાહેબ તરીકે ૨૦૦૨-૨૦૦૫ સુધી સેવા આપી હતી. જેઓએ ૧૯૭૮- ૧૯૯૦ સુધી લીલીયા મોટા માં આરઇસી ટીચર તરીકે સેવા આપી હતી.

(Sources:Information shared by Alwaez)

---

## અલવાએઝ



**(૨૦) અલવાએઝ હુઝુર મુખી મદદઅલી ફાજલભાઈ કાજાણી (ઉના)**

**(જન્મઃ ૧૫-૧૨-૧૯૫૧)**

જેઓએ ૧૯૬૮-૧૯૮૦ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.

(Sources:Information shared by Alwaez)

## નોધર્ન સૌરાષ્ટ્ર:સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ અલવાએઝો નો પરિચય

## અલવાએઝ



## (૧) અલવાએઝ રાઇ સાહેબ રહીમભાઈ એસ. પંજવાણી (રાજકોટ)

**(જન્મ: ૭-૮-૧૯૫૧, રાજકોટ)**

જેઓએ ૧૯૮૮ થી હાલ ૨૦૨૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે.જેઓએ ૧૯૭૫-૧૯૮૧ સુધી આરઇસી ટીચર તરીકે રાજકોટમાં સેવા આપી હતી. તેમજ ૧૯૮૪-૧૯૮૫ સુધી ચેરમેન, ઇસ્માઇલીઆ એસોસીએશન લોકલ બોર્ડ ફોર રાજકોટ, ૧૯૮૪-૧૯૮૫ સુધી જોઇન્ટ સેક્રેટરી આગાખાન એજ્યુકેશન બોર્ડ ફોર રાજકોટ, ૧૯૮૭-૧૯૯૦ સુધી ઑન. સેક્રેટરી કાઉન્સિલ ફોર રાજકોટ, ૧૯૯૨-૧૯૯૩ સુધી ઑન. સેક્રેટરી સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર નોંધર્ન સૌરાષ્ટ્ર, ૧૯૯૮-૨૦૦૦ સુધી મુખી સાહેબ, મજાલીસ રૈયા રોડ રાજકોટ તરીકે, ૧૯૯૬-૧૯૯૯ સુધી ઑન. સેક્રેટરી કાઉન્સીલ ફોર નોંધર્ન સૌરાષ્ટ્ર તરીકે સેવા આપી હતી. તેમજ એક વર્ષ લાયન્સ ક્લબ રાજકોટ નાં ઑન. સેક્રેટરી તરીકે તથા પ્લેટીનમ જયુબિલી શરાફી મંડળી માં ૨૦૦૨-૨૦૦૩ સુધી સેક્રેટરી તરીકે સેવા આપી હતી. પ્રિન્સેસ ઝહરા અને તેમનાં પતિ માર્ક બોયડન ભારત ખાતે સંસ્થાનાં કામોની મુલાકાતે આવ્યા હતા, તેમનાં માનમાં નેશનલ કાઉન્સીલ ઇન્ડિયાએ મુંબઈ ખાતે તાજ હોટલમાં ૧૮ માર્ચ ૧૯૯૯ માં ઈન્સ્ટીટ્યુશનલ ડીનર રાખ્યું હતું જેમાં રીજનલ કાઉન્સીલ નાં સેક્રેટરી તરીકે આમંત્રણ મળતાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મૌલાના શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહીની ૧૯૯૨ માં ભારત માં માળીયા હાટીના માં દિદાર માટે પધારમણી થયેલ ત્યારે કેશોદ એરપોર્ટ પર તેમને રીજનલ કાઉન્સીલ ની ટીમ સાથે સત્કારવાનો મોકો મળ્યો હતો.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૨) અલવાએઝ આલીજાહ બરક્તભાઈ બીજાણી (સણોસરા)

**(જન્મ: ૨૧-૭-૧૯૩૬, સણોસરા)**

જેઓએ ૧૯૬૬-૧૯૯૩ સુધી જમાત ને વાએઝ નો લાભ આપેલ. ૧૯૬૬-૧૯૬૮ દરમ્યાન ઇસ્માઇલીયા એસોસીએશન મુંબઈ માં સેવા આપી.સણોસરા જમાતનાં મુખી સાહેબ તરીકે ૧૯૮૧-૧૯૮૭ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by family member

## અલવાએઝા



**(૩) અલવાએઝા રાઇ સાહેબા ઝરીનાબેન અબ્દુલરઝાક લાલાણી (રૈયા રોડ, રાજકોટ)**

(જન્મ: ૨૧-૨-૧૯૪૨)

જેઓએ ૧૯૬૨-૨૦૦૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. રાજકોટ બોયઝ હોસ્ટેલ મર્હુમ વારસ ડાયાભાઈ વેલજી દ્વારા વીરપુર માં સ્થાપીત કરી હતી ત્યાર બાદ રાજકોટ જંકશન પ્લોટમાં સ્થાળાંતર કરવામાં આવી હતી ત્યારબાદ વારસીયાણી જેનાબેન દ્વારા સંચાલન કરવામાં આવતું હતું ત્યારથી મર્હુમ અબ્દુલ રઝાક લાલાણી હોસ્ટેલના વિવિધ પદે કાર્ય કરી પ્રેસિડેન્ટ તરીકે નાં પદે પહોંચ્યા હતા જેઓએ રીજનલ કાઉન્સીલ નાં પ્રેસિડેન્ટ તરીકે પણ કાર્ય કર્યું હતું. ૧૯૭૮માં હ.ઈમામ શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહીની રાજકોટ ની પધરામણી વખતે બેગમ સલીમાસાહેબા એ રાજકોટ હોસ્ટેલની મુલાકાત લીધી હતી ત્યારે મર્હુમ એ.કે લાલાણી ઉપસ્થિત રહ્યા હતા. જેઓ સામાજીક કાર્યકર, એડવોકેટ પણ હતા. અલવાએઝા ઝરીનાબેન દ્વારા આ વર્ષોમાં ૧૯૭૦-૧૯૯૦ માં બોધાણી શેરી રાજકોટ જમાતખાના નાં મહિલા વિકાસ અને સશક્તિકરણ નાં કાર્યક્રમો હેઠળ સોશ્યલ વેલ્ફેર બોર્ડ ના કાર્ય માં બહેનોને મદદ કરી હતી.

(Sources: Information shared by Alwaeza)

---

## અલવાએઝા



**(૪) અલવાએઝા રાઇ સાહેબા જીન્નત કાસમભાઈ લાલાણી વેરાવળવાળા (રાજકોટ રૈયા રોડ)**

(જન્મ: ૧૯૫૮, વેરાવળ)

જેઓ ૧૯૮૨-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓ સધર્ન સૌરાષ્ટ્ર રીજનલ કાઉન્સીલ મેમ્બર (૧૯૮૭-૧૯૯૩), સર્ધર્ન સૌરાષ્ટ્ર કન્સીલીએશન એન્ડ આર્બીટ્રિશન બોર્ડ માં રીજનલ મેમ્બર (૧૯૯૩-૧૯૯૯), તથા ઇતરેબ જુનાગઢ નાં ચેરપર્સન તરીકે (૨૦૦૪-૨૦૦૭) સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaeza)

## અલવાએઝ



### (૫) અલવાએઝ રાઇ સાહેબ કમાલુદીન તેજાણી (રાજકોટ રૈયા રોડ)

(જન્મ: ૨૯-૩-૧૯૬૯,આણંદપુર ભાડલા તાલુકો ચોટીલા)

જેઓએ ૧૯૯૦ - ૧૯૯૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓ ૧૯૮૭-૧૯૯૫ રાજકોટ આરઇસી ટીચર, ઇતરેબ રાજકોટ સેક્રેટરી ૧૯૯૨-૧૯૯૪, આગાખાન એજ્યુકેશન બોર્ડ નોંધર્ન સૌરાષ્ટ્ર માં ઓન. સેક્રેટરી ૧૯૯૪-૧૯૯૭ સુધી,આગાખાન એજ્યુકેશન બોર્ડ ફોર નોંધર્ન સૌરાષ્ટ્ર માં ચેરમેન (૧૯૯૭- ૨૦૦૦), કાઉન્સીલ ફોર નોંધર્ન સૌરાષ્ટ્ર માં મેમ્બર તરીકે (૧૯૯૯-૨૦૦૫), યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડ નોર્ધર્ન સૌરાષ્ટ્ર નાં ચેરમેન (૨૦૦૬-૨૦૦૮), આગાખાન હેલ્થ બોર્ડ નોંધર્ન સૌરાષ્ટ્ર માં ચેરમેન (૨૦૦૮-૨૦૧૩), આગાખાન હેલ્થ સર્વીસ ઈન્ડિયા નાં ડીરેક્ટર તરીકે (૨૦૧૨-૨૦૧૫) તથા આગાખાન હેલ્થ સર્વીસ નાં નેશનલ મેમ્બર (૨૦૧૫-૨૦૧૯), સુધી સેવા આપી હતી. તથા કાઉન્સીલ ફોર નોધર્ન સૌરાષ્ટ્ર નાં સેક્રેટરી તરીકે ૨૦૧૯ થી હાલ ૨૦૨૫ સુધી સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝા



### (૬) અલવાએઝા આલીજાહ સાહેબા નુરજહાં ધમાણી (મોરબી)

**(જન્મ: ૧૧-૬-૧૯૬૯, ગોંડલ)**

જેઓ ૧૯૮૭ થી હાલ ૨૦૨૫ સુધી જમાત ને વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓએ મોરબી સોસાયટી જમાતખાના નાં કામડીયાણી સાહેબા (૧૯૯૩-૧૯૯૬), મુખીયાણી સાહેબા (૧૯૯૬-૨૦૦૨), ઇતરેબ નોંધર્ન સૌરાષ્ટ્રમાં મેમ્બર (૧૯૮૮-૧૯૯૧), કાઉન્સીલ નોર્ધર્ન સૌરાષ્ટ્ર મેમ્બર (૨૦૧૫-૨૦૧૮) દરમ્યાન સેવાઓ આપી હતી.

(Sources: Information shared by Alwaeza)

# અલવાએઝ



### (૭) અલવાએઝ મર્હુમ સિરાજભાઈ રજબઅલી વિરાણી (જામનગર)

(જન્મ:૨-૫-૧૯૬૯, જામનગર) (વફાત: ૨૯-૪-૨૦૨૧, જામનગર)

જેઓએ ૧૯૯૦-૨૦૦૩ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ છે. જેઓએ જામનગર આરઇસી માં ૧૯૮૮-૧૯૯૮ સુધી ટીચર તરીકે સેવા આપેલ. તેમજ ઇતરેબ જામનગર માં સેક્રેટરી તરીકે બે વર્ષ સેવા આપેલ હતી.

(Sources: Information shared by family member)

---

# અલવાએઝા



### (૮) અલવાએઝા આલીજાહ સાહેબા મિનાઝ સમીર આલાણી (જામનગર)

(જન્મ: ૩૧-૧૨-૧૯૭૫, વાંકાનેર)

જેઓ ૧૯૯૫-૨૦૨૫ હાલ સુધી જમાત ને વાએઝ નો લાભ આપી રહેલ છે સાથે સાથે આરઇસી ટીચર્સ તરીકે ૧૯૯૫-૨૦૨૫ હાલ સુધી સેવા આપી રહેલ છે. જેઓ  મજલીસો નાં મુખીયાણી સાહેબા તરીકે ૨૦૦૬-૨૦૧૪ સુધી તથા નોંધર્ન સૌરાષ્ટ્ર કાઉન્સીલ માં મેમ્બર તરીકે ૨૦૨૩માં સેવા આપી હતી

(Sources: Information shared by Alwaeza)

# અલવાએઝ



**(૯) અલવાએઝ આલીજાહ મનસુર  વિરાણી (જામનગર)**
**(જન્મ: ૧૫-૫-૧૯૬૨, જામનગર)**

જેઓ જમાત ને ૧૯૮૨ થી હાલ  ૨૦૨૫ સુધી વાએઝનો લાભ આપી રહેલ છે. જેઓએ ઇતરેબ ફ્રોર જામનગર નાં ચેરમેન તરીકે ૧૯૮૭-૧૯૯૦ સુધી સેવા આપેલ.

(Sources: Information shared by Alwaez)

---

# અલવાએઝા



**(૧૦) અલવાએઝા રાઇ સાહેબા રોશનબેન  વિરાણી (જામનગર)**

(જન્મ: ૧૦-૭-૧૯૬૩, હેદ્રાબાદ)

જેઓ૧૯૮૨ થી હાલ ૨૦૨૫ સુધી જમાત ને વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓએ ઇતરેબ ફ્રોર જામનગર નાં ચેરપર્સન તરીકે ૨૦૦૫-૨૦૦૯ તથા જામનગર કાઉન્સીલ માં પ્રેસિડેન્ટ તરીકે  ૨૦૧૩-૨૦૧૬ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaeza)

**અલવાએઝ**



**(૧૧) અલવાએઝ આલીજાહ નિઝાર પી.મીણસારીયા (સેતાલુસ, જિલ્લો જામનગર)**

(જન્મ: ૧૫-૧૦-૧૯૫૭, સેતાલુસ,જિલ્લો જામનગર)

જેઓએ ૧૯૮૭-૨૦૧૮ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.સેતાલુસ આરઇસી માં ટીચર તરીકે ૧૯૮૦-૧૯૯૫ સુધી, ઇસ્માઇલીઆ એસોસીએશન જામનગર બોર્ડ મેમ્બર ૧૯૮૦-૧૯૮૨ સુધી, ડે કેર સેન્ટર સેતાલુસ માં ૧૯૮૫-૧૯૯૦ સુધી સેક્રેટરી તરીકે, સેતાલુસ જમાતનાં મુખીસાહેબ તરીકે ૨૦૨૩-૨૦૨૪ સુધી તથા સેતાલુસ જમાત માં જુદી જુદી મજલીસોના મુખી સાહેબ તરીકે ૧૯૯૦-૨૦૧૦ સુધી સેવા આપી હતી)

(Sources: Information shared by Alwaez)

---

**અલવાએઝ**



**(૧૨) અલવાએઝ હુઝુરમુખી મોહસીન શૌકતભાઈ ભુરાણી (સુરેન્દ્રનગર)**
**(જન્મ:.૧૮-૧૧-૧૯૬૮, સુરેન્દ્રનગર)**

જેઓ ૧૯૯૯-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે. આરઇસીમાં ટીચર તરીકે ૧૯૯૬-૨૦૨૫ હાલ સુધી સેવા આપી રહેલ છે. તથા દુઆ/ગીનાન/નિકાહ/ગુસલે મૈયત/ઝિયારતે મૈયત શીખવવાનાં માસ્ટર ટ્રેઇનર્સ તરીકે ૨૦૦૪-૨૦૨૫ હાલ સુધી સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



**(૧૩) અલવાએઝ મર્હુમ આલીજાહ શૌકતભાઈ ડી. ભુરાણી (સુરેન્દ્રનગર)**
**(જન્મ: ૧૭-૧૨-૧૯૪૪, સુરેન્દ્રનગર) (વફાત: ૧૪-૮-૨૦૦૭, સુરેન્દ્રનગર)**

જેઓએ ૧૯૬૯-૨૦૦૭ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ. જેઓએ ૧૯૬૬-૧૯૬૭ માં આરઈસી ટીચર તરીકે સુરેન્દ્રનગરમાં સેવા આપી હતી તથા જેરામપરા જમાત નાં કામડિયા સાહેબ તરીકે ૧૯૮૦-૧૯૮૩ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝ



**(૧૪) અલવાએઝ મર્હુમ રાઇ સાહેબ કમરૂદીનભાઈ નુરભાઈ પીરાણી (સુરેન્દ્રનગર)**
**(જન્મ: ૨૪-૧૧-૧૯૩૬, ધાંધલપુર, જિલ્લો સુરેન્દ્રનગર)**
**(વફાત: ૧૯-૩-૨૦૧૯, સુરેન્દ્રનગર)**

જેઓએ ૧૯૫૭-૨૦૦૫ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો. જેઓને ડાયમંડ સોસાયટી સુરેન્દ્રનગર જમાતખાના નાં પ્રથમ મુખી સાહેબ બનવાનું માન તેમને મળ્યું હતું તેમજ હ. ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઇમામત ની સિલ્વર જ્યુબિલી ની ઉજવણી ૧૯૮૩-૧૯૮૪ માં કરવામાં આવી હતી ત્યારે ડાયમંડ જમાતખાનાનાં મુખી સાહેબ તરીકે સેવા કરવાનો મોકો મળ્યો હતો. જેઓએ મેમ્બર કાઉન્સિલ ફોર સુરેન્દ્રનગર માં ત્રણ વર્ષ તથા જુદા જુદા બોર્ડમાં મેમ્બર તરીકે પણ સેવાઓ આપી હતી. જેઓએ ઇમામતની સંસ્થામાં ૪૮ થી વધુ વર્ષો ની સેવા કરી હતી.

(Sources: Information shared by family member)

## અલવાએઝ



### (૧૫) અલવાએઝ રાઇ સાહેબ પ્યારઅલી અબ્દુલભાઈ પંજવાણી સુરેન્દ્રનગર વાળા (અમદાવાદ)

**(જન્મ: ૧૩-૧૨-૧૯૪૮, સાકર, તાલુકો લખતર, જિલ્લો સુરેન્દ્રનગર)**

(જેઓએ ૧૯૮૫-૨૦૧૯ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓએ આરઇસી ટીચર જેરામપરા સુરેન્દ્રનગર માં ૧૯૭૮-૧૯૯૩ સુધી, સેક્રેટરી કાઉન્સિલ ફોર સુરેન્દ્રનગર માં ૧૯૭૮-૧૯૮૪ સુધી, કામડીયા સાહેબ મજલીસ જેરામપરા ૧૯૮૪-૧૯૮૭ સુધી, મુખી સાહેબ મજલીસ જેરામપરા ૧૯૮૭ - ૧૯૯૨ સુધી, એચઆરસી ઇન્સ્ટ્રક્ટર થાન આરઈસી માં ૧૯૮૫-૧૯૯૫ સુધી સેવા આપી હતી તથા ડાયમંડ સોસાયટી જમાતમાં હાયર મજલીસમાં મુખી સાહેબ તરીકે ૩ વર્ષ, કામડીયા સાહેબ તરીકે ૩ વર્ષ સેવા આપી હતી. ડાયમંડ સોસાયટી કેર કમીટી સુરેન્દ્રનગર માં મેમ્બર તરીકે ૨૦૧૦-૨૦૧૬ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૧૬) અલવાએઝ આલીજાહ નિઝાર નાનજીભાઈ ચામડીયા (સુરેન્દ્રનગર)

**(જન્મ: ૬-૮-૧૯૬૮, વણા જિલ્લો સુરેન્દ્રનગર)**

જેઓ ૧૯૮૭ થી ૨૦૨૫ હાલ સુધી જમાત ને વાએઝ નો લાભ આપી રહેલ છે જેઓએ જેરામપરા આરઇસીમાં ટીચર તરીકે ૧૯૮૦-૧૯૯૬ સુધી, એચઆરસી ટીચર તરીકે ગુજરાતમાં વિવિધ કેમ્પ માં તથા સુરેન્દ્રનગર માં ૧૯૮૫- ૧૯૯૫ સુધી સેવા આપી હતી. જેઓએ સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર સુરેન્દ્રનગર માં સેક્રેટરી તરીકે ૧૯૮૫-૧૯૮૬ સુધી,આગાખાન એજ્યુકેશન બોર્ડ ફોર સુરેન્દ્રનગર માં સેક્રેટરી તરીકે ૧૯૮૮- ૧૯૮૯ સુધી, જેરામપરા ની પાસે આવેલ શક્તિપરા સુરેન્દ્રનગર ની આરઇસી માં પ્રિન્સીપાલ તરીકે ૧૯૮૮-૧૯૯૨ સુધી સેવા આપી હતી તેમજ ઇતરેબ ફોર સુરેન્દ્રનગર માં સેક્રેટરી તરીકે ૧૯૮૭-૧૯૯૬ સુધી સેવા આપી હતી. જેરામપરા સુરેન્દ્રનગર જમાતમાં મજલીસનાં મુખી સાહેબ તરીકે એક વર્ષ અને કામડિયા સાહેબ તરીકે એક વર્ષ સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૧૭) અલવાએઝ રાઇ સાહેબ મર્હુમ મુરાદભાઈ સુરાણી (સુરેન્દ્રનગર) (વફાત: ૮-૮-૨૦૨૩)

જેઓએ ૪૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. કાઉન્સીલ તથા વિવિધ બોર્ડ માં તેઓએ સેવા આપી હતી. જેઓએ રીજનલ કાઉન્સીલ નોધર્ન સૌરાષ્ટ્ર માં પ્રેસિડેન્ટ તરીકે ૧૯૮૭-૧૯૯૦ સુધી સેવા બજાવેલ.

(Sources: Information shared by other sources)

---

## અલવાએઝ



### (૧૮) અલવાએઝ મર્હુમ હુઝુર મુખી અલીદીનભાઈ રહેમતુલ્લાભાઈ વઢવાણીયા (સુરેન્દ્રનગર)

**(જન્મ: ૧૬-૧૦-૧૯૨૭) (વફાત: ૬-૫-૧૯૯૪, સુરેન્દ્રનગર)**

જેઓએ ૧૯૬૯-૧૯૮૮ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો

(Sources: Information shared by family member)

## અલવાએઝ



**(૧૯) અલવાએઝ મર્હુમ રાઇ સાહેબ બાબુભાઈ મનજીભાઈ અંધારિયા (ભાવનગર)**

**(જન્મ: આશરે ૧૯૨૦ આસપાસ)**

જેઓએ ૧૯૪૫-૧૯૭૭ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Information shared by family member/other source)

---

## અલવાએઝ



**(૨૦) અલવાએઝ મર્હુમ રાઇ અમીનભાઈ ઇસ્માઇલભાઈ મર્ચન્ટ**
**(જન્મ: ૧૯૪૮, ધોધા, જિલ્લો ભાવનગર)(વફાત:૨૭-૧૨-૨૦૧૩, ભાવનગર)**

જેઓએ ૨૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓએ ૧૯૭૪થી ૧૯૮૦ સુધી જુદા જુદા બોર્ડમાં મેમ્બર તરીકે સેવા આપી હતી. ૧૯૮૦-૧૯૮૩ માં ચેરમેન યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડ ભાવનગર, ૧૯૮૪-૧૯૮૭ માં ચેરમેન યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડ નોર્ધર્ન સૌરાષ્ટ્ર માં સેવા આપી હતી. ભાવનગર આરઇસી માં ટીચર અને પ્રિન્સીપાલ સહિત ૧૯૭૩-૧૯૯૮ સુધી સેવા કરી હતી.

(Sources: Information shared by family member)

## અલવાએઝા



**(૨૧) અલવાએઝા મર્હુમા રાઇ સાહેબા લલીતાબેન મણીલાલ અંધારિયા (ભાવનગર)**

**(જન્મ: ૩૦-૮-૧૯૩૭, ભાવનગર)**
**(વફાત: ૧૨-૧૧-૨૦૧૬ ભાવનગર)**

જેઓએ ૧૯૬૭-૧૯૯૫ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો

(Sources: Information shared by family member)

---

## અલવાએઝા



**(૨૨) અલવાએઝા રાઇ સાહેબા કપિલાબેન અંધારીયા (ભાવનગર)**
**(જન્મ : ૧૩-૧-૧૯૪૧, અમદાવાદ)**

જેઓએ ભાવનગર આરઇસી માં ૨૦ થી વધુ વર્ષો એસએલ ટીચર તરીકે સેવા આપી હતી. જેઓએ એચઆરસી ફેકલ્ટી તરીકે જુદા જુદા કેમ્પ માં ૧૯૮૫-૨૦૦૭ સુધી સેવા આપી હતી. તથા ૧૯૬૨-૨૦૦૭ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Information shared by Alwaeza)

## અલવાએઝ




### (૨૩) અલવાએઝ રાઇ સાહેબ રાજુ અંધારિયા. (ભાવનગર)
### (જન્મ: ૧૪-૧૦-૧૯૬૦, ભાવનગર)

જેઓ ૧૯૮૨-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝનો લાભ આપી રહેલ છે. જેઓ વાએઝીન મેન્ટર ૨૦૨૨-૨૦૨૫ હાલ સુધી, મોટીવેશનલ સ્પીકર ૧૯૯૦-૨૦૨૫ હાલ સુધી, કેરીયર કન્સલ્ટન્સી ૧૯૯૯-૨૦૨૫ હાલ સુધી, તથા ચિત્રલેખા ગુજરાતી અઠવાડીક માં " જસ્ટ એક મીનીટ" કોલમનાં ૨૦૦૫-૨૦૨૫ હાલ સુધી કોલમીસ્ટ છે. જેમનાં કુલ ૪૨ પુસ્તકો પ્રસિદ્ધ થયેલ છે. જેઓએ ૧૯૭૬-૧૯૮૬ સુધી ભાવનગર માં આરઇસી ટીચર તરીકે, ઇતરેબ નોંધર્ન સૌરાષ્ટ્ર માં ચેરમેન ૧૯૯૦-૧૯૯૬ તથા ૨૦૧૨-૨૦૧૫, કન્સીલીએશન એન્ડ આર્બીસ્ટ્રેશન બોર્ડ, નોંધર્ન સૌરાષ્ટ્ર નાં ચેરમેન (૨૦૦૫-૨૦૦૯), પ્રેસિડેન્ટ ભાવનગર કાઉન્સીલ (૨૦૦૯-૨૦૧૨) સુધી સેવા આપી હતી. સને ૧૯૯૨ ની માળીયા ખાતેની પધરામણી દરમ્યાન મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીને કેશોદ એરપોર્ટ પર આવકારવાનો તેમને તથા પત્ની નિમ્મીબેનને મોકો મળ્યો હતો.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૨૪) અલવાએઝ આલીજાહ સંજ્ય ધીરજલાલ અંધારીયા (ભાવનગર)
### (જન્મ: ૧૪-૮-૧૯૬૫, ભાવનગર)

જેઓએ ૧૯૮૬-૨૦૨૨ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. તેમજ ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ભાવનગર માં મેમ્બર તરીકે ૧૯૮૩-૧૯૮૯ સુધી, ઇતરેબ ફોર નોધર્ન સૌરાષ્ટ્ર માં મેમ્બર તરીકે ૧૯૯૨-૨૦૦૨ સુધી સેવા આપી હતી તેમજ એચઆરસી ફેકલ્ટી તરીકે ૧૯૮૦-૨૦૦૪ સુધી વિવિધ કેમ્પ તથા આરઇસી ભાવનગર માં ટીચર તરીકે સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

**અલવાએઝા**



## (૨૫) અલવાએઝા જરીનતાજ અબ્દુલ મહેંદીભાઈ મસાણી (ભાવનગર)

**(જન્મ: ૧૪-૬-૧૯૫૩, તળાજા)**

જેઓએ ૧૯૮૨-૧૯૯૦ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો. જેઓ ૧૯૮૨-૧૯૮૯ સુધી ભાવનગર આરઇસી માં એચઆરસી ફેકલ્ટી તરીકે તથા મહુવા- તળાજા સેન્ટરમાં યોજાયેલ એચઆરસી કેમ્પમાં સેવા આપી હતી. જેઓએ ૧૯૮૦-૧૯૮૨ સુધી ચેરપર્સન, એજ્યુકેશન બોર્ડ ભાવનગર માં સેવા આપી હતી.જ્યારે ૨૦૨૩-૨૦૨૫ હાલ સુધી ભાવનગર જમાતમાં હાયર મજલીસ માં મુખીયાણીસાહેબા તરીકે સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaeza)

---

**અલવાએઝા**



## (૨૬) અલવાએઝા મર્હુમા હુઝુર મુખીયાણી મલ્લીકાબેન સુભાષચંદ્ર અંધારિયા (ભાવનગર)

(જન્મ: ૨૨-૭-૧૯૬૧, ધોધા જિલ્લો ભાવનગર) (વફાત: ૫-૧૧-૨૦૧૬ ભાવનગર)

જેઓએ ૧૯૯૦-૧૯૯૨ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Information shared by family member)

## નોર્ધર્ન એન્ડ ઇસ્ટર્ન ગુજરાત :સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ અલવાએઝો નો પરિચય

### અલવાએઝા



**(૧) અલવાએઝા આલીજાહ સાહેબા અલમાસ નરસિંદાણી (અમદાવાદ) (જન્મ: ૧-૧૨-૧૯૬૨, વણા, સુરેન્દ્રનગર જિલ્લો)**

જેઓ ૧૯૮૬-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે.તેમજ આરઇસી ટીચર્સ તરીકે ૪૦ વર્ષો સુધી સેવા આપેલ. જેઓએ ૧૯૮૬-૧૯૮૯ સુધી સુરેન્દનગર ઇતરેબ સેક્રેટરી તરીકે સેવા આપેલ જ્યારે ૧૯૮૨-૧૯૯૨ દરમ્યાન એચઆરસી નાં કેમ્પમાં ફેકલ્ટી તરીકે સેવા આપેલ.

(Sources: Information shared by Alwaeza)

---

### અલવાએઝ



**(૨) અલવાએઝ આલીજાહ મર્હુમ સમસુદીન સુખલાલ હુદ્દા (કાંકરીયા, અમદાવાદ) (જન્મ: ૧૯૧૬, અગોલ, તાલુકો કડી, જિલ્લો મહેસાણા) (વફાત: ૩૦-૬-૧૯૮૩, અમદાવાદ)**

જેઓએ ૧૯33 - ૧૯૮૩ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ છે.

(Sources: Information shared by family member)

## અલવાએઝ



### (૩) અલવાએઝ મર્હુમ આલીજાહ સદરૂદીન કરીમ મરચન્ટ (કાંકરીયા, અમદાવાદ)

**(જન્મ: ૧૦-૧૨-૧૯૩૭, અમદાવાદ) (વફાત: ૨-૧૧-૧૯૮૬, અમદાવાદ)**

જેઓએ ૧૯૬૪-૧૯૮૪ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓએ ૧૯૭૨-૧૯૮૧ માં સેક્રેટરી ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર અમદાવાદ માં સેવા આપી હતી. જેઓએ આરઇસી ટીચર તરીકે પાંચ વર્ષ સેવા આપી હતી. કાંકરીયા જમાત ની આરઇસી ને શરૂ કરાવી બાળકોને નૈતિક શિક્ષણના ઘડતર માં અગત્યનો ભાગ ભજવ્યો હતો. અમદાવાદ માં ઓછી વસ્તી ધરાવતી અતરાફ ની જમાત ગુંદી, કડી, જમાલપુર, ગોમતીપુર, એલીસબ્રીજ તથા શાહપુર જમાત માં તેઓએ પોતાની વાએઝ માટે સક્રિય પ્રયત્નો કર્યા હતા. અલવાએઝ નાં ઉમદા પ્રયાસો બાદ આપની વફાત બાદ ઉપરોકત ગામની જમાતે પોતાના જમાતખાનાઓમાં તેમના રૂહનાં સવાબ અર્થે ખાસ મજલીસો અદા કરી હતી.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝ



### (૪) અલવાએઝ મર્હુમ આલીજાહ ફિરોઝભાઇ વૈધ (અમદાવાદ)

**(જન્મ: ૩૧-૧૨-૧૯૪૩) (વફાત: ૯-૮-૧૯૯૯, અમદાવાદ)**

જેઓએ ૧૯૭૦-૧૯૯૮ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓએ ૧૯૭૪-૧૯૮૦ દરમ્યાન કાળુપુર અમદાવાદ જમાતનાં કામડીયા સાહેબ તરીકે તથા મુખી સાહેબ તરીકે સેવા આપી હતી.જેઓએ ચેરમેન ઇતરેબ ફોર અમદાવાદ માં ૧૯૮૬-૧૯૮૯ સુધી સેવા આપી હતી. તેમજ કાઉન્સીલ ફોર અમદાવાદ માં મેમ્બર તરીકે ૧૯૭૮-૧૯૮૮ દરમ્યાન ૩ વર્ષ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by family member)

## અલવાએઝ





**(૫) અલવાએઝ રાઇ સાહેબ અઝીઝ લાધાણી (અમદાવાદ)**
**(જન્મ:૧૨-૮-૧૯૬૧, અમદાવાદ)**

જેઓ ૧૯૮૧-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે. ફેકલ્ટી તરીકે પણ ૧૯૮૧-૨૦૨૫ હાલ સુધી સેવા આપી રહેલ છે. જેઓ ૧૯૮૯-૧૯૯૨ માં ઇતરેબ નોંધર્ન એન્ડ ઇસ્ટર્ન ગુજરાત નાં સેક્રેટરી તરીકે, ૧૯૯૨- ૧૯૯૫ માં લોકલ બોર્ડ અમદાવાદ ઇતરેબ ચેરમેન તરીકે, તથા કાઉન્સિલ ફોર અમદાવાદ માં ઑન. સેક્રેટરી તરીકે ૧૯૯૫-૧૯૯૮ સુધી સેવા આપી હતી. ૧૯૮૯ માં હ.ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની અમદાવાદ માં મુરીદો ને દિદાર માટે નો પ્રોગ્રામ રાખવામાં આવેલ ત્યારે રીજનલ કાઉન્સિલ નાં પ્રેસિડેન્ટ હસનઅલી ફરીશ્તા તથા ટીમનાં સભ્યો સાથે ઇમામને અમદાવાદ એરપોર્ટ પર સત્કારવાનો મોકો મળેલ. સને ૧૯૯૨-૧૯૯૩ માં રાઇ અબુઅલી અઝીઝ અમદાવાદ આવેલ ત્યારે તેમની સાથે હોટલમાં શુભેચ્છા મુલાકાત કરી હતી અને તેમની સાથે યાદગાર તસવીર લેવામાં આવેલ. ત્યારે મીશનરી અબુઅલી અઝીઝએ અમદાવાદ તથા સિધ્ધપુર માં વાએઝનો લાભ આપેલ.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



**(૬) અલવાએઝ મર્હુમ હબીબ સોનાવાલા (સુરત)**
**(જન્મ: ૨૫-૧-૧૯૪૭ કુકટવાડા, મહેસાણા) (વફાત: ૧૧-૪-૨૦૧૯)**

જેઓએ મહેસાણા માં ઇન્કમટેક્ષ ઓફીસર તરીકે કામગીરી બજાવી હતી. જમાતને ૨૦ થી વધુ વર્ષો સુધી વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Information shared by family member)

# અલવાએઝ





## (૭) અલવાએઝ આલીજાહ અમીરઅલી ગુલામહુશેન મર્ચન્ટ (ભુજ, કચ્છ)
### (જન્મ: ૧૫-૮-૧૯૪૦,ઘાંટીલા, જિલ્લો રાજકોટ)

જેઓએ ૧૯૫૩-૨૦૧૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.તેમણે વાએઝની શરૂઆત કેવી રીતે કરી તેની દિલચશ્પ વાત કરી ૧૯૫૧ માં હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ ની પધરામણી વખતે હિદાયત આપી.ત્યારે બોધાણી શેરી જમાતખાનામાં બંગલી હોલમાં વાએઝીન ટ્રેઈનીંગ રાખવામાં આવતી. તેમાં બે વર્ષ સુધી અમો (મારી સાથે મુખી શમ્સુદ્દીન હાસમ જીવાણી હતા) નીચે બેસી તેઓની વોલીન્ટીયર તરીકે સેવા કરતા ત્યારે ૧૧ વર્ષની ઉંમર. ૧૩ વર્ષના થયા એટલે વાએઝીનની ટ્રેનીંગ માટે પસંદ કરવામાં આવ્યા. ત્યારે મીશનરી અમીરઅલી રાહી, અલી ભાઇ હાસમ જીવાણી બાબવાણી સાહેબ, જુમાભાઈ મામદભાઈ વિરાણી વિરાણી ટ્રેઈનીંગ આપવા આવતા. ૧૯૫૩માં ટ્રેઈનીંગ પુરી કરી. ત્યારે દર ત્રણ મહિને વાએઝીન એસેમ્બલી થતી જેમાં દરેક ટ્રેઈનીંગ લીધેલા અલવાએઝ ને ચીઠીમાં વિષયનું નામ લખી આપવામાં આવતું તે વિષય પર તેઓ જમાતની હાજરી માં ૧૫ થી ૨૦ મીનીટ વાએઝ કરતા. જમાત રાત્રે ૧૨ વાગ્યા સુધી બેસીને વાએઝ સાંભળતી આ એસેમ્બલી ત્રણ દિવસ ચાલતી. રાજકોટ માં ૧૯૫૪-૧૯૬૦ સુધી વોલીન્ટીયર્સ કોર્પ્સ માં સેવા આપી હતી. ૧૯૫૮ માં હ. ઇમામ શાહ  કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની રાજકોટ ખાતે પધરામણી થઈ હતી ત્યારે બોઘાણી  શેરી રાજકોટ જમાતનાં મુખી સાહેબ, કામડિયા સાહેબ, આગેવાનો તેમજ વોલીન્ટીયર્સ સાથે ઇમામે તસવીર પડાવી હતી જેમાં તેમને સામેલ થવાનો મોકો મળ્યો  હતો. ૧૯૬૦-૧૯૬૩ માં સરધાર ગામમાં પ્રાઇવેટ સ્કુલમાં શિક્ષક તરીકે કાર્ય કર્યુ અને ૧૯૬૩ માં ભુજ સ્થાયી થયા. જ્યાં કચ્છ ડીસ્ટ્રીક્ટ કોઓપરેટીવ બેંક ભુજ માં કલાર્ક નાં પદે જોડાઇને ૧૯૯૮ માં સેકન્ડ ટુ જનરલ મેનેજર નાં પોસ્ટ પરથી નિવૃત થયા. જમાતી કામગીરી માં ૧૯૭૬ માં ભારતમાં  ઈકોનોમીક સર્વે કરવામાં આવ્યો હતો તેમાં કચ્છ અને કાઠીયાવાડની કાઉન્સીલનાં સભ્યોને  આગાખાન બોયઝ હોસ્ટેલ રાજકોટ માં ટ્રેઈનીંગ આપવામાં આવેલ જેમાં મુંબઈથી હસનઅલી ડોસાણીએ ટ્રેઈનીંગ આપી હતી. ત્યારે કચ્છ- કાઠીયાવાડ નાં હેડ યાકુબ અલી રજબઅલી હતા જેઓ પાસે તેઓ કચ્છ વિસ્તારના ફ્રોર્મ ની ચકાસણી કરાવવા તળાજા પાસેનાં ગામમાં તેઓ રહેતા ત્યાં જતા. તેમણે કચ્છ વિસ્તાર નાં કન્વીનર તરીકેની કામગીરી સંભાળી હતી. બીજો સર્વે ૧૫ વર્ષ પછી પાછો કરવામાં આવ્યો તે કાર્ય માં પણ કચ્છ કન્વીનર તરીકે કાર્ય સંભાળેલ. જેઓએ ૧૯૭૦-૧૯૮૫ દરમ્યાન સાત વર્ષ સુધી ચેરમેન, ઇસ્માઇલીયા એસોસીએશન ફ્રોર કચ્છ લોકલ બોર્ડમાં સેવા આપી. ૧૯૬૮-૧૯૬૯માં સોશ્યલ વેલ્ફ્રેર બોર્ડ ફ્રોર કચ્છ માં ચેરમેન તરીકે,૧૯૭૩-૧૯૭૯ સુધી કચ્છ કાઉન્સિલ માં મેમ્બર તરીકે તેમજ ૧૯૮૦-૧૯૮૪ માં લોકલ એજ્યુકેશન બોર્ડ કચ્છ માં ચેરમેન તરીકે સેવા આપી હતી.જેઓ સિલ્વર જ્યુબિલી ક્રેડીટ એન્ડ કન્ઝયુમર ક્રેડીટ સોસાયટી ભુજ માં ૨૦૦૪-૨૦૨૫ હાલ સુધી ઑનનરી સેક્રેટરી તરીકે સેવા આપી રહેલ છે.

(Source : Information shared by Alwaez)

## અલવાએઝ



**(૮) અલવાએઝ મર્હુમ આલીજાહ નૂરભાઇ નરસીભાઇ લાઘાણી (તલોદ)**

**(જન્મ: ૧૯૨૧, હરસોલ જિલ્લો સાબરકાંઠા) (વફાત:૧૯૮૪, તલોદ)**

જેઓએ ૧૯૫૧-૧૯૭૧ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.તેઓએ મજલીસ નાં મુખી સાહેબ તથા કામડિયા સાહેબ તરીકે પાંચ વર્ષ સુધી સેવા કરી હતી. જેઓએ પધરામણી મેનેજમેન્ટ કમીટી નાં મેમ્બર તરીકે કાર્ય કરેલ તથા ઇસ્માઇલીયા હાઉસિંગ બોર્ડમાં ૧ વર્ષ મેમ્બર તરીકે સેવા કરેલ.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝા



**(૯) અલવાએઝા રાઇ સાહેબા પરીનબેન ખોજા (મુંદ્રા)**

**(જન્મ: ૪-૧૦-૧૯૫૫, મુંદ્રા, કચ્છ )**

અલવાએઝા તરીકે ૧૯૮૮ થી હાલ સુધી ૨૦૨૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaeza)

## અલવાએઝ



**(૧૦) અલવાએઝ મર્હુમ આલીજાહ અમીરઅલી રતાણી (નાગલપુર,કચ્છ)**

**(જન્મ: ૧૯-૫- ૧૯૫૮, નાગલપુર કચ્છ) (વફાત: ૧૫- ૧૦-૨૦૧૧ નાગલપુર કચ્છ)**

જેઓએ ૧૯૮૧-૨૦૧૧ સુધી જમાતને સેવાનો લાભ આપેલ. જેઓ ટેલીફોન ખાતા અંજારમાં કલાર્કની જોબ કરતા હતા, એચઆરસી ની ટ્રેઈનીંગ લઈ અતરાફનાં ગામડાઓ માં બાળકોને ટ્રેઈનીંગ આપવા ૧૯૭૯-૧૯૮૫ સુધી એચઆરસી ફેકલ્ટી તરીકેની સેવા આપેલ. તેમજ અંજારમાં આરઇસી ટીચર તરીકે ૧૯૭૯-૧૯૮૫ સુધી સેવા આપી હતી. નિંગાળા (કચ્છ)ની વાર્ષિક મજલીસ ત્રણ દિવસ ની યોજવામાં આવતી તેમની વ્યવસ્થા કમીટીમાં મીટીંગ, ઉતારો, જમણ અને અન્ય વ્યવસ્થા માટે સેવા આપતા હતા. જેઓએ ગાંધીધામ અને નાગલપુર જમાત માં એક-એક વર્ષ સુધી મજલીસ નાં મુખી સાહેબ તરીકે ની સેવા આપી હતી.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝા



**(૧૧) અલવાએઝા રાઇ સાહેબા નશીમબેન છતાણી (મુંદ્રા) (જન્મ: ૧-૮-૧૯૬૯, મુંદ્રા)**

જેઓ ૧૯૮૭-૨૦૨૫ હાલ સુધી જમાત ને વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓએ મુંદ્રા જમાત નાં કામડીયાણી સાહેબા (૨૦૦૨-૨૦૦૫), મુખીયાણી સાહેબા (૨૦૧૯-૨૦૨૩), કચ્છ કાઉન્સીલ મેમ્બર (૧૯૯૬-૧૯૯૯ તથા ૨૦૧૨-૨૦૧૫) તરીકે સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaeza)

## અલવાએઝ



### (૧૨) અલવાએઝ મર્હુમ રાઇ સાહેબ મુરાદઅલી ફાઝલ નાથાણી (ભુજ, જિલ્લો:કચ્છ)

**( જન્મ: ૨૨-૮-૧૯૪૦, ભુજ,કચ્છ) (વફાત: ૫-૮-૨૦૨૨, ભુજ, કચ્છ)**

જેઓએ ૧૯૬૦-૧૯૭૦ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓએ આગાખાન એજ્યુકેશન બોર્ડ ફોર કચ્છ તથા આગાખાન હેલ્થ બોર્ડ ફોર કચ્છ અને આગાખાન સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર કચ્છ માં મેમ્બર, ઓન.સેક્રેટરી તથા ચેરમેન નાં પદ પર ૧૯૭૦-૧૯૮૩ સુધી ૧૩ વર્ષ સેવા આપી હતી. જેઓએ મેમ્બર લોકલ કાઉન્સીલ ફોર કરછમાં ૧૯૮૦-૧૯૮૬ સુધી, ઓન સેક્રેટરી લોકલ કાઉન્સીલ કરછમાં ૧૯૮૬-૧૯૮૯ સુધી તથા પ્રેસિડેન્ટ લોકલ કાઉન્સીલ ફોર કચ્છ માં ૧૯૮૯-૧૯૯૨ સુધી સેવા આપી હતી. જેઓએ ડાયમંડ જયુબિલી હાઉસીંગ કોલોની ભુજ નાં ફાઉન્ડર મેમ્બર, સિલ્વર જયુબિલી કન્ઝયુમર ક્રેડીટ સોસાયટી ભુજમાં મેમ્બર તરીકે તથા ઈકોનોમીક પ્લાનીંગ બોર્ડ માં મેમ્બર સહિત ૧૯૯૫-૨૦૧૦ સુધી પંદર વર્ષો સેવા આપી હતી.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝ



### (૧૩) અલવાએઝ હુઝુર મુખી ઇમ્તિયાઝ હબીબ પીરાણી (ભુજ, કચ્છ) (જન્મ: ૧૬-૧૦-૧૯૬૮, ભદ્રેશ્વર, કચ્છ)

જેઓએ ૧૯૮૮-૧૯૯૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ. જેઓ ૧૯૯૧-૧૯૯૫ સુધી ભુજ જમાતમાં આરઇસી ટીચર તરીકે, ૧૯૯૩-૧૯૯૫ સુધી પ્રિન્સીપાલ આરઇસી  ભુજ તરીકે , ૧૯૯૨ - ૧૯૯૬ સુધી મેમ્બર તરીકે  ઇતરેબ લોકલ બોર્ડ કચ્છ માં વાએઝીન ડીપાર્ટમેન્ટ નાં ઇન્ચાર્જ તથા આરઇસી ઇન્ચાર્જ તરીકેનો પોર્ટફોલીઓ સંભાળેલ. જેઓ ૧૯૮૬-૨૦૨૫ હાલ સુધી ભુજ જમાતી વોલીન્ટીયર્સ કોર્પ્સમાં જોડાયેલા રહી સેવા આપી રહેલ છે, જેમાં ૨૦૨૫થી તેઓ ડ્યુટી ઇન્ચાર્જ તરીકે સેવા આપી રહેલ છે.જેઓએ માધાપર જમાતનાં મજલીસ નાં મુખી સાહેબ તથા કામડીયા સાહેબ તરીકે ૨૦૦૨-૨૦૦૪ સુધી સેવા આપેલ  તેમજ ૨૦૦૭-૨૦૦૮ માં ભુજ જમાતનાં મજલીસનાં કામડીયા સાહેબ તરીકે તથા ૨૦૧૭-૨૦૧૮ માં ભુજ જમાત નાં મજલીસ નાં મુખી સાહેબ તરીકે સેવા આપેલ છે.જેઓ વિવિધલક્ષી આરોગ્ય સુપરવાઇઝર તરીકે સરકારી નોકરીમાં ૧૯૯૨ થી જોડાયેલ છે જેઓએ કોવિડ-૧૯ ની મહામારી વખતે ભુજ જમાતમાં ઘરે ઘરે જઈ કોવિડ ટેસ્ટ અને વેક્સીનેશન ની કામગીરી ની સેવા આપેલ. તેમના પુત્ર અમન પીરાણી ઉ.વર્ષ ૨૧, નેશનલ આર્ટ ફેસ્ટીવલ માં ઇન્ડિયાના પ્રતિનિધિ તરીકે પસંદગી પામી જુલાઇ ૨૦૨૫માં રમાનાર દુબઈ ઇન્ટરનેશનલ ફેસ્ટીવલ માં ભાગ લેવા જનાર છે. તેમનાં બીજા પુત્ર અઝમીર પીરાણી ધો:૧૦ માં હેદ્રાબાદની આગાખાન એકેડેમી માં અભ્યાસ કરી રહેલ છે જે નેશનલ ફેસ્ટીવલ મુંબઇ ખાતે મ્યુઝીક માં નેશનલ વિનર થયેલ છે.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૧૪) અલવાએઝ અલ્તાફ ખોજા (ભુજ, કચ્છ)

### (જન્મ: ૯-૭-૧૯૯૦, ભુજ, કચ્છ)

જેઓએ ૨૦૨૧-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝનો લાભ આપી રહેલ છે.જેઓએ ચેરમેન, હેલ્થ બોર્ડ કચ્છમાં ૨૦૧૬-૨૦૧૯ સુધી, ચેરમેન, સોશ્યલ વેલ્ફેર બોર્ડ કચ્છમાં ૨૦૧૯-૨૦૨૧ સુધી સેવા આપી હતી. જેઓ હાલમાં પ્રેસિડેન્ટ, કાઉન્સિલ ફોર કચ્છ માં ૨૦૨૩-૨૦૨૭ હાલ સુધી સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૧૫) અલવાએઝ મર્હુમ હુઝુર મુખી અમીરઅલી લઘુભાઇ અવાડિયા (નાગલપર, કચ્છ)

### (જન્મ: ૧૯૬૨, નાગલપર, કચ્છ)(વફાત:૩-૪-૨૦૧૧ (અંજાર, કચ્છ)

જેઓએ ૧૯૮૨-૨૦૧૧ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓએ મુખી સાહેબ અંજાર (કચ્છ) જમાતમાં ત્રણ વર્ષ સુધી સેવા આપી હતી. તેમજ આરઇસી પ્રિન્સીપાલ અંજાર આરઇસીમાં સેવા આપી હતી તથા સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર કચ્છ નાં મેમ્બર તરીકે પાંચથી વધુ વર્ષો સેવા આપી હતી તથા મેમ્બર ઇતરેબ ફોર કચ્છ માં પણ સેવા આપી હતી.

(Sources: Information shared by family member)

## અલવાએઝ



### (૧૬) અલવાએઝ હુઝુર મુખી સબ્જા અલી પીરાણી (ભુજ)

**(જન્મ: ૨૬-૯-૧૯૬૩,ભદ્રેશ્વર, તાલુકો મુંદ્રા, જિલ્લો કચ્છ)**

જેઓએ ૧૯૮૬-૧૯૯૫ સુધી જમાતને વાએઝનો લાભ આપેલ. જેઓએ ભદ્રેશ્વર આરઇસી ટીચર તરીકે ૧૯૮૨-૧૯૯૨ સુધી,પ્રિન્સીપાલ આરઇસી ભુજ માં ૨૦૦૫-૨૦૦૭ સુધી, એચ.આર.સી.ઈન્સ્ટ્રક્ટર તરીકે ભદ્રેશ્વર આરઇસી તથા કચ્છ જિલ્લામાં ૧૯૮૮-૧૯૯૨ સુધી, એકેડેમીક ગ્રુપ નોંધર્ન એન્ડ ઇસ્ટર્ન ગુજરાત રીજન માં ૧૯૯૦-૧૯૯૧માં સેવા આપી હતી. જેઓએ મેમ્બર ઇતરેબ ફોર કચ્છ માં ૧૯૮૫- ૧૯૮૯ સુધી, ઑન. સેક્રેટરી ઇતરેબ ફોર કચ્છ માં ૧૯૮૮-૧૯૯૦ સુધી, એજ્યુકેશન બોર્ડ તથા સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર કચ્છમાં મેમ્બર તરીકે બે વર્ષ સેવા આપી હતી. ભદ્રેશ્વર જમાત માં મજલીસો નાં મુખી તરીકે ૧૯૯૩-૧૯૯૪ સેવા આપી હતી.જ્યારે ભુજ જમાતમાં મજલીસો નાં કામડિયા સાહેબ તરીકે ૨૦૦૪-૨૦૦૬ સુધી જ્યારે મજલીસો નાં મુખી સાહેબ તરીકે ૨૦૧૬-૨૦૧૭ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૧૭) અલવાએઝ મર્હુમ આલીજાહ નઝીરભાઇ અબ્દુલ્લા ભારાપર, કચ્છ)

**(જન્મ: આશરે ૧૯૩૮, ભારાપર કચ્છ) (વફાત: ૪-૫-૨૦૧૮, ભારાપર કચ્છ)**

જેઓએ ૧૯૬૦-૨૦૧૧ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓ સારા લેખક પણ હતા. જેઓએ "નજરની નજાકત" કોલમ દ્વારા ઇસ્માઇલી મેગેજીન માં ઘણા વર્ષો સુધી જમાતને જ્ઞાન પીરસ્યું હતું.

(Sources: Information shared by other Alwaez source)

# વેસ્ટર્ન ઇન્ડિયા :સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ અલવાએઝો નો પરિચય

## અલવાએઝ



**(૧) અલવાએઝ મર્હુમ ઇત્માદિ સાહેબ ઇસ્માઇલભાઈ ધનાણી (મુંબઈ)**
**(જન્મ: ૩-૭-૧૯૪૨,મુંબઈ) (વફાત: ૧૮-૩-૨૦૧૦, મુંબઈ)**

જેઓ ૧૯૬૪-૧૯૬૭ ની આંતરાષ્ટ્રીય વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ કરાંચી નાં સ્કોલર હતા.જેઓએ ૧૯૬૪- ૨૦૦૯ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓએ ભારતનાં તમામ જમાતખાના ઉપરાંત ઈસ્ટ આફ્રિકા નાં દેશોમાં પણ જમાત ને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓની વાએઝ માં ઇબાદતમાં એકાગ્રતા, ગુનાહની માફી, ઇબાદતની સમજ, તેમજ વિવિધ ગીનાનો નાં બાતુની અર્થો ની સમજ,"સત શબ્દ કો કરો પુકારા," ગીનાન ની વાએઝો હજુ પણ જમાત રસપૂર્વક માણે છે. ગીનાન સાહિત્ય નાં તેઓ ઉંડા અભ્યાસુ અને વિશાળ જ્ઞાન ધરાવતા હતા. આત્માનાં અભ્યાસ અને ભાઈઓ ભરમે ન ભુલીએ ગીનાન પરનાં તેમની વાએઝોથી જમાત હજુ તેમને યાદ કરે છે. ૧૯૭૫-૧૯૯૫ સુધીમાં વિવિધ કેમ્પોનાં આયોજન માં એચઆરસી તથા એચએસએલ નાં ક્લાસ લેતા હતા. તેઓએ ૧૯૭૫- ૨૦૦૦ વર્ષ સુધી માં ઇસ્માઇલીઆ એસોસીએશન દ્વારા આયોજીત અનેક વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામોમાં પોતાની સેવાઓ આપી હતી અને અનેક વાએઝીનો તૈયાર થયા હતા.તેમનાં ગીનાનો નાં રાગ ની આગવી છટાથી ગીનાનો નાં બાતુની અર્થ ની સમજણ ખુબી પૂર્વક વાએઝ માં આપતા હતા.જેઓને હ.ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ભારત ખાતેની મુબારક પધરામણી ૧૯૭૮, ૧૯૮૯ તથા ૧૯૯૨ માં થયેલ ત્યારે મુંબઈ, નાગપુર અને સિધ્ધપુર ખાતેનાં દરબાર માં મૌલાની હુઝુર માં પવિત્ર કુરઆન ની આયાત ની તિલાવત કરવાનો મોકો મળ્યો હતો તેમજ ઇમામે તેમને દુઆ આશિષોની નવાજેશ ફરમાવેલ. આ દરમ્યાન અન્ય સેન્ટર માં પધરામણી વખતે તાલીમાર્થીઓને પવિત્ર કુરઆન ની આયાતો ની તિલાવત માટેની પ્રેક્ટીસ કરાવવા માટે તેમણે કાર્ય કર્યું હતું.

(Sources: Information shared by family member)

## અલવાએઝ



### (૨) અલવાએઝ મર્હુમ ઇત્માદિ અકબરઅલી ઇસ્માઇલ બાબુલ (મુંબઈ)

**(જન્મ: ૨-૩-૧૯૩૯,બાંદ્રા મુંબઈ)**
**(વફાત: ૧-૧૦-૨૦૧૬ બાંદ્રા મુંબઈ)**

જેઓ આંતરાષ્ટ્રીય વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ કરાંચીના સ્કોલર હતા જેમણે ઇસ્માઇલીઆ એસોસીએશન, ઇતરેબ માં ૧૯૬૪-૨૦૧૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓએ ભારતભરનાં જમાતખાના ઉપરાંત ઇસ્ટ આફ્રિકા નાં દેશોમાં, અમેરિકા અને કેનેડા માં પણ વાએઝ નો લાભ આપ્યો હતો. કુરઆનીક અર્થઘટનો અને પવિત્ર કુરઆનની આયાતો ની તિલાવત માં તેઓ વિદ્વાન હતા.જેઓએ વાએઝીન ટ્રેઇનીંગ પ્રોગ્રામ હેઠળ ૧૯૭૫- ૧૯૯૫ સુધી ઘણા વાએઝીનો ને તૈયાર કર્યા હતા. ઇસ્માઇલીઆ એસોસીએશન માં વાએઝીન ડીપાર્ટમેન્ટ માં ૧૯૬૪-૨૦૧૬ સુધી તેઓ સંકળાયેલ રહ્યા હતા. ઇમામોનાં ફરમાનો ને સરળ રીતે વાએઝ દ્વારા સમજણ,બંધારણ નવાજેશ પ્રસંગ ની રજૂઆત અને ઇમામત ની જયુબિલી ઉજવણી નાં પ્રસંગોપાત તેઓની વાએઝ, દિદાર પ્રસંગોની તેમની વાએઝો થી જમાત હજુ તેમને યાદ કરે છે.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝ




### (3) અલવાએઝ રાઇ સાહેબ અબ્દુલઅલી ધનાણી (દહીંસર, મુંબઈ)

જેઓ ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા તથા ઇતરેબ ઇન્ડિયામાં વાએઝીન ડીપાર્ટમેન્ટ માં ૪૧ થી વધુ વર્ષોથી સેવા આપી રહેલ છે. જેઓના અનુવાદક તરીકે પણ ઘણા પુસ્તકો પ્રકાશિત થયા છે. જેઓ વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ સાથે સંકળાયેલ છે. જમાતને વિવિધ તહેવારોનાં પ્રસંગે ઓડીયો વિઝ્યુઅલ મોડ્યુલો તૈયાર કરી તેમણે જમાત સમક્ષ રજૂ કર્યા છે. જેઓએ ભારતભરનાં તમામ જમાતખાના તથા અન્ય દેશો માં વાએઝનો લાભ આપેલ છે .જેઓએ કરાંચી ખાતે વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ માં તાલીમ લીધી હતી.

(Sources: Information shared by other sources/AKDN website)

# અલવાએઝા



## (૪) અલવાએઝા આલીજાહ સાહેબા શહેનાઝ એહમદ સુંદરાણી (મુંબઈ) (જન્મ: ૩૦-૯-૧૯૫૮,અમદાવાદ)

જેઓએ ૧૯૮૨-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝનો લાભ આપી રહેલ છે. જેઓએ એચઆરસી/ એચએસએલ ફેકલ્ટી તરીકે ૧૯૮૯-૨૦૦૪ સુધી સેવા આપી હતી તેમજ ગીનાન કસીદા ફેકલ્ટી તરીકે, તથા માસ્ટર ટ્રેઈનર તરીકે ૨૦૧૧-૨૦૨૫ હાલ સુધી સેવા આપી રહેલ છે.જેઓ ઈતરેબનાં યુથ પ્રોગ્રામોનાં ફેકલ્ટી તરીકે પણ હાલ સેવા આપી રહેલ છે.જેઓ ૧૯૮૩-૧૯૮૪માં ચેરપર્સન, ઇતરેબ ફોર અમદાવાદ માં, ૧૯૯૩-૧૯૯૬ સુધી મેમ્બર, કાઉન્સિલ ફોર સાઉથ બોમ્બે, ૧૯૯૬- ૧૯૯૯ સુધી ચેરપર્સન, ઇતરેબ ફોર વેસ્ટર્ન ઇન્ડિયામાં સેવા આપી હતી. ૧૯૭૩ ની અમદાવાદ ખાતેની દિદાર પધરામણી વખતે હ.ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની હુઝુર માં ગીનાન ના પાઠ રજૂ કરવાનો તેમને મોકો મળ્યો હતો તેમજ અલવાએઝાએ એઆરસી (એડવાન્સ રીલીજીયસ કોર્ષ ) પૂર્ણ કરેલ જેમાં પ્રથમ પાંચ વ્યકિત જેઓ ઉતિર્ણ થયા હતા તેમને ૧૯૭૮ માં મુંબઈ તાજ હોટલમાં બેગમ સલીમા નાં વરદ હસ્તે સર્ટીફિકેટ આપવા માટે પસંદ કરવામાં આવેલ તેમાં તેઓની પસંદગી થઈ હતી અને તેમને બેગમ સલીમાનાં હસ્તે સર્ટીફિકેટ મળેલ હતું.જેમને ભારત ખાતેની હ.ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની દિદાર ની પધરામણી નો સમારંભ ૧૯૯૨ માં બાંદ્રા યુવાન જમાતખાના માં રાખેલ તેમાં ઇમામની હુઝુર માં કસીદા નો પાઠ બોલવાનો મોકો મળેલ. જેઓના પિતાશ્રી અલવાએઝ મર્હુમ અબ્દુલભાઈ જાફરભાઈ ઘેલાણીએ (કાંકરીયા અમદાવાદ)ઘણા વર્ષો સુધી જમાતને વાએઝનો લાભ આપેલ. તેમણે પોતાના ઘરમાં ધાર્મિક પુસ્તકો ની વિશાળ લાયબ્રેરી વાંચન નાં શોખ માટે ઉભી કરી હતી જેનાં કુટુંબના વારસારૂપ આ લાયબ્રેરીનાં પુસ્તકોને જગતભરનાં ઇસ્માઇલીઓ લાભ લઇ શકે તે માટે તેનું ડીજીટીલાઇઝેશન ફોર્મેટ કરવાનું વિશાળ કાર્ય અલવાએઝ શહેનાઝ સુંદરાણી દ્વારા હાથ ધરેલ છે. જેનો જ્ઞાનીઓ લાભ લઈ રહેલ છે.

(Sources: Information shared by Alwaeza)

## અલવાએઝ




**(૫) અલવાએઝ મર્હુમ રાઇ કાસમઅલી જાનમહંમદ મસાણી (મુંબઈ)**
**(જન્મ:૨૧-૯-૧૯૩૪,ભાવનગર) (વફાત: ૩૦-૧૧-૧૯૯૫, યુએસએ)**

જેઓએ ૧૯૬૨-૧૯૯૫ દરમ્યાન જમાતને વાએઝનો લાભ આપેલ હતો.તેમજ ઇસ્માઇલી ઇન્ડિયા મુખપત્ર નાં એડીટર તરીકે ૧૯૭૮-૧૯૯૪ સુધી સેવા આપી હતી. મૌલાના શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહી ની ભારતની પધરામણી દરમ્યાન ઇમામ ને  સત્કારવાનો મોકો તેમને મળેલ તેની તસવીર. જેઓ ૧૯૯૧ માં યુએસએ સ્થાયી થયા હતા.સવાર-સાંજ નિયમિત જમાતખાને જતા. વફાત નાં દિવસે સવારે San francisco Bay Area California જમાતખાને જવા માટે નિકળેલ અને જીવલેણ કાર અકસ્માત બાદ સારવાર દરમ્યાન તેમની વફાત થઈ હતી.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝા



**(૬) અલવાએઝા રાઇ સાહેબા ગુલનાર મકાણી (મુંબઈ)**

જેઓએ ૨૫ થી વધુ વર્ષો સુધી જમાતને સેવા નો લાભ આપ્યો હતો. જેઓએ આઇઆઇએસ લંડન સ્કોલર તરીકે ૧૯૯૦ થી હાલ સુધી ફેકલ્ટી તરીકે સેવા આપી રહેલ છે તેમજ નેશનલ ઇતરેબ ચેરપર્સન તરીકે ૨૦૦૯-૨૦૧૫ સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by other sources/AKDN website)

## અલવાએઝ



### (૭) અલવાએઝ રાઇ સાહેબ છોટુભાઇ સમનાણી (ડેલ્ટા સોસાયટી,મુંબઈ) (જન્મ: ૨૭-૭- ૧૯૫૪, ચિત્રાવડ)

જેઓએ ૧૯૭૩-૨૦૧૮ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો)(એચઆરસી ઈન્સ્ટ્રક્ટર તરીકે જુદા જુદા કેમ્પમાં ૧૯૭૮-૨૦૦૭ સુધી સેવા આપી હતી. ૧૯૭૫-૧૯૭૬ માં ચેરમેન યુથ બોર્ડ રાજકોટ તરીકે, ૧૯૯૩-૧૯૯૬ માં ઑન. સેક્રેટરી સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર નોંધર્ન સૌરાષ્ટ્ર તરીકે, ૨૦૦૦-૨૦૦૧ માં રૈયા રોડ જમાતમાં ચાંદરાત મજલીસ નાં કામડિયા તરીકે, રાજકોટ પ્લેટીનમ જ્યુબીલી કો સોસાયટી માં ડીરેક્ટર તરીકે પાંચ વર્ષ, તથા ૨૦૦૨-૨૦૧૨માં અમિવર્ષા હાઉસિંગ સોસાયટી રાજકોટ નાં પ્રમોટર તરીકે સેવા આપી હતી. જેઓ ઇસ્માઇલીયા એસોસીએશન ફોર ગુજરાત તથા ઇતરેબ નોંધર્ન સૌરાષ્ટ્ર માં રીસોર્સ પર્સન્સ તરીકે ૧૯૭૩-૨૦૧૮ સુધી સેવા આપી હતી)(ગુજરાત ઇતરેબ માં ૨૦૦૨-૨૦૧૨ માં સ્કોલરો નું એકેડેમીક ગ્રુપ બનાવવામાં આવેલ જેમાં દશ વર્ષ ઑન. સેક્રેટરી તરીકે કાર્ય કર્યું હતું.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૮) અલવાએઝ આલીજાહ અબ્દુલરહીમ દાઉદ વિરાણી (અંધેરી, મુંબઈ) (જન્મ: ૧૫-૪-૧૯૫૦, મુંબઈ)

જેઓએ ૧૯૭૫- ૧૯૮૪ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો તેમજ ૧૯૬૯ -૧૯૭૩ સુધી હસનાબાદ આરઇસી માં ટીચર તરીકે, ૧૯૭૩-૨૦૦૯ સુધી મુંબઈ ની જુદી જુદી આરઇસી માં એચઆરસી લેક્ચરર તરીકે સેવા આપી હતી. તેમજ ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા દ્વારા યોજવામાં આવેલ રાજકોટ એચઆરસી કેમ્પ માં ૧૯૭૫-૧૯૮૨ સુધી લેક્ચરર તરીકે સેવા આપી હતી. ૧૯૯૧-૧૯૯૨ માં દરખાના જમાતની આરઇસી માં વાઈસ પ્રિન્સીપલ તરીકે સેવા આપી હતી. જેઓએ દરખાના જમાતમાં મજલીસનાં કામડીયા સાહેબ તરીકે ૧૯૯૨-૧૯૯૪ સુધી સેવા આપેલ. અને ૧૯૯૬-૧૯૯૭ સુધી મજલીસના મુખી સાહેબ તરીકે સેવા આપેલ. તેમજ દરખાના જમાતમાં હાયર મજલીસ નાં મુખી સાહેબ તરીકે ૧૯૯૬-૧૯૯૯ સુધી સેવા આપેલ. તેમજ વેસ્ટર્ન ઇન્ડિયા રીજનમાં પેનલ મેમ્બર તરીકે એમઆઇએસ પોર્ટફોલીઓ સંભાળેલ. જેઓએ ૨૦૦૯-૨૦૧૯ સુધી ઇતરેબ દ્વારા આયોજીત થયેલ સીનીયર સીટીઝન માટે નાં હિકમા અને ઈકરા પ્રોગ્રામ માં લેક્ચરર તરીકે સેવા આપેલ. તથા દરખાના જમાતખાના મુંબઈ માં ફરમાન નાં બોર્ડમાં સુંદર લેખન થી ફરમાન લખવાની સેવા ૧૯૭૨-૨૦૦૫ સુધી આપી હતી.

(Sources: Information shared by Alwaez)

---



### (૯) અલવાએઝ હુઝુર મુખી તાહેર શેરઅલી અજાણી (પુના) (જન્મ: ૯-૧૧-૧૯૫૬, પુના)

જેઓએ ૧૯૭૪-૧૯૭૫ સુધી ઇન્ડિયા માં વાએઝનો લાભ આપ્યો હતો. ૧૯૮૪ માં ઢાકા બાંગ્લાદેશ સ્થાયી થતાં ત્યાં ઇસ્માઇલીઆ એસોસીએશન દ્વારા વાએઝીન ટ્રેઈનીંગ મેળવી ૧૯૮૪-૧૯૮૭ સુધી બાંગ્લાદેશમાં વાએઝનો લાભ આપ્યો હતો. ઇન્ડિયામાં ૧૯૮૭ મા પુન: સ્થાયી થતા ૧૯૯૦ - ૨૦૦૧ સુધી ઇન્ડિયામાં વાએઝનો લાભ આપ્યો હતો.જેઓએ પુના કેમ્પ આરઇસી નાઇટ સ્કુલ માં એચઆરસી ટીચર તરીકે ૧૯૭૮-૧૯૮૪ સુધી સેવા આપી હતી. તેમજ પુના ખાતે યોજાયેલ એચઆરસી કેમ્પ માં ૧૯૭૯-૧૯૮૦ સુધી પ્રિન્સીપાલ તરીકે સેવા આપી હતી.મૌલાના શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઇમામત ની સિલ્વર જ્યુબિલી ની ઉજવણી ૧૯૮૩ માં થઇ હતી,ત્યારે નેશનલ બોર્ડ દ્વારા જમાતી સંસ્થાઓ માં લાંબી સેવાઓ અર્પણ કરેલ તેવા સેવાભાવીઓને તા.૧૬-૧- ૧૯૮૩ માં મુંબઈની તાજ મહાલ હોટલમાં સર્ટીફિકેટ આપી સન્માન કરવામાં આવેલ, જેમાં તેઓને ઇમામનાં વરદ હસ્તે સર્ટીફિકેટ મેળવવાનો મોકો મળેલ.એચઆરસી કેમ્પના આયોજન, આરઇસી માં એચઆરસી ની પરીક્ષા લેવાનું તથા રીઝલ્ટ તૈયાર કરવાની કામગીરી સંભાળતી બોર્ડ ઓફ સ્ટડીઝ જે ઇસ્માઇલીઆ એસોસીએશન હેઠળ કાર્યરત હતું તેમાં તેઓએ મેમ્બર તરીકે ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીમાં બે વર્ષ સુધી સેવા આપી હતી. જેઓએ ૧૯૮૮-૧૯૮૯ સુધી પુના માં માશીનગર આરઇસી માં પ્રિન્સીપાલ તરીકે સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૧૦) અલવાએઝ આલીજાહ હુશેનઅલી રશીદ સાયાણી (પુના) (જન્મ: ૩૧-૧૦-૧૯૫૦, મુંબઈ)

જેઓએ ૧૯૭૫-૧૯૯૫ સુધી જમાતને વાએઝનો લાભ આપેલ. જેઓએ ૧૯૭૫-૧૯૯૫ સુધી એચઆરસી નાં કેમ્પનાં આયોજન, આરઇસી માં એચઆરસી ની પરીક્ષા લેવાનું અને રીઝલ્ટ તૈયાર કરવાની કામગીરી સંભાળતી "બોર્ડ ઓફ સ્ટડીઝ" જે ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા હેઠળ કાર્યરત હતું તેમાં મુંબઈ માં કન્વીનર તરીકે સેવા આપી હતી. જેઓએ ૧૯૭૦-૨૦૦૦ સુધી મુંબઈ માં જુદી જુદી આરઇસી માં એચઆરસી ફેકલ્ટી તરીકે તથા ૧૯૯૬-૨૦૦૦ સુધી પુના આરઇસી માં એચઆરસી ટીચર તરીકે કાર્ય કરેલ છે. ૧૯૭૫-૧૯૮૨ દરમ્યાન રાજકોટ બોયઝ હોસ્ટેલમાં એચઆરસી કેમ્પ નું આયોજન થતું તેમાં ફેકલ્ટી તરીકે સેવા આપેલ. ૧૯૯૪-૧૯૯૬ સુધી મેમ્બર ઇતરેબ લોકલ બોર્ડ સાઉથ મુંબઈ માં સેવા આપેલ.જેઓએ ૧૯૯૧-૧૯૯૨ દરમ્યાન દરખાના જમાત મુંબઈ માં મજલીસનાં મુખી સાહેબ તરીકે સેવા આપેલ. જેઓએ ૨૦૧૬-૨૦૧૮ સુધી ઇતરેબ બોર્ડ નાં ઈકરા પ્રોગ્રામ નાં લેકચરર તરીકે સેવા આપેલ. જેઓ ૧૯૭૦-૨૦૨૫ દરમ્યાન દરખાના જમાતખાના મુંબઈ તથા પુના જમાતખાના માં ફરમાનનાં બોર્ડમાં સુંદર લેખનથી ફરમાન લખવાની સેવા હાલ સુધી આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝા



### (૧૧) અલવાએઝા આલીજાહ સાહેબા મુમતાઝ હુશેનઅલી સાયાણી (પુના) (જન્મ: ૨૨-૧૦-૧૯૫૪, મુંબઈ)

જેઓએ ૧૯૮૨-૧૯૮૩ સુધી જમાતને વાએઝનો લાભ આપેલ. જેઓએ ૧૯૭૦-૧૯૯૫ સુધી ધંધુકા (ગુજરાત) તથા મુંબઈ ની જુદી જુદી આરઇસી માં એચઆરસી ટીચર તરીકે સેવા આપી હતી. જેઓએ ૧૯૮૦-૧૯૮૨ દરમ્યાન ઇતરેબ લોકલ બોર્ડ ફોર ધંધુકા માં મેમ્બર તરીકે સેવા આપેલ. ૧૯૯૧-૧૯૯૨માં દરખાના જમાત મુંબઈ માં મજલીસનાં મુખીયાણી સાહેબા તરીકે સેવા આપેલ. ૧૯૯૨ માં મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની મુંબઈ માં દિદાર ની પધરામણી થયેલ ત્યારે મૌલાની હુઝુર માં ગીનાન નો પાઠ રજુ કરવાનો મોકો મળેલ તથા મૌલાનાં દુઆ આશિષો મેળવવા ભાગ્યશાળી થયેલ. ૧૯૯૬-૨૦૨૫ સુધી મુંબઈ તથા પુના માં લેડીઝ વોલીન્ટીયર્સ ગ્રુપમાં મેમ્બર તથા કન્વીનર તરીકે સેવા આપેલ જેઓ ગીનાન નાં રાગ શીખવવા માટે નાં ક્લાસ માં ટ્રેઈનર તરીકે તથા ટ્રેઈનર ને શીખવવા માટે માસ્ટર ટ્રેઈનર તરીકે ૨૦૧૦-૨૦૨૫ સુધી હાલ સુધી સેવા આપી રહેલ છે.જેઓ ૧૯૯૬-૨૦૨૫ સુધી પુના જમાતખાના માં ગીનાન નાં વારા આપવાની કમીટી નાં કન્વીનર તરીકે પણ સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaeza)

# સધર્ન ઇન્ડિયા :સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ અલવાએઝો નો પરિચય

## અલવાએઝ



**(૧) અલવાએઝ ઇમ્તિયાઝભાઈ ધનાણી પોરબંદરવાળા (ચિરાગઅલી, હેદ્રાબાદ)**

જેઓએ ૧૯૭૪-૧૯૯૯ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ





**(૨) અલવાએઝ આલીજાહ સાહેબ અનવરભાઈ હુશેનભાઈ લાખાણી (ચિરાગઅલી, હેદ્રાબાદ) (જન્મ: ૪-૭-૧૯૫૩, જુનાગઢ, ગુજરાત)**

જેઓએ ૧૯૭૪-૧૯૭૭ સુધી તથા ૧૯૮૫-૧૯૮૬ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓ ૧૯૭૦-૧૯૮૩ સુધી ઢાલરોડ જુનાગઢ આરઇસી માં ટીચર તરીકે, ૧૯૭૯-૧૯૮૨ સુધી મેમ્બર ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર જુનાગઢ તરીકે, ૧૯૮૩-૧૯૮૪ સુધી ઑન. સેક્રેટરી ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર જુનાગઢ તરીકે, ૧૯૮૪-૧૯૮૫ સુધી ચેરમેન ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર જુનાગઢ તરીકે, ૧૯૮૦-૧૯૮૨ સુધી મેમ્બર, કાઉન્સીલ ફોર જુનાગઢ તરીકે, ૧૯૮૪-૧૯૮૬ સુધી ઑન. સેક્રેટરી કાઉન્સીલ ફોર જુનાગઢ તરીકે, ૧૯૮૬-૧૯૯૨ સુધી ઑન. સેક્રેટરી, કાઉન્સીલ ફોર સર્ધર્ન સૌરાષ્ટ્ર તરીકે સેવા આપી હતી. ૧૯૮૯ માં હ ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુંલ્લાહ અલૈહીની માળીયાહાટીના ની પધરામણી દરમ્યાન ઇમામને કેશોદ એરપોર્ટ પર સત્કારવાનો મોકો મળ્યો હતો. મજલીસનાં મુખી સાહેબ તરીકે ૧૯૯૩-૧૯૯૪ સુધી ઢાલ રોડ જુનાગઢ માં તથા ૧૯૯૬-૧૯૯૯ સુધી મુખીસાહેબ ઢાલરોડ જુનાગઢમાં સેવા આપી હતી. હેદ્રાબાદ ચિરાગ અલીમાં ૨૦૦૨ માં સ્થાયી થયા બાદ ૨૦૦૫-૨૦૦૬ સુધી મજલીસ નાં કામડિયા સાહેબ ચિરાગ અલી હેદ્રાબાદ માં, ૨૦૧૦-૨૦૧૬ સુધી ઇતરેબ આરબીડી કન્વીનર તરીકે, ૨૦૧૭-૨૦૧૯ સુધી મેમ્બર કેર કમીટી, ૨૦૧૯-૨૦૨૩ સુધી કન્વીનર કેર કમીટી માં સેવા આપી હતી. તેમજ ૨૦૨૩-૨૦૨૫ હાલ સુધી એડવાઈઝર, કેર કમીટી ચિરાગ અલી હેદ્રાબાદમાં સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૩) અલવાએઝ આલીજાહ નિઝારઅલી જાફરઅલી રૂપાણી ઉનાવાળા (ચિરાગ અલી, હેદ્રાબાદ)

**(જન્મ: ૧-૬-૧૯૬૯, દેવલપુર)**

જેઓએ ૧૯૮૯-૧૯૯૮ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓ ૧૯૮૬-૧૯૯૨ સુધી કોડીનાર જમાત માં તથા આસપાસનાં રીમોટ સેન્ટરમાં આરઇસી ટીચર તરીકે, ચેરમેન એજ્યુકેશન બોર્ડ ફોર ઉના ૧૯૯૩-૧૯૯૬ સુધી, ઑન.સેક્રેટરી કાઉન્સીલ ઉના ૧૯૯૬-૧૯૯૯ સુધી તથા સેક્રેટરી, ગોલ્ડન જ્યુબિલી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી ઉના માં ૧૯૯૬-૨૦૦૧ સુધી, કામડિયા સાહેબ, ઉના જમાત ૨૦૦૨-૨૦૦૫ સુધી, ચેરમેન એજ્યુકેશન બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર ૨૦૦૭-૨૦૦૯ સુધી, તથા અન્ય બોર્ડ માં પાંચથી વધુ વર્ષો સુધી સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૪) અલવાએઝ આલીજાહ રમજાનઅલી મંગળજીભાઈ નથવાણી (બાબરા) (હાલ ચિરાગઅલી,હેદ્રાબાદ) (જન્મ: ૨૮-૪-૧૯૩૯,બાબરા, જિલ્લો અમરેલી)

જેઓએ ૧૯૫૮-૧૯૮૨ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ. જેઓએ ૧૯૫૮-૧૯૭૩ સુધી બાબરા આરઇસી માં ટીચર તરીકે સેવા આપી હતી તથા બાબરા જમાતમાં ૧૯૭૬-૧૯૮૨ સુધી જુદી જુદી મજલીસો માં મુખી સાહેબ અને કામડિયા સાહેબ તરીકે સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૫) અલવાએઝ આલીજાહ શમ્સુદીન સુરાણી (કોમ્પલ્લી,હેદ્રાબાદ)

### (જન્મ: ૩૧-૧૨-૧૯૪૮,ધોળકા જિલ્લો અમદાવાદ)

જેઓ ૧૯૬૮-૧૯૬૯ સુધી ધોળકા આરઇસી ટીચર તરીકે સેવા આપેલ)(૧૯૬૯-૨૦૨૫ હાલ સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે.જેઓ ૧૯૭૫-૨૦૦૫ સુધી એચઆરસી ફેકલ્ટી તરીકે સેવા આપી હતી તથા સ્ટુડન્ટ વાએઝીનો નાં ટ્રેઈનર તરીકે આશરે ૨૦થી વધુ વર્ષો સુધી સેવા આપેલ હતી.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૬) અલવાએઝ આલીજાહ કરીમ ઉકાણી (કોમ્પલ્લી, હેદ્રાબાદ) (જન્મ:૧-૫-૧૯૬૨, દોઢીયા, જિલ્લો જામનગર)

જેઓએ ૧૯૮૪-૨૦૨૫ હાલ સુધી વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓ ૧૯૭૮-૧૯૮૦ તથા ૨૦૦૧-૨૦૦૪ સુધી એચઆરસી /એચએસએલ ફેકલ્ટી તરીકે કાર્ય કરેલ. જેઓ ૧૯૮૩-૧૯૮૫ મેમ્બર ઇતરેબ જુનાગઢ બોર્ડ, ૧૯૮૪-૧૯૮૫ સુધી સેક્રેટરી આગાખાન યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડ સધર્ન સૌરાષ્ટ્ર, ૧૯૮૫-૧૯૮૬ સુધી ચેરમેન આગાખાન યુથ એન્ડ સ્પોટર્સ બોર્ડ જુનાગઢ, ૧૯૮૬-૧૯૮૭ સેક્રેટરી, સોશ્યલ વેલ્ફેર બોર્ડ સધર્ન સૌરાષ્ટ્ર, ૧૯૮૮-૧૯૮૯ સુધી સેક્રેટરી એજ્યુકેશન બોર્ડ સર્ધર્ન સૌરાષ્ટ્ર, ૧૯૯૫-૧૯૯૬ મેમ્બર, ઇતરેબ નોધર્ન સૌરાષ્ટ્ર તરીકે સેવા આપી હતી. ૨૦૦૫ માં ડેમોક્રેટીવ રીપબ્લીક કોંગો માં સ્થાયી થયા હતા.જ્યાં ૨૦૦૫-૨૦૦૯ સુધી ઇતરેબ કિન્સાસા માં રીસોર્સ પર્સન્સ તરીકે, ૨૦૦૯-૨૦૧૦ સુધી એક્ઝીકયુટીવ ઓફીસર કોંગો માં કાર્ય કરેલ. ૨૦૧૧ થી ૨૦૧૯ સુધી ઝાંબિયા માં સ્થાયી થયા હતા.જ્યાં તેઓ ૨૦૧૧-૨૦૧૩ સુધી મુખી સાહેબ મજલીસ લુશાખા ઝાંબીયા, ૨૦૧૩-૨૦૧૯ સુધી મુખી સાહેબ, લુશાખા ઝાંબીયા, ૨૦૧૩-૨૦૧૯ દરમ્યાન નેશનલ ઇતરેબ રીપ્રેઝેન્ટેટીવ ઝાંબીયા ટર્મ - ૧, તથા નેશનલ કાઉન્સીલ રીપ્રેઝન્ટેટીવ ઝાંબીયા ટર્મ - ૧ તરીકે સેવા આપી હતી. ૨૦૧૯ થી હાલ સુધી ભારત સ્થાયી થયેલ છે. તેમાં કોમ્પલ્લી કેન્ટીન કમીટી માં કન્વીનર તરીકે ૨૦૨૪-૨૦૨૫ માં સેવા આપી રહેલ છે તેમજ મેમ્બર, સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર સધર્ન ઇન્ડિયા માં ૨૦૨૪-૨૦૨૫ હાલ સેવા આપી રહેલ છે.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



### (૭) અલવાએઝ આલીજાહ રમજાન નજરઅલી કોટડીયા લીલીયાવાળા (કોમ્પલ્લી હેદ્રાબાદ) (જન્મ: ૭-૫-૧૯૭૧, કાંકચ)

જેઓએ ૧૯૯૦-૧૯૯૫ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.)(જેઓ રાજકોટ કાઉન્સીલ સેક્રેટરી ૨૦૦૫-૨૦૦૮ સુધી, તથા રાજકોટ રૈયા રોડ જમાત નાં કામડીયા તરીકે ૨૦૧૫- ૨૦૧૮ દરમ્યાન સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝ



### (૮) અલવાએઝ હસનઅલી રતાણી (કોમ્પલ્લી, હેદ્રાબાદ)

**(જન્મ: ૧૬-૧-૧૯૫૩, નાગલપુર, કચ્છ)**

જેઓએ ૧૯૭૨-૧૯૯૨ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.જેઓએ ઇતરેબ ફોર કચ્છમાં મેમ્બર તરીકે ૧૯૮૮-૧૯૯૩ સુધી,સોશ્યલ વેલ્ફેર બોર્ડ ફોર કચ્છમાં ૧૯૯૩-૧૯૯૫ સુધી મેમ્બર તરીકે સેવા કરી હતી. હ. ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની અંધેરી જમાતખાના માં ૧૯૭૮ ની દિદારની પધરામણી વખતે તેમને વાએઝનો કરવાનો લાભ મળ્યો હતો.જેઓએ દોઢ વર્ષ સુધી ૧૯૭૩-૧૯૭૫ દરમ્યાન ઇસ્માઇલીઆ એસોસીએશન માં રીસોર્સ પર્સન તરીકે કાર્ય કર્યુ હતું.

(Sources: Information shared by Alwaez)

## અલવાએઝ



**(૯) અલવાએઝ આલીજાહ બરકત્ત હસનઅલી વડસરીયા જુનાગઢવાળા (સિકન્દ્રાબાદ)**

**(જન્મ:૧-૬-૧૯૬૭, જોનપુર,ગુજરાત)**

જેઓએ ૧૯૮૮ થી ૨૦૦૬ સુધી જમાતને વાએઝ નો લાભ આપેલ.

(Sources: Information shared by Alwaez)

---

## અલવાએઝા



**(૧૦) અલવાએઝા આલીજાહ સાહેબા મર્હુમા ઝુબેદા અમીન (કાલાણી) થાનાવાલા (વરંગલ) (વફાત: ૨૪-૩-૨૦૨૫)**

જેઓએ ૨૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Information shared by family member/Other Alwaez)

## પાકિસ્તાન : સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ સેવાધારીઓ/અલવાએઝો નો પરિચય.

### મીશનરી



### (૧) મીશનરી અબ્દુલ હુશેન બચલ (સિયાલકોટ, પાકિસ્તાન)

મીશનરીએ રીક્રીએશન ક્લબમાં જોડાઇને ઘણા વર્ષો સુધી  સિયાલકોટ માં રહી જમાતને વાએઝનો લાભ આપ્યો  હતો. જેઓએ સિયાલકોટ  (પંજાબ પ્રાંત) માં વોલીન્ટીયર્સ  ગ્રુપની સ્થાપના ૧૯૨૭ થયેલ તેમાં વોલન્ટીયર્સ તરીકે પણ એવા આપી હતી.ઇસ્માઇલી મેગેજીને ૨૫ સવ્વાલ હીજરી સન ૧૩૪૬ (૧૬ એપ્રિલ ૧૯૨૮)માં હ.ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ની સાલગ્રેહ પ્રસંગે બહાર પાડેલ વિશેષ અંક માં તેમની તસવીર વોલીન્ટીયર્સ સાથે છાપી છે.

.(Source: Ismaili issue dated 16 April 1928 page 83)

---

### અલવાએઝ







### (૨) અલવાએઝ રાઇ સાહેબ મુમતાજઅલી તાજદીન સાદિકઅલી (કરાંચી, પાકિસ્તાન)

જેઓ ખરાધાર કરાંચી આરઇસી માં ટીચર તરીકેની સેવા, અલવાએઝ તરીકેની ૨૦થી વધુ વર્ષોની સેવા, જેઓ લેખક છે અને ઇસ્લામિક ઇતિહાસ માં માસ્ટર ડીગ્રી ધરાવે છે. જેઓએ ૧૮થી વધુ પુસ્તકો પ્રગટ કર્યા છે. ઇસ્માઇલી સાહિત્ય માં થઇ ગયેલા વકીલો, વઝીર, સૈયદ, પીર તથા અન્ય મહાન હસ્તીઓ નાં જીવન ચરીત્ર નાં પુસ્તક  "૧૦૧ ઇસ્માઇલી હીરોઝ" બે ભાગમાં પ્રગટ કરેલ છે. "બ્રીફ હીસ્ટ્રી ઓફ ઇસ્માઇલી ઇમામ્સ" વેબસાઇટ ઇસ્માઇલી ડાયજેસ્ટ પર શ્રેણીબધ્ધ કરવામાં આવેલ છે. તેઓનું પુસ્તક "એન્સાયકલોપીડીયા ઓફ ઇસ્માઇલીઝમ" ખાસ્સુ પ્રસિધ્ધ થયેલછે. જેઓ કરાંચીમાં આવેલ હાશુ મ્યુઝીયમ જે ઇસ્માઇલી ઇતિહાસના સંસ્મરણોને સમર્પિત છે તેમનાં ક્યુરેટર પણ છે.

(Sources: Ismaili Heritage Article dated 5 May 2019.https://www.facebook.com/share/1Q3TFwPx9X)

## અલવાએઝ






**(3) અલવાએઝ રાઇ સાહેબ કમાલુદીન અલીમુહમ્મદ (કરાંચી, પાકિસ્તાન)**
**(જન્મ: ૧૭-૯-૧૯૪૮, કલકતા, ભારત)**

(જેઓ ૧૯૬૪-૬૮ની આંતરરાષ્ટ્રીય વાએઝીન ટ્રેઇનિંગ પ્રોગ્રામ કરાંચી નાં સ્કોલર છે જેઓ ૧૬૬૪-૨૦૨૫ હાલ સુધી જમાત ને વાએઝનો લાભ આપી રહેલ છે.જેઓએ દુનિયાના જુદા જુદા ૧૫ થી વધુ દેશોમાં વાએઝનો લાભ આપેલ છે. જેઓને ૧૧ જુલાઇ ૧૯૮૨નાં રોજ મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઇમામત ની સિલ્વર જ્યુબિલી ઉજવણી એગ્લેમોન્ટ ખાતે યોજાયેલ તેમાં પવિત્ર કુરઆનની તિલાવત નો મોકો મળેલ.જેઓને તથા પત્ની ઝરીના કમાલુદીન ને હ. ઇમામ શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહી દ્વારા તેમનાં બે શાહજાદા પ્રિન્સ રહીમ (હવે, પચાસમા ઇમામ ), પ્રિન્સ હુશૈન તથા શાહજાદી પ્રિન્સેસ ઝહરા ને ધાર્મિક શિક્ષણ આપવા માટે પસંદ કરવામાં આવેલ જે કાર્ય માટે તેઓ પેરીસ ઇમામનાં નિવાસ સ્થાને તથા લંડન તા. ૧૧-૧૧- ૧૯૮૧ થી ૧૮-૨-૧૯૮૫ સુધી રોકાયા હતા. જેઓએ પોતાની જીવનકથની 'સુવર્ણ પળો' તૈયાર કરી છે તેમાં દર્શાવ્યા અનુસાર તેમને ધાર્મિક શિક્ષણ આપનાર અલવાએઝ મર્હુમ આલીજાહ રહીમઅલી બાના (બારીસાલ પાકિસ્તાન) હતા. જેઓની "KamalZar" Collection ની વેબસાઇટ માં તેમણે લેખક તરીકે લખેલ પુસ્તકો અને સંપાદિત કરેલ કુલ ૫૧ પુસ્તકો નું લીસ્ટ આપેલ છે તેમજ લેકચર તથા વાએઝો નો સંગ્રહ ઉપલબ્ધ કરાવેલ છે તથા તેમનાં પત્ની અલવાએઝા ઝરીના કમાલુદીન નાં મધુર કંઠે ગવાયેલ ગીનાનો અને ગ્રંથ નો સંગ્રહ ઉપલબ્ધ છે. જેઓ ઇસ્માઇલીયા એસોસીએશન (હવે, ઇતરેબ) પાકિસ્તાન માં ૧૯૬૪-૨૦૨૫ સુધી જોડાયેલ રહ્યા છે.

(Sources: https//kamalzar.com and Article of his biography Suvarn Palo)

---

## અલવાએઝ



**(૪) અલવાએઝ અક્બર હુદા (કરાંચી, પાકિસ્તાન)**

(Sources: Sessions by Alwaez in U Tube)

# અલવાએઝા








**(૫) અલવાએઝા રાઇ સાહેબા ઝરીના કમાલુદીન (કરાંચી,પાકિસ્તાન) (જન્મ: ૪-૯-૧૯૪૯ ધારી, અમરેલી જિલ્લો, ભારત)**

જેમનાં પિતાજી ઇબ્રાહિમભાઈ કેશવજી મુંબઈ બાંદ્રામાં સ્થાયી થયા હતા, બાંદ્રા નાં જમાતખાનામાં જ્યારે તેઓ રાગથી ગીનાન બોલતા ત્યારે  મધુર કંઠે ગવાતા ગીનાનો  સાંભળવા જમાત સવારે અચુક હાજર થઈ જતી હતી તેવું બાંદ્રાનાં અલવાએઝ ફ્રાતિમા નાણાવટી અલવાએઝ ઝરીના ને કહેતા પોતાની જીવન ચરિત્ર 'સૂવર્ણ પળો'માં તેમણે જણાવ્યા મુજબ દરખાના જમાતખાના મુંબઈના આરઇસી ટીચર અલવાએઝ હુશેન માસ્ટર, અલવાએઝ જુમા નુર મોહમ્મદ, અલવાએઝ અલીભાઈ બાબવાણી પરથી તેમને વાએઝીન બનવાની પ્રેરણા મળી હતી. મુંબઈના અલવાએઝ જે બાપુ તરીકે ઓળખાય છે તેવા અલવાએઝ મુહમ્મદ મુરાદ અલીએ,તેમને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે ૨૧ માર્ચ ૧૯૬૩માં ઇમામ દ્વારા નવી દુઆ ની નવાજેશ કરી હતી ત્યારે પાકિસ્તાન નાં અલવાએઝ ઇત્માદિ નુરદીન હુશૈન બખ્શ શીખવવા માટે ભારત આવ્યા હતા તેમણે પ્રથમ દુઆ દરખાના જમાતખાના માં પડાવવા માટે અલવાએઝ ઝરીનાને પસંદ કર્યા હતા, જેમણે પ્રથમ નવી દુઆ દરખાના જમાતખાના માં પડાવી હતી. ૧૯૬૪ નાં આંતરરાષ્ટ્રીય વાએઝીન ટ્રેનીંગ પ્રોગ્રામ  માટે ભારત માંથી અલવાએઝ તરીકે મર્હુમ ઇત્માદિ અકબરઅલી બાબુલ, મર્હુમ રાઇ ઇસ્માઇલ ધનાણી,મર્હુમ શાબાન રમજાન અને ઝરીના ઇબ્રાહીમ કેશવજી ની પસંદગી થઈ પરંતુ તેમનાં ઘરેથી પાકિસ્તાન ટ્રેઈનીંગ માટે જવાની પરવાનગી ન મળી જેનાથી હતાશ થઇ ઘરમાં ઝઘડો કર્યો હતો. ત્રણેય પસંદગી પામેલ કરાંચી જવા નિકળી ગયા હતા. પછીથી મોટાભાઈ ને સમજાવ્યા બાદ એક મહિના બાદ ઓગષ્ટ ૧૯૬૫ માં કરાંચી પહોંચ્યા હતા.તેમણે ઘણા દેશોમાં પ્રવાસ કરી જમાતને વાએઝ નો લાભ આપેલ છે. જેઓએ ૧૯૬૪-૧૯૮૦ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓને ૧૧ જુલાઇ ૧૯૮૨ નાં રોજ મૌલાના શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઇમામતની સિલ્વર જ્યુબિલી ઉજવણી એગ્લેમોન્ટ થઈ હતી તેમાં મહેમાની પેશ કરવાનાં કાર્યક્રમ માં ગીનાન બોલવાનો મોકો મળ્યો હતો. અલવાએઝ ઝરીના તથા પતિ કમાલુદીન ને હ. ઇમામ શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહી દ્વારા તેમનાં બે શાહજાદા પ્રિન્સ  રહીમ (હવે, પચાસમા ઇમામ) તથા પ્રિન્સ હુશૈન અને  શાહજાદી પ્રિન્સેસ ઝહરાને  ધાર્મિક શિક્ષણ આપવા માટે પસંદ કરવામાં આવેલ જે કાર્ય માટે તેઓ પેરીસ ઇમામ નાં નિવાસસ્થાને તથા લંડન ૧૧-૧૧-૧૯૮૧ થી ૧૮-૨-૧૯૮૫ સુધી રોકાયા હતા. જેઓની "KamalZar"Collection ની વેબસાઇટ માં અલવાએઝ કમાલુદીન દંપતિ દ્વારા પ્રકાશિત કરેલ ૫૧ પુસ્તકો, વાએઝો અને લેકચરો ઉપલબ્ધ કરાવ્યા છે. તથા અલવાએઝા ઝરીના કમાલુદીન દ્વારા મધુર કંઠે ગવાયેલ ગીનાનો તથા ગ્રંથોનો સંગ્રહ ઉપલબ્ધ છે.

(Sources: https//kamalzar.com and Article of his biography Suvarn Palo)

## અલવાએઝ



### (૬) અલવાએઝ અલી અકબર કાઝી

(નોધર્ન પાકિસ્તાન)

(Sources: Ismaili TV Pakistan)

---

## અલવાએઝા



### (૭) અલવાએઝા રાઇ સાહેબા ફરીદા તૈધુન શાહ પુના (કરાંચી, પાકિસ્તાન)

**(૧૯૮૧-૧૯૮૪ નાં JWTP batch)**

(Sources: Internal data and photo shared by other Alwaez )

## અલવાએઝ



**(૮) અલવાએઝ ફકીર મુહમ્મદ હુંઝાઇ (હુંઝા પાકિસ્તાન) (જન્મ: ૧૯૩૬, નસીરાબાદ હુંઝા,પાકિસ્તાન)**

જેઓએ અંગ્રેજી, પર્શીયન ઉર્દુ અને અરબી ભાષા માં અનેક આર્ટીકલો લખ્યા. જેમણે ફિલોસોફી માં ડીગ્રી હાંસલ કરી મેકગિલ યુનિવર્સીટી મોન્ટ્રીયલ કેનેડામાં ઇસ્લામિક મેટાફિઝીકસ માંથી પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ માં સીનીયર પ્રોફેસર તરીકે કાર્ય કર્યું જેઓએ હુંઝાનાં અલ્લામા નાસીર હુંઝાઇ નાં સુકી પુસ્તકો પર કાર્ય કરી ૭૦ થી વધુ પુસ્તકોના ઉર્દુ ભાષામાંથી અંગ્રેજી માં અનુવાદ કર્યા અંગ્રેજીમાં "ઇસ્માઇલીઝ ઓફ માઉન્ટેન ઓફ હુંઝા" પુસ્તક, "એન્થોલોજી ઓફ ઇસ્માઇલી પોએટ્રી " પ્રગટ કર્યું. ૨૫૦ થી વધુ ધાર્મિક વિષયો પર લેખ લખ્યા. તેઓએ અલવાએઝ, સ્કોલર, અને લેખક તરીકે ૪૫ થી વધુ વર્ષો સુધી કાર્ય કર્યું.

(Source: Hunzai Ginans 51 group of Facebook articles dated 8 December 2019)

---

## અલવાએઝ



**(૯) અલવાએઝ જવૈદ અમીરઅલી (કરાંચી, પાકિસ્તાન)**

(Sources: The Ismaili TV)

## અલવાએઝ



**(૧૦) અલવાએઝ મર્હુમ હુઝુર મુખી હુશેન જમાલ કોટડીયા (કરાંચી,પાકિસ્તાન)**

**(જન્મ: ૧-૧-૧૯૩૪, ચિત્રાવડ) (વફાત: ૧૯-૧-૨૦૧૩, કરાંચી)**

જેઓએ ઇન્ડિયામાં ૧૯૬૮-૧૯૭૧ સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. તથા પાકિસ્તાન જમાતને ૧૯૭૧-૧૯૮૫ સુધી વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓએ ૧૯૭૫-૨૦૦૦ સુધી મોમીન ક્રેડીટ સોસાયટી હેદ્રાબાદ પાકિસ્તાન માં મેમ્બર તરીકે સેવા આપી હતી.

(Sources: Information shared by family member)

---

## અલવાએઝા



**(૧૧) અલવાએઝા અંબરીન પીરભાઈ**

**(કરાંચી, પાકિસ્તાન)**

(Sources: The Ismaili TV)

# અલવાએઝ



**(૧૨) અલવાએઝ અત્તાસ સવજા**
**(કરાંચી, પાકિસ્તાન)**

(Sources: The Ismaili TV)

---

# અલવાએઝ



**(૧૩) અલવાએઝ ખીઝર હયાત ( સીંધ પાકિસ્તાન હાલબ્રેમ્પ્ટન ઓન્ટારીયો, કેનેડા)**

(જેઓએ ૧૯૬૨-૧૯૭૫ સુધી પાકિસ્તાન માં વાએઝનો લાભ આપેલ. જેઓએ ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર પાકિસ્તાન માં ૧૯૭૬-૧૯૭૮ સુધી સેવા આપેલ. તેમણે કરાંચી યુનિવર્સીટી માંથી ઇતિહાસ માં માસ્ટર ડીગ્રી હાંસલ કરી હતી. ૧૯૭૬ માં કેનેડા સ્થાયી થયા ત્યાં ઇતરેબ કેનેડા માં ૧૯૭૯ - ૧૯૯૭ સુધી મેમ્બર તરીકે સેવા આપી હતી તેમણે ૧૯૯૨-૧૯૯૪ સુધી કલામ મેગેઝીન પ્રકાશિત કર્યું હતું. તેઓ લેખક છે અને પંજાબ મુલતાન વિસ્તાર નાં શમ્સી અને ગુપ્તી ઇસ્માઇલીઓ પર આર્ટીકલ પ્રગટ કરેલ છે.

(Sources: Simerg.com Article by Alwaez 21 June 2013)

---

# અલવાએઝા




## (14) અલવાએઝા ઇત્માદિયાણી ખૈરૂનિસ્સા

## મહેલુબઅલી (પાકિસ્તાન)

(Sources: Information collected from author and Alwaeza book “ Chirage hakikate din”)

## કેન્યા : સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ સેવાધારીઓ/અલવાએઝો નો પરિચય.

### અલવાએઝ



### (૧) અલવાએઝ શાઇન પ્રેમજી (કેન્યા)

જેઓ ૧૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે. જેઓએ ક્વીન્સ યુનિવર્સીટી માંથી શિક્ષણ મેળવ્યું હતું. જેઓ આફ્રિકા માં ઉચ્ચ શિક્ષણ માટે કામ કરતી એક એજ્યુકેટ કંપની ક્રીડેલ નાં ફાઉન્ડર છે જેમાં તેઓ ૨૦૨૧થી હાલ સુધી કાર્ય કરી રહેલ છે. જેઓ ૧૩થી વધુ વર્ષો નો પ્રોફેશનલ ઈન્વેસ્ટમેન્ટ કંપનીનો અનુભવ ધરાવે છે. જેઓ જુદી જુદી સંસ્થાઓમાં સલાહકાર તરીકે સેવા આપે છે જે કેન્યામાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે રોકાણ કરવા માંગે છે. જેમણે ઇજિપ્ત માં આગાખાન ફાઉન્ડેશન માં કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કર્યું હતું.

(Sources:  ismailiTV kenya and Social media website)

---

### અલવાએઝ



### (૨) અલવાએઝ અલીખાન પીરમોહંમદ (કેન્યા)

(Sources:  ismailiTV kenya )

## અલવાએઝા



### (3) અલવાએઝા હબીબા મનજી (નૈરોબી, કેન્યા)

(Sources: ismailiTV kenya )

---

## અલવાએઝ



### (૪) અલવાએઝ આઝમ સમનાણી (કેન્યા)

જેઓ અલવાએઝ તથા સારા વકતા છે. જેઓએ ૨૦૦૦-૨૦૦૭ સુધી જનરલ મેનેજર નાં પદે એસીસ્યુમ ડીજીટલ (યુએસએ) માં કાર્ય કર્યું હતું. ૨૦૦૭-૨૦૧૮ માં નૈરોબી માં હોગર્સ લીમીટેડ કંપનીમાં મેનેજીંગ ડીરેકટર તરીકે કાર્ય કર્યું હતુ. ૨૦૧૦-૨૦૧૪ સુધી તેમણે નંદી રોડ પર એસ્ટેટ પ્રોજેક્ટ નાં ફાઉન્ડર અને પ્રોજેક્ટ ડીરેકટર તરીકે કાર્ય સંભાળ્યુ હતું. ૨૦૧૩ થી હાલ સુધી કો -ફાઉન્ડર અને સીઇઓ કેસીએચ કંપનીમાં કાર્ય સંભાળી રહ્યા છે જે ટોટલ ફુડ સર્વીસ સોલ્યુશન લીમીટેડ કંપની છે.

(Sources: ismailiTV kenya and Social media website)

## અલવાએઝા



**(૫) અલવાએઝા શૈલા જીવાન (કેન્યા)**

(Sources: ismailiTV kenya )

---

## અલવાએઝ



**(૬) અલવાએઝ ઇત્માદિ નવરોઝ લાખાણી (કેન્યા)**

જેઓ ૨૫ થી વધુ વર્ષો થી જમાતને વાએઝ નો લાભ આપે છે. જેઓએ ૧૯૯૫-૨૦૧૧ સુધી દારેસલામ માં સ્પ્લેશ ટાઉન સ્વીમીંગ સ્કુલ માં કાર્ય કરેલ. ૨૦૧૧ - ૨૦૧૬ સુધી દારેસલામ માં એકેડીએન માં મેનેજમેન્ટ એન્ડ પ્રોગ્રામ નાં લાયઝનીંગ ઓફિસર તરીકે કાર્ય કર્યુ. ૨૦૧૬-૨૦૨૫ હાલ સ્વતંત્ર રીસર્ચ સ્પેશ્યાલીસ્ટ તરીકે કામ કરી રહેલ છે.

(Sources: ismailiTV kenya and Social media website)

# અલવાએઝ



## (૭) અલવાએઝ ફારૂખ અમીરલી (કેન્યા)

(Sources:  ismailiTV kenya )

---

# અલવાએઝ








## (૮) અલવાએઝ નુરમહમદ રહેમતુલ્લાહ (મોમ્બાસા, કેન્યા)

(જેઓએ ૧૯૩૦-૧૯૪૫ દરમ્યાન જમાતને વાએઝનો લાભ આપેલ છે. જેઓએ મિશનરી મૌલાઇ અને સયરાબ અબુતુરાબી લિખિત શાહે ઝમાન ની સુંદર વાતો ભાગ-૧ તથા ભાગ-૨ કેન્યા જમાત માટે પ્રકાશિત કરેલ. પુસ્તક માં તેમણે પત્ની શાહ સુલતાના સાથેનો ફોટો મુકેલ છે. જેમાંથી તેમનો ફોટોગ્રાફ લેવામાં આવેલ છે.જેઓએ ૨૫ થી વધુ શ્રેણીબધ્ધ પુસ્તકો પ્રકાશિત કર્યા હતા.

(Information collected from Alwaez and  Author's Book Shahe Zaman ni Sundar vato)

## યુકે / યુએઈ / ટાંઝાનિયા : સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ સેવાધારીઓ/ અલવાએઝો નો પરિચય

### અલવાએઝ



### (૧ ) અલવાએઝ હુશૈન શમ્સુદીન જસાણી (લંડન, યુકે)

જેઓએ ૧૯૮૪-૧૯૮૭ દરમ્યાન મરાઠાવાડા યુનિવર્સીટી બોમ્બે માંથી બેચલર ઓફ સાયન્સ પૂર્ણ કર્યુ. ૧૯૯૪ માં ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ (IIS) લંડન માંથી ઇસ્મામિક સોસાયટીઝ એન્ડ કલ્ચર માં તેમણે માસ્ટર ડીગ્રી મેળવી. ઇતરેબ ઇન્ડિયા માં ૧૯૯૬-૨૦૧૨ સુધી ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર તરીકે કાર્ય કર્યુ હતુ જેમાં વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ અને ટીચર્સ ટ્રેઈનીંગ પ્રોગ્રામ હેઠળ ઘણા વાએઝીન ત્થા શિક્ષકોને તાલીમ આપી. જેઓ ૨૦૧૨-૨૦૨૫ હાલ સુધી ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડન માં દક્ષિણ એશિયા સ્ટડીઝની સ્થાપના માટે ૨૦૨૦માં શૈક્ષણિક સંશોધન અને પ્રકાશનો વિભાગમાં સેવા આપી રહેલ છે. જેઓ એસોસીએશન ફોર ધ સ્ટડી ઓફ ગીનાન્સ માં જાન્યુઆરી ૨૦૨૨ થી હાલ સુધી ગવર્નર તરીકે કાર્ય કરી રહેલ છે. જેઓ એડવાઇઝરી બોર્ડ ફોર ધી એનસાયકલોપીડીયા ઓફ ઇસ્માઇલી માં મેમ્બર તરીકે ૨૦૨૦થી હાલ સુધી સેવા આપી રહેલ છે. જેઓએ અનેક યુનિવસીટીઓમાં એકેડેમિક પેપર્સ રજુ કર્યા છે. જેઓને ધી ઇન્ટરનેશનલ પેંગ્વીન પબ્લીશીંગ હાઉસ દ્વારા ૨૦૦૪ માં રાઇઝિંગ પર્સનાલીટીઝ ઓફ ઇન્ડિયા નો એવોર્ડ મળેલ છે.

(Sources: IIS Website and Social media website)

---

### અલવાએઝ



### (૨) અલવાએઝ ફૈઝલ અલી (લંડન, યુકે)

(Sources :AKDN Website and IsmailiTV)

## અલવાએઝ



### (૩) અલવાએઝ મોએઝ અલવાણી (લંડન, યુકે)

(જેઓ અલવાએઝ, મોટીવેશનલ સ્પીકર છે. જેઓ બાર્સલેટ યુનિવર્સીટી લંડન માં આર્કીટેકચરનો અભ્યાસ કરી એસ્ટેટ બ્રોકર બીજનેસ હેઠળ કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ સાથે સંકળાયેલ છે.

(Sources : IsmailiTV and Social media website))

---

## અલવાએઝા







**(૪) અલવાએઝા મર્હુમા રાઇ સાહેબા મલેકસુલતાન જહાંગીર મર્ચન્ટ (લંડન, યુકે)**

(જન્મ: ૯-૬-૧૯૩૧) (વફાત: ૨૧-૧-૨૦૨૧)

જેઓએ મુંબઈમાં વાએઝીનની ટ્રેઈનીંગ મેળવી હતી અને મુંબઈમાં બાંદરામાં વાએઝ થી પોતાની કારકીર્દી શરૂ કરી હતી. સને ૧૯૫૨ માં તેમનાં લગ્ન અલવાએઝ જહાંગીર મર્ચન્ટ સાથે થયા બાદ તેઓ લોરેન્કો માર્ક્સ જમાતખાના (હાલનું માપુટો,મોઝામ્બિક) માં સ્થાયી થયા જ્યાં ૧૯૫૪-૧૯૬૨ સુધી આરઇસી ટીચર તથા અલવાએઝ તરીકે સેવા આપી હતી. સને ૧૯૫૮ માં હ.ઈમામ શાહ કરીમ અલહુસયની સલવાતુલ્લાહ અલૈહીએ સાઉથ આફ્રિકા, માડાગાસ્કર તથા મોઝામ્બિક ની મુલાકાત લીધી હતી ત્યારે માપુટો પધાર્યા હતા જ્યાં તેમણે કલાસરૂમની વિઝીટ લીધી હતી તેમજ લીડર્સ અને અલવાએઝ ટીચર્સ સાથે તસવીર લીધી હતી. જેમાં અલવાએઝા મલેકસુલતાન બીજી હરોળ માં ડાબી બાજુ ઉભા છે તથા અલવાએઝ જહાંગીર મર્ચન્ટ ઇમામની પાછળ ઉભેલા દેખાય છે. અલવાએઝા તથા તેમના પતિએ દારેસલામ છોડ્યા બાદ યુરોપ, યુએસએ, કેનેડાનાં દેશોમાં ૧૯૭૪ માં વાએઝ ટુર કરી હતી. ૧૯૭૫ માં તેઓ ઇસ્માઇલીઆ એસોસીએશન યુકે માં વાએઝીન અને ટીચર તરીકે સેવામાં જોડાયા હતા. ૧૯૭૯ માં બેગમ સલીમા ની લંડન ની પધરામણી વખતે અલવાએઝા ની ઓળખાણ યુકે નાં લીડરે ટેબલ પાસે કરાવેલ તે તસવીર માં જોઈ શકાય છે. અલવાએઝાએ ઇમામત ની સંસ્થાઓ માં કુલ ૪૫ થી વધુ વર્ષો સુધી સેવા આપી હતી.

(Sources: Simerg. com article dated 11 September 2018)

## અલવાએઝ




### (૫) અલવાએઝ ડૉ. કરીમ ગુલામઅલી (લંડન, યુકે)

જેઓ IIS ખાતે વાએઝીન પ્રોગ્રામના વડા અને આંતરરાષ્ટ્રીય માનવ સંસાધન વિકાસ કાર્યક્રમના કોર્સ કોઓર્ડિનેટર છે. તેમણે સને ૨૦૦૦ માં આ ભૂમિકા સંભાળી હતી અને ટોરોન્ટો સ્થિત તેમના બેઝથી કાર્યક્રમનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખી રહેલ છે. તેઓ વિભાગના શૈક્ષણિક કાર્યક્રમો પર શિક્ષણ આપવા ઉપરાંત, નિયમિતપણે સંસ્થાના માધ્યમિક શિક્ષક શિક્ષણ કાર્યક્રમ તેમજ ઇતરેબ ના શૈક્ષણિક કાર્યક્રમો પર ચોક્કસ સત્રો શીખવવા માટે તેમને આમંત્રિત કરવામાં આવે છે. મેડિસિનમાં તેમની પ્રથમ ડિગ્રી પછી,તેમણે લંડન યુનિવર્સિટીમાંથી MBA પૂર્ણ કર્યું. તેઓના વ્યાવસાયિક અનુભવમાં ઇસ્માઇલી ઇમામતની સંસ્થાઓ સાથે વ્યાવસાયિક અને સ્વયંસેવક ક્ષમતાઓમાં ઘણા વર્ષોનું જોડાણ શામેલ છે.

(Sources: IIS Website and Social media website)

---

## અલવાએઝ



### (૬) અલવાએઝ રાઇ સાહેબ શિરાઝ કાબાણી (લંડન, યુકે)

જેઓ કરાંચી પાકિસ્તાન થી લંડનમાં સ્થાયી થયેલ. જેઓએ ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડન માં વિવિધ પદો પર સેવા આપી છેલ્લે હેડ ઓફ જમાતી ઇન્સ્ટીટ્યુશન નાં પદે થી નિવૃત થયેલ છે. અને વોલિન્ટીયર તરીકે સેવા આપી રહેલ છે. વિવિધ દેશોમાં જમાતી આગેવાનો ની ટ્રેઈનીંગ માટે તેમણે મહત્વની કામગીરી બજાવી હતી.

(Sources: IIS Website and Social media website)

## અલવાએઝ



### (૭) અલવાએઝ ગુલામ અબ્બાસ હુંઝાઇ (લંડન, યુકે)
### (જન્મઃ મૂર્તઝાબાદ, હુંઝા પાકિસ્તાન)

(જેઓએ મોન્ટ્રીયલ કેનેડાની મેકગિલ યુનિવર્સીટી માં ઇસ્લામિક સ્ટડીઝ માં ડીગ્રી મેળવી કરાંચી યુનિવર્સીટી માં ફીલોસોફી ની ડીગ્રી હાંસલ કરી. તેમણે ઇતરેબ પાકિસ્તાન માં અલવાએઝ, લેખક અને સ્કોલર તરીકે સેવા આપી.ત્યાંથી યુકે સ્થાયી થયા ત્યાં ઇતરેબ યુકે દ્વારા પ્રસિદ્ધ થતું "ઇલ્મ" મુખપત્ર માં ઘણા ધાર્મિક આર્ટીકલ લખ્યા. આગાખાન હેલ્થ સર્વીસ માં મેમ્બર ઇન્ટરનેશનલ એથિકલ કમીટી માં કામ કર્યું. તેમણે તેમનાં સેવાક્ષેત્રો માં ૧૨થી વધુ દેશોને આવરી લીધા. તેમણે હાલ દાઇ નાસીર ખુશરૂ નું "પ્રોવીઝન ફોર ટ્રાવેલર્સ " નું કાર્ય ઝદ- અલ-મુસાફીરીન લખવાનું હાથ ધરેલ છે. તેમજ ધી ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇસ્માઇલી સ્ટડીઝ દ્વારા તૈયાર કરવામાં આવેલ સેકન્ડરી કરીક્યુલમ નું ઉર્દુ ભાષામાં ટ્રાન્સલેશન કરવાની કામગીરી સંભાળેલ છે. તેમણે જમાતની ૪૪ થી વધુ વર્ષો ૧૯૮૦-૨૦૨૪ સુધી સેવા કરી રહેલ છે.

(Sources: Article from Simerg.com dated 7 October 2010)

---

## અલવાએઝ



### (૮) અલવાએઝ કામરાન ખીમાણી કરાંચીવાળા (દુબઈ, યુએઈ)

જેઓ આગાખાન ઇસ્માઇલીયા ચેરીટેબલ ટ્રસ્ટ સાથે સંકળાયેલ છે. જેઓ સારા વકતા તથા કવિ છે.

(Sources : IsmailiTV and Social media website)

## અલવાએઝા






**(૯) અલવાએઝા રશીદા નુર મોહમ્મદ હુંઝાઇ (લંડન,યુકે) (જન્મ: ૧૯૪૨, ટાંઝાનિયા)**

જેઓએ ઇંગ્લેન્ડની હુલ યુનિવર્સીટી માંથી બીએ ની ડીગ્રી મેળવી. બ્રિટીશ યુનિવર્સિટી માંથી PGCI ની ડીગ્રી, અને મેકગિલ યુનિવર્સીટી મોન્ટ્રીયલ કેનેડામાંથી એમએડ ની ડીગ્રી મેળવી. જેઓએ કેન્યા અને યુકે માં પોતાની કેરીયર શરૂ કરી સેકન્ડરી ટીચર ત્યારબાદ એજ્યુકેશન ઓફીસર તરીકે બર્મિંગધમ એજયુકેશન રીલેશન્સ કાઉન્સીલ માં કાર્ય કર્યુ. ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ માં કરીકયુલમ પ્લાનર તરીકે કાર્ય કર્યુ. તેમણે ૧૯૭૭-૧૯૮૦ સુધી બીબીસી નાં એશીયન પ્રોગ્રામ્સ એડવાઇઝરી કમીટીમાં સ્વૈરિછક સેવાઓ આપી. બીબીસી - ૪ રેડીયો અને ટીવીનાં પ્રોગ્રામો માં ઇમીગ્રેશન બાળકો માટે માતૃભાષાનાં શિક્ષણના પ્રોગ્રામ માટે કાર્ય કર્યુ. જેઓએ એક પુસ્તક પ્રગટ કર્યુ જેમાં નામદાર આગાખાન ત્રીજા નાં જીવનચરિત્ર ની ઝલક અને તસવીરોનો સમાવેશ થાય છે. પુસ્તકનું નામ "A bridge between two Epochs"

(Sources: Article from Ismailimail. Blog dated 19-11-2018)

---

## અલવાએઝ



**(૧૦) અલવાએઝ મર્હુમ અમીરઅલી ગીલાણી**

**(જન્મ:૧૯૪૫,અરુષા, ટાંઝાનિયા)**
**(વફાત:૮-૪-૨૦૨૦, ટોરન્ટો, કેનેડા)**

(જેઓનો જન્મ ૧૯૪૫ માં થયો હતો.જેઓએ નૈરોબી માં સ્ટુડન્ટ વાએઝીન તૈયાર કરવા ૧૯૬૨ થી સેવા શરૂ કરી હતી.ત્યારબાદ દારેસલામ, ઝાંઝીબાર માં ૧૯૭૦-૨૦૦૧ સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો.

(Sources:https://simerg.com/2020/04/08/passings-missionary-amirali-gilani.1944-2020/)

## અલવાએઝ





**(૧૧) અલવાએઝ ડો. ફારૂક મોહમ્મદ હુશેન થારિયા ટોપાન (લંડન, યુકે)**

**(જન્મ: ૧૯૪૦ આફ્રિકા)**

જેઓએ સ્વાહિલી સેન્ટર, આગાખાન યુનિવર્સીટી પાકિસ્તાન માં ડીરેક્ટર તરીકે સેવા આપી હતી. સ્વાહિલી લોકોની ભાષા અને સાહિત્યના તેઓ લેખક છે. જેમણે દારેસલામ ની યુનિવર્સીટી, ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડન અને સ્કુલ ઓફ ઓરીએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ (SOAS) માં પ્રોફેસર તરીકે કાર્ય કરેલ છે. જેમણે ૧૯૭૨માં પીએચડી ની ડીગ્રી હાંસલ કરી હતી. ૧૯૭૭ માં ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડનમાં જોડાયા અને ૧૯૭૮ માં તેમની નિમણુંક વાએઝીન અને ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ નાં હેડ તરીકે થઈ તેઓએ કરીક્યુલમ ડીઝાઇન કરવાનું કામ સંભાર્યું. ૧૯૮૦ માં આંતરરાષ્ટ્રીય વિધાર્થીઓ ની પ્રથમ બેંચ જ્યારે આવી ત્યારે તેઓ અન્ય પ્રોજેક્ટ સાથે "ધ કોન્સેપ્ટ ઓફ મેન" લખવાના અને IIS ની તાલીમ શ્રેણી માટે ભાગ બનેલી પ્રિસ્કુલ પુસ્તિકાઓ લખવા અને તેનું નિર્માણ અને દેખરેખ રાખવાનું કામ સંભાળતા. the.ismaili નાં તા. ૨૮-૧૧ ૨૦૨૩ નાં આર્ટીકલ લેશન્સ ફ્રોમ લાઇફ ટાઇમ ઓફ લર્નીંગ માં જણાવ્યા અનુસાર તેમને SOAS 2022 Graduation Ceremony માં ઑન. ફેલોશીપ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા. જેઓ હાલ ૮૫ વર્ષની વય ધરાવે છે.

(Sources :Article from Ismailimail dated 14-8-2018)

---

## અલવાએઝા



**(૧૨) અલવાએઝા હુઝુર મુખી ગુલઝાર જુમ્મા પુંજાણી નિઝામાબાદ (કુવૈત)**

**(૧૯૮૧-૧૯૮૪ નાં JWTP batch)**

(Sources:Photo and : List of JWTP batch collected from internal sources of Alwaez)

## અલવાએઝ





### (૧૩) મર્હુમ અલવાએઝ રાઇ સાહેબ નિઝાર ચુનારા (ટાંઝાનિયા)
### (જન્મ: ૨૯-૧૦-૧૯૪૦ ટાંઝાનિયા) (વફાત : ૮-૯-૨૦૨૧, વેનકુંવર)

જેઓએ ઇતરેબ ટાંઝાનિયા માં  ૩૦ થી વધુ વર્ષો ની સેવા આપી હતી. ૧૯૬૦ માં વાએઝીન ટ્રેનીંગ પ્રોગ્રામ કરાંચીમાં યોજાયેલ ત્યારે હ. ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહી તેમાં પધાર્યા હતા ત્યારે તેમને મળવાનો મોકો મળ્યો હતો. તેમજ ૧૯૮૨ માં કેન્યામાં મૌલાના શાહ  કરીમ અલ હુસૈની સલવાતુલ્લાહ અલૈહીની ઇમામત ની સિલ્વર જ્યુબિલી ની ઉજવણી સમયે ઇમામ અને બેગમ સલીમા તેમનાં નિવાસસ્થાને આવ્યા હતા ત્યારે કુટુંબના સભ્યો સાથે ઇમામે તસવીર લીધી હતી.

(Sources:https://simerg.com/2021/10/02/passings-alwaez-nizar-chunara-1940-2021/)

---

## અલવાએઝ







### (૧૪) અલવાએઝ  રાઇ શમ્સુદીન બંદા અલી  હાજી (દારેસલામ, ટાંઝાનિયા) (જન્મ:૧૯૧૨)(વફાત: ૧૯૯૬,કેનેડા)

(જેઓએ ૨૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો તેમણે ૬૦૦ જેટલા ગીનાન અને ગ્રંથ ને પોતાના રાગમાં રેકોર્ડીંગ કરી અદભૂત ખજાનો અર્પણ કર્યો હતો. તેમજ “નુર ન અલા નૂર” નામનાં પુસ્તક નાં તેઓ લેખક છે. જે ૧૯૮૦ માં પ્રગટ કર્યુ હતું.તેમજ મોટી વિનંતી રૂહાની વિશાલ પુસ્તક ૧૯૮૧ માં પ્રકાશિત કર્યુ હતુ.

(Sources: https://ginans.usask.ca Article 14 October 2022 & simerg.com Article dated 7 June 2020)

## કેનેડા: સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ સેવાધારીઓ/અલવાએઝો નો પરિચય.

## અલવાએઝ



### (૧) અલવાએઝ રાઇ સાહેબ અમીન વિરાણી (ટોરન્ટો, કેનેડા)

જેઓ મુંબઈમાં ૧૯૭૫-૨૦૦૨ સુધીમાં ઇતરેબ સાથે મેમ્બર,સ્કોલર, વાએઝીન,લેક્ચરર તરીકે સંકળાયેલા રહ્યા. ૧૯૯૬-૨૦૦૨ સુધી તેઓએ ઇતરેબ ઇન્ડિયામાં ચેરમેન તરીકે સેવા આપી. ૧૯૭૫થી એચઆરસી નો ક્લીક્યુલમ અમલમાં હતો. ધી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઇસ્માઇલી સ્ટડીઝમાંથી સ્કોલર તરીકે પ્રથમ બેચ ઇન્ડિયામાં આવી ત્યારબાદ ટીચર્સ ટ્રેઈનીંગ અને વાએઝીન ટ્રેઈનીંગનાં વિવિધ પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યા જેમાં તેમણે અમુલ્ય યોગદાન આપ્યું. તેઓ કેનેડામાં સ્થાયી થયા બાદ હેલ્થકેર ની અગ્રગણ્ય કંપની મેરીટ મેડિકલ સિસ્ટમ ઈન્ક. માં કાર્ય કર્યું તેમજ તેઓએ મોટીવેશનલ સ્પીકર તરીકે બીઈંગ ઇફેક્ટીવ સીરીઝ દ્વારા પોતાની યુ ટ્યુબ ચેનલ દ્વારા જ્ઞાન આપેલ.

**(Sources: AKDN website and Social media websites)**

---

## અલવાએઝ



### (૨) અલવાએઝ અલાબક્ષ જાફરી (કેલગેરી કેનેડા )

(Sources: The ismail.TV(canada)

## અલવાએઝા



### (૩) અલવાએઝા રાઇ સાહેબા મુમતાજ વિરાણી (ટોરન્ટો, કેનેડા)

જેઓએ ૧૯૯૦-૧૯૯૨માં બોમ્બે યુનિવર્સીટી માં એમએ સોશ્યોલોજી માં ડીગ્રી હાંસલ કરી તેમજ આગાખાન એજ્યુકેશન સર્વીસ ઈન્ડિયા તથા ઇતરેબ માં સેમીનાર લીડ અને ફેસીલીટેટર તરીકે સેવા આપી હતી. જેઓ ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડનમાંથી ઇસ્લામિક સ્ટડીઝ નાં સ્કોલર છે. લંડન યુનિવર્સીટી માં ડીપ્લોમા ઈન એજ્યુકેશન કરીક્યુલમ ડેવલપમેન્ટ માં પોસ્ટ ગ્રેજ્યુએટ કર્યું. જેઓએ ઇતરેબ ઇન્ડિયા માં ૧૦ થી વધુ વર્ષો ટીચર્સ ટ્રેઈનીંગ એન્ડ વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ માં કાર્ય કર્યું હતું જેઓ કેનેડા સ્થાયી થયા બાદ ૨૦૦૨-૨૦૨૫ હાલ સુધી કાઉન્સીલ ફોર કેનેડા માં વીમેન્સ ડેવલપમેન્ટ પોર્ટફોલીઓ સંભાળે છે. જેમાં મહિલાના શૈક્ષણિક, આર્થિક પાસા નાં વિવિધ પ્રોગ્રામો અને કાર્યક્રમો તૈયાર કરી જીવનની ગુણવતા સુધારણા માટે કાર્ય કરી રહેલ છે.જેઓ ૨૦૧૬-૨૦૨૫ હાલ સુધી આગાખાન કાઉન્સિલ ફોર કેનેડામાં જીવનની ગુણવત્તા સુધારણાનાં કાર્યક્રમો માટે વ્યુહાત્મક ઉકેલ શોધવા માટે કાર્ય કરી રહેલ છે..જેઓ સારા વકતા પણ છે. પ્રોગ્રામ ડેવલપર તથા વિવિધ એનજીઓ સાથે જોડાયેલ છે જેમાં પ્રોગ્રામ ઇવેલ્યુએશન, વોલીન્ટીયર મેનેજમેન્ટ ને લગતી સેવાઓનો તેમનો ૪૦ થી વધુ વર્ષોનો અનુભવ છે.

**(Sources: AKDN website and Social media websites)**

---

## અલવાએઝ



### (૪) અલવાએઝ શહેઝાદ પટેલ (ટોરન્ટો, કેનેડા)

(Sources: The ismail.TV(canada))

# અલવાએઝ



## (૫) અલવાએઝ રાઇ સાહેબ શમ્સુદીન અલીદિના માડાગાસ્કરવાલા (કેનેડા)

(જન્મ: મારોવોય માઝુંગા,માડાગાસ્કર)

જેઓએ ૧૯૫૯ માં માડાગાસ્કર થી કરાંચી ટ્રેઈનીંગ લીધી હતી અને ૨૦૧૯ સુધી વાએઝ કરી હતી. ૧૯૫૮ માં જ્યારે ગુલશન ધારસી ટાંઝાનિયા થી કરાંચી વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રામ માં પસંદ થયા અને તેઓ પરણી ગયા. તેમના પત્ની ગુલશન અલીદિના ૧૯૨૨ માં વફાત પામ્યા. તેઓ બન્ને એ ઓસ્ટ્રેલીયા, મોઝામ્બિક, સાઉથ આફ્રિકા, કોંગો, રવાન્ડા, ટાંઝાનિયા, યુગાન્ડા, ભારત, પાકિસ્તાન બાંગ્લાદેશ ફ્રાંસ,હોલેન્ડ, ડેન્માર્ક, પોર્ટુગલ અને યુએસ, કેનેડામાં વાએઝ માટે વીઝીટ કરી હતી. તેમણે અનેક ગીનાનો ને રાગ માં લયબધ્ધ રીતે ગાયા છે અને પોતાના આલ્બમ તૈયાર કરી ઓનલાઇન શેર કર્યા છે. જેઓએ ૧૯૨૩ સુધી પોતાની સેવા આપી હતી.

(source: https://ginans.usask.ca/recitals/profiles.php?id=163)

---

# અલવાએઝા



## (૬) અલવાએઝા રોઝીના પંજવાણી પુનાવાલા (કેલગેરી, કેનેડા)

(Sources: The ismail.TV(canada))

# અલવાએઝા




**(૭) અલવાએઝા મર્હુમા આલીજાહ સાહેબા ગુલશન શમ્સુદીન અલીદીના ટોરન્ટો, કેનેડા)**

(જન્મ:૨૦-૧૨-૧૯૨૮)(વફાત: ૧૧-૫-૨૦૨૨)

(જેઓએ તા.૨૭-૯-૧૯૬૦ માં કરાંચીમાં વાએઝીન ટ્રેઈનીંગ પ્રોગ્રિમ દરમ્યાન હ.ઇમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઉપસ્થિતિ માં વાએઝ રજુ કરી હતી.

(Information collected from Simerg.com article dated 19 May 2022)

---

# અલવાએઝ




**(૮) અલવાએઝ મર્હુમ જહાંગીર અલીભાઇ મર્ચન્ટ (વેનકુંવર, કેનેડા)**

(જન્મ: ૧૯૨૮) (વફાત: ૨૭-૫-૨૦૧૮, વેનકુંવર,કેનેડા)

જેઓએ આશરે ૫૦ વર્ષો સુધી ઇસ્ટ આફ્રિકા, યુકે  તથા કેનેડાની જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. સને ૧૯૫૮ ની હ.ઈમામ શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની મોઝામ્બિક ની મુલાકાત દરમ્યાન અલવાએઝ સાથેની  તસવીર છે.

(Sources: Simerg.com article dated 27-5-2018)

# અલવાએઝા





His Highness The Aga Khan
Chairman
the Board of Governors and the Faculty of
The Institute of Ismaili Studies

request the pleasure of the company of

Gulnar Hemani

at the 2003 Graduation Ceremony
on Sunday 19th October 2003
in The Great Room
Le Méridien Grosvenor House
Park Lane
London W1

## (૯) અલવાએઝા ગુલનાર હેમાણી રાધાણી (કેલગેરી, કેનેડા)

### (જન્મ: ૨૧-૩-૧૯૬૪, જામનગર, ગુજરાત ભારત)

જેઓએ ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડન માં ૧૯૮૯-૧૯૯૪ દરમ્યાન ગ્રેજ્યુએશન કર્યું હતું. ભારતમાં ૧૯૮૪-૧૯૮૯ માં ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા માં ફિલ્ડ ઓફીસર, એડલ્ટ એજ્યુકેટર, વાએઝીન અને ટીચર ટ્રેઈનર તરીકે કાર્ય કરેલ.જેઓએ ૧૯૮૯માં ભારત છોડ્યા બાદ આઇઆઇએસના કાર્ય સાથે જોડાયા હતા જેઓએ ૧૯૮૪માં કરાંચીમાં યોજાયેલ ટીચર્સ ટ્રેઈનીંગ પ્રોગ્રામ માં ભાગ લીધો હતો તેમજ નર્સરી ટીચર ટ્રેઈનર પ્રોગ્રામમાં લંડનમાં ભાગ લીધો હતો.

મૌલાના શાહ કરીમ અલ હુસયની સલવાતુલ્લાહ અલૈહીની ઉપસ્થિતિ માં ધી ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇસ્માઇલી સ્ટડીઝ લંડન નો ગ્રેજ્યુએશન સમારંભ જે સંસ્થાની સ્થાપનાની ૨૫મી સાલગ્રેહ નાં ઉપલક્ષમાં તા.૧૯-૧૦-૨૦૦૩ માં યોજાયેલ તેમાં તેમને ઉપસ્થિત રહેવા માટે પસંદ કરવામાં આવ્યા હતા જેમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા. આઇઆઇએસ લંડનમાં  પ્રિન્સ રહીમ (હવે, મૌલાના હાઝર ઇમામ શાહ રહીમ અલ હુસયની અ.સ.) મુલાકાતે આવેલ ત્યારે સ્ટાફ સાથે ઇમામે ફોટોગ્રાફ લીધો હતો તેમાં તેઓ તસવીર માં ઉભેલા દેખાય છે. અન્ય તસવીર આઇઆઇએસ નાં પ્રોફેસરો સાથેની છે. જેઓએ કેલગેરી કેનેડા માંથી નવેમ્બર ૨૦૧૪ માં માસ્ટર ઓફ સોશ્યલ વર્કની ડીગ્રી મેળવી હતી. તેમજ નેશનલ કાઉન્સિલ કેનેડા નાં સહયોગથી ફ્યુચર રેડી ઇનો શ્યેટીવ પ્રોજેક્ટ હેઠળ મેન્ટલ હેલ્થ થેરાપીસ્ટ તરીકે પાંચ વર્ષ  સેવા આપી હતી.

(Sources: Information shared by Alwaeza)

---

# અલવાએઝ



## (૧૦) અલવાએઝ કરીમ જીવાણી (કેનેડા)

(Sources: The ismail.TV(canada))

## અલવાએઝ



### (૧૧) અલવાએઝ રહીમ એ. મોલેદિના (કેલગેરી, કેનેડા)

(જેઓ અલવાએઝ તરીકે સેવા આપી રહેલ છે. આગાખાન યુથ એન્ડ સ્પોટર્સ બોર્ડ કેનેડામાં મેમ્બર, ૨૦૧૯ થી ૨૦૨૪, ૧૯૨૪-૨૫ માં ઑન સેક્રેટરી આગાખાન યુથ એન્ડ સ્પોટર્સ બોર્ડ કેનેડામાં સેવા આપી રહેલ છે. જેઓ નેચરોપેથી ડોક્ટર છે તથા કેનેડામાં લીડરશીપ એજ્યુકેશન અને ઓર્ગેનાઇઝેશનલ ડેવલપમેન્ટ  કેલગેરી નાં રીજનલ મેનેજર તરીકે સેવા આપી રહેલ છે.

(https:// the reflect.podcastismaili)

---

## અલવાએઝ



### (૧૨) અલવાએઝ આલીજાહ અબ્દુલરહીમ અલીભાઇ રાજવાણી મુંબઈ વાળા (ટોરન્ટો)

(જન્મ: ૧૯૩૧, મુંબઈ) (વફાત: ૨૭-૩-૨૦૨૫,ટોરન્ટો)

જેઓએ ૪૦ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.

(Sources: Simerg.com article dated 7-2-2021)

# અલવાએઝા



**(૧૩) અલવાએઝા ઈરફા આલાણી (ટોરન્ટો, કેનેડા)**

જેઓ અલવાએઝા ઉપરાંત સારા વક્તા પણ છે. જેઓ એક્ઝીક્યુટીવ લીડર તરીકે વિવિધ ઉધોગોમાં વ્યુહરચના, રોકાણ અને જાહેર નીતિ ઘડવામાં ૨૦ થી વધુ વર્ષોનો અનુભવ ધરાવે છે. તેઓ ભૂતપૂર્વ શરણાર્થી હોવાથી તેમણે કાયદા ક્ષેત્ર થી IBM ખાતે કન્સલ્ટીંગ ની સેવા આપી છે. તેમણે આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક માં ડેપ્યુટી હેડ ઓફ મીશન તરીકે કાર્ય કર્યું હતુ.જ્યાં તેમણે આરોગ્ય સંભાળ, શિક્ષણ અને માળખાગત સુવિધાઓ માટે કાર્ય કરી વંચિત સમુદાયના વિકાસ માં ફાળો આપ્યો હતો.તેઓ હાલમાં ચીફ ઓફ સ્ટાફ એન્ડ કોર્પોરેટ અફેર્સ ડીરેકટર તરીકે ઈન્વેસ્ટ ઓન્ટારીયો માં સેવા આપી રહેલ છે.

( Sources: AKDN website and Social media sites)

---

# અલવાએઝ



**(૧૪) અલવાએઝ લતીફ નુરાની (ટોરન્ટો કેનેડા)**

(Sources: The ismail.TV(canada))

# અલવાએઝ



**(૧૫) અલવાએઝ રહીમ શીવજી (કેલગેરી કેનેડા)**

(Sources: The ismail.TV(canada))

---

# અલવાએઝા



**(૧૬) અલવાએઝા ફૌજીયા ભાટીયા ( ટોરન્ટો, કેનેડા)**

જેઓએ હેલ્થ ક્ષેત્રે અગ્રગણ્ય કંપની મર્કરમાં ૨૦૦૬-૨૦૧૦ સુધી કાર્ય કર્યુ. ૨૦૧૨-૨૦૧૬ સુધી AON Canada માં સીનીયર એકયુરીઅલ એસોસીએટ તરીકે કાર્ય કરેલ. ૨૦૧૭-૨૦૨૫ હાલ સુધી પ્રોફેશનલ કોચ અને સ્પીકર તરીકે કાર્ય કરી રહેલ છે. જેઓએ ૨૦૨૧-૨૦૨૩ સુધી આગાખાન કાઉન્સીલ ફોર કેનેડામાં સીનીયર મેનેજર અને લીડ કોચ તરીકે સેવા આપેલ તેમજ ૨૦૨૩-૨૦૨૫ હાલ સુધી બેટરઅપ કંપનીમાં એકઝીક્યુટીવ કોચ તરીકે સેવા આપે છે.

(Sources: AKDN website and Social media sites)

## અલવાએઝ



**(૧૭) અલવાએઝ મર્હુમ સદરૂ પ્રધાન (કેનેડા)**

જેઓ ૧૯૫૪ થી ઇમામતનાં સંસ્થા સાથે જોડાયેલ રહ્યા હતા. ૪૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો. જેઓ અલવાએઝ જહાંગીર મર્ચન્ટ, અબુ અલી મીશનરી સાથે રહી તેમના સમયગાળા માં કાર્ય કર્યું હતું.

(Simerg.com article 16 December 2021. Photo credited from Simerg.com fromJahangir Merchant Family collection)

---

## અલવાએઝ




**(૧૮) અલવાએઝ ડૉ. શિરાઝ ઇસ્માઇલ (ટોરન્ટો, કેનેડા)**

જેઓ અલવાએઝ, ટીચર અને લેખક છે જેઓ ટોરન્ટો માં ઇસ્માઇલી સમુદાય માં કાર્ય કરી રહેલ છે. વિવિધ ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃતિઓમાં સામેલ રહ્યા છે. જેમાં ધાર્મિક સાક્ષરતા અને ઇમામોનાં પ્રભાવ પર અગ્રણી ચર્ચાઓનો સમાવેશ થાય છે. તેઓનાં ઇસ્માઇલી સમુદાય ની ઘટનાઓ અને પ્રવૃતિઓ સંબંધિત સમાચાર નાં લેખો જ્ઞાનવર્ધક હોય છે

(Sources: The ismail.TV(canada))

# અલવાએઝ



**(૧૯) અલવાએઝ ઝમીલ સવાણી (કેનેડા)**

(Sources: The ismail.TV(canada))

---

# અલવાએઝ



**(૨૦) અલવાએઝ  રાઇ સાહેબ સુલતાનઅલી મોહમ્મદ (વેનકુંવર, કેનેડા)**

(જન્મ: ૧૭-૩-૧૯૨૭, મુંબઈ) ( વફાત: ૨૮-૧૧-૨૦૨૦ વેનકુંવર, કેનેડા)

જેઓએ મુંબઈ માં અલવાએઝ ની ટ્રેઈનીંગ લઈ કેન્યામાં સ્થાયી થયા હતા જેઓએ ૪૫ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝનો  લાભ આપ્યો હતો. ફરહાદ દફતરી ની પ્રગટ થયેલ પુસ્તક એ શોર્ટ હિસ્ટ્રી ઓફ ધી ઇસ્માઇલીઝ નાં સહ અનુવાદક  હતા. જેઓએ ખોજકી ભાષાની મેમુસ્ક્રીપ્ટ નાં અંગ્રેજી માં અનુવાદનું કાર્ય ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીઝમાં રહી કર્યું હતું.

(Simerg.com article dated 6 December 2020)

# અલવાએઝા



**(૨૧) અલવાએઝા પરિંદા ચાગાણી (કેનેડા)**

(Sources: The ismail.TV(canada))

---

# અલવાએઝા



**(૨૨) અલવાએઝા સલીમા વેરસી (કેનેડા)**

જેઓએ યુનિવર્સીટી ઓફ આલ્બર્ટામાં રીલીજીયસ સ્ટડીઝ માં પીએચડી કરેલ છે.જેમણે એડલર યુનિવર્સીટી માંથી સાયકોલોજી કાઉન્સેલીંગ માટેનું માસ્ટર ડીગ્રી હાંસલ કરેલ છે તેમજ જમાતને વાએઝ નો લાભ આપી રહેલ છે.

(Sources: The ismail.TV(canada))

## અલવાએઝા



**(૨૩) અલવાએઝા તસલીમ અલાની વિરજી (ટોરન્ટો, કેનેડા)**

જેઓ અલવાએઝાછે તેમજ ક્લીનીકલ સાયકોલોજીસ્ટ છે અને મેન્ટલ હેલ્થ ક્ષેત્રે આગવું યોગદાન આપે છે.

(Sources: The ismaili.TV (Canada)

---

## અલવાએઝ



**(૨૪) અલવાએઝ મર્હુમ રાઇ અમીરઅલી એ. અમલાણી (વેનકુંવર)**

(વફાત ૨- ૧૦-૨૦૦૭)

જેઓએ ૩૦ થી વધુ વર્ષો સુધી જમાતને વાએઝનો લાભ આપ્યો હતો. ૧૯૫૪ માં વાએઝીન ટ્રેઈનીંગ લીધા બાદ અલવાએઝ જહાંગીર મર્ચન્ટ, મીશનરી અબુઅલી સાથે તેમણે કાર્ય  કર્યું હતું.

(Sources: Simerg.com )

# અલવાએઝ




## (૨૫) અલવાએઝ આલીજાહ ગુલામહુશેન કાનજી રાજવાણી માડાગાસ્કરવાળા (મોન્ટ્રિયલ, કેનેડા)

(જેઓએ ધાર્મિક સ્કુલ માડાગાસ્કર માં ટીચર તરીકે સેવા આપી હતી તેમજ ૨૦ વર્ષથી જમાતને વાએઝ નો લાભ આપ્યો હતો.જેઓ લેખન કાર્ય પણ કરતા. જેમણે ૧૯૮૧ માં પીરોનાં બોધ ગીનાન (માયના સાથે) બુકનું સંપાદન કર્યું હતું .

(Sources: Author of the Book  in Gujarati " Piro na bodh ginan" by Alwaez)

## યુએસએ: સને ૧૯૫૭-૨૦૨૫ હાલ સુધી સેવા આપેલ સેવાધારીઓ/ અલવાએઝો નો પરિચય

### અલવાએઝ


October 17th 1969.

My dear Spiritual Child,

I have received your letter of 25th September, and I was happy to receive a copy of your publication, "Spiritual Stars of Islam" in Gujrati.

I send you my most loving blessings for devoted services, with best blessings for your forthcoming publications.

Yours affectionately,

Aga Khan.

Al Waez Noordin G. Daredia,
66 Nishanpada Road,
